
# હમ્મીરહઠ

અથવા

# રણથંભોરના ઘેરા

"ગુજરાતી"ની ૩૦ મી ભેટ

ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસ
મુંબઈ



# કાપડ બજારની આગમાં
## કોણની તીજોરીઓ
## બળી ગઈ.

લખમીદાસ ખીમજીની કાપડ મારકીટમાં આગ થઈ તે વખતે નીચે જણાવેલી દુકાનોમાં ગોદરેજની સાત તીજોરીઓ હતી અને એકેએકમાં મોતીના દાગીના, ચલણી નોટો, ખત પતરો વિગેરે તદન સલામત રહ્યું હતું:—

૧ શેઠ વલભદાસ ડોસાની તીજોરીમાં રૂ. ૪૦,૦૦૦ ના હીરા મોતીના દાગીના અને કાગળો હતાં.

૨ શેઠ ભીમજી દવારકાદાસની તીજોરીમાં રૂ. ૨૦,૦૦૦ ના મોતીના દાગીના અને ચલણી નોટો હતી.

૩ શેઠ મથુરાદાસ મોરારજીની તીજોરીમાં મોતીના દાગીના અને કાગળો હતાં.

૪ શેઠ ચતુરભુજ કાલીદાસની તીજોરીમાં રૂ. ૩૦૦૦ ની નોટ અને ચોપડા હતાં.

૫ શેઠ વાડીલાલ લલ્લુચંદની તીજોરીમાં રૂ. ૫૦૦૦ ના દાગીના અને ઓચરીઆં હતાં.

૬ શેઠ કેશવલાલ હાથીભાઇની તીજોરીમાં થોડીક ચલણી નોટ અને ચોપડા હતા.

૭ શેઠ વલભદાસ લખમીદાસની તીજોરીમાં રૂ. ૮૫૦૦ ની નોટ, વીમાની પાલીસીઓ અને ચોપડા હતા.

# આગ કાંઈ સઘળેજ ઠેકાણે સખત હતી નહીં.

આગ પછી બીજે દહાડે જોવામાં આવ્યું હતું કે તાપ દરેક જગ્યાએ એટલો સખત થયો હતો નહીં કે જેથી તીજોરીની પરીક્ષા થઈ શકે. ઉપર જણાવેલી ગોદરેજની સાત તીજોરીઓ માહેલી ફક્ત ત્રણ સખત આગમા સપડાઈ હતી જ્યારે બીજીઓને ઝાઝો તાપ લાગ્યો હતો નહી. આગ થોડીજ જગ્યાઓમાં સખત થઈ હતી અને ઘણેક ઠેકાણે તો કાપડ પણ બળ્યું હતું નહી.

આગ થઈ રહેવા પછી બીજું એ જોવામાં આવ્યું કે જ્યારે ગોદરેજની સઘળી તીજોરીઓ માંહેલો અંદરનો જ સખત તેમજ નરમ આગમા સલામત રહ્યો હતો ત્યારે બીજા દેશી અને વેલાતી મેકરોની તીજોરીમા જ્યાં આગ સખત હતી ત્યાં સઘળું બળી ગયું હતું યા બળવાની અણી ઉપર હતું અને હજારોની ચલણી નોટનો કોલસો થઈ ગયો. અને જ્યાં નરમ હતી ત્યાંજ બચી ગયું હતું.

**આ વાતની ખાતરી થવાથી કેટલાકોએ એ આગમાં પોતાની તીજોરી માહેલી ચીજો બચી જવાની સરટીફીકેટો જો કે વેલાતી અને બીજા ગામઠી મેકરોને આપી છે તે છતાં તેઓએજ આગ પછી નવી તીજોરીઓ ગોદરેજની ખરીદી છે.**

## ગોદરેજ એન્ડ બોઇસ મેન્યુ-ફેકચરીંગ કુંo.

**કારખાનું:—ગેસ કુંપની પાસે, પરેલ, મુંબઈ**

**દુકાન—શેખમેમન સ્ટ્રીટ, મુલજી જેઠા, મારકીટની સામે, મુંબઈ.**

## "ગુજરાતી"એ આપેલી ભેટો

૧ રાસેલાસની કથા.
૨ મહારાણીશ્રીનું સંક્ષિપ્ત જીવનચરિત્ર.
૩ હિન્દ અને બ્રિટાનિયા
૪ ગંગા ગોવિન્દસિંહ.
૫ સવિતા સુંદરી.
૬ ટીપૂ સુલતાન (પ્રથમ ભાગ)
૭ દિલ્લીપર હલ્લો
૮ અરાડમી સદીનું હિન્દુસ્તાન.
૯ ઓરંગઝેબ અને રાજપૂતો
૧૦ શાહજાદો ને ભીખારી.
૧૧ હેસ્ટિંગ્સની સોટી
૧૨ બાજીરાવ બલ્લાળ (સચિત્ર).
૧૩ બેગમ સાહેબ
૧૪ પાણીપતનું યુદ્ધ
૧૫ નૂરજહાન
૧૬ રૂપનગરની રાજકુંવરી
૧૭ ઈન્દુકુમારી.
૧૮ પ્લાસીનું યુદ્ધ
૧૯ શિવાજીનો વાઘનખ
૨૦ હળદીઘાટનું યુદ્ધ
૨૧ નંદનવનનો નાશ.
૨૨ પેશ્વાની પડતીનો પ્રસ્તાવ.
૨૩ ઔરંગઝેબનો ઉદય.
૨૪ પદ્મિની.
૨૫ કતલેઆમ.
૨૬ પુરાતન દિલ્હી (સચિત્ર).
૨૭ સુમ્બનમીમાંસા.
૨૮ ભદ્રકાળી.
૨૯ જગન્નાથની મૂર્તિ અને ભારતનું ભવિષ્ય.
૩૦ હમ્મીરહઠ અથવા રણથંભોરનો ઘેરો.

# હમ્મીરહઠ

અથવા

# રણથમ્ભોરનો ઘેરો

કર્ત્તા

ઠક્કુર નારાયણ વિસનજી

“ सिंह सुबन सुपुरुषबचन, कदलि फलत इक सार;
तिरिया तेल हमीरहठ, चढ़ै न दूजी बार!”

चन्द्रशेखर

૧

પ્રકાશક
“ગુજરાતી” પ્રિન્ટિંગ પ્રેસ, મુંબઈ.
સંવત્ ૧૯૭૦ ઇ. સ. ૧૯૧૪.

કીંમત રૂ. ૨

Printed and Published by Manilal Itcharam Desai at
**THE GUJARATI PRINTING PRESS,**
SASSOON BUILDINGS, CIRCLE, FORT,
BOMBAY

# ઉપોદ્ઘાત

સમસ્ત ભારતવર્ષમાં હમ્મીરનું નામ પ્રસિદ્ધ છે અને તેના ચરિત્રનું વાચન તેમ જ શ્રવણ કરીને અત્યારે પણ ભારતસંતાનો મનોમુગ્ધ અને ઉત્તેજિત થતા દેખાય છે. ભિન્નભિન્ન સમયના કવિઓ અને લેખકોએ એના ચરિત્રના ગુણાનુવાદ ગાવામાં કોઈ પણ પ્રકારની ન્યૂનતા રાખી નથી. નયનચંદ્ર સૂરિનામક એક જૈન કવિએ 'હમ્મીર મહાકાવ્ય' નામક ગ્રંથ સંસ્કૃતમાં લખ્યો છે. એ નયનચદ્ર સૂરિ જયચંદ્ર અથવા જયસિંહ સૂરિનો પૌત્ર હતો. એ ગ્રંથ પંદરમી શતાબ્દિમાં લખાયલો હોય, એમ કેટલાક કારણોથી અનુમાન કરી શકાય છે. ઈ. સ. ૧૮૭૯ માં પંડિત નીલકંઠ જનાર્દન કીર્ત્તને એ કાવ્યની એક આવૃત્તિ, એજ્યુકેશન્ સોસાયટીના છાપખાનામા છપાવીને પ્રકટ કરી હતી અને તેની અંગ્રેજી ભૂમિકામાં કાવ્યનો સારાંશ પણ આપ્યો હતો. એ ગ્રંથ અત્યારે દુર્લભ થયો છે. હિન્દી ભાષામા હમ્મીરગુણદર્શક ત્રણ ગ્રંથો રચાયા છે અને તે ત્રણે કાવ્યના જ ગ્રંથો છે. પ્રથમ ચંદ્રશેખર કવિકૃત 'હમ્મીરહઠ' નામક કાવ્ય છે, એ ચંદ્રશેખર કવિનો મોજાબાદ જિલ્લામાં આવેલા ફતેહપુર નામના સ્થાનમા વિક્રમાર્ક ૧૮૫૫ ના પૌષ માસની શુક્લ દશમીને દિવસે જન્મ થયો હતો અને સવત ૧૯૩૨ માં દેહાત થયો હતો. ૨૯ વર્ષના વયે તે જોધપુર ગયો હતો અને માનસિંહની સભામાં સન્માન પામી રાજકવિ નીમાયો હતો. ત્યારપછી કેટલાંક કારણોને લીધે જોધપુરને છોડી તે પટિયાલાના રાજાને આશ્રયે રહ્યો હતો પટિયાલાના રાજાના મહાલયમાં હમ્મીરહઠની એક ચિત્રાવલી હતી, તેનુ એક દિવસ ચંદ્રશેખર કવિ અવલોકન કરતો બેઠો હતો, એટલામાં રાજા નરેન્દ્રસિંહનું ત્યાં આગમન થયું અને તેણે કવિને આજ્ઞા કરી કે,–"હમ્મીરહઠના આ ચિત્રના આધારે તમારી કવિતામાં એનું ચિત્ર આંકી લાવો" એ નૃપ–આજ્ઞાને અનુસરીને થોડા જ સમયમાં ચંદ્રશેખર કવિએ પોતાના 'હમ્મીરહઠ' કાવ્યની રચના કરી હતી. એ 'હમ્મીરહઠ' કાવ્ય કાશીની 'નાગરી પ્રચારિણી સભા'એ છપાવીને પ્રકટ કર્યું છે. બીજો હમ્મીર વિષયક ગ્રંથ ગ્વાલ કવિનો રચેલો છે, કે જે અત્યાર લગી છપાઇને પ્રકટ થયો નથી, અને તેની કવિતાશૈલી પણ કાંઈ એટલી બધી ઉત્તમ અને મનોરંજક નથી. તૃતીય ગ્રંથ તે કવિ જોધરાજ કૃત 'હમ્મીરરાસો' છે. કવિ જોધરાજે નિમ્બારણ્યના રાજા ચંદ્રભાનુની આજ્ઞાથી સંવત્ ૧૭૮૫ માં એ કાવ્યગ્રંથની રચના કરી હતી. સંવત્ ૧૮૮૫ ના ચૈત્ર શુક્લ તૃતીયા બૃહસ્પતિવારને દિવસે એ ગ્રંથની

પૂર્ણાહુતિ થઈ હતી, અને તેનું શ્રવણ કરીને ચંદ્રભાનુ રાજાએ કવિ જોધરાજનો યોગ્ય પુરસ્કાર આપીને ઘણો જ સંતોષકારક સત્કાર કર્યો હતો. એ 'હમ્મીર રાસો' નામક કાવ્યગ્રથ પણ કાશીની નાગરી પ્રચારિણી સભાએ ઈ. સ. ૧૯૦૮ માં છપાવીને પ્રસિદ્ધ કર્યો છે. એ ઉપરાંત બીજા પણ એ વિષયના અનેક ગ્રથો રચાયલા હશે જ, એમાં સંશય રાખવાનું કારણ નથી. કેટલાક આધુનિક લેખકોએ બંગાલી વગેરે ભાષામાં એ વિષયના ગદ્યગ્રથો પણ લખ્યા છે, પરંતુ એક 'હમ્મીર મહાકાવ્ય'ને અપવાદરૂપ ગણીને બાકીના લેખો વિશે ખેદપૂર્વક જણાવવું પડે છે કે, એ લેખોમાં ઐતિહાસિક શોધનો પૂર્ણ અભાવ છે અથવા કેટલાંક કાવ્યોમાં ઇતિહાસ સાથે પૌરાણિક કલ્પનાનું પણ મિશ્રણ કરી દેવામાં આવ્યું છે, અને તેથી સત્ય ઐતિહાસિક ઘટનાને જાણવાના કાર્યમાં બહુ જ કઠિનતા ઉપસ્થિત થાય છે.

રાજસ્થાન અથવા રાજપૂતાનામાં બે હમ્મીર થઈ ગયા છે. એક મેવાડમુકુટ ચિત્તોડનો હમ્મીર, અને બીજો રણથંભોરનો હમ્મીર. અજ્ઞાન લેખકોએ—બહુધા આધુનિક લેખકોએ—એ ઉભયનાં ચરિત્રોને સમિશ્રિત કરીને તેમની એકતા કરી નાખી છે, અને એ ભ્રમમાં પડીને કેટલીક ઇતિહાસવિરુદ્ધ ઘટનાઓનો પણ ઉલ્લેખ કરી નાખ્યો છે. જે હમ્મીરના હઠની આટલી બધી પ્રસિદ્ધિ છે અને જેના ગુણગાનના શ્રવણથી અદ્યાપિ લોકોનાં અંતઃકરણ ઉત્સાહિત થાય છે, જેણે અલાઉદ્દીન સાથે અખંડ યુદ્ધ ચલાવ્યું હતું, તે રણથંભોરનો ચહુઆણ હમ્મીર છે. ચિત્તોડનો શિશોદિયો હમ્મીર નહિ. એ ગોટાળો થવાનું મૂળ કારણ એ છે કે, એ ઉભય હમ્મીરોના કાળ લગભગ પાસેપાસેના જ છે, અને ઉભય દિલ્લીના ખિલજી બાદશાહ અલાઉદ્દીનના પરમ પ્રતિપક્ષી અને શત્રુ હતા, એટલે એ ભ્રમ થવો સાહજિક છે. ચિત્તોડના હમ્મીરની પરાક્રમશીલતા પણ પ્રશંસનીય છે, પરંતુ તે અન્ય પ્રકારની અને અન્ય યોગ્યતાવાળી પરાક્રમશીલતા છે, એમાં તો તિલમાત્ર પણ સશયનું સ્થાન નથી. ચિત્તોડની પદ્મિની પછી ચિત્તોડના હમ્મીરનો કાળ આવે છે, અને તેના સમયની ભિન્ન નવલકથા પણ મેં લખેલી છે કે જે કોઈ પ્રસંગે ગુજરાતીના ગ્રાહકોના કરકમળમાં ઉપહારરૂપે વિરાજશે, એટલે તે વિશે અહી વિશેષ વિવેચન કરવાનું પ્રયોજન નથી.

હવે ઉપર્યુક્ત 'હમ્મીર મહાકાવ્ય,' 'હમ્મીરહઠ,' અને 'હમ્મીર રાસો' નામક જે ત્રણ ગ્રંથો—કાવ્યગ્રંથો—રણથંભોરના હમ્મીરના વિષયમાં લખાયલા છે અને જેમાં મુખ્યતઃ હમ્મીરના ચરિત્ર અને તેના અલાઉદ્દીન સાથેના વિગ્રહનું જ વર્ણન કરવામાં આવ્યું છે, તેમનામાં પરસ્પર કેવો અને કેટલો વિરોધ રહેલો છે તથા કોનાં કોનાં ક્યાં ક્યાં વર્ણનો

ઇતિહાસસિદ્ધ અને સત્ય છે, કેટલી વાર્ત્તાઓ કાલ્પનિક કિંવા પૌરાણિક છે, અને કેટલા વિષયો સંશયગ્રસ્ત કિંવા વાદગ્રસ્ત છે, એનું નિરીક્ષણ આપણે કરવું જોઇએ. એ નિરીક્ષણ કરવામાટે પ્રથમ આપણે પ્રત્યેક ગ્રંથના સારને જાણી લેવો જોઇશે, એટલે એથી નિરીક્ષણના માર્ગમાં આપણે વિશેષ સુલભતાથી સંચાર કરી શકીશું.

"રણથંભોરના રાજા જૈત્રસિંહે ઈ. સ. ૧૨૮૬ માં પોતાના પુત્ર હમ્મીરને રાજ્ય સોંપીને પોતે વનવાસનો સ્વીકાર કર્યો હમ્મીરે અનેક રાજાઓને જિતીને નામના કરી. ત્યાર પછી રાજાએ કોટિયજ્ઞનો આરંભ કર્યો, અને એક માસમાટે મુનિવ્રત ધારણ કર્યું. રાજાએ અલાઉદીનને ખંડણી આપવાનુ બંધ કરેલું હોવાથી આ પ્રસંગનો લાભ લઈ સુલ્તાને પોતાના ભાઈ ઉલગખાનને સૈન્ય સહિત રણથંભોરપર ચઢાઈ કરવા મોકલ્યો. હમ્મીરના સેનાપતિઓ તેની સાથે લડ્યા, ભીમસિંહ નામક એક યોધો મરાયો અને ઉલગખાં પરાજિત થઇને પાછો દિલ્લી ચાલ્યો ગયો. ત્યાર પછી કેટલાક કારણવશાત્ હમ્મીરે ભોજદેવ નામના પોતાના એક સેનાપતિનુ અપમાન કર્યું, અને તે અલાઉદીનનો આશ્રિત થયો અલાઉદીને બીજીવાર ચઢાઈ કરી અને તેમાં પણ પરાજિત થયો. હમ્મીરનો સેનાનાયક રતિપાલ જ એ યુદ્ધનો વિજેતા હતો. એ પછી કેટલાક દિવસે અલાઉદીને ત્રીજીવાર રણથંભોરપર આક્રમણ કર્યું અને પોતાના બળવાખોર મુસલ્માન સર્દારો કે જેમની સંખ્યા ચારની હતી, અને જેઓ હમ્મીરના આશ્રયમાં આવી રહ્યા હતા તેમની માગણી કરી, અને બીજી પણ કેટલીક અયોગ્ય માગણીઓ કરી. હમ્મીરે તેનો તિરસ્કાર કર્યો, યુદ્ધ લંબાયું, પ્રથમવાર હમ્મીરનો જય થયો; પણ રતિપાલ અલાઉદીનના પક્ષમાં ગયો અને તે રણમલ્લ નામક એક બીજા યોધાને પણ લેતો ગયો, એટલે લડાઇનો રંગ બદલાયો. હમ્મીરનો આશ્રિત બળવાખોર મુસલ્માન સર્દાર મહિમાસાહિ (મીર મંગોલ) હણાયો, અનેક રાજપૂતો પણ સ્વર્ગવાસી થયા, અને રણથંભોરમાં સ્ત્રીઓને પોતાના હાથે જ અગ્નિકુંડમાં હોમીને હમ્મીર રણભૂમિમાં આવ્યો, અતુલ શૌર્ય બતાવ્યું પણ અંતે જ્યારે જયની આશાનો લેશ માત્ર પણ રંગ દેખાયો નહિ, ત્યારે પોતાના શસ્ત્રથી જ આત્મહત્યા કરીને તેણે પોતાની સંસારલીલાની સ્વયં સમાપ્તિ કરી નાખી. રણથંભોરનું રાજ્ય સુલ્તાન અલાઉદીનના અધિકારમાં ગયું."

નયનચંદ્ર સૂરિકૃત 'હમ્મીર મહાકાવ્ય' નામક સંસ્કૃત ગ્રંથમાંની કથાનો સંક્ષિપ્ત સારાંશ આટલો અને આ પ્રમાણે જ છે. હવે આપણે કવિ ચંદ્રશેખરકૃત 'હમ્મીરહઠ' નામક હિન્દી કાવ્યમાંનો કથાભાગ કિંવા વસ્તુસંકલના જોઇએ.

"એક વખત દિલ્લીનો બાદશાહ અલાઉદ્દીન પોતાના સર્દારો અને બેગમોને સાથે લઇને જંગલમાં કેટલાક દિવસ સૂધી શિકારનો આનંદ ભોગવવા ગયો હતો. ત્યાં એક દિવસ સર્વ શિકાર કરવા નીકળ્યાં હતાં, એવામાં જગલમાં ઝંઝાવાત થયો અને એક સ્થળે બાદશાહની મરહટ્ટી બેગમ તથા અલાઉદ્દીનના એક સર્દાર મીર મંગોલનો અચાનક મેળાપ થયો. બન્નેનો પ્રેમ બંધાયો. એ વાતની બાદશાહને ખબર પડતા મીર મંગોલ નાઠો અને રણથંભોરમાંના હમ્મીરના આશ્રયમાં રહેવા લાગ્યો. બાદશાહે પોતાના અપરાધીની માગણી કરી, હમ્મીરે મંગોલને અભયવચન આપેલું હોવાથી તે માગણીનો અસ્વીકાર કર્યો, અલાઉદ્દીને તેનાપર ચઢાઈ કરી, ઘણા દિવસ સૂધી યુદ્ધ ચાલ્યું, મીર મંગોલ યુદ્ધમાં કામ આવ્યો, ત્યારપછી હમ્મીરે બાદશાહને પરાજિત કરીને ભગાડ્યો, પણ પાછા ફરતી વેળાએ અલાઉદ્દીનનુ જીતેલુ નિશાન સૈન્યના આગલા ભાગમા રાખવાથી દુર્ગમાની સ્ત્રીઓને એવો ભાસ થયો કે હમ્મીરનો પરાજય અને યવનોનો વિજય થયો છે એટલે પોતાની પ્રતિષ્ઠા જાળવવામાટે તે રાજપૂત રમણીઓએ ચિતાકાષ્ઠનું ભક્ષણ કર્યું—અર્થાત્ જોહાર કર્યો. હમ્મીર રણથંભોરમાં આવીને આ વિપરીત ઘટના થએલી જોઈ વૈરાગ્યથી રાજ્ય પોતાના પુત્ર રતનસેનને આપી પોતાના શસ્ત્રથી જ પોતાનું મસ્તક કાપી મહાદેવને ચઢાવ્યું અને સ્વર્ગારોહણ કર્યું."

કવિ જોધરાજકૃત 'હમ્મીરરાસો' નુ વસ્તુ પણ અલાઉદ્દીન સાથેના વિગ્રહથી તે હમ્મીરના મરણ પર્યન્ત 'હમ્મીરહઠ' પ્રમાણેનુ જ છે. માત્ર પ્રારંભ અને અતમા એક વિશેષતા જોવામાં આવે છે, અને તે એ છે કે:—એક પદ્મ નામક ઋષિના મસ્તકમાંથી અલાઉદ્દીન બાદશાહ, વક્ષ સ્થળમાંથી હમ્મીર ચહુહાણ, ભુજાઓમાંથી મહિમાશાહ અને મીર ગભરુ તથા ચરણોમાંથી ઉર્વશીનો અવતાર થયો હતો કે જે સર્વ વિગ્રહની નાયિકા અને અલાઉદ્દીનની (મરહટ્ટી) બેગમ હતી. આ પ્રમાણે આરંભમા વિચિત્રતા હોવાથી જ્યારે અલાઉદ્દીનનો યુદ્ધમાં પરાજય થયો અને ત્યારપછી રણથંભોરમાં પ્રમાદવશ જોહાર થવાથી હમ્મીરે કમળપૂજા કરીને શરીર ત્યાગ્યું, ત્યારપછીના પ્રસંગને આગળ લબાવીને જોધરાજ કવિ લખે છે કે,—"જ્યારે એ હમ્મીર મરણની વાર્ત્તા અલાઉદ્દીનના સાંભળવામાં આવી, ત્યારે તે રાજાના કર્ત્તવ્યમાટે પશ્ચાત્તાપ કરતો તત્કાળ પાછો આવ્યો અને મૃત રાજા સમક્ષ મર્યાદાથી પ્રણામ કરી ઊભા રહેવા પછી નમ્રતાથી પૂછવા લાગ્યો કે;—'હવે મને શી આજ્ઞા છે?' એ પ્રશ્ન સાંભળીને હમ્મીરના મસ્તકે ઉત્તર આપ્યું કે,—'તમે જઇને સમુદ્રમાં પોતાના શરીરને ત્યાગો, એટલે પછી આપણે પુનઃ મળીશું.' હમ્મીરના

મસ્તકના મુખના વચનને માન્ય કરીને અલાઉદીને પોતાના વજીર મેહરમખાંને આજ્ઞા કરી કે;–'તમે સેનાસહિત દિલ્હી જઇને શાહજાદા અલાવૃત્તને તખ્તનશીન કરો.' એમ કહી તે પોતે તે ક્ષણે જ રામેશ્વર તરફ રવાને થયો. ત્યાં તેણે રામેશ્વરની પૂજા કરી, અને તેનું જ ધ્યાન તથા સ્મરણ કરીને સમુદ્રમાં પડી પોતાના શરીર અથવા જીવનનું વિસર્જન કર્યું. એવી રીતે બાદશાહે પોતાના દેહનો ત્યાગ કર્યો પછી સ્વર્ગમાં હુમ્મીરરાજ, અલાઉદીન અને મીર મહિમશાહ એક બીજાને ભેટ્યા અને અપ્સરાઓએ પુષ્પવૃષ્ટિ કરી."

ઇતિહાસમાં હુમ્મીર ચહુઆણ અને અલાઉદીન ખિલજીના વિગ્રહવિશે માત્ર એટલો જ ઉલ્લેખ કરેલો છે કે,–"મીર મુહમ્મદ મંગોલ નામક બાદશાહનો એક સર્દાર દિલ્હીમાંથી બળવાના અપરાધમાટે ન્હાસીને હુમ્મીરના શરણમા જઈ શરણાગત થઈ રહ્યો હતો. બાદશાહે રાજા પાસેથી પોતાના અપરાધીની માગણી કરી, પણ રાજાએ શરણાગતનો પરિત્યાગ ન કર્યો. એથી ક્રોધાતુર થઇને બાદશાહે ઈ. સ. ૧૩૦૦ માં રણથભોરના રાજાપર ચઢાઈ કરી. જ્યારે બાદશાહનો એ યુદ્ધમાં પૂર્ણ વિજય થયો, ત્યારે અચાનક મીર મુહમ્મદ પણ રણક્ષેત્રમાં ઘાયલ થઈ પડેલો તેના જોવામાં આવ્યો. બાદશાહે તેને પૂછ્યુ કે,–'જો અત્યારે હુ તને અહીથી ઉપડાવી ઔષધોપચાર કરીને બચાવુ તો મારી જોડે તુ કેવુ વર્ત્તન કરીશ?' એના ઉત્તરમાં મંગોલે કહ્યું કે.–'જો હું જીવતો રહીશ, તો તમારુ મસ્તક કાપીને હુમ્મીરના પુત્રને દિલ્લીના સિહાસનપર બેસાડીશ.' એ ઉત્તર સાંભળીને અલાઉદીને તેને હાથીના પગતળે ચગદાવીને મારી નખાવ્યો. એ યુદ્ધમા હુમ્મીર પોતે મહાવીરતાથી લડ્યો હતો, અને તેના માર્યા જવાપછી તેના પરિવારની સર્વ સ્ત્રીઓએ ભાવિ અપ્રતિષ્ઠાના ભયથી અગ્નિમાં પ્રવેશ કરીને પોતાનાં શરીરોનો નાશ કર્યો હતો. એ પછી જે સ્ત્રી પુરુષ દુર્ગમાં અવશિષ્ટ રહ્યાં હતા, તે સર્વનો અલાઉદીને મહા નિર્દયતાથી વધ કરાવી નાખ્યો!"*

આ સારાંશને જોતાં સ્પષ્ટ જણાય છે કે, 'હુમ્મીરહઠ' અને 'હુમ્મીરરાસો' ની વસ્તુસંકલના લગભગ એક જ છે, પરન્તુ 'હુમ્મીર મહાકાવ્ય' માંની કથાસંકલના સાથે સરખાવતાં એમા અગ્નની અને આકાશનો અંતર દૃષ્ટિગોચર થાય છે. એટલે હવે ઐતિહાસિક દૃષ્ટ્યા કોની યોગ્યતા વિશેષ છે, તે આપણે જોઇશું.

---

* રાજા શિવપ્રસાદ સિતાર–ઈ–હિન્દકૃત, "ઇતિહાસતિમિર નાશક." પ્રથમ ખણ્ડ. પૃષ્ઠ ૨૩.

'હમ્મીર મહાકાવ્ય' અને 'હમ્મીર રાસો,' ઉભયમાં હમ્મીરના પિતાનું નામ જૈત્રસિંહ જ છે, એટલે એ વિષયમાં તો કાંઈ સંશય ઉદ્ભવતો નથી જ. 'હમ્મીરરાસો'માં લખ્યું છે કે, હમ્મીરનો જન્મ સંવત્ ૧૧૪૧ અથવા શાકે ૧૦૦૮ માં થયો હતો અને તે સાથે વળી જણાવવામાં આવ્યું છે કે, દિલ્લીના સુલ્તાન અલાઉદીનનો જન્મ પણ એ જ દિવસે થયો હતો. એ ગણનાથી જોતાં હમ્મીર અને અલાઉદીન ઉભયનો જન્મ ઈ. સ. ૧૦૮૪ માં થયો હતો, એમ સ્પષ્ટ થાય છે. 'હમ્મીર મહાકાવ્ય' માં હમ્મીરના રાજ્યાભિષેકનો સમય સંવત્ ૧૩૩૦ અથવા ઈ. સ. ૧૨૮૩ નો આપેલો છે. કેટલાક કારણોને લીધે એ જ વિશેષ ઉચિત જણાય છે. વળી 'હમ્મીર મહાકાવ્ય'મા લખ્યું છે કે, ચહુઆણ રાજાનો સ્વર્ગવાસ તેના રાજ્યત્વના અઢારમે વર્ષે એટલે કે સંવત્ ૧૩૪૮ અથવા ઈ. સ. ૧૩૦૧ મા થયો હતો. અમીર ખુશરોના 'તારીખ આલાઈ' નામક ગ્રંથમાં એ તિથિ ૩ જી જીલકાદ ૭૦૦ હિજરી (ઈ. સ. ૧૩૦૧ જુલાઈ) ની આપેલી છે. મુસલ્માન ઇતિહાસથી એ તો વિદિત છે જ કે, સુલ્તાન અલાઉદીન મુહમ્મદશાહ પોતાના કાકા જલાલુદ્દીન ફીરોજશાહનો વધ કરીને ઈ. સ. ૧૨૯૬ માં સિંહાસનારૂઢ થયો હતો અને તેણે ઈ. સ. ૧૩૧૬ સૂધી બાદશાહી કરી હતી. જ્યારે વસ્તુસ્થિતિ આવી છે, ત્યારે નિરુપાયે 'હમ્મીરરાસો' માંનાં સંવતસગે અયથાર્થ અને ભ્રમમૂલક છે, એમ જ માનવાની આપણા માથાપર ફરજ આવી પડે છે. અહીં એ પણ ખાસ જણાવી દેવું જોઇએ કે, 'હમ્મીરરાસો' માં હમ્મીરની જે જન્મકુંડળી આપવામાં આવી છે, તે પણ પ્રમાદમૂલક અને અસત્ય જ છે.

બીજો જે એક વિચારણીય વિષય છે તે એ છે કે, અલાઉદીન સાથે હમ્મીરનું જે આવું ઘોરતમ યુદ્ધ થયુ, તેનું સબળ કારણ શું હતું? 'હમ્મીરરાસો,' 'હમ્મીરહઠ' અને એવાં અનેક પુસ્તકોમાં હમ્મીરે મીર મંગોલને આશ્રય આપવાથી જ એ યુદ્ધનો ઉદ્ભવ થએલો બતાવ્યો છે, અને એ અદ્ભુત કથાથી હમ્મીરના ગૌરવમાં અતીવ વૃદ્ધિ થાય છે, એમાં તો લેશ માત્ર પણ સંશય નથી જ, તેમ જ કથામાં પણ એક મહારોચક થઈ પડે તેવા અદ્ભુત રસનો સંચાર થાય છે. પરંતુ 'હમ્મીર મહાકાવ્ય' માં મીર મંગોલે અલાઉદીનની બેગમ સાથે વ્યભિચાર કરીને હમ્મીરનો આશ્રય લીધો હતો, એ કથાભાગ ક્યાંય પણ દૃષ્ટિગોચર થતો નથી, તેમ જ ઇતિહાસમાં પણ કોઈ સ્થળે એનો ઉલ્લેખ મળતો નથી. પરંતુ મહિમાશા અથવા મીર મંગોલ હમ્મીરને ત્યાં રહેતો હતો, એટલો ઉલ્લેખ તો 'હમ્મીર મહાકાવ્ય' તેમ જ ઇતિહાસોમાં પણ અવશ્ય મળી

આવે છે અને હમ્મીરના પક્ષમાં લઢીને તેણે રણક્ષેત્રમા શરીર ત્યાગ્યું હતું, એ ઘટના પણ સર્વત્ર વર્ણવેલી છે. મનુષ્યની એવી અવસ્થા ત્યારે જ થઈ શકે છે કે, જ્યારે તે પોતાને કોઈ મહાભારત ઉપકારના કારણથી અમુક વ્યક્તિનો ઋણી માનતો હોય. અલાઉદ્દીનના પક્ષમાં રહેવાને બદલે હમ્મીરના પક્ષમાં રહીને એક મુસલ્માન સર્દાર લડે અને પોતાના પ્રાણની આહુતિ આપી દે, એ ખરેખર એક મહા આશ્ચર્યની વાત છે. 'હમ્મીરરાસો' અને 'હમ્મીરહઠ' નામક હિન્દી કાવ્યોમાં જે ઘટનાઓનો ઉલ્લેખ કરેલો છે, તે ઘટનાઓ અસંભવિત તો નથી જ. ભારતવર્ષમાં જેટલાં પણ યુદ્ધો થયાં છે, તે સર્વ બહુધા સ્ત્રીઓના કારણથી જ થયાં છે અને પૃથ્વીરાજના સમયમા તો એની પરાકાષ્ઠા જ થએલી હતી. પરંતુ અલાઉદ્દીનની એક બેગમ એક સાધારણ સર્દાર સાથે વ્યભિચાર કરે, એ ઘટના મુસલ્માનોમાટે નિન્દાસૂચક હોવાથી મુસલ્માન ઇતિહાસકારોએ એ ઘટનાનો ત્યાગ કરીને યુદ્ધનુ બીજું જ કોઈ કારણ બતાવવાની ચેષ્ટા કરી હોય તો તે બનવાજોગ છે. છતાં એ ઘટનાના સમ્બધમાં નયનચંદ્ર સૂરિનુ મૌન્ય અવશ્ય આપણા મનમાં કાંઇક સંદેહ ઉત્પન્ન કરે છે. અલાઉદ્દીને જે નીચતાથી રતિપાલને પોતાના પક્ષમા મેળવી લીધો હતો, તે નીચતાનુ નયનચંદ્ર સૂરિએ સંપૂર્ણ વર્ણન કરેલું છે. તે સમયના બે શ્લોકો અહીં અવશ્ય આપવા યોગ્ય છેઃ—

"अन्तरन्तःपुरं नीत्वा शकेशस्तमभोजयत् ।
अपीप्यत्तद्भगिन्या च प्रतीत्यै मदिरामपि ॥ ८१ ॥
प्रतिश्रुत्य शकेशोक्तं ततः सर्वं स दुर्मतिः
विरोधोद्बोधिनीर्वाचो गत्वा राज्ञे न्यरूपयत्" ॥

हम्मीरमहाकाव्यम्– १३ सर्गः

એમાં રતિપાલને અલાઉદ્દીન પોતાની ભગિની પાસે મૂકી ગયો, અને તેણે તેને મદિરાભોજન આદિથી સંતુષ્ટ કર્યો ઇત્યાદિ કથા આવે છે.*

એ વર્ણનથી સ્પષ્ટ વિદિત થાય છે કે, નયનચંદ્ર સૂરિ મુસલ્માનોનો પક્ષપાતી તો ન હોતો જ. પણ કેટલાક લોકો એમ કહે છે કે, એ કવિ જૈનધર્માવલંબી હોવાથી, તે મુસલ્માનોનો વિરોધી શામાટે ન હોઈ શકે ? મારું પોતાનું અનુમાન તો એ જ છે કે, નયનચંદ્રે મુસલ્માની ઇતિહાસોના આધારે જ પોતાના કાવ્યની રચના કરેલી છે. ગમે તેમ હો, પણ એમાં તો લેશ માત્ર પણ સંદેહ નથી કે, ઐતિહાસિક દૃષ્ટિથી જોતાં નયનચંદ્ર સૂરિનું કાવ્ય જોધરાજ કવિના 'રાસો' કરતાં અધિક પ્રામાણિક છે.

---

* પ્રસ્તુત નવલકથામા આ ઘટનાનું કિંચિત્ પરિવર્ત્તન કરાયલું છે. અલાઉદ્દીનની ભગિનીના સ્થાનમાં તેની રખાયતોનો સ્વીકાર કરેલો છે.

હવે જે તૃતીય ઘટના વિચારણીય છે, તે હમ્મીરના મૃત્યુવિષયક છે. હમ્મીરે આત્મહત્યા કરીને પોતાના જીવનનો અંત આણ્યો હતો, એ વાર્ત્તા તો ઉપર્યુક્ત ત્રણે પુસ્તકોથી સિદ્ધ છે. પરંતુ 'હમ્મીર મહા કાવ્ય'માં એનું કારણ બીજું દર્શાવ્યું છે અને 'હમ્મીરહઠ, તથા 'હમ્મીર-રાસો' માં એનું કારણ કાંઇક બીજું જ બતાવવામાં આવ્યું છે. નયચન્દ્ર અનુસાર, રણમલ્લ અને રતિપાલના વિશ્વાસઘાતથી વિજયની સર્વ આશાનો નાશ થવાથી હમ્મીરે પ્રથમ સર્વ રાજમહિલાઓને અગ્નિદેવને સમર્પણ કરી રણમાં વીરોચિત મરણથી મરવાનું યોગ્ય ધાર્યું. અતે જ્યારે તેનું શરીર રણભૂમિમાં વિદ્ધ થઇને પડયું ત્યારે તેના મનમા આશંકા થઈ કે કયાંક મુસલ્માનોના હસ્તે મારા પ્રાણનો અંત ન થાય, એટલા માટે પોતાના મસ્તકને પોતાની જ તલવારથી કાપીને એ આશક્તિ અપમાનથી તેણે પોતાનું રક્ષણ કર્યું. હમ્મીરહઠ અને હમ્મીરરાસોમાં હમ્મીરની આત્મહત્યાનું કારણ શું હતું તે ઉપર એ ગ્રથોના સારાંશમા જણાવેલું જ છે. એ સર્વ ગ્રથોમા તેમ જ ઇતિહાસમાં રાજમહિલાઓના અગ્નિપ્રવેશ અને હમ્મીરના આત્મઘાતની ઘટના તો મળી જ આવે છે અને એ ઘટનાઓના સઘટિત થવામાં પણ વિશેષ સદેહ અથવા આશ્ચર્ય જેવું કાંઈ નથી. એ ઘટનાના સંબંધમા જે કથા ત્રણે ગ્રથોમાં આપવામા આવી છે, તે યુક્તિસગત તો જણાય છે—વિયુક્તિસગત નથી. પરતુ એમાં કોનો અભિપ્રાય કયાં સૂધી સત્ય છે, એનો નિર્ણય કરવો મહા-કઠિન છે, વિશેષત. ઐતિહાસિક પ્રમાણોનો અભાવ હોવાથી એ સબધમા પોતાનો કાંઈ પણ અભિપ્રાય દર્શાવવો વ્યર્થ છે. માત્ર જોધરાજે જે એમ લખ્યું છે કે, 'અલાઉદીને સમુદ્રમાં ડૂબીને પોતાના પ્રાણનો પરિત્યાગ કર્યો;' એ તો સર્વથા ઠડા પહોરના ગપાટા જેવું જ—અસત્ય—પ્રતીત થાય છે; કારણ કે, રણથંભોરના ઘેરાની ઘટના પછી પંદર વર્ષ પર્યન્ત અલાઉદીન જીવતો હતો, એનાં ઇતિહાસમાં અનેક પ્રમાણો મળી આવે છે. અસ્તુ.

નયચદ્ર સૂરિકૃત 'હમ્મીર કાવ્યની, ઘટના ઇતિહાસ અનુસારિણી છે, પરતુ 'હમ્મીરહઠ,' અને 'હમ્મીરરાસો,' ના ઇતિહાસથી એટલો વિરોધ છે કે, અંતમાં અલાઉદીનનો પરાજય દેખાડવામાં આવ્યો છે. એ વિશે મારા મનમાં જે કેટલાક વિચારોનો ઉદ્ભવ થાય છે, તે આ સ્થળે મારે વ્યક્ત કરવા જ જોઇએ. તે સમયના ઇતિહાસકારો બહુધા મુસલ્માનો જ હતા, એટલે તેમણે પોતાના સ્વભાવને અનુસરીને એક હિન્દુ રાજા આગળથી પોતાના બાદશાહને સમરભૂમિને ત્યાગી ભાગવાના કલંકથી અલિપ્ત રાખવામાટે એક સ્વકપોલકલ્પિત વાર્ત્તા કેમ ન લખી દીધી હોય? એવો પ્રશ્ન ઉદ્ભવવો સહજ છે. પરંતુ એમાં પણ સંદેહ નથી

કે, એવા જ પ્રકારનો દોષારોપ 'હમ્મીરહઠ' અને 'હમ્મીરરાસો'ના કર્ત્તા હિન્દુ કવિઓપર પણ કરી શકાય છે. એમણે એક હિન્દુરાજાની કીર્ત્તિને વધારવાના હેતુથી સત્ય ઘટનાને છૂપાવીને બીજું જ કાંઈ લખ્યું હોય, એ પણ સંભવનીય છે. પરન્તુ 'હમ્મીરહઠ'ના રચયિતા કવિ ચન્દ્રશેખર બાજપેયીનો તો એ વિષયમાં બચાવ કરી શકાય એમ છે; કારણ કે, તેણે 'હમ્મીરહઠ'ની રચના એક ચિત્રના આધારે કરેલી છે, કે જે હમ્મીરહઠની ચિત્રાવલી આજથી બાર વર્ષ પહેલાંના મારા પંજાબના પ્રવાસ સમયે મેં પોતે પટિયાલાના મહારાજાધિરાજના સરસ્વતી-ભવનમાં જોઈ હતી. એટલામાટે પક્ષપાતનો એ દોષ કદાચિત્ તે ચિત્રાવલીના ચિત્રકારને મસ્તકે મૂકીયે તો મૂકી શકાય એમ છે, પરંતુ તેમ કરવાનો પણ આપણા પાસે કાંઈ આધાર નથી.

ગમે તેમ હોવા છતાં—ઐતિહાસિક અંશમાં વિભિન્નતા હોવા છતાં હમ્મીરની કથા મહા અદ્‌ભુત અને ભારતવર્ષના ગૌરવને વધારવાવાળી છે, એમા તો રચ માત્ર પણ સંશય નથી જ. ભારતવર્ષનો એવો કયો સ્વદેશાભિમાની નર હશે કે, જે રણથંભોરના હમ્મીરની વીરતા અને રાજમહિલાઓની પ્રાણાહુતિનો વૃત્તાંત વાંચીને પોતાને ધન્ય નહિ માનતો હોય અને પોતાના હૃદયને દેશગૌરવથી પરિપ્લુત નહિ કરતો હોય? ધન્ય છે તે દેશ કે જ્યાં એવા વીરપુરુષ અને એવી વીરનારીઓનો અવતાર થયો છે, ધન્ય છે તે લલનાઓ કે જે પોતાના સતીત્વની રક્ષામાટે જીવન-સુખનો લેશ માત્ર પણ વિચાર ન કરતાં પોતાનાં ક્ષણભંગુર શરીરોનો અગ્નિમાં પ્રવેશ કરીને નાશ કરી નાખતી હતી અને ધન્ય છે તે લોકો કે જેઓ તેમના વૃત્તાન્તોના વાચનથી આનંદિત અને પ્રફુલ્લિત થતા હોય અને હૃદયમાં નિજધર્મગૌરવની રક્ષાના ઉત્સાહની વૃદ્ધિ કરતા હોય!

હમ્મીરની એવી એ ગૌરવશાલિની કથાનો ગુર્જરવાચકોને રસપૂર્ણ આસ્વાદ મળે એટલામાટે જ અને ઐતિહાસિક નવલકથાઓના ક્ષેત્રને વિશેષ વિશાળ બનાવવામાટે જ પ્રસ્તુત નવલકથા લખવામાં આવી છે. આ નવલકથા ઉપર્યુક્ત ત્રણ કાવ્યગ્રંથોના આધારે જ લખાયલી હોવાથી એ ત્રણ ગ્રંથોનો આ પ્રસ્તાવનામાં વિસ્તૃત સાર અને બાધાબાધકતાનો વિચાર કરવામાં આવ્યો છે. છતાં એક નવલકથાના ધર્મને અનુસરીને કેટલેક સ્થળે યોગ્ય કલ્પનાને સ્થાન અપાયુ છે ને તે આ પ્રમાણે;—

રણથંભોરના ઘેરાના મુખ્ય નાયકો હમ્મીર અને અલાઉદ્દીન એ બે નામોને અપવાદરૂપ ગણીએ, તો બીજાં સર્વ પાત્રોનાં નામ બહુધા ત્રણે ગ્રંથોમાં અને ઇતિહાસમાં જૂદાં જૂદાં જ મળી આવે છે. ઉદાહરણ તરીકે, 'હમ્મીર મહાકાવ્ય'માં જે મુસલ્માન સર્દારનું નામ મહિ-

માસાહિ છે, તેનું જ 'હમ્મીર રાસો'માં મહિમાશાહ નામ છે, 'હમ્મીરહઠ' કાવ્યમાં મીર મંગોલ છે અને ઇતિહાસમાં મીર મુહમ્મદ મંગોલ છે. મેં એમાંના મીર મંગોલ નામનો જ સ્વીકાર કરેલો છે. એવી જ રીતે જ્યાં જ્યાં નામોની ભિન્નતા છે, ત્યાં ત્યા ટિપ્પણીઓ આપીને તે વિશે ખુલાસો કરેલો છે, છતાં ક્યાંક એવી ટિપ્પણી ન અપાઈ હોય, તો ભિન્નભિન્ન ગ્રંથોના મતભેદનો ત્યાં સ્વીકાર કરી લેવાનો છે. એવી જ રીતે કેટલાંક પાત્રોની ભિન્નભિન્ન ગ્રંથોમાં ન્યૂનાધિકતા પણ છે, જેમકે, 'હમ્મીરહઠ' માં હમ્મીરની માતા દેખાડેલી છે, અને તે અન્ય બે ગ્રંથોમા નથી તેમજ 'હમ્મીરમહાકાવ્ય' માં ધર્મસિંહ અને ભીમસિંહ નામક હમ્મીરના સેનાધ્યક્ષો છે તે અન્ય હિન્દી કાવ્યોમાં નથી. એવાં સ્થાનોમાં બનતાં સૂધી પ્રત્યેક ગ્રંથકારની અધિકતાનો જ આ નવલકથામાં સ્વીકાર કરવામાં આવ્યો છે. અલાઉદ્દીન અને હમ્મીરના યુદ્ધનું કારણ 'હમ્મીરરાસો' અને 'હમ્મીરહઠ' પ્રમાણે જ બતાવેલુ છે, અને એ કાવ્યોમાં મરહટ્ટી બેગમનો પ્રારભમાંથી થોડોક ઉલ્લેખ કરી પાછળથી સર્વથા તેનું વિસ્મરણ કરવામાં આવ્યું છે, પણ નવલકથામાં તેમ ન કરતા વિગ્રહના મૂળ કારણ બેગમને અંતપર્યન્ત કાયમ રાખી શુભવાંચ્છનાપૂર્વક તેના અગ્નિપ્રવેશનું દૃશ્ય બતાવેલું છે. રતિપાલની સ્ત્રી આદિ એક બે પાત્ર નવલકથાને વિશેષ રસવતી કરવાના હેતુથી નવીન ઉમેરવામાં આવ્યાં છે અને વસ્તુ-સંકલના તો આદિથી અતપર્યન્ત બહુધા નવીન જ રચવામાં આવી છે. આમ છતાં એક પણ મહત્ત્વના ઐતિહાસિક વિષયને છોડી દેવામાં આવ્યો નથી, એ વાચકોએ અવશ્ય લક્ષમાં રાખવાનું છે. હવે આ રચના કેટલેક અશે ગ્રાહ્ય અને સરસ થએલી છે, એનો વાંચીને વિદ્યા-વિલાસી રસિક વાચકોએ જ નિર્ણય કરવાનો છે. હુ પોતે એ વિષયમાં એક અક્ષરનો પણ ઉચ્ચાર કરું એ યોગ્ય નથી.

પ્રસ્તુત નવલકથા ઈ. સ. ૧૯૦૯ માં લખાઈ હતી કે, જે આજે ઈ. સ. ૧૯૧૪ માં પાંચ વર્ષ પછી પ્રકટ થાય છે. અર્થાત્ મારી આજ સૂધીમાં પ્રકટ થએલી અન્ય ઐતિહાસિક નવલકથાઓ પ્રમાણે પ્રસ્તુત ઐતિહાસિક નવલકથા પણ ગુર્જર વાચકોના આદર અને રુચિને પાત્ર થશે તથા લેશ માત્ર પણ તેમના ઉત્સાહની વૃદ્ધિ કરવામાં કારણીભૂત થશે, તો અવશ્ય હું મારા પરિશ્રમને સફળ થએલો માનીશ.

અંતે આવી ઐતિહાસિક વાર્તાઓ લખવાનો વારંવાર પ્રસંગ આપીને મારા ઉત્સાહની વૃદ્ધિ કરવામાટે ગુર્જરી ગિરાના સુસંતાન અને 'ગુજરાતી' પત્રના સંપાદક તથા સ્વામી મારા આશ્રયદાતા સ્વર્ગીય શેઠ ઇચ્છારામ સૂર્યરામ દેશાઇનો કૃતજ્ઞતાથી આભાર માનીને હું આ મારા લંબાયલા ઉપોદ્ઘાતની અહીં સમાપ્તિ કરું છું. **ઠક્કુર નારાયણ.**

# અનુક્રમણિકા

# હમ્મીરહઠ

અથવા

# રણથંભોરનો ઘેરો

## પ્રથમ પરિચ્છેદ

### આકર્ષણ

**પ**રમ રમણીય ઋતુરાજ વસન્તના વિલાસમય સામ્રાજ્યનો પ્રભાવ સર્વત્ર વ્યાપી ગયો હતો. નિર્જન અને ભયકર વનપ્રદેશે પણ અત્યારે મહા મનોહરતામય સ્વર્ગીયતા ધારણ કરી હતી. આપણે આ ક્ષણે જે અરણ્યપ્રદેશનુ નિરીક્ષણ કરવાનું છે, તે અરણ્યપ્રદેશમાં એક સુવિશાળ કલકલ નિનાદિની નદી પોતાના અપરિમિત જલપ્રવાહરૂપ શીઘ્ર પદની ગતિથી પોતાના પતિ મહાસાગરને મળવાને તત્પર થએલી હોય એમ દેખાતું હતુ. પર્વતમાંથી જલધારાનો ભૂમિપર નિપાત થતો હતો અને તેથી સર્વ નિર્ઝર નીરથી ઉભરાઈ જતાં હતા. સર્વ પ્રકારનાં વૃક્ષો પ્રફુલ્લ થએલાં હતાં. આમ્રવૃક્ષ, લીંબુવૃક્ષ અને કેલીવૃક્ષ આદિની શાખાઓ સ્વાદિષ્ઠ ફળભારથી નમ્ર થએલી હતી. લતારૂપ લલનાઓ વૃક્ષરૂપ વલ્લભને ગાઢ આલિંગન આપી 'विनाश्रया न शोभन्ते पंडिता वनिता लता:' એ સિદ્ધાંતની સત્યતાનો પરિચય કરાવતી હતી. વસંત–કોકિલાઓ પોતાના કમનીય કૂજનના વ્યાપારને અવ્યાહત ચલાવ્યા કરતી હતી અને મયૂર-સમુદાય પોતાના નૃત્યના વ્યવસાયમાં નિમગ્ન થએલો હતો. ભ્રમરાઓ વૃક્ષોપર આમ તેમ ભ્રમતા કર્ણમનોહર ગુંજન કરી રહ્યા હતા. શીતલ અને મદ સુગંધિત વાયુ વાતો હતો. સરોવરમાં સુન્દર સરોજ સુમન શોભી રહ્યાં હતાં. લતાકુંજોમાં કલાપી કેકારવ કરતા ભ્રમણ કરતા હતા. વસંતઋતુએ જાણે કામીજનોની કામવાસનાને ઉદ્દીપિત કરવામાટે જ એ મદનોત્તેજક સાધનોના વિલાસજાળનો વિસ્તાર કરેલો હોયની ! એવો જ પરિપૂર્ણ ભાસ થતો હતો. વસંતની નિર્મળ કૌમુદીવિભૂષિત શુકલપક્ષીય નિશામાં મૃગ આદિ તૃણભક્ષક પશુઓ ઇતસ્તતઃ સ્વેચ્છ સંચાર કરતા હતા અને સિંહ, વ્યાઘ્ર, રીંછ, ચિત્તા, વરાહ આદિ હિંસક વનપશુઓ ભયંકર ગર્જના કરતા સર્વત્ર ભ્રમતા હતા. શૃગાલ આદિ ચતુર અને ભીરુ પશુઓની પણ ત્યાં ન્યૂનતા નહોતી.

આ વનપ્રદેશ દિલ્લીથી કેટલાક ક્રોશને અંતરે આવેલો હતો અને અત્યારે દિલ્લીનો સુલ્તાન અલાઉદ્દીન નિરંતરના નગરનિવાસથી કંટાળીને આજે કેટલાક દિવસથી એ સ્થળે વિશાળ છાવણી નાખીને પડ્યો હતો. એ છાવણી 'શાહી શિકારગાહ'ના નામથી ઓળખાતી હતી, કારણ કે, શાહ અલાઉદ્દીન પોતાના જનાનખાનાની બધી બેગમોને સાથે લઈ થોડા વખતને માટે રાજ્યકાર્યની ચિન્તાઓથી મુક્ત થઈ મૃગયાના અને વનિતાઓ સાથેની વનકેલીના આનંદનો આસ્વાદ લેવાના ઉદ્દેશથી જ એ નિર્જન વનમાં આવ્યો હતો. અત્યારે સુલ્તાન જો કે વનમાં હતો, છતાં ત્યાં પણ રાજવૈભવના સર્વ ચિન્હો દૃષ્ટિગોચર થતાં હતાં. ચારે તરફ થોડા થોડા અંતરે બેગમોના નિવાસમાટે બહુ મૂલ્ય મખમલ અને રેશમના તમ્બૂઓ ઊભા કરેલા હતા અને એ સર્વના મધ્યમાં સુલ્તાનનો પોતાનો તંબૂ આવેલો હતો. સુલ્તાનનો તમ્બૂ તેનાપરનાં સુવર્ણના અર્ધચન્દ્ર અને લીલી પતાકા આદિ રાજચિન્હોથી તરત ઓળખાઈ આવતો હતો. એ શાહી છાવણીની પાસે જ જનાનખાનાની બાંદીઓના સાદા તમ્બૂ હતા અને તેમનાથી કેટલાક અંતરપર રાજ્યના મોટા મોટા સૈનિક અધિકારીઓનાં વસ્ત્રવિતાન જોવામાં આવતાં હતાં. એક તરફ સંરક્ષક સૈનિકો રાઉટીઓ બાંધીને પડ્યા હતા અને બીજી તરફ મોદીખાનું ગોઠવેલું હતું. આ બધી વિલક્ષણતાને જોઇને પ્રથમ દૃષ્ટિથી જોનારને, જાણે જનશૂન્ય અરણ્યમાં અચાનક ગાંધર્વનગરીનો જ ઉદ્ભવ થયો હોયની ! એવો જ ભાસ થતો હતો. સિંહ આદિ હિંસક પશુઓ ભલે ભયકર ગણાતા હોય, પણ કાળા માથાના માનવી સર્વથી અધિક ભયંકર છે; જ્યારથી સુલ્તાને એ વનપ્રદેશને પોતાના મૃગયાસદનનુ સ્વરૂપ આપ્યું હતું, ત્યારથી એક પણ ભયકર પશુએ એ સ્થળમા પદસંચાર કિંવા દૃષ્ટિપાત કર્યો નહોતો અને એ જ મનુષ્ય પ્રાણી અન્ય સર્વ પ્રાણીઓ કરતાં વિશેષ ભયાવહ છે, એ સિદ્ધાતની સત્યતાનો પ્રત્યક્ષ પરિચય છે, ત્યારે મનુષ્યની એ ભયકરતા શામાં રહેલી છે ? માત્ર તેની બુદ્ધિમાં, વિચારશક્તિમાં અને વાચાળતામાં ! અસ્તુ.

સૂર્યનારાયણના અસ્તાચળમાં ગમન કરવા સાથે દિવસનો અંત થયો અને સંધ્યાના નામથી ઓળખાતી કુમારિકા નિશાદેવીનું આગમન થયું. અલ્પ સમયમાં પ્રાપ્ત થનારા અંધકારનો પ્રતિકાર કરવામાટે જ જાણે ઉદ્દીપ્ત કરવામાં આવ્યા હોયની ! એવો ભાસ કરાવતા શાહીશિકારગાહમાં સર્વત્ર લાલ, પીળા, લીલા અને સફેદ રંગના દીપકો પ્રજ્વલિત થયા. આકાશમાંનાં નક્ષત્રો ઉત્સુકતાથી એ વિવિધરંગીય મિશ્ર દીપકપ્રકાશની શોભાનું નિરીક્ષણ કરવામાં નિમગ્ન થયાં. અત્યારે કૃષ્ણ પક્ષ ચાલતો હોવાથી નભોમંડળમાં ચંદ્રની ચંદ્રિકાનો અભાવ હતો અને તેથી

સૃષ્ટિમાં અંધકારનો પૂર્ણ પ્રભાવ હતો. એટલામાટે તમોમય રાત્રિમાં સુલ્તાન અલાઉદ્દીને પાસેના સરોવરમાં જલક્રીડા કરવામાટે જવાનું અનુચિત ધાર્યું હતું. છાવણીમાં સધ્યાકાલીન નોબત અને શરણાઈ આદિ મધુર વાદ્યોનો મંજુલ સ્વર નીકળવા માંડ્યો અને તેનો આસપાસના સમસ્ત વનપ્રદેશમાં પ્રતિધ્વનિ થવા લાગ્યો. મગરિબની નમાજ પઢી આવ્યા પછી સુલ્તાન અલાઉદ્દીન પોતાના જનાનખાનામાં આવ્યો. સુલ્તાનના જનાનખાનામાં એકથી એક અધિક સૌન્દર્યવતી અનેક બેગમો હતી અને તે સર્વ પ્રતિસ્પર્ધા કરીને શાહના મનને રીઝવવાના અને તેના પ્રેમને પોતાતરફ આકર્ષવાના અનેકાનેક પ્રયત્નો નિરતર કર્યાં કરતી હતી, પરંતુ એ સર્વમાંથી 'મરહટ્ટી' બેગમના નામથી ઓળખાતી બેગમમાં સુલ્તાન અલાઉદ્દીન ઘણો જ મુગ્ધ થએલો હતો અને તે સ્ત્રીને તે પોતાના પ્રાણ કરતાં પણ વધારે પ્રિય માનતો હતો.

શાહી શિકારમાંના 'વિલાસભવન' નામથી ઓળખાતા સુશોભિત તંબૂમાં જમીનપર એક બહુ મૂલ્ય હિન્દી કારીગરીનો ગાલીચો પાથરેલો હતો અને તેનાપર વચ્ચે થોડીક જગ્યા ખાલી મૂકીને ત્રણ બાજૂએ રેશમની ગાદીઓ નાખીને તેનાપર મોટા મોટા તકીયા ગોઠવવામાં આવ્યા હતા. દ્વારના સ્હામેના ભાગમાં સુલ્તાનમાટે મખમલની ઉંચી ગાદી રાખવામાં આવી હતી અને ચારે ખૂણે સુવર્ણની ચાર દીપિકાઓમાં અત્તરના દીવા બળ્યા કરતા હતા. ગાલીચાપરના વચ્ચેના ખાલી ભાગમાં સોનાના એક મોટા થાળમા શરાબથી ભરેલી રત્નજડિત સુવર્ણની સુરાહીઓ પડેલી હતી અને તેવા જ આઠ દશ પ્યાલા પણ ત્યાં જોવામાં આવતા હતા. બધી બેગમો વસંતોચિત વસ્ત્રાભૂષણ ધારણ કરીને ત્યાં સુલ્તાનના આવવાની માર્ગપ્રતીક્ષા કરતી બેઠી હતી અને બાંદીઓ તેમના મોઢામાથી પડતા બોલને ઝીલી લેવામાટે હાથ જોડીને તૈયાર ઉભી હતી.

"બહેન ! આ વસંતઋતુની શોભા તો ખરેખર અવર્ણનીય જ છે. આ વનમાં આપણને જેટલો આનંદ મળે છે, તેટલો આનંદ મહાલયમાં કદાપિ મળ્યો નથી અને મળવાનો પણ નથી. યોગીજનો ખાસ કરીને વનવાસને વધારે પસંદ કરે છે, એમાં પણ કાંઈ રહસ્ય તો અવશ્ય સમાયલુ હોવું જ જોઈએ." એક બેગમે બીજી બેગમને ઉદ્દેશીને સમય વીતાડવાના હેતુથી કહ્યું; કારણ કે, અદ્યાપિ સુલ્તાનની પધરામણીમાં થોડોક વિલમ્બ હતો.

"ખરું છે—બહેન ! અત્યારે વસંતના યોગે થએલી સૃષ્ટિની શોભાને જોતાં મને તો એવો જ ભાસ થયા કરે છે કે;—

'મય હય શબનમ્, ગુન્ચે સાગર, હર હર શાખ્ ગુલાબી હય;
પત્તા પત્તા ઝૂમ રહા હય, ગોયા બાગ્ શરાબી હય!'

–કેમ મારું કહેવું ખરું છે કે નહિ ?" બીજી બેગમે પોતાનો અભિપ્રાય પ્રદર્શિત કર્યો.

"પણ આ વાતને કેમ ભૂલી ગયાં ?—

'ગુન્ચે હર્ય રહરહકે ચટખતે, ઔર બુલબુલ હંસ દેતા હય;
ભઁવરા લોભી કલીકલીકા, ફિર ફિરકે રસ લેતા હય !"

મરહટ્ટી બેગમે તીર જેવો શેર સંભળાવ્યો.

"પણ એ કળિયોમાં પણ ભેદ છે તો. આ જુઓને કળિયો તો આપણે બધી બેગમો છીએ, પણ આપણા કરતાં આ માનીતાં મરહટ્ટી બેગમમાં રૂપનો અને વાચાળતાનો વિશેષ રસ સમાયલો હોવાથી સુલ્તાનભ્રમર એમના રસનો જ વધારે પ્રેમથી આસ્વાદ લીધા કરે છે" એક ત્રીજી બેગમે તીરનો તીરથી જ જવાબ આપ્યો

સુલ્તાનની સવારી વિલાસભવનમાં આવી લાગી અને ત્યાં પોતાના આસનપર બેસવા પછી તે જેવી રીતે નક્ષત્રસમુદાયના મધ્યમાં નિશાનાથ ચંદ્ર શોભે છે, તેવી રીતે બેગમોના સમુદાયમાં શોભવા લાગ્યો. સુલ્તાનને એક માલિનીએ સુંદર સૌગંધિત સુમનોની માળા આપી હતી, તે સુમનમાળા તેણે આવતાં જ પોતાની અત્યંત પ્રેમપાત્રા મરહટ્ટી બેગમના ગળામાં પહેરાવી દીધી. એથી બીજી બેગમોને વિનોદ કરવાનો અચાનક પ્રસંગ મળ્યો. એક બેગમે વિનોદનું મંગળાચરણ કરીને કહ્યું કે;–"આ માળામાંનાં પુષ્પોનો રંગ કેવો પ્રેક્ષણીય અને સુંદર દેખાય છે !"

"અરે–પુષ્પરંગ તો આપણી મરહટ્ટી બેગમના ગુલાબી ગાલોના ગુલાબી રંગની પ્રતિસ્પર્ધા કરવા આવ્યો હોય, એમ જ જણાય છે." બીજી બેગમે ટાપસી પૂરી.

"નહિ–નહિ–આ ફૂલ તો મરહટ્ટી બેગમના ગાલોની લાલીપર કુરબાન થવાને આવ્યાં હોય, એવો જ ભાસ થાય છે." ત્રીજી બેગમે માર્મિક વચન ઉચ્ચાર્યું.

મરહટ્ટી બેગમ એના ભાવાર્થને સમજી ગઈ અને તેથી સુલ્તાનને ઉદ્દેશીને કોપ દર્શાવતી કહેવા લાગી કે, "સુલ્તાને વાલા ! આ બધી બેગમો ભેગી મળીને બેઠી હોય અને આપ આવી ગુસ્તાખી કરો, એ શું આપને શોભા આપે છે કે ?"

"મારો તો એ જ અભિપ્રાય છે કે, સુલ્તાનને આ અપરાધની અવશ્ય ભયંકર શિક્ષા મળવી જોઇએ." એક બેગમે દરખાસ્ત મૂકી.

"હું પણ એ જ વિચાર દર્શાવું છું." બીજીએ ટેકો આપ્યો.

"ચાલો–ઝટ ફેંસલો કરી નાખો–ભયંકર શિક્ષા શી આપવાની છે ? ફાંસીની કે કેદખાનાની ?" અલાઉદ્દીને સ્મિત કરીને પૂછ્યું.

"એમને બાંધીને કેદ કરવા જોઈએ." ચોથી બેગમ બોલી.

"પણ બાંધવા શાથી અને કેદ કરીને ક્યાં રાખવા?" મરહટ્ટી બેગમે સવાલ કર્યો.

"લ્યો, એટલી કળા પણ નથી આવડતી કે? બાંધવા મોહના પાશથી અને કેદ કરી રાખવા હૃદયમાં." ત્રીજી બેગમે સાધનોનાં નામ બતાવી દીધાં.

"વાહરે–દુનિયાનો દસ્તૂર! કોઈ મેહમાનને દાવતમાં બોલાવવો અને તે આવે ત્યારે અદાવત બતાવીને તેને કેદ કરાવવો!" અલાઉદ્દીને વિનોદમાં આગળ વધીને જવાબ આપ્યો.

"શું–આપ દાવતમાં પધાર્યા છો? જો એમ જ હોય, તો બિસ્મિલ્લાહ દસ્તરખાનપર બેસી જાઓ! વાર ન કરો." મરહટ્ટી બેગમે હાસ્ય કરીને કહ્યું.

"અજી–ત્યા તો પેટને ખાવાનુ મળશે, પણ અત્યારે આ હોઠ સૂકાય છે, તેમને તો તૃપ્ત કરો" અલાઉદ્દીન બોલ્યો.

"વાહરે–હસ્સાની! આ અમારાં મરહટ્ટી બેગમ છે કે તરતરી બિરિયાની?" એક બેગમે નખરાથી એ વાક્ય ઉચ્ચાર્યું.

"પણ તમે કેમ વચ્ચે માથું માર્યા કરો છો, બીબી બાકરખાની!" અલાઉદ્દીને કહ્યું.

"હુજૂર! હવે આ મેહમાનને અહીંથી ટાળો. જો એ ભૂખ્યા હોય તો આપના હુસ્નના દસ્તરખાનમાંથી એક બે કોળિયા એમને ખવડાવો અને પછી ચાલ્યા જવાનો સીધો રસ્તો બતાવો." ચોથી બેગમે સો ટચના સોના જેવી ચોખ્ખી સલાહ આપી.

"મારી પણ માત્ર એટલી જ માગણી છે કે;—

'નદીદે ગદાકો બહોત દિલમેં કાસા;
બસ અબ એક બેસનકા દે દો સૅબોસા;
તુમ્હારી ઇજ્જત કે ભૂકે ખડે હયૅ;
જવાની કે સદકેમેં હોટોંકા બોસા!"

એમ કહીને સુલ્તાન અલાઉદ્દીને પ્રેમોન્માદથી મરહટ્ટી બેગમના અધરામૃતનું પાન કર્યું, અને તે સાથે જ એ વિનોદવાર્ત્તાનો અંત થયો.

"બસ–આ અધરામૃતપાન તો કરી લીધુ, હવે મદિરાપાનથી મનને વિરામ આપો." મરહટ્ટી બેગમે પોતાના કોમળ કરથી સુરાહીમાંથી શરાબને પ્યાલામાં ઓતીને કહ્યું.

"ભલે–ત્યારે એક બે જામ આપો; કારણ કે;—

'સાકિયા! તરસા ન તૂ એક બૂંદ પાની કે લિયે;
દિલ તડપતા હય શરાબે અર્ગવાનીકે લિયે;

ફિર કહાં યે દોસ્ત હોંગે ઔર કહાં યે બઝ્મે હૂર;
આ ગઈ પીરી તો શેરેંગે જવાનીકે લિયે !"

એમ કહી મરહટ્ટી બેગમના હાથમાંથી શરાબનો ભરેલો પ્યાલો લઇને સુલ્તાને તરત મુખદ્વારા તેને પોતાના ઉદરમાં સ્થાન આપ્યું.

એ પછી બધી બેગમોએ પણ એક એક જામને ઇન્સાફ આપ્યો. બેચાર જામ થઈ જવા પછી સુલ્તાન નશાની ઝૂમમાં આવીને કહેવા લાગ્યો કે;—

"મય હોવે કુંજે બાગ હો સાકી હો માહવશ;
કોઈ વહા મુખિલ ન હો બાઇસ હિજાબકા;
ગર્દનમેં હાથ ડાલકે વો શોખ્ બેહિજાબ;
લબસે લગાદે મેરે પિયાલા શરાબકા !"

સુલ્તાનના આ ઇશારાને ચાલાક બેગમો તરત સમજી ગઈ અને તેથી તેઓ એક એક કરીને તસ્લીમ કરી કરી ત્યાંથી પોતપોતાના જૂદા તબૂઓમાં ચાલી ગઈ. વિલાસભવનમાં માત્ર મરહટ્ટી બેગમ અને અલાઉદીન બે જ રહ્યાં. મદિરાપાન કરી લીધા પછી શિકારમાં મારેલા નિર્દોષ હરિણ આદિના સ્વાદિષ્ઠ માંસનું ભક્ષણ કરીને સુલ્તાન ત્યાં જ નિદ્રાવશ થયો. એ સમયે રાત્રિના તૃતીય પ્રહરનો આરંભ થઈ ચૂક્યો હતો, અને આકાશમાં રજનીકાંત ચંદ્રનો ઉદય થયો હતો. સુલ્તાનને નિદ્રાવશ થએલો જોઈ તંબૂના પાછલા દ્વારને ખોલી બહાર ઊભી રહી, ચંદ્રજ્યોત્સ્નામાં સૃષ્ટિસૌન્દર્યનું અવલોકન કરતી મરહટ્ટી બેગમ પોતાની પૂર્વાવસ્થા અને વર્તમાન સ્થિતિનો વિચાર કરવા લાગી.

"મારો ક્યો દેશ, ક્યો વેષ, કઈ જાતિ, ક્યો ધર્મ અને ક્યો આચાર—દક્ષિણની પવિત્ર ભૂમિમાં પવિત્રતર ક્ષત્રિય કુળમાં અવતાર થયો અને દુર્ભાગ્યના યોગે મૂર્ખશિરોમણિ નિર્દય યવનરાજ સાથે આ શુદ્ધ શરીરનો વ્યભિચાર થયો. હું અલાઉદીનની બેગમ છું, પણ બેગમ નથી, બાહ્ય સુખનો ભાસ દેખાય છે—પણ અંતરમાં તો સ્નેહને સ્થાને શોકની અનિવાર્ય જ્વાળા જ બળતી જણાય છે. સ્નેહ ન હોવા છતાં પણ આ સુલ્તાનને રાજી રાખવો પડે છે—ઇચ્છા ન હોવા છતાં ભયથી વિષનો સ્વાદ ચાખવો પડે છે! હે પરમાત્મન્! તારાં ચરણોમાં આ અત્યાચારવશ અબળાની એટલી જ અનન્ય ભાવયુત અભ્યર્થના છે કે, કાં તો આ રાક્ષસના અવતારકૃતઘ્ન સુલ્તાનનો સંહાર કરીને મને આ જનાનખાનાની વિટંબનામાંથી મુક્ત કર અને કાં તો મારા શરીરનો પાત કરીને આ સંસારને મારા અસ્તિત્વથી વિમુક્ત કર."

તે મૃગનયનાનાં નયનોમાંથી ઉષ્ણ નીરની ધારાનું વહન થવા લાગ્યું. તેનો કંઠ રુદ્ધ થયો અને અત્યંત મંદ સ્વરથી તે પુનઃ પરમાત્માને પ્રાર્થના કરતી આત્મગત કહેવા લાગી કે;—

"એ કથા સભળાતી ગજને મોક્ષ તેં આપ્યો હતો;
વળી દ્રૌપદીનો શોક કૌરવસભામાં કાપ્યો હતો;
લંકાપતીનો મદ મહા દશ દિશામાં વ્યાપ્યો હતો,
તેનેય સંહારી કરી નિજ ન્યાયને છાપ્યો હતો;
તો આજ આ આધારહીના સુંદરીને શ્રીહરી;
આવાર આવી રક્ષવામા વાર તેં શાથી કરી?"

હવે પછી તેનાથી વધારે બોલી શકાયું નહિ તે લમણે હાથ દઈ શોકમાં નિમગ્ન થઈ અશ્રુ વર્ષાવતી બેસી રહી

આ સ્થળે એક મુસલમાન બેગમને હિન્દુ સ્ત્રી પ્રમાણે પરમેશ્વરની પ્રાર્થના કરતી અને સુલ્તાનના સંહારની ઇચ્છા ધરાવતી જોઇને વાચકોના મનમાં સંશય ઉત્પન્ન થવાનો સંભવ છે; એટલામાટે મરહટ્ટી બેગમનો અહીં જો થોડોઘણો પરિચય આપીશુ તો તે અસ્થાનીય અને અનુચિત તો નહિ જ થાય મરહટ્ટી બેગમ એક કુલીન દાક્ષિણાત્ય ક્ષત્રિય વીરપુરુષની પુત્રી હતી. અલાઉદ્દીન જે સમયે દિલ્લીના બાદશાહ અને પોતાના કાકા જલાલુદ્દીન ફીરોજ ખિલજીનો સેનાપતિ હતો તે વેળાએ કાકાની આજ્ઞાથી તેણે ઈ. સ. ૧૨૯૪માં દક્ષિણ દેશપર ચઢાઈ કરી હતી અને દેવગઢના રાજા રામદેવને પરાજિત કરીને બહુ સોનુ, ચાંદી તથા જવાહિરાત લઈ તેનો પિંડ છોડ્યો હતો. તે સમયે ત્યાંથી તે કેટલીક સુંદર સ્ત્રીઓને પણ પકડી લાવ્યો હતો અને તે સર્વમાં એક તરુણી, અપ્સરાઓના લાવણ્યને પણ લજ્જિત કરે તેવી રૂપરાશિ હોવાથી, અલાઉદ્દીને પોતાના કૃપાળુ કાકાનો કૃતઘ્નતાથી વધ કરીને પોતે બાદશાહ બન્યા પછી, તેને પોતાની બેગમ બનાવી હતી અને તે જ મરહટ્ટી બેગમના નામથી ઓળખાતી એ તરુણી હતી. એનું મૂળ નામ શું હતું, એ અદ્યાપિ જાણવામાં આવ્યું નથી.

સુલ્તાનના જનાનખાનામાં આવ્યાને લગભગ પાંચ વર્ષ થએલા હોવા છતાં અને યથેચ્છ વિલાસ અને ભોગો પ્રાપ્ત થતા હોવા છતાં સ્વામિદ્રોહી અને નિર્દય શાહ અલાઉદ્દીનમાં એ સુંદરીનો નૈસર્ગિક સ્નેહ નહોતો. તે પોતાને પારધિના પાંજરામાં સપડાયલી નિરાધાર પક્ષિણી સમાન જ સમજતી હતી.

---

* મરહટ્ટી બેગમને કેટલાકો ગુજરાતના રાજા કરણ ઘેલાની રાણી કમલાદેવી–કૌલાદેવી–માને છે, પણ એમ માનવાથી કાળની વિરુદ્ધતા આવી પડે છે; કારણ કે, તે રણથંભોરના યુદ્ધ પછી અલાઉદ્દીનના જનાનખાનામાં આવી હતી. ઇતિહાસના અવલોકનથી આ ઘટના સત્વર ધ્યાનમાં આવી શકે એમ છે.

વનવિહારી પક્ષીને સુવર્ણપિંજરના બંધન કરતાં અરણ્યમાંની સ્વતંત્રતા જ વિશેષ પ્રિય ભાસે છે, તેવી રીતે આ જનાનખાનામાંના વિભક્ત પ્રેમ અને પરતંત્ર પ્રેમ કરતાં જો કોઈ દીન પુરુષ સાથે અવિભક્ત અને નૈસર્ગિક પ્રેમ થયો હોત તો વધારે સારું, એવો વારવાર તેના મનમાં વિચાર આવ્યા કરતો હતો અને વારવાર તે શોકાતુર બની જતી હતી. પણ તેની આજની ચિંતા તો એટલી બધી વધી ગઈ હતી કે, તેના નેત્રોમાં નિદ્રાનો લેશ માત્ર પણ સ્પર્શ ન થયો અને તેથી તેણે સુખશય્યાને સ્પર્શ ન કરતાં આખી રાત અખંડ જાગરણ કરીને જ વીતાડી દીધી. ધીમે ધીમે નિશાનો અંત પ્રભાતના પ્રારંભને પાસે લાવતો ગયો—ઉપ કાળનો આરંભ થયો. આકાશમાં તારાઓ ઝાંખા થવા લાગ્યા અને સૂર્ય મહારાજના આગમનની સૂચના આપતો સૂર્યનો સારથિ અરુણ પોતાના પ્રકાશને વિસ્તારવા લાગ્યો અરુણના રક્તવર્ણ પ્રકાશથી દિશાઓ આરક્ત દેખાવા લાગી અને સૃષ્ટિદેવીએ નવીન મનોહરતા ધારણ કરી. વિશેષ મદિરાપાન કરેલું હોવાથી અને તે મદિરા અધિક જીર્ણ તથા માદક હોવાથી સુલ્તાન અદ્યાપિ જાગૃત થયો ન હોતો—તે એવી તો ગાઢ અને અર્ધમૃત્યુ સમાન નિદ્રામાં પડ્યો હતો કે, આ વિશ્વનું તેને કિંચિન્માત્ર પણ ભાન ન હોતું. મદિરા જ્ઞાનવિનાશિની કહેવાય છે, તે સર્વાંશે સત્ય જ છે.

પ્રભાતે અંધકારનો પ્રતિકાર કરેલો જોઇને શોકનિમગ્ન મરહટ્ટી બેગમે પોતાના શોકના શમનમાટે પ્રાતઃકાલીન સૃષ્ટિસૌન્દર્યનું નિરીક્ષણ કરવા માંડ્યું. એટલામાં અચાનક તેનું ચિત્ત એક અન્ય પદાર્થના અવલોકનમાં આકર્ષાયું. એક અશ્વારૂઢ તરુણ મુસલ્માન ત્યાંથી પોતાના અશ્વને નૃત્ય કરાવતો અને પોતાની અશ્વારોહણ વિદ્યાની મહત્તાનો પરિચય કરાવતો ચાલ્યો જતો હતો. એ પુરુષના શરીરનો રંગ જોકે બહુ ગોરો ન હોતો, પરંતુ ઘાટ એટલો બધો મનોમોહક અને સુંદર હતો કે, જેનું વર્ણન થવું અશક્ય છે. વિશાળ મસ્તક, વિશાળ નેત્રો, વિશાળ વક્ષઃસ્થળ, વિશાળ બાહુ, સાધારણ પુષ્ટતા, મધ્યમ આકાર અને ખસખસી દાઢી તથા વાંકડી મૂછો, એ સર્વ કોઈ પણ સ્ત્રીના મનમાં મોહ ઉત્પન્ન કરવામાટે પૂર્ણ બળવાન્ સાધનો હતાં. અત્યારે તેણે પહોળો પાયજામો, ગુલાબી અંગરખુ અને લીલા રંગનો બનારસી દુપટ્ટો ઇત્યાદિ વસ્ત્રો ધારણ કરેલાં હતાં અને કમ્મરે તલવાર, ખંજર અને તમંચો ઇત્યાદિ શસ્ત્રાસ્ત્રો ધારણ કર્યાં હતાં. ખોળામાં તેણે આડી બંદૂક રાખેલી હોવાથી અત્યારે તે શિકાર કરવામાટે જ નીકળેલો હોય એવું અનુમાન કરી શકાતું હતું. એ તરુણ નરને જોતાં જ મરહટ્ટી બેગમના મનમાં એક અકથનીય ભાવનો આવિર્ભાવ થયો. એક વાર તેણે સુપ્ત સુલ્તાનના મલિન મુખનું અવલોકન કર્યું અને પુનઃ તે અશ્વારૂઢ તરુણના પ્રફુલ્લ

મુખમંડળનું નિરીક્ષણ કરીને ઉભયના રૂપની તુલના કરી જોઈ. તરાજૂના જે પલ્લામાં અશ્વારૂઢ તરુણને રાખવામાં આવ્યો હતો, તે પલ્લો નમતો દેખાયો અને સુલ્તાન હલકો થતાં તિરસ્કારને પાત્ર જણાયો. જોતજોતામાં તે તરુણ સરદાર તો ત્યાંથી અદૃશ્ય થયો, પણ સુલ્તાનની બેગમના મનમાં તે એક પ્રકારનો અગમ્ય વિકાર ઉત્પન્ન કરતો ગયો. ધન, વૈભવ, વિલાસ અને રાજમહાલય આદિ ઔપચારિક સાધનો સ્ત્રીના સ્નેહને પ્રાપ્ત કરી શકતાં નથી. સ્ત્રી જ્યારે સ્વાભાવિકતાથી આસક્ત થાય છે તો એક દીન જનને જ પોતાનો પ્રેમપાત્ર બનાવી તેને પોતાનું સર્વસ્વ સમર્પણ કરી પર્ણકુટીના નિવાસને પણ નંદનવનનો નિવાસ માને છે, એ અનાદિ કાળથી સિદ્ધ થએલો નિયમ જ છે અને મરહટ્ટી બેગમના આજના વર્તનથી એ નિયમની સત્યતાનો અધિક પરિચય થઈ શકે છે. થોડી વાર પછી સુલ્તાન જાગૃત થયો અને કુદરતી હાજતોથી ફારેગ થઇને ગુસ્લખાના (સ્નાનગૃહમાં શરીર શુદ્ધિમાટે ચાલ્યો ગયો. તેના જવા પછી સ્નાન આદિ નિત્ય કર્મથી મુક્ત થઈ મરહટ્ટી બેગમ સિતાર વગાડીને નિમ્ન લિખિત પ્રેમસંગીત ગાવા લાગી;—

ગ઼ઝલ

“ચયન દમભર ન મિલા હુસ્નપે માઇલ હો કર;  
મેરે બસ્મેં નહીં કમ્બખ્ત મેરા દિલ હો કર—ચયન.  
સરફે પયમાના હુવા જિસ્મ મેરા ગિલ હો કર;  
લે તેર પાસ મયઁ આયા તેરે ક઼ાબિલ હોકર—ચયન.  
મેરે મતલબકા નહીં હય યે દિલે હુસ્ન પરસ્ત,  
ક્યોં રહે પાસ તેરે આપકે ક઼ાબિલ હો કર ?”—ચયન.

બેગમ બીજા ગાનનો આલાપ કરવાની તૈયારીમાં હતી, એટલામાં એક બાંદીએ આવી હસ્તદ્વય જોડીને પ્રાર્થના કરી કે;—“હુજૂર ! દસ્તરખાનપર આલીશાન સુલ્તાન આપની વાટ જોઇને બેસી રહ્યા છે, માટે જમવા પધારો.”

“ચાલ આ આવી.” બેગમે ગ્લાનિથી ઉત્તર આપ્યું.

બાંદી ચાલતી થઈ. બેગમે સિતારને સ્થાને રાખી નિમ્ન લિખિત ઉદ્‌ગાર સાથે ભોજનાલય પ્રતિ પ્રયાણ કર્યું,—

“ખાતે હયઁ ગમ અય ફ઼લક ! ખ઼ૂને જિગર પીતે હયઁ;  
ફ઼િરાક઼ે યારમેં મરતે હુવે, હમ જીતે હયઁ !”

## દ્વિતીય પરિચ્છેદ

### સંયોગ

ઘણા દિવસસુધી તે અશ્વારૂઢ તરુણ પુરુષ પુન મરહટ્ટી બેગમના જોવામાં આવી શકયો નહિ. ધીમે ધીમે ઋતુરાજ વસંતના રાજ્યનો અંત આવ્યો અને તેનો અધિકાર ગ્રીષ્મઋતુએ લેવા માંડ્યો. વસંતકાલીન સમશીતોષ્ણતાના સ્થાનમાં ભીષણ અને પ્રખર ઉષ્ણતાનો પ્રસાર થવા લાગ્યો. જેવી રીતે કોઈ દુરાચારી મનુષ્યના સંગથી સદાચારી મનુષ્ય પણ દુરાચારી બની જાય છે, તેવી રીતે સૂર્યનાં પ્રખર કિરણોના સંગથી પવન પણ ઉષ્ણ થતો ગયો અને તે માનવીઓના શરીરને પોતાના સ્પર્શથી શાંતિ આપવાને બદલે અશાંતિ જ આપવા લાગ્યો. લોકોને રાત્રિનો સમય, ચન્દ્રનો પ્રકાશ અને જલસ્નાન એ ત્રણ વસ્તુઓ જ વિશેષ રુચિકર લાગતી હતી. નિદાઘ સમયમાં કામ સ્વાભાવિક જ શાંત રહેતો હોવાથી વનિતાભોગવિલાસરૂપ નાટકની જવનિકાનુ પતન થયું હતુ. રવિના ઉગ્ર પ્રતાપથી સંતપ્ત થઈ જન્મવૈરી સર્વ પ્રાણીઓએ પોતાના વૈરભાવને ત્યાગી મૈત્રીનો સ્વીકાર કર્યો હતો.

વસંતઋતુમાં કેટલીકવાર સુલ્તાન અલાઉદીન પોતાની બેગમોને સાથે લઈ જઈ આખો આખો દિવસ જંગલમાં શિકાર કરવામાં વીતાડી દેતો હતો, પણ હવે મધ્યાહ્નનો તાપ અસહ્ય થએલો હોવાથી તેણે પોતાનો એ વ્યાપાર બંધ કર્યો હતો અને માત્ર કોઈ કોઇવાર સંધ્યાકાળે જ તે શિકાર કરવામાટે નીકળતો હતો. કોઈ કોઇવાર બેગમોને બીજી વનક્રીડાનો ઉપભોગ કરવાની આજ્ઞા આપી પોતે સર્દારો સાથે પણ શિકાર કરવાને ચાલ્યો જતો હતો. એ પ્રમાણે આજે તૃતીય પ્રહરનો અંત થતાં જ સુલ્તાન અલાઉદીન પોતાના સર્દારોને લઇને અરણ્યમાં વનપશુઓની હિંસા કરીને મનને રંજિત કરવામાટે શિબિરમાંથી ચાલ્યો ગયો. તેના જવાપછી સર્વ બેગમો વિલાસભવનમાં એકત્ર થઇને નીચે પ્રમાણેનો વિચાર કરવા લાગી;—

"બાદશાહ સલામત આજે એકલા જ શિકાર કરવા ચાલ્યા ગયા અને બધા સર્દારોને પણ લેતા ગયા, એ એક રીતે બહુ જ સારું થયું. આપણે બધી ઔરતો મળીને વનના બીજા કોઈ વિલાસનો આસ્વાદ લઈ શકીશું." એક બેગમે પોતાનો મનોભાવ કહી સંભળાવ્યો.

"ત્યારે આજે વનમાં આપણે શી ક્રીડા કરવી, એનો સર્વાનુમતે નિશ્ચય થવો જોઇએ." બીજી બેગમે એક પ્રશ્ન ઉપસ્થિત કર્યો.

"મારી તો એવી જ ઇચ્છા થાય છે કે, સરોવરના તીરે જઈ ચાર ઘડી શીતલ સમીરનો આનન્દ ભોગવી જળક્રીડા કરવી." મરહટ્ટી બેગમે પોતાનો અભિપ્રાય દર્શાવ્યો.

અન્ય સર્વ બેગમોએ મરહટ્ટી બેગમના એ અભિપ્રાયને અનુમતિ આપી અને અંતે સરોવરવિહારનો વિચાર નિશ્ચિત થયો. સર્વ બેગમો પોતાની અનેક સખીઓ, દાસીઓ અને ખાજાસરાઓને સાથે લઇને મોટા ઠાઠમાઠથી સરોવરના તીરે આવી પહોંચી. એ સરોવર પ્રાચીન સમયના કોઈ આર્ય રાજાએ બંધાવેલું હતું એમાં એક પર્વતના ઝરણનું નિત્ય તાજુ પાણી આવતું હોવાથી સરોવર સદા સર્વદા સ્વચ્છ અને નિર્મળ રહેતું હતું. બેગમોએ લઘુ દુકૂલ ધારીને કટિપર્યન્ત એ કમલમંડિત સરોવરના જલમાં સચાર કર્યો અને ત્યાં હાસ્યવિનોદ કરતી તેઓ નાના પ્રકારના સ્વાદિષ્ટ ફળો અને અન્ય મિષ્ટ ભોજ્ય પદાર્થોના ખાનથી પોતાના જઠરાગ્નિને શાંત કરવા લાગી એ બેગમોના એ સમયના જલવિહારથી ગોપીઓના યમુનાવિહાર અને વસ્ત્રહરણની ઘટનાનું તત્કાળ સ્મરણ થઈ આવતું હતુ. માત્ર વસ્ત્રહારક કૃષ્ણ કોઈ નહોતો, એટલી જ ન્યૂનતા હતી.

સ્ત્રીઓના આવા સમયના શૃંગાર, વિલાસ અને જલવિહાર આદિનું અવલોકન કરીને જે પુરુષોના મનમાંઅત્યંત હર્ષ અને આનંદ ઉત્પન્ન થવાનો સંભવ હોય છે, તે પુરુષોનો અત્યારે અભાવ હતો અને જેમને એ જલક્રીડાને પ્રત્યક્ષ જોવાનો પ્રસંગ પ્રાપ્ત થયો હતો, તે સર્વ અંતઃપુરના નપુસકો હોવાથી તેમને એ ક્રીડાની કશી કીમત જ ન હોતી. જ્યાં લક્ષ્મી હોય છે ત્યાં ભોક્તા નથી હોતો અને ભોક્તા હોય છે ત્યાં લક્ષ્મી નથી હોતી, એ નિયમની સત્યતા અહીં પૂર્ણતાથી સિદ્ધ થતી હતી. જલમા સ્નાન કરતી વેળાએ સ્ત્રીઓને સ્વભાવિક જ એક પ્રકારનો ઉન્માદ થઈ જાય છે અને તેથી તેઓ કવચિત્ બિભત્સ વાર્ત્તાલાપ કરવા પણ મંડી જાય છે. એ પ્રકાર અત્યારે એ સરોવરસલિલમાં અવગાહન કરતી બેગમોમાં પણ ચાલતો જોવામાં આવતો હતો. એ સર્વમાં મરહટ્ટી બેગમના નિમ્ન લિખિત ઉદ્ગારો બહુ જ માર્મિક અને ધ્યાનમાં રાખવા યોગ્ય હતા;—

"લોગ કહેતે હયેં કે અહેલે જર નહીં તો કુછ નહીં;
જર હુવા પયદા તો સમઝે ઘર નહીં તો કુછ નહીં;
મુઝકો સબ હાસિલ હય લેકિન હય કમી એક બાતકી;
જરભી હય ઔર ઘરભી હય, દિલબર નહીં તો કુછ નહીં."

આનંદવિનોદમાં સમય બહુ જ ત્વરાથી વીતી જવા લાગ્યો, પણ એટલામાં એક સમયના સ્વભાવથી વિરુદ્ધ અને આપત્તિકારક ઘટના બની કે, જેથી બેગમો એક નવીન આપદામાં આવી પડી. એકાએક નભોમંડળ

મેઘાચ્છાદિત થઈ ગયું, સર્વ દિશાઓમાં ભયંકર અંધકાર વ્યાપી ગયો, વાયુના મહાવેગનો આરંભ થયો અને તેના યોગે ધૂળના ઊડવાથી પરિણામ એ થયું કે, કોઈ પોતે પોતાના હાથપગને પણ જોઈ શકતું નહોતું. અધૂરામાં પૂરું આકાશમાંથી ધીમા ધીમા જલબિન્દુઓનો પણ પાત થવા લાગ્યો. જલક્રીડા કરતી બેગમોના ભયનો અવધિ થયો—તેમને તીરપર આવીને વસ્ત્ર ધારણ કરવા જેટલો અવસર પણ મળી ન શકયો. તેઓ પોતાના પ્રાણ બચાવવામાટે સરોવરમાંથી એકદમ બહાર નીકળીને જેનું મુખ જે દિશામાં હોય, તે દિશામાં તેણે પલાયન કરવા માંડયું દાસીઓ એક દિશામા ગઈ તો ખાજાસરાઓ બીજી દિશામા ન્હાઠા અને બેગમોએ વળી બીજી ભિન્ન દિશાઓનો જ સ્વીકાર કરી લીધો. જલવૃષ્ટિનું બળ વધવા માંડયું. જલમાંથી નીકળેલી બેગમો આ વૃષ્ટિમાં શીતલતા અસહ્ય થવાથી થરથર કંપવા લાગી. અત્યારે તેઓ એવી નિરાધાર અવસ્થામા આવી પડી હતી કે, માત્ર પરમેશ્વર વિના એ અવસ્કદવ્યામ અરણ્યમાં તેમનો બીજો કોઈપણ સહાયક હતો નહિ. એ તોફાન કેવળ પ્રહરના ૫૪ ભાગ જેટલા સમયમા તો શાંત થઈ ગયું, પણ એનું પરિણામ એ થયું કે, સર્વ બેગમો એક બીજાથી જુદી પડી ગઈ મરહટ્ટી બેગમ ન્હાસતી ન્હાસતી અરણ્યના એક એવા નિર્જન પ્રાન્તમાં આવી લાગી કે, જ્યાં હિંસક પશુઓના ભીષણ નાદ વિના બીજો કોઈપણ પ્રકારનો ધ્વનિ સાંભળવામા આવી શકતો નહોતો. તે આ ક્ષણે સર્વથા જન્મ સમયની અવસ્થામાં હતી અને ભય તથા શીતલતાથી કાયા કંપતી હોવાથી પ્રાણની રક્ષામાટે એક વૃક્ષતળે ઊભી રહીને ઈશ્વરનું સ્મરણ કરતી હતી. એટલામાં કોઈ વિચિત્ર દૈવના યોગે મીર મહમ્મદ મંગોલ નામક બાદશાહનો એક સેનાપતિ મૃગયા કરીને પાછો છાવણીમાં જતો હતો, તે ત્યાં આવી લાગ્યો. અચાનક એ આપત્તિમાં સપડાયલી સ્ત્રીને જોતાં તેના મનમાં કરુણાનો સંચાર થયો અને તેથી તેણે પોતાના અશ્વને થોભાવીને તેને અનુકંપાથી પ્રશ્ન કર્યો કે,—"બાઈ! તમે કોણ છો અને આવી અવસ્થામાં કેમ આવી પડ્યાં છો, તે કૃપા કરીને જણાવશો કે?

"આપ પુરુષ છો અને હું સ્ત્રી છું—આપ જોઈ શકો છો કે, હું અત્યારે નગ્નાવસ્થામાં ઊભી છું—માટે પ્રથમ મારા અંગના આચ્છાદનમાટે કોઈ વસ્ત્ર આપો, એટલે પછી હું મારી કર્મકથા સંભળાવીશ અને મારો પરિચય આપીશ." મરહટ્ટી બેગમે લજ્જાથી નીચું મુખ રાખીને કહ્યું.

મીર મંગોલે પોતાની કમ્મરે વીંટાળેલો જરીનો દુપટ્ટો કાઢીને તેને આપ્યો અને તે દુપટ્ટો મોટા પનાનો અને લાંબો હોવાથી બેગમે સાડી પ્રમાણે તેને પહેરીને પોતાના અંગને આચ્છાદિત કર્યું. ત્યાર પછી તે કહેવા લાગી કે;—"હું સુલ્તાન અલાઉદ્દીનની મરહટ્ટી બેગમના નામથી ઓળખાતી

બેગમ છું. હું અને મારી જોડે બીજી બેગમો સરોવરવિહાર કરવા આવી હતી; ત્યાં વર્ષા અને વંટોળિયાના વમળમા સપડાઈ જવાથી અને વસ્ત્રો ભીંડી જવાથી મારી આ અવસ્થા થઈ છે."

"ચિન્તા ન કરો-પરવરદિગાર આપનો મદદગાર છે. આપણામા પર્દાની રૂઢિ હોવાને લીધે આપને કોઇવાર મેં જોયાં નહોતાં, એટલે ઓળખી ન શકયો એની ક્ષમા કરશો. આવો-આ અશ્વપર આરૂઢ થઈ જાઓ-હું સંભાળથી આપને છાવણીમાં પહોચાડી દઇશ." મીર મંગોલે પોતાના ધર્મ અનુસાર ઉચિત પ્રાર્થના કરી.

"મારુ શરીર અત્યારે શીતલતાથી એટલું બધુ વ્યાકુળ થએલુ છે કે, હું સ્થિરતાથી અશ્વારોહણુ કરી શકીશ કે નહિ, એનો મારા મનમાં બહુ જ સશય થયા કરે છે; એટલા માટે પ્રથમ જો આપ મારી એ શીતલતાના નિવારણુંના કાઈ ઉપાય કરો તો પછી ચાલી શકાય" મરહટ્ટી બેગમે અત્યન્ત માર્મિકતાના ભાવથી કહ્યું.

અહી અમારે વાચકોને જણાવવુ જોઇએ કે, એકવાર પોતાના તંબૂની બારીમાથી જે અશ્વારૂઢ તરુણને મરહટ્ટી બેગમે જોયો હતો અને જેનાપર તે આસક્ત થઈ હતી, તે અશ્વારૂઢ તરુણ, તે એ જ મીર મંગોલ હતો. બેગમે તેને ઓળખી લીધો હતો અને પોતાની મદનવાસનાને તૃપ્ત કરવાના હેતુથી જ તેણે ઉપર્યુક્ત શબ્દો ઉચ્ચાર્યાં હતા. હવે બેગમના બોલવામાં શો ભાવાર્થ સમાયલો હતો, એ વાચકો સારી રીતે સમજી શકશે

"બેગમસાહબા! આ જગલ છે, એટલે અહીં શીતલતાના નિવારણમાટેનો કોઈ પણ ઉષ્ણ પદાર્થ મળી શકે તેમ નથી, એટલે હું નિરુપાય છુ આપણે હમણાં જ છાવણીમા જઈ પહોંચીશું અને ત્યાં સર્વ પ્રકારના આપની ઇચ્છાનુસાર ઉપચારો કરી શકાશે." ભોળા મીર મંગોલે પોતાના ભોળા ભાવથી યોગ્ય ઉત્તર આપ્યું.

"આ ક્ષણે આ નિર્જન અરણ્યમાં ઉષ્ણતાને ઉત્પન્ન કરનારો કોઈ બાહ્ય પદાર્થ મળી શકે એમ નથી, એ આપનું કથન સત્ય છે, પરંતુ ઉષ્ણતા વિના મારા પ્રાણ ટકવાનો સંભવ નથી. એટલામાટે હવે જે એક પદાર્થ આપની પાસે છે, તેનો ઉપયોગ કર્યો વિના આપનો છૂટકો થવાનો નથી." બેગમે પુનઃ ભદભરિત વાક્યોનો ઉચ્ચાર કર્યો.

મીર મંગોલ આશ્ચર્યના સમુદ્રમાં ડૂબી ગયો અને આશ્ચર્યચકિત થઇને પૂછવા લાગ્યો કે;-"મારી પાસે એવો શો પદાર્થ છે? મારી પાસે એવો પદાર્થ હોય અને તેના વ્યયમાં હું કૃપણતા બતાવું, એમ બની શકે જ નહિ. આપ અમારાં સુલ્તાના હોવાથી આપના હિતમાટે હું મારા પ્રાણ અર્પવાને પણ તૈયાર છું."

"બસ—એ જ વચનો મારે સાંભળવાં હતાં. હું આપના પ્રાણ નથી માગતી, પણ એક બીજી જ વસ્તુ માગું છું. પુરુષના આલિંગનમાં એક એવી અદ્‌ભુત વિદ્યુચ્છક્તિ રહેલી છે કે, તે સુંદરીના શરીરમાંના શરદીના વિકારને તત્કાળ સંહારી નાખે છે—માટે મને પરિરંભણ આપો અને મારી શીતલતાની પીડાને કાપો!" બેગમે લજ્જાનો ત્યાગ કરીને પોતાના હેતુને વ્યક્ત કરી બતાવ્યો.

બેગમનાં આ વચનો સાભળતા જ મીર મંગોલ દિગ્મૂઢવત્ બની ગયો. એનું ઉત્તર શુ આપવુ અને શું બોલવુ, એનુ પણ તેને ભાન રહ્યુ નહિ. તેના મુખમંડળમાં અનેક પ્રકારના વિચારોની છટા દગ્ગોચર થવા લાગી. આટલીવાર આપદ્‌ગત બેગમ ભયથી કંપતી હતી, પણ હવે એક બીજા જ ભયથી મીર મંગોલ કંપવા લાગ્યો. તેની આવી સ્થિતિ જોઇને બેગમે પુનઃ પૂછ્યુ કે,—"કેમ સાહબ! શા વિચારમા પડી ગયા છો?"

"કર્ત્તવ્યના વિચારમાં પડ્યો છુ—મારા ધર્મના વિચારના પર્વતપર ચડ્યો છુ, બેગમ સાહબા! આપ મારા મેહરબાન માલિકે મુલ્ક સુલ્તાન અલાઉદ્દીનનાં માનીતા બેગમ છો, એટલે હું તો આપનો એક સાધારણ સેવક જ છું. એટલે એક સેવક પોતાની સ્વામિનીસગે મદનખેલ કરવા જેટલું સાહસ કરે, એ કદાપિ બની શકે જ નહિ" મીર મંગોલે હૃદયને દૃઢ કરીને ઉત્તર આપ્યું.

"સર્દાર સાહબ! આ સમય સ્વામી અને સેવકના ધર્મ તથા કર્ત્તવ્યના વિચારનો નથી. પ્રેમના પ્રદેશમાં રાજા અને રંકનો સંબંધ એક સરખો અને એક જ પ્રકારનો હોય છે પ્રેમમા અધિકાર હોતો જ નથી. આપ એક મદનમૂર્ત્તિ પુરુષ છો અને હું ઘણા દિવસથી આપપર આશક થએલી છું. આજે લાંબા સમયથી મારી એ જ અભિલાષા હતી કે, આ તરુણ નરના રતિવિલાસનો આસ્વાદ લઈ શકાય, એવો સમય ઈશ્વર કયારે આપે અને કયારે મારી ઇચ્છા પૂરી થાય. આજે એ અલભ્ય અવસર આવી લાગ્યો છે, એટલે હવે મને રતિસુખામૃતનુ પાન કરાવી, પોતાને નિર્દોષ માનીને મારા મનોરથને સિદ્ધ કરો." બેગમે લજ્જાના પટનું વિશેષ છેદન કરીને કહ્યું.

"મેહરબાન બેગમ સાહબા! હુ વળી પણ આપને ઉપદેશ આપુ છું કે, કૃપા કરીને આપ આવાં વાકય ન ઉચ્ચારો—પોતાના પ્રતાપને ન વિસારો. આ પાપકર્મમાં જયકાર નથી—સંસારના વિકારમય ક્ષણિક સુખમાં લેશ માત્ર પણ સાર નથી. હું પરનારીને માતા, ભગિની અને પુત્રી સમાન માનું છું—તેમાં પણ વળી આપ તો અમારાં સ્વામિની છો, એટલે

આવું દુષ્કૃત્ય કરીને મારે કયામતને દિવસે દાદગર પરવરદિગારના દરબારમાં શો જવાબ આપવો પડશે, એનો વિચાર મારે પ્રથમ કરવો જોઇએ. હું મારા ધર્મને હારવાનો નથી, આપની ઇચ્છાને પાર ઊતારવાનો નથી.?" મીર મંગોલે ધર્મને વળગી રહીને પુન. દઢતાથી કહ્યું.

"પણ આપનું નામ અદ્યાપિ મારા જાણવામાં ન આવ્યુ?" બેગમે વચ્ચે એક બીજો જ સવાલ કર્યો.

."આ સેવકને લોકો મીર મંગોલના નામથી ઓળખે છે." મીર મંગોલે વિનયથી જવાબ આપ્યો

"માન્યવર મીર મંગોલ! આપ આવા રતિપતિ જેવા સુદર સ્વરૂપવાન્ અને શૂરવીર હોવા છતાં ભ્રમિષ્ટ બુદ્ધિના હશો, એની તો સ્વપ્નમાં પણ મને કલ્પના નહોતી. મને આપની આ અવસ્થા જોઇને બહુ જ દયા આવે છે—કરુણા આવે છે." બેગમે એક દીર્ઘ નિશ્વાસ નાખીને કહ્યું.

"મારામાં આપે એવી તે શી ભ્રમિષ્ટતા જોઈ વારુ?" મંગોલે વિશેપ આશ્ચર્યમા પડીને પૂછ્યુ.

"એ જ કે, આપ સર્વ પરનારીઓને પોતાની માતા, ભગિની અને પુત્રી સમાન માનો છો. પુરુષોએ આવી ભાવના રાખવી ઉચિત નથી. જો એ ભાવનાના પૂરેપૂરા અને સૂક્ષ્મ અર્થનો સ્વીકાર કરવામાં આવે અને બધા લોકો આપના જેવા જ વિચાર ધરાવતા થાય, તો તો પછી વિશ્વમા લગ્નસબધ જેવો કોઈ પદાર્થ જ અવશિષ્ટ રહે નહિ અને સર્વ સ્ત્રીઓ અને સર્વ પુરુષો કૌમારાવસ્થામાં જ જીવન વીતાડીને કબ્રમાં પધારી જાય—અરે એટલુ જ નહિ, પણ એ પ્રકાર લાંબા વખત સૂધી ચાલતો રહે તો સૃષ્ટિની ઉત્પત્તિનો પણ અંત આવી જાય!" બેગમે વિલક્ષણ અર્થવતી ભાવનાથી એ વાક્યો ઉચ્ચાર્યાં.

"એટલે? આપના બોલવાનો ભાવાર્થ હુ જરા પણ સમજી શકતો નથી" મીર મંગોલે અત્યંત આશ્ચર્યથી કહ્યું.

"મારા બોલવાનો ભાવાર્થ હુ આપને હજી પણ વધારે સ્પષ્ટતાથી સમજાવી શકું એમ છે. જુઓ—પુરુષો વિવાહ કરીને જે સ્ત્રીને પોતાની ધર્મપત્ની અથવા હકદાર બીબી બનાવી ઘરમાં લાવે છે, તે સ્ત્રી પણ પારકી નારી જ હોય છે, એટલે તેને પણ ભગિની કે પુત્રી કેમ માનવામાં નથી આવતી વારુ? કારણ કે, એમ થાય તો વિવાહ થતા જ અટકી જાય અને પ્રજાની વૃદ્ધિ પણ બંધ થાય. સારાંશ કે, માત્ર પોતાની જન્મદાત્રી માતા, સગી બહેન અને સગી પુત્રીને જ માતા, ભગિની અને પુત્રી માનવી એ યોગ્ય છે. અન્ય અબળાઓને એ પ્રમાણે માનવામાં કશો પણ સાર નથી." બેગમે પરનારીનો વિચિત્ર અર્થ કરી બતાવ્યો.

મીર મંગોલે એના જવાબમાં જણાવ્યું કે.–"શું આપે કોઈ વિદ્વાનનાં આ વચનો નથી સાંભળ્યાં કે;—

"ગયરોં કો મા બહન જો કોઈ જાનતા નહી.
વો બેહયા ખુદાકોભી પયચાનતા નહીં!"

"વારુ–જ્યારે તમે આ બાબતમાં ખુદાનો આટલો બધો ડર રાખો છો, તો પછી ખુદાની બીજી આજ્ઞાઓનું પણ એવી જ રીતે પાલન કરતા હશો એ નિર્વિવાદ છે. કોઈ પણ મનુષ્યનું એટલે કે મર્દ અથવા ઔરતનું દિલ દુ:ખવવું, એને કુરાનશરીફમાં એક ગુનાહે અજીમ નથી કહેલો કે?" બેગમે એક રસ્તે ન ફાવવાથી બીજા માર્ગનું અવલંબન કરીને કહ્યું

"આપનુ વચન સત્ય છે કોઇના મનને નિરાશ કરવાથી મનુષ્ય અપરાધી થાય છે" મંગોલે અનુમતિ દર્શાવીને કહ્યું.

"ત્યારે આપ મારા મનને નિરાશ કરવાથી અપરાધી–ખુદાના અપરાધી નહિ થાઓ કે? પોતાના મુખથી લજ્જાને ત્યાગીને દીનતા યુક્ત રતિદાનની પ્રાર્થના કરતી પ્રમદાનો તિરસ્કાર કરીને તેની આશાનો ભગ કરવો, એના જેવુ બીજું કોઈ પણ મહા ભયંકર પાપ આ વિશ્વમાં અસ્તિત્વ ધરાવતું નથી. આવા સમયમાં તો પુરુષે સ્રીની યાચના પ્રમાણે પોતાના તનમનધન સર્વસ્વનું સ્રીને સમર્પણ કરી દેવુ, એ જ તેનું કર્ત્તવ્ય છે. અબળાની યાચનાનો અનાદર કરવો, એ વીર પુરુષનો ધર્મ નથી હું આપને અધર્મના માર્ગમાં ચાલવાનો ઉપદેશ આપતી નથી, પણ માત્ર કુરાનશરીફની આજ્ઞા પ્રમાણે વર્ત્તવાનું જ કહુ છુ." બેગમે અનિવાર્ય બુદ્ધિવાદ કરીને કહ્યું

બેગમનો આ વાદ સાંભળીને મીર મંગોલ મહા વિચારમાં પડી ગયો અને અંતે એક પ્રકારનો નિશ્ચય થવાથી તે મનમાં જ કહેવા લાગ્યો કે,–"કુરાન શરીફમાં ઉભય પ્રકારની આજ્ઞાઓ કરેલી છે, એટલે બેગમની ઇચ્છાને તૃપ્ત કરવામાં કશી પણ હાનિ નથી. આ કાર્ય પાપમય છે, એમ પણ કદાચિત્ માની લઇએ, તો પણ એ કાર્ય કરવામાટેનો પ્રથમ આગ્રહ કરનારી આ નારી પોતે જ હોવાથી હુ તો નિરપરાધી જ રહેવાનો. અસ્તુ; જ્યારે આ કાર્ય કરવાનું જ છે ત્યારે હવે સંધ્યા સમય થઈ ગએલો હોવાથી વિલંબ કરવો એ સારું નથી." આવો નિશ્ચય કરીને તેણે અશ્વની પીઠપરથી નીચે ઊતરીને બેગમને ઉદ્દેશીને કહ્યું કે;–"ભલે–ત્યારે બેગમ સાહબા! હું આપની ઇચ્છાને સર્વથા આધીન છું."

"હું પણ આપની રતિમાં લીન છું." એમ કહીને બેગમે ઉભરાઈ જતા પ્રેમથી મંગોલને દૃઢ આલિંગન આપ્યું.

મંગોલે ઘોડાપરના જીનને ઊતારીને જમીનપર પાથર્યું. બન્ને તેનાપર બેઠાં અને અનેક પ્રકારની રતિશાસ્ત્રમાં કહેલી રતિચેષ્ટાઓનો વ્યાપાર ચાલ્યા પછી, મંગોલે રતિયુદ્ધમાં મદનના મદનું મર્દન કરી નાખવાના વ્યવસાયનો આરંભ કર્યો. તેણે પોતાના તીવ્ર શસ્ત્રનો મદનના શરીરપર એવા તો બળ અને ચાતુર્યથી પ્રહાર કરવા માંડ્યો કે, શત્રુ હોવા છતાં પણ મદન તેના રતિયુદ્ધવિદ્યાના કૌશલ્યની હૃદયમાં પ્રશંસા કરવા લાગ્યો. બેગમ અને મીર મંગોલના બે ભિન્ન દેહ હોવા છતાં અત્યારે તેમના આત્માએ કેવલાદ્વૈતતાને ધારણ કરી હતી. સ્ત્રીપુરુષની રતિકેલી વિશે જે નિમ્ન લિખિત ઉદ્ગારો એક ઉર્દુ કવિએ કાઢેલા છે, તે અક્ષરે અક્ષર સત્ય છે,—

" અસર હય વસ્લમેં બેશક બહર અતવાર બિજલીકા;
લગા દેતા હય દો રુહોં મેં યે એક તાર બિજલીકા !"

તેઓ વિષયાનંદમાં પરમાનંદનો અનુભવ કરવા લાગ્યાં. અદ્યાપિ શત્રુ મન્મથનો પૂર્ણ પરાજય થયો નહોતો અને તેથી મંગોલનું મદન સંહારક શસ્ત્ર દૃઢ રહીને આઘાતરૂપી પોતાના કાર્યમાં પ્રવૃત્ત હતું, એટલામાં એક બીજા બાહ્ય શત્રુનું આગમન થયું. પાસેની એક વૃક્ષરાજિમાંથી એક ભયંકર મૃગરાજ કેસરી ભીષણ ગર્જના કરતો નીકળી આવ્યો અને પોતાના મંગોલ તથા બેગમરૂપ ભક્ષ્યને જોઈને આનન્દ પ્રદર્શિત કરવા લાગ્યો. રંગમાં ભંગ થવાનો અવસર આવી લાગેલો જોઈને બેગમ પોતાના સ્ત્રીસ્વભાવ અનુસાર નિરાશ થઈ ગઈ અને પ્રાણ જવાના ભયથી ગર્ભગળિત થઈ. "હવે આપણે શું કરીશું ?" એવો ઉદ્ગાર અચાનક તેના મુખમાંથી નીકળી ગયો. તેને ધૈર્ય આપતો મંગોલ શાંતિથી કહેવા લાગ્યો કે,—"સુકોમળ સુંદરી ! નિર્ભય રહેજે—મનમાં ભયને સ્થાન આપીશ નહિ. શૂરવીર પુરુષના પુરુષત્વ અને શૌર્યની પરીક્ષાનો યોગ્ય પ્રસંગ આ જ છે." એમ કહીને તેણે પાસે પડેલાં પોતાનાં ધનુષ્ય અને બાણને હાથમાં ઊપાડીને બાણને પ્રત્યંચાપર ચઢાવીને તૈયાર રાખ્યો. એટલામાં જેનાં નયનો પ્રચંડ હતાં, જેનો શિરોભાગ કેશચામરથી વિભૂષિત હતો એવો વિકટદંત, વિકટમુખ, વિકટબાહુ અને વિકટનખધારી કરિકુંભવિદારક વનરાજ સિંહ પાસે આવી લાગ્યો અને તત્કાળ પોતાના એક જ શરસંધાનથી મંગોલે તેને પરલોકનો માર્ગ બતાવી દીધો. પરંતુ અહીં વિશેષ ધ્યાનમાં રાખવા જેવી ઘટના એ છે કે, સિંહ સમાન પ્રાણહારક શત્રુ સમક્ષ આવીને ઊભેલો હોવા છતાં, રતિયુદ્ધમાં પણ તેના મદનવિદારક શસ્ત્રે શિથિલતા ધારણ કરી ન હોતી. એક સમયાવચ્છેદે તેણે બન્ને યુદ્ધ ચાલૂ રાખ્યાં હતાં. એક તરફ સિંહનો પાત થયો અને બીજી તરફ ત્યાર પછી રતિયુદ્ધમાં મંગો-

લના શસ્ત્રથી મનુષ્ય જાતિના શરીરહીન શત્રુ મદનનો પણ વિનિપાત થયો. મંગોલની આવી અશ્રુતપૂર્વ અને અનનુભૂત વીરતા તથા નિર્ભયતાનો પ્રત્યક્ષ પરિચય કરીને, મરહટ્ટી બેગમ હૃદયમાં એટલી બધી પ્રસન્ન થઈ કે, મંગોલમાં તેનો જે પ્રથમ પ્રણય હતો, તે હવે હજાર ગણો વિશેષ થયો. મંગોલના પુરુષત્વ આગળ સુલ્તાનની શક્તિ તેને તૃણ સમાન ભાસવા લાગી. તેની મંગોલના ગૃહને જ સદાનેમાટે શોભાવવાની ઇચ્છા થઈ આવી, પણ ક્રૂર સુલ્તાન અલાઉદીનના ભયથી તેની એ ઇચ્છાનો તત્કાળ લોપ થઈ ગયો. તે ભગ્ન હૃદયથી મંગોલના ગળામાં પોતાના બન્ને હાથ નાખીને કહેવા લાગી કે;–"પ્રિયતમ ! પુનઃ આપણને આવા સુખનો અવસર કયારે મળી શકશે ? વિયોગના વિચારથી મારુ હૃદય વિદીર્ણ થઈ જાય છે. હાય–ઇશ્વરે મને જનાનખાનાની બંદિવાન્ બેગમ બનાવવાને બદલે આપના જેવા સર્દારની જ બીબી કેમ ન બનાવી, એ વિચારનો જ્યારે મારા મનમા સંચાર થાય છે ત્યારે ખુદા પણ મારી દૃષ્ટિમાં અપરાધી દેખાય છે"

રાત્રિનો આરંભ થઈ ચૂકયો હતો અને તોફાનની સમાપ્તિ થએલી હોવાથી સર્વત્ર પુનઃ શાતિનો પ્રસાર થયો હતો, પરંતુ નિર્જન અને શાત અરણ્યમાં એ શાંતિ વિશેષ ભયકર દેખાતી હતી. બેગમના ઉપર્યુક્ત વચનોનું શું પ્રત્યુત્તર આપવું, એના વિચારમાં મંગોલ પડ્યો હતો એટલામા દૂરથી દીપકનો પ્રકાશ દેખાયો અને કેટલાક મનુષ્યોનો કોલાહલ પણ સભળાયો. મંગોલે તરત પોતાના અશ્વને પલાણીને તૈયાર કર્યો અને બેગમને "જો આ આપણા જ સિપાહીઓ હોય તો એમની સાથે છાવણીમા જજો. હુ પાસેની ઝાડીમાં લપાઇને ઊભો છું–જો કોઈ દુશ્મનો હશે તો તેમને મારીને હુ આપને બચાવીશ અને આપણા સિપાહીઓ હશે તો છુપો રહીને બીજા માર્ગેથી ચાલ્યો જઇશ. ખુદા મેહરબાન હશે તો પાછાં આપણે સત્વર જ મળીશું." એમ કહીને ત્યાંથી અદૃશ્ય થવામાટે તેણે પ્રયાણ કર્યું. તે વૃક્ષરાજિમાં ગયો અને બીજી તરફથી શાહના સિપાહીઓ ત્યાં આવી લાગ્યા. બેગમે સાડીનો છેડો મોઢાપર તાણીને પોતાના મુખચંદ્રને છૂપાવી દીધો. આવા ભયકર સમયે ભયંકર અરણ્યમાં એક અબળાને ઊભેલી જોઇને સિપાહીઓ વિમાસણમાં પડી ગયા અને તે સિપાહીઓના જમાદારે અદબથી તેને પૂછ્યું કે;–

"બાઈ સાહેબ! આપ કોણ છો અને અત્યારે આ જંગલમાં કેમ ઊભાં છો, એ કૃપા કરીને જણાવશો કે ?"

"હું વંટોળીયામાં સપડાયલી અને માર્ગ ભૂલીને અહીં આવી લાગેલી બાદશાહની મરહટ્ટી બેગમ છું." બેગમે ધીમા સ્વરથી કહ્યું.

જમાદારે અને બીજા બધા સિપાહીઓએ મસ્તક નમાવીને બેગમને માન આપ્યું. ત્યારપછી જમાદારે કહ્યુ કે,–" મેહરબાન સુલ્તાના ! અમે બધા સુલ્તાન અલાઉદ્દીનના અને આપના જ નમકખ્વાર છીએ. આજના વંટોળીયામાં ગુમ થએલી બેગમોના શોધમાટે જ અમે જંગલમાં ભટકતા ભટકતા અહીં આવી લાગ્યા છીએ. હવે બધી ચિન્તાને વિસારો અને કૃપા કરીને અમારી સાથે પધારો."

"પણ અમારા ગુમ થવાની ખબર છાવણીમા કેવી રીતે આવી ?" બેગમે સવાલ કર્યો.

"એક ખ્વાજાસરાએ આવીને એ ખબર સંભળાવી." જમાદારે જવાબ આપ્યો

બેગમ તેમની સાથે ચાલતી થઈ અને ત્યારપછી ઝાડીમાં સંતાયલો મીર મંગોલ પણ બીજા માર્ગમા અશ્વને દોડાવીને છાવણીમાં આવી લાગ્યો. પોતાની પ્રાણાધિકા પ્રિય બેગમ મરહટ્ટીને ક્ષેમકુશળતાથી પાછી આવેલી જોઇને અલાઉદ્દીનના આનંદનો અવધિ થયો–તેના મનમાંના સંતાપનો નાશ થઈ ગયો ધીમે ધીમે ગ્રીષ્મ ઋતુની સમાપ્તિનો સમય પાસે આવતો ગયો, એટલે વર્ષાઋતુમા વનમાં વસવુ વિનાશકારક અને વિડંબનાકારક હોવાથી સુલ્તાને સર્વને છાવણી ઊઠાવીને દિલ્લી તરફ ચાલવાની તૈયારી કરવાની આજ્ઞા આપી દીધી. બે ત્રણ દિવસમા બધી તૈયારીઓ થઈ ગઈ, એટલે સુલ્તાને પોતાના સર્દાર અને રિસાલા સાથે પ્રયાણ કર્યું અને જનાનખાનાની બેગમોને સંભાળથી લાવવામાટે લશ્કરની એક ટુકડી રાખીને તેની સરદારી મીર મંગોલને આપી. એથી રાત્રે જ્યાં માર્ગમાં બેગમોનો મુકામ થતો હતો, ત્યા મરહટ્ટી બેગમ સાથે કેટલીક વાતચીત કરવાનો તેને પ્રસંગ મળતો હતો. અંતે સર્વે સુખરૂપ દિલ્લીમાં આવી લાગ્યા. થોડા દિવસ પછી વર્ષાઋતુનો આરંભ થયો અને વર્ષામાં સ્વાભાવિકતાથી ગૃહમાં વધારે આરામ અને વિશ્રામ મળતો હોવાથી ઘણાખરાના મનમાંથી વસંત અને ગ્રીષ્મકાળમાનાં વનવિલાસનું વિસ્મરણ થઈ ગયું. એ વર્ષાકાળમા અચાનક એક બનાવ એવો બન્યો કે, જેના પરિણામે આપણો પરિચિત મીર મંગોલ પ્રાણહારક સંકટમાં સપડાઈ ગયો. એ બનાવ શો હતો, તે આપણે હવે પછીના પરિચ્છેદમાં જોઇશું.

—✲✲✲✲—

# તૃતીય પરિચ્છેદ

## મૂષકમૃગયા

મધ્યરાત્રિનો સમય થવા આવ્યો હતો. વર્ષાઋતુ વર્તમાન હોવાથી મૂપળધાર જળવૃષ્ટિ થયા કરતી હતી. સર્વ માનવી પ્રાણીઓ પોતપોતાના ગૃહમા અને અન્ય પશુ તથા જંતુઓ પણ નિજ આશ્રયસ્થાનમા લપાઈ છૂપાઇને સૂતેલાં અથવા બેઠેલાં હોવાથી અત્યારે જાણે સૃષ્ટિ પ્રાણહીન અને જડ જ બની ગઈ હોયની, એવો જ સર્વત્ર ભાસ થયા કરતો હતો. નિશાના અંધકારમા વર્ષાકાળના અંધકારનુ સંમેલન થવાથી પ્રકૃતિદેવીએ ભયંકર નરક સમાન ભીષણતા ધારણ કરી હતી. દિલ્લી નગરમાં સર્વત્ર શાન્તિનુ સામ્રાજ્ય વ્યાપ્યુ હતુ. માત્ર નગર સંરક્ષકોનો સાવધાનતાસૂચક ધ્વનિ જ ક્વચિત્ શ્રવણગોચર થતો હતો અને ક્યાંક ક્યાંક માર્ગમાંના દીપકોનો મંદ પ્રકાશ ભીષણ અંધકારના વ્યર્થ પ્રતિકારના પ્રયત્નમાં પડેલો જોવામા આવતો હતો. બિચારા સાધનહીન અને કંગાલ લોકો વર્ષાકાળમા અનેક પ્રકારની વિડંબનાઓ ભોગવતા હતા, પરંતુ રાજમહાલયમા એથી વિરુદ્ધ પ્રકાર જ દૃષ્ટિગોચર થતો હતો. અત્યારે સુલ્તાન અલાઉદ્દીન પોતાના સ્વર્ગતુલ્ય પ્રાસાદમા મરહટ્ટી બેગમ સાથે હાસ્યવિનોદ કરવામાં નિમગ્ન થએલો હતો. પ્રજા સુખી છે કે દુઃખી, એનો અત્યારે તેના મનમા લેશ માત્ર પણ વિચાર નહોતો. એક બાદશાહના મહાલયમા હોવાં જોઇએ, તે સર્વ સુખસાધનો ત્યાં ઉપસ્થિત હતા એટલુ કહેવુ જ અહીં પૂર્ણ છે–વિશેષ વર્ણનની આવશ્યકતા નથી, કારણ કે, સુજ્ઞ વાચકો એ રાજવૈભવની સહજમાં જ કલ્પના કરી શકે એમ છે.

મરહટ્ટી બેગમના સ્વર્ગીય સૌંદર્યને જોઇને અલાઉદ્દીન અત્યારે મોહમુગ્ધ બની ગયો હતો. થોડા વખતને માટે પોતાની ક્રૂરતા અને પુરુષોચિત કઠિનતાનુ વિસ્મરણ કરીને તે બેગમના લાવણ્યનું એક ધ્યાનથી અવલોકન કરવા લાગ્યો. તે પોતાના મનમાં જ કહેવા લાગ્યો કે,–" ખરેખર આના જેવી સ્વરૂપસુંદર સુન્દરીના સ્વામીની પદવી મળવાથી મારા પુરુષાવતારની સફળતા થઈ છે. આવુ લાવણ્ય આજસૂધી કદાપિ મારા જોવામાં આવ્યું ન હોતું. આવી અદ્વિતીય અબળાને અવલોકીને કોઈ પણ પુરુષ મોહિત થઈ જાય, એમા આશ્ચર્ય શું હોય વારુ! લલનાનું આ કેવું માધુર્ય! આ રૂપનરંગ, આ સુંદર ચક્ષુ, આ મનોહર ભ્રૂલતા, અને આ ભ્રમરકૃષ્ણ કેશકલાપ આદિનું વર્ણન કરી શકે, એવો સમર્થ કવિ અત્યારે કોઈ પણ નથી. આ ઉજ્જવલ અને કાંતિમય રૂપતરંગપર રમતી જડાઉ કારીગરીથી શોભતી લીલા રંગની ઓઢણી આ સુંદરીના મનોમોહક

સૌન્દર્યને કેટલા બધા પ્રમાણમા વૃદ્ધિગત કરે છે, એની કલ્પના તો મારા જેવો રસિક પુરુષ જ કરી શકે! ખુદાતઆલાએ મને પુરુષનો અવતાર આપ્યો, તેથી જ આજે હુ આ આનદનો સ્વાદ લેવાને ભાગ્યશાળી થયો છુ! પુરુષ હોવાથી આ લલનાના લાવણ્યના મર્મને હુ સારી રીતે જાણી શકું છું! જે લાવણ્યલતિકાનાં ચરણોમા મસ્તક નમાવીને સ્નેહની અનેક પ્રકારે યાચના કરવા છતા જે સ્નેહ દેવોને મળવો પણ દુર્લભ છે, તેવી એ અબળાના અનુરાગનો હુ ભાગી થયો છુ. એ કાઈ મારા ભાગ્યની જેવી તેવી મહત્તા નથી!"

મરહટ્ટી બેગમ એક બહુ જ ચતુર અને મર્મજ્ઞ સ્ત્રી હતી, એટલે બાદશાહના મુખમંડળમાં ક્ષણે ક્ષણે વ્યક્ત થતી પરિવર્તિત છટાથી તેના મનમાં ચાલતા વિચારોને તે કેટલેક અંશે જાણી ગઈ હતી. છતાં પોતાની અજ્ઞાનતા દેખાડીને પ્રેમથી સુલ્તાનને સવાલ કર્યો કે.–"મારા સરતાજ! અત્યારે આનદના સમયે આપ એટલા બધા તે શા વિચારમા પડી ગયા છો કે, મુખથી કાઈ બોલતા જ નથી?"

'જેવી રીતે ક્ષુધાતુરનુ ધ્યાન ખાનમા હોય છે, ભક્તનુ ધ્યાન ભજનના ગાનમાં હોય છે, પ્રતિષ્ઠિત પુરુષનુ ધ્યાન માનમાં હોય છે અને કૃપણનું ધ્યાન ધનના નિધાનમાં હોય છે, તેવી રીતે મારું ધ્યાન તારા સૌન્દર્યવિતાનમા છે હુ એ પણ નથી કહી શકતો કે, આ ક્ષણે આ અલાઉદ્દીન બેભાન છે કે ભાનમા છે!" સુલ્તાને પ્રેમના અતિરેકથી એક ઉન્મત્ત મનુષ્ય પ્રમાણે ઉત્તર આપ્યુ.

"ઓહો–આજે તો ખૂબ રગમા આવ્યા છો ને શું? આજ સૂધી તો હું એમ જ ધારતી'તી કે, આપ માત્ર રાજ્ય કરવામા અને રણક્ષેત્રમાં શૌર્ય બતાવવામા જ પ્રવીણ છો, પણ આજના આપના પ્રાસવિભૂષિત ભાષણનુ શ્રવણ કરીને એ નવી વાત જાણી કે, આપ કવિતામાં પણ કુશળતા ધરાવો છો " બેગમે માર્મિકતાથી કહ્યુ

"એ પણ તારા રૂપનો જ પ્રતાપ છે. કારણ કે, સુદર નારીને જોઇને કવિની કવિત્વશક્તિનો તત્કાલ વિકાસ થાય છે, એ એક સર્વમાન્ય સિદ્ધાન્ત છે." અલાઉદ્દીને પ્રશસામાં આગળ વધીને કહ્યુ.

એ પછી કેટલોક વિશેષ વિનોદાત્મક વાર્ત્તાલાપ થવા પછી વિષયનો રગ બદલાયો મુખના શબ્દો સાથે હસ્તચેષ્ટાનો આરંભ થયો અને અંતે એ વ્યાપાર રતિકેલીથી ઉદ્‌ભવતી એકતામાં જઇને વિરામ્યો. આ વિષય એવો છે કે, જેના યોગે સૃષ્ટિની ઉત્પત્તિ થતી હોવા છતા એનું પ્રકટ શબ્દોમાં વિવેચન કરવું, એ અસભ્યતા અને બિભત્સતા ગણાય છે. એટલે

અમારે પણ અહીં શિષ્ટાચારને અનુસરી મૌન્યવ્રત ધારણ કરવુ પડે છે. વિશ્વમાંના અન્ય સર્વ વ્યવસાયો એવા છે કે જે એકનાબે કરવાના ઉદ્દેશથી જ કરવામાં આવે છે, પરંતુ કેવળ મદનનો જ વ્યાપાર એવો છે કે, જે બેની એકતા જ કર્યાં કરે છે. અસ્તુ; મન્મથયુદ્ધમાં બેગમ અને બાદશાહની એકતા થએલી હતી એટલામાં પર્યંક–પલંગ–પાસે એક મૂષક આવ્યો અને તેણે એવા પ્રકારનો વિચિત્ર ધ્વનિ કરવા માંડ્યો કે, તેથી સુલ્તાનનો મદનજ્વર ઊતરી ગયો અને તે અર્ધરતિમાં જ શિથિલાગ થઇ ગયો. આમતેમ દૃષ્ટિપાત કરતાં તેની દૃષ્ટિ મૂષકપર પડી અને તેના મનમાં એવો કોપ વ્યાપી ગયો કે, તરત તેણે પોતાના ધનુષ્યપર બાણ ચઢાવીને એક જ બાણના પ્રહારથી તે મૂષકને જોત જોતાંમાં મારી નાખ્યો. મૂષક પાસેથી એવી રીતે રતિભગ કરવાના વૈરનો પૂરો બદલો લેવાથી સુલ્તાનનો સંકોપ કાંઇક શાંત થયો અને તે પુનઃ બેગમને આલિંગન આપીને ગર્વથી કહેવા લાગ્યો કે,—

"સ્રીઓની જાતિ સ્વાભાવિક જ કાયર હોય છે અને સ્રીઓનો સ્વભાવ પણ ભીરુ હોય છે, એટલે તારા ભયનુ નિવારણ કરવામાટે જ અત્યારે મેં આ મૂષકમૃગયાની અદ્ભુત કૃતિ કરી બતાવી છે અને એથી હું ધનુર્વિદ્યામાં કેટલી બધી કુશળતા ધરાવું છું, એ વાર્ત્તા પ્રત્યક્ષ તારા જોવા અને જાણવામાં આવી છે. એટલામાટે વિશેષ આત્મપ્રશંસા કરવાની કશીપણ અગત્ય નથી."

પોતાના સ્વામી સુલ્તાનનું આ આત્મશ્લાઘાત્મક ભાષણ સાંભળીને બેગમના મનમાં તેના વિશે મહા તિરસ્કાર ઉત્પન્ન થયો, પણ તે તિરસ્કારને મલિન મુદ્રાથી વ્યક્ત કરવાને બદલે તેણે વિકટ હાસ્યદ્વારા જ એ ધિક્કાર વ્યક્ત કર્યો કે, જેથી સુલ્તાનના મનમાં તેના વિશે કોઇપણ વિલક્ષણ શંકાનો ઉદ્ભવ ન થાય સુલ્તાને બેગમના મુખમાંથી પ્રશંસાના શબ્દો સાંભળવાની આશા રાખી હતી, તેને બદલે આવા અટ્ટહાસને જેઇને તેના આશ્ચર્યનો પાર જ રહ્યો નહિ. આનંદના સ્થાને તેના મુખમંડળમાં ગંભીરતાની છટા છવાયલી દૃષ્ટિગોચર થવા લાગી. તેણે મૂછોપર આંગળીઓ ફેરવતાં ફેરવતાં બેગમને પૂછ્યું કે;—

"બેગમ! તેં અત્યારે આવું વિકટ હાસ્ય કર્યું, એનુ શું કારણ છે તે હુ જાણવા માગું છું?"

"એ જ કે, સત્ય શૂરવીર અને વીર્યવાન્ પુરુષ આપનાથી પણ વિશેષ ભયંકર અવસ્થામાં સિંહ જેવા હિંસક પ્રાણીનો ઘાત કરવા સાથે એક સમયાવચ્છેદે માનિનીના મદનમંદને પણ શાંત કરી શકે છે, શિથિલાંગ થતા નથી અને પોતાના મુખથી કદાપિ પોતાની પ્રશંસાનાં ગીત ગાતા નથી." બેગમે સત્ય વાર્ત્તા સંભળાવી દીધી.

બેગમનું આવું વિચિત્ર ઉત્તર સાંભળીને અલાઉદ્દીન આશ્ચર્ય અને કોપના સમુદ્રમાં ગોથાં ખાવા લાગ્યો, છતાં તેણે પોતાના કોપને મનમાં જ દાબી રાખીને બેગમને કહ્યું કે;–"જો તું એવો કોઈ પુરુષ મને બતાવે, તો તેનો સર્વ પ્રકારે આદર કરવાને હું તૈયાર છું."

"હુ આપને તેવા વીરપુરુષનો પરિચય આપવાને તૈયાર છું, પણ પ્રથમ મને અને તે પુરુષને અપરાધની ક્ષમા મળવી જોઇએ અને અભય વચન પણ મળવુ જોઇએ." બેગમે એક શર્ત્ત આગળ ધરીને કહ્યું.

"બહુ સારુ–હુ તારા અને તે પુરુષના ગમે તેવા અક્ષમ્ય અપરાધની પણ ક્ષમા આપીશ અને અભયવચન અત્યારે જ આપું છું." અલાઉદ્દીને પોતાની આકાંક્ષાને તૃપ્ત કરવામાટે વિચાર કર્યા વિના જ વચન આપી દીધુ.

સ્ત્રીઓનો એવો નિયમ છે કે, તેઓ નવ માસ પર્યન્ત ગર્ભને પોતાના ઉદરમાં ધારણ કરી શકે છે, પણ અમુક કોઈ ગુપ્ત વાર્ત્તા ચાર દિવસ પણ તેમના પેટમાં ટકી શકતી નથી મરહટ્ટી બેગમ એ નિયમના અપવાદરૂપ ન હોતી, એટલે અભય વચન મળતા જ ન કહેવી જોઇએ તે વાત નીચે પ્રમાણે તેણે સુલ્તાનને કહેવા માડી,—

"સુલ્તાને જહાન ! આપણે વનમાં મૃગયાનો વિલાસ કરવા ગયાં હતા, તે સમયે એક દિવસ અમે બધી બેગમો સરોવરમાં જળવિહાર કરવા ગઈ હતી અને તેવામાં એકાએક વૃષ્ટિ અને ઝંઝાવાતરૂપ અવસ્કંદના સપાટામાં સપડાઇને હુ જંગલમાં ભૂલી પડી, એક ભયંકર સ્થાનમાં જઈ ચડી. ત્યાં આપણા સેનાપતિ મીર મંગોલ અચાનક આવી લાગ્યા. તેમના સ્વરૂપને જોઈ મારું મન ચલિત થયું. મેં રતિદાનની તેમની પાસેથી યાચના કરી અને અંતે અમે રતિક્રીડામાં આનંદથી નિમગ્ન થયાં. એ સમયે વનરાજિમાંથી એક વિકરાળ સિંહ ભયંકર ગર્જના કરતો અમારી સ્હામો આવી લાગ્યો, પણ મીર મંગોલે રતિક્રીડામાં નિમગ્ન હોવા છતાં એક જ શરના સંધાનથી તેને યમરાજનો અતિથિ બનાવી દીધો અને શિથિલાંગ ન થયો. હવે આપ જ વિચારી જુઓ કે, ખરી વીરતા મૃગરાજની મૃગયા કરનાર મીર મંગોલની કે મૂષકમૃગયા કરનાર સુલ્તાનની ? બાદશાહ સલામત ! એ વીરનરનાં લક્ષણો પણ એવાં જ છે–તે ઉચ્ચક બેસીને ભોજન કરતો નથી, શરણાગતનો તિરસ્કાર કરતો નથી, કોઈ વિશેષ કારણવિના અસત્ય બોલતો નથી, પરસ્ત્રીને ભગિની તથા પુત્રી સમાન માને છે, રણમાં કદાપિ પીઠ બતાવતો નથી, પોતાના વચનને મિથ્યા કરતો નથી, સર્વ સંગે મિષ્ટ ભાષણ કરે છે, કોઇના મનને દુ:ખવતો નથી, અતિમૈથુન કરતો નથી અને શત્રુથી ડરતો નથી !"

બેગમનો આ આત્મવૃત્તાંત સાંભળીને બાદશાહ દાંત હોઠ ચાવવા લાગ્યો અને ઘૃત હોમવાથી જેવી રીતે અગ્નિનું તેજ વિશેષ પ્રકટ થાય છે, તેવી રીતે એ વાર્ત્તાના શ્રવણથી અલાઉદીનના કોપની જ્વાળા વિશેષ પ્રદીપ્ત થવા લાગી. તેણે તત્કાળ એક અનુચરને બોલાવીને આજ્ઞા કરી કે,–"જા–અને આ ક્ષણે સેનાપતિ **મીર મંગોલ** જ્યાં હોય ત્યાંથી તેને બોલાવીને અહીં હાજર કર. તેને કહેજે કે, બાદશાહે એક બહુ જ જરૂરના કામમાટે આપને બોલાવ્યા છે."

અનુચર માથું નમાવીને ચાલતો થયો. બેગમ બાદશાહના સ્વભાવથી પરિચિત હોવાથી તેના મનોભાવને જાણી ગઈ અને પોતાની મૂર્ખતામાટે અત્યંત પશ્ચાત્તાપ કરવા લાગી. અચાનક મનમાં એક કલ્પના આવવાથી તે કરદ્વય જોડીને બાદશાહને વિનતિ કરી કહેવા લાગી કે;—"

"શહનશાહે હિન્દોસ્તાન ! જો આપની એ વીર પુરુષને કાંઈ પણ ભયંકર દંડ આપવાની ઇચ્છા હોય, તો પ્રથમ આપે એ જાણી લેવુ જોઇએ કે, **મીર મંગોલ** મને બાદશાહની બેગમ તરીકે ઓળખતો નહોતો અને પ્રથમ હું પણ તેને **મીર મંગોલ** તરીકે ઓળખતી ન હોતી. મે તેનુ નામ જાણી લીધુ, પણ અદ્યાપિ તે તો મારા ભેદથી અજ્ઞાત જ છે. આ કાર્યમા પ્રવૃત્ત થવામાટે મે જ તેને પ્રથમ આગ્રહ કર્યો હતો અને નિરુપાયે તે મારી ઇચ્છાને આધીન થયો હતો, એટલામાટે ચાર અપરાધીઓ શિક્ષાથી બચી જાય તો ચિન્તા નહિ પણ એક નિરપરાધીને વિનાકારણ શિક્ષા થવી ન જોઇએ, એ ન્યાયના તત્ત્વને સ્મરણમાં રાખીને જ જે કરવાનું હોય તે કરજો."

સુલ્તાને એનુ કાંઈ પણ ઉત્તર આપ્યુ નહિ. તે વિચારમાં નિમગ્ન થઈ એક આસનપર લમણે હાથ દઈ બેસી ગયો. બેગમ પણ નિઃસ્તબ્ધ થઇને તેના હૃદય વિષે ચાલી રહેલી ગડભાંજ તેની મુખમુદ્રાપરથી જે સ્પષ્ટ દેખાતી હતી તેનું ધ્યાનપૂર્વક અવલોકન કરવા લાગી. અચાનક સુલ્તાન વિચારનિદ્રામાંથી જાગૃત થયો અને એક ખાજાસરાને બોલાવ્યો. ખાજાસરાના આવતાં જ સુલ્તાને તેને આજ્ઞા કરી કે;–"જા–મુરાદ ! જનાનખાનામાંની બધી બેગમોને બુર્કાસાથે અહીં લાવીને હાજર કર. આજે તેમને એક નવો અજીબ તમાશો બતાવવાનો છે."

"જેવો ખુદાવન્દનો હુકમ." એમ કહીને મુરાદ ત્યાંથી ચાલ્યો ગયો. બાદશાહ પુનઃ ચિન્તામાં લીન થયો.

થોડા વખત પછી ધીમે ધીમે બધી બેગમો એક પછી એક આવીને ત્યાં હાજર થઈ અને પોતાની યોગ્યતા પ્રમાણેનાં આસનોપર બેસી

ગઈ. **મરહટ્ટી બેગમનું** આસન સર્વથી પ્રથમ હતું ત્યાં તે બેસવા જતી હતી, એટલામાં સુલ્તાને તેને બેસતી અટકાવીને કહ્યું કે,–"ખબરદાર! અત્યારે તું ગુનાહગાર છે. આ આસનપર બેસવાનો હવે તને અધિકાર નથી. ઇન્સાફ મળે ત્યાં સૂધી ઊભી રહે–તારા નસીબમાં જે લખ્યુ હોય તે સહે."

આજના આ વિલક્ષણ પ્રકારને જોઇને સર્વ બેગમો આશ્ચર્યચકિત થઈ ગઈ અને વિસ્મયતાથી એક બીજાના મુખને તાકીતાકીને જોવા લાગી **મરહટ્ટી** બેગમના સુલ્તાને કરેલા અપમાનના કારણનુ તેઓ કાંઇપણ અનુમાન કરી શકી નહિ. સુલ્તાનની ક્રોધિષ્ટ મુદ્રાને જોઇને તેમના મનમાં ભય ઉત્પન્ન થવા લાગ્યો અને તેઓ થરથર કંપવા લાગી. એટલામાં ખ્વાજાસરાએ આવીને પ્રાર્થના કરી કહ્યુ કે,–"હુઝૂરેવાલા! અફસરેજંગ **મીર મંગોલ** આવ્યા છે; હુકમ હોય તો ફીદવી હાજર કરે."

"લઈ આવ." સુલ્તાને આજ્ઞા આપી.

ખ્વાજાસરાએ હુકમ પ્રમાણે **મીર મંગોલને** લઈ આવીને હુજૂરમાં હાજર કર્યો. તેણે અત્યારે એક ઢીલો પાયજામો અને લાંબો ઝબ્બો પહેરેલો હોવાથી તે ઊંઘમાંથી ઊઠીને જ આવેલો હોવો જોઇએ એવુ સ્પષ્ટ અનુમાન કરી શકાતું હતું માત્ર આવતી વખતે માથાપર તેણે દુપટ્ટો બાંધી લીધો હતો અને કમ્મરે તલવાર લટકાવીને એક તમચો પણ સાથે લઈ લીધો હતો. આવતાં જ તેણે સુલ્તાનને મસ્તક અને તલવાર નમાવીને કોર્નિશ્ કરી, પણ સુલ્તાને તે તરફ જરાપણ ધ્યાન આપ્યું નહિ.

# ચતુર્થ પરિચ્છેદ

## દેશાંતરદંડ અને બન્દિવાસ

કેટલોક સમય નિઃસ્તબ્ધતામાં જ વીતી ગયો અને ત્યાર પછી આરક્તવર્ણ નેત્રોમાંથી કોપરૂપ અગ્નિની ચીગારીઓ વર્ષાવતો સુલ્તાન **મીર મંગોલને** ઉદ્દેશીને કહેવા લાગ્યો કે;–" **મીર મંગોલ** ! આજે આવા વિલક્ષણ સમયમાં અને વિલક્ષણ સ્થાનમાં તારા પાસેથી એક અતિ ભયંકર અપરાધનો જવાબ લેવામાટે જ મેં તને અહીં બોલાવ્યો છે. એક અપરાધ તો તેં કરેલો જ છે એટલે હવે તે અપરાધને છુપાવવામાટે અસત્ય ભાષણરૂપ બીજો અપરાધ કરીશ નહિ. અસત્ય બોલનારને અલાઉદ્દીન શી શિક્ષા આપે છે, એ તું સારી રીતે જાણતો હોવાથી વધારે કહેવાની અગત્ય હું જોતો નથી."

"હું મારા પ્રાણ જતાં પણ સુલ્તાન સમક્ષ અસત્ય વચનનો ઉચ્ચાર કરવાનો નથી." મીર મંગોલે પોતાપર છવાયલા સંકટના વાદળને ઓળખવા છતાં દઢતા અને સાહસથી ઉત્તર આપ્યું.

"જંગલમાં એકાંતનો લાભ લઇને મારી મરહટ્ટી બેગમ સાથે બળાત્કારથી વ્યભિચાર કરવાનો અપરાધ તેં કર્યો હતો કે નહિ?" સુલ્તાને સવાલ પૂછ્યો.

"બેગમ સાથે વ્યભિચાર કરવામાટે હું અપરાધી છું ખરો; પણ મેં બળાત્કાર કર્યો નથી." મીર મંગોલે સત્ય ઉત્તર આપ્યું.

"શહનશાહ! આપ કોઈ નિર્દોષપર ખોટો આરોપ શામાટે મૂકો છો? હું પોતે આપને કહી ચૂકી છું કે જે થયું છે તે મારી પોતાની જ ઇચ્છાથી થયું છે, એટલે પછી બળાત્કારનો સંભવ હોઈ જ ક્યાંથી શકે વારુ?" મરહટ્ટી બેગમે સાહસ કરીને વળી પણ વચ્ચે સત્યનો સ્ફોટ કર્યો.

"મીર મંગોલ! મને આજે ઘણો જ અફસોસ થાય છે કે, આવો ઘોર અપરાધ કરવા છતાં આ બેગમના સત્યવક્તૃત્વ અને બેગમને મેં આપેલા અભય વચનને લીધે તું મોતની સજામાંથી સહી સલામત છટકી જાય છે. તું પોતે જ જ્યારે તારા પાપની કબૂલાત આપે છે, ત્યારે મારે પણ કાંઇક દયા દેખાડવી જ જોઇએ. તું પોતે જ બોલી નાખ કે તને શી શિક્ષા આપું—બન્દિવાસની કે દેશાન્તરદંડની?" સુલ્તાને ભયંકર મુદ્રા કરીને મીર મંગોલને ભયંકર પ્રશ્ન પૂછ્યો.

"વાલાશાન સુલ્તાન! અપરાધી પોતે જ જો પોતાના અપરાધની શિક્ષા નિશ્ચિત કરે, તો મારા ધારવા પ્રમાણે સર્વ કારાગૃહો ખાલી જ પડ્યાં રહે. આમ કોઈ કાળે બન્યું નથી અને બનવાનું પણ નથી. આપની ઇચ્છામાં આવે તે શિક્ષા ફરમાવો—ફાંસીને લાકડે લટકાવો, શૂળીએ ચઢાવો, તોપના ગોળાથી ઉડાવો, હાથીના પગતળે ચગદાવો, કારાગૃહમાં ફસાવો અથવા દેશાન્તર બતાવો. આ અપરાધી પોતાના અપરાધની કોઇપણ શિક્ષાને સહન કરવા દઢતાથી તૈયાર છે." મીર મંગોલે અચલ સાહસથી એ વાક્યો ઉચ્ચાર્યાં.

"પણ પ્રથમ મને શી શિક્ષા ફરમાવવામાં આવે છે, શહેનશાહે આલા?" મરહટ્ટી બેગમે બધી આપત્તિ પોતાના શિરપર જ વ્હોરી લેવાના હેતુથી કહ્યું.

"તારી ઇચ્છા હોય તેવી શિક્ષા તને પણ આપવામાં આવશે." સુલ્તાને તાનાબાજીથી જણાવ્યું.

"મારી ઇચ્છા તો એવી જ છે કે, મીર મંગોલને અને આ બદનસીબ બેગમને દેશનિકાલની સજા આપો. અમે અમારો કાળ ગમે ત્યાં

આનંદમાં વીતાડીશું અને આપને આશીર્વાદ આપીશું." બેગમે સાહસની સીમાનું ઉલ્લંઘન કરીને કહ્યું.

બેગમની આ યાચના સાંભળી એક દીર્ઘ નિઃશ્વાસ નાખીને સુલ્તાને આ પ્રમાણેના ઉદ્‍ગાર કાઢ્યા;—

"મોરકો હોને લગી અફસોસ ઉલ્ફ઼ત માર્‌કી;
નૂર હો કર રખતી હય જલનેકો રગ઼બત નારકી;
જ઼ેરવાલીકો પસન્દ આઇ હય સૂરત જારકી;
હો જ઼ને મક્કાર તુઝપર માર ઉસ દાદારકી !"

"અફસોસ–બાદશાહની બેગમ ટળીને એક નોકરની લૌંડી બનવામાં તેં સુખની આશા રાખી છે? શું મંગોલની સોહબતથી તને આવા વિલાસો મળશે? શાહી જનાનખાનામાં એવી શી પીડા છે કે તું બહારના સુખને ચહાય છે–એક અદના અફસરપર મરી જાય છે?"

"સ્ત્રી સદા સર્વદા સ્નેહની ગુલામ છે. શાહી જનાનખાનામાં સર્વ પ્રકારનો આરામ છે, પણ પ્રેમનું તો ક્યાંય નહિ નિશાન કે નહિ નામ છે! જે સુલ્તાન પોતાના જનાનામાં સેંકડો રૂપાળી રમણીઓને ભરે છે અને નિત્ય નવીન નારી સાથે વિહાર કરે છે, તેનો કોઇપણ સ્ત્રીમાં સાચો સ્નેહ હોતો નથી–બેગમની પ્રીતિ પણ હોતી નથી અને તે મરણ પર્યન્ત નિષ્કપટ રતિના રંગને જોતી નથી. સુલ્તાનનું જનાનખાનું તે સ્ત્રીઓમાટેનું એક કાળું કેદખાનું જ છે. નિર્દોષ નારીઓના જન્મની અફળતા કરીને તેમને જીવતાં જીવત દફનાવી દેવા માટેની ગોર છે અને એ ગોરમાંથી નીકળવા માટેનો જ અમારો શોર છે. ખરા પ્રેમી પુરુષ સાથેનું સ્ત્રીનું જીવન પર્ણકુટીમાં પણ જેટલું સુખી હોય છે, તેના સોમા ભાગનું સુખ પ્રેમહીન પુરુષના સંગે આ મહાલયમાં નથી. હજી વધારે કાંઈ સાંભળવું છે?" બેગમે ભય અને લજ્જાને તિલાંજલિ આપી નાગિનીનું સ્વરૂપ ધારણ કરીને ભીષણતાથી એ વાક્યો ઉચ્ચાર્યાં.

"ઓહો! આ શેખી, આ શરારત! તું જ્યારે આ સ્વર્ગસમાન શાહી જનાનખાનાને કારાગૃહ અને કબ્રના નામથી ઓળખે છે, તો હવે કારાગૃહનો નિવાસ કેવો હોય છે, એનો મારે તને અનુભવ કરાવવો જ જોઇએ. મુરાદ! અહીં આવ." સુલ્તાને ગુસ્સામાં આવીને મુરાદ નામક ખ્વાજાસરાને બૂમ મારી.

"શો ફર્માન છે, મારા સુલ્તાન?" મુરાદે દોડી આવી હાથ જોડીને કહ્યું.

"આ હઠીલી બરહદી બેગમને અહીંથી લઈ જા અને બગીચામાંના હોજની નીચેના ભોંયરામાં એને કેદ કર. જોજે–કેદી છટકી ન જાય–

નહિ તો તારે તારા પોતાના પ્રાણનો ભોગ આપવો પડશે. એના માટે બીજી જે જે વ્યવસ્થા કરવાની છે, તે વિશે આવતી કાલે હુકમ આપવામાં આવશે." સુલ્તાને કઠિન આજ્ઞા આપીને કહ્યું.

"બેગમ સાહબા! ચાલો—સુલ્તાન જીશાનના ફર્માનને ગર્દન ઝુકાવીને માન આપો" મુરાદે બેગમને ઉદ્દેશીને કહ્યું.

બેગમે એક આશાપૂર્ણ દૃષ્ટિથી મીર મંગોલના મનોમોહક મુખમંડળનુ અવલોકન કર્યું અને એક નિ શ્વાસ નાખ્યો

મીર મંગોલે નેત્રપલ્લવી ભાષાથી બેગમ તરફ જોઇને કાંઇક સંકેત કર્યો. બેગમના મનમાં આશાસૂર્યનો ઉદય થયો, તેનાં ઓષ્ઠોમાં સ્મિતનુ દર્શન થયું અને વધારે કાંઇપણુ ન બોલતાં સુલ્તાનના ફર્માનને માન આપી તે અધોમુખા થઈને ખ્વાજાસરા મુરાદ સાથે ત્યાંથી ચાલતી થઈ આગળ બેગમ અને મુરાદ તેની પાછળ ચાલ્યો ગયો ખ્વાજાસરા સાથે બેગમના ગયા પછી અલાઉદ્દીને મંગોલને ઉદ્દેશીને કહ્યુ કે,—"મીર મંગોલ! તુ મારો એક બહાદુર સિપાહસાલાર છે અને મારા તાજનો શૃંગાર છે, પણ તારો અપરાધ એટલો બધો ભયકર અને અક્ષમ્ય કે, હવે હુ વધારે વાર તને મારી સલ્તનતમાં રહેલો જોવા ઇચ્છતો નથી તે જે વેળાએ મારી બેગમજોડે ભ્રષ્ટાચાર કર્યો, તે વેળાએ તેને તું મારી બેગમ તરીકે ઓળખતો નહોતો, એટલે એ અપરાધ તારાથી અજ્ઞાનાવસ્થામાં થયો છે અને તેથી એ કાયદાની બારીકીનો લાભ આપી હું તને દેહાંતદંડ નથી આપતો; કિન્તુ માત્ર દેશનિકાલની સજા આપુ છુ. અત્યારે અને આ ક્ષણે જ તું દિલ્લી છોડીને ચાલ્યો જા અને ત્યાર પછી બે દિવસમાં મારા રાજ્યની સીમામાંથી બહાર નીકળી જજે. જો ફરીથી કોઈ વાર પણુ મારા રાજ્યની મર્યાદામાં તુ જોવામાં આવીશ તો તત્કાળ તારો શિરચ્છેદ થશે, એ ભૂલીશ નહિ."

"આ ઉદ્દારતામાટે સુલ્તાનનો હુ અંતઃકરણપૂર્વક આભાર માનું છું." એમ કહીને મીર મંગોલ ત્યાંથી ચાલ્યો ગયો.

એ પછી વજીરને બોલાવી સુલ્તાને સર્વ રાજાઓને અને જાગીરદારોને એવા આશયના પત્રો મોકલવાનું ફર્માન સંભળાવ્યું કે;—"મીર મંગોલ નામક અમારો એક સેનાપતિ મહા ભયંકર અપરાધ કરીને દેશ નિકાલની શિક્ષાને પાત્ર થયો છે; એટલા માટે સર્વ રાજાઓને અને જાગીરદારોને અમારી એ આજ્ઞા છે કે, તેને કોઇએ પણુ પોતાના રાજ્યમાં કે જાગીરમાં આશ્રય આપવો નહિ. જો એથી વિરુદ્ધ વર્ત્તન કરવામાં આવશે, તો તે વિરુદ્ધ વર્ત્તન કરી શહનશાહની આજ્ઞાનો ભંગ કરનાર સુલ્તાનના મહા કોપને પાત્ર થશે." વજીર પત્રો મોકલવામાટે પોતાના

દફ્તરમાં ચાલ્યો ગયો અને પ્રભાતનો સમય થવા આવ્યો હતો, એટલે સુલ્તાન નમાજ પઢવાને મસ્જિદમાં ગયો.

શાહી જનાનખાનામાં આજે મરહટ્ટી બેગમ અને મીર મંગોલ વિશેની જ ચર્ચા ચાલવા લાગી. મરહટ્ટીની કેટલીક મૈત્રિણી બેગમો અને માનીતી દાસીઓ તેની આવી દુર્દશામાટે શોક પ્રદર્શિત કરવા લાગી અને તેનાવિશે મનમાં તિરસ્કાર ધરાવનારી અન્ય કેટલીક બેગમો અને લૌંડીઓ બહારથી સર્વની હામાં હા મેળવવા છતાં અંતરમાં આનંદને સ્થાન આપવા લાગી. માત્ર અલાઉદ્દીન શોકના સાગરમાં ડૂબી ગયો હતો.

## પંચમ પરિચ્છેદ
### ભયંકર હબશી

રાત્રિના ભયંકર અંધકારનો સર્વત્ર વિસ્તાર થએલો જોવામાં આવતો હતો. વર્ષાઋતુનો સમય હોવાથી, જો કે અત્યારે વૃષ્ટિ નહોતી, તોપણ આકાશ નિરંતર મેઘાચ્છાદિત રહેતું હોવાથી, ક્ષણે ક્ષણે જલવર્ષણનો સંશય થયા કરતો હતો. સાધારણત રાત્રિને માતાના ગર્ભના નામથી લોકો ઓળખે છે અને એનું કારણ એ છે કે, જેવી રીતે માતા પોતાનાં સંતાનના દુર્ગુણોને પોતાના મનમાં જાણવા છતાં છૂપાવી રાખે છે, તેવી જ રીતે ચોર, લુટારા, ખૂની, વ્યભિચારી પુરુષ અને અભિસારિકા નારીઓનાં ગુપ્ત આચરણોને નિશાદેવી પણ પોતાના અંધકારરૂપ ગર્ભમા છૂપાવી રાખવાનો પ્રયત્ન કર્યા કરે છે. એ સિદ્ધાંતના સત્યનો અત્યારે જ આપણને અનુભવ થઈ શકશે.

દિલ્લી નગરથી કેટલાક અંતરે પૂર્વ દિશામાં એક નિર્જન પ્રદેશમા પીરની એક દરગાહ હતી અને તે પીરને લોકો સારી શ્રદ્ધાથી માનતા હોવાથી તે પીરની દરગાહપર પત્થરની સારી કારીગરીની છત્રી બાંધવામાં આવી હતી અને બહાર એક સાધારણ ઓટલો પણ કાઢેલો હતો. લગભગ મધ્યરાત્રિનો સમય થએલો હોવાથી અને એ પીરની દરગાહમાં રાત્રે જનાર માણસ મરી જાય છે કે માંદો પડે છે, એવી લોકોની માન્યતા હોવાથી ત્યાં મુજાવર સુદ્ધાંનાં પગલાં પણ ન હોય, એ સ્વાભાવિક હતું. અચાનક પાસેની ઝાડીમાંથી એક મનુષ્યના ત્યાં આવવાનો ભાસ થયો. તે મનુષ્યની મુખમુદ્રા રાત્રિના અંધકાર જેવી જ કાળી હતી અને માથાથી પગ સુધી વસ્ત્રો પણ કાળાં જ ધારણ કરેલાં હોવાથી પ્રત્યક્ષ અંધકાર જ ત્યાં શરીર ધારણ કરીને ઉપસ્થિત થયો હોયની ! એવો જ ભાસ થતો હતો. એ મનુષ્ય ભયંકર હબશી જ હતો. એણે પોતાના સંરક્ષણમાટે તલવાર,

ખંજર અને તમંચો ઇત્યાદિ શસ્ત્રાસ્ત્રો પોતાની પાસે રાખેલાં હતાં, પણ હાથમાં કોદાળી તેણે શામાટે ઉપાડી હશે, એનું અનુમાન કરી શકાતું નહોતું. ધીમે ધીમે તે દરગાહના ઓટલા પાસે આવી લાગ્યો. ત્યાં કોદાળીને ઓટલાપર મૂકીને થોડીવાર તે વિચારમાં પડી સ્તબ્ધ ઊભો રહ્યો અને ત્યાર પછી તરત સ્ફૂર્તિથી કોદાળીને હાથમાં ઊપાડી લઈ, દરગાહના પૃષ્ઠ ભાગમાં જઈ તે કોદાળીવડે બળપૂર્વક જમીન ખોદવા મંડી ગયો. હવે તેનો કોદાળી લેવાનો હેતુ વ્યક્ત થયો.

ઘણી વાર સુધી જમીનને ખોદીને ચારે તરફ માટીના ઢગલા કર્યા પછી કોદાળીનો ઘા એક પત્થરપર લાગ્યો અને તેવો જ તેના મુખમાંથી ઉદ્‌ગાર નીકળ્યો કે,—"બસ—ફતેહ—માર્ગ મળ્યો." થોડી વાર વિશ્રાંતિ લઇને અને પરિશ્રમના પરિણામે શરીરપર આવેલા સ્વેદબિન્દુઓને લૂછી નાખીને કોદાળીના એક ખૂણાને પત્થરના એક ખૂણાની ધાર નીચે નાખીને એક વારના પ્રયત્નમાં જ દશ મણના ભારી પત્થરને ઉથલાવીને તેણે દૂર ઉછાળી દીધો. પત્થરરૂપ ઢાંકણું દૂર થતાં જ ભૂમિના ગર્ભમાં ઉતરવામાટેની પાષાણની નિઃસરણી દેખાઈ આવી. તે એક દીપક પણ સાથે લેતો આવ્યો હતો, એટલે ચકમકમાંથી આગ પાડી ઘાસનાં તણખલાં સળગાવીને તેમને ફૂંકી જ્વાળા ઉત્પન્ન કરી, તેવતી તેણે દીપક સળગાવ્યો. દીપકના પ્રકાશની સહાયતાથી એટલે કે દીપકના પ્રકાશને પોતાનો માર્ગદર્શક ભોમિયો બનાવીને તે પાષાણસોપાનપરથી ભૂમિના ગર્ભમાં પ્રવિષ્ટ થયો. પગથિયાંનો અંત આવ્યા પછી એક સાંકડી ગલી જેવો માર્ગ તેના જોવામાં આવ્યો અને તત્કાળ તે એ માર્ગમાં વીજળીના વેગથી આગળ વધવા લાગ્યો. લગભગ એક માઇલ જેટલો પથ કાપી આવ્યા પછી તે એક વિશાળ ચોકમાં આવી લાગ્યો. અહીંથી બીજા ત્રણ માર્ગો નીકળતા હતા, પણ તે તો પાછો સ્હામેના માર્ગમાં જ ચાલ્યો. ત્યાં એક ભયંકર સર્પ પડેલો હતો, તેને તલવારના વારથી મારીને તેણે માર્ગને નિષ્કંટક બનાવ્યો અને પાછો આગળ વધ્યો. કેટલીક વાર પછી તે એક બીજા વિશાળ ચોકમાં આવીને ઊભો, અને આત્મગત કહેવા લાગ્યો કે;—

**"એ જહાન સુન્સાન, સહુ બેજાન અલ્લાહની અમાન! અંધેરી રાત છે, જોશમાં દિલ, ગૈજમાં જાન અને ગજબમાં હાથ છે! આ તલવાર મારા હાથમાં છે અને અહીં જો કોઈ દુશ્મન હોય તો તેની જાન આ તલવારના હાથમાં છે! અહા—"**

**તે આગળ બોલવા જતો હતો, એટલામાં નીચેના અંતઃકરણને વિદીર્ણ કરતા કોઈ અબળાના ઉદ્‌ગારો તેના સાંભળવામાં આવ્યા—તે એક ધ્યાનથી એ ઉદ્‌ગાર સાંભળવા લાગ્યો;—**

"અલમકે મદરસે મેં હમ, સબક જો લેતે હયઁ ગમકા;
નસીહત ગમ યે કરતા હય, ભરોસા અપને ક્યા દમકા;
હય દુનિયા ફાની ગર ઈકબાલ ભી ચમકા તો ક્યા ચમકા;
યે શરબત દુનિયાકા જાલિમ હય પ્યાલા જાનલે સમકા*

તરત તે હબશીએ જે ઓરડામાંથી એ અવાજ સંભળાતો હતો, તે ઓરડાનાં દ્વાર ઉઘાડી નાખ્યાં. ઓરડાને તાળું વાસેલું ન હોવાથી એ કાર્ય કરવામાં વધારે મહેનત લેવી પડી નહિ. દ્વાર ઊઘાડતાં જ જે એક હૃદયવિદારક દૃશ્ય તેના જોવામાં આવ્યું, તેથી તે અત્યંત શોકાતુર થયો–શોકની કૃષ્ણ છાયા તેના કૃષ્ણ વદનમાં પણ પ્રત્યક્ષ દેખાવા લાગી. એક તરુણ અબળા તે ઓરડામાં પાથરેલી એક ચટાઈપર લમણે હાથ દઈ ચિન્તામાં નિમગ્ન બેઠી હતી. અત્યંત રૂપવતી હોવા છતાં સુંદર વસ્ત્રાભૂષણના અભાવે અને ચિન્તાના પ્રભાવે તેની શરીરકાંતિ મલીન થએલી દેખાતી હતી. પાસે ભોજનનાં બે ત્રણ પાત્રો ભરેલાં જ પડ્યાં હતાં, એથી એક બે દિવસથી તે નિરાહાર હતી, એવું અનુમાન કરી શકાતું હતું નવીન આગન્તુક હબશી દ્વારમાં તેની સ્હામો જ ઊભેલો હોવા છતાં અત્યત ચિતામાં લીન હોવાથી તે તરુણી એને જોઈ શકી નહિ. અંતે તૃષાનો અગ્નિ અસહ્ય થવાથી તેણે જલપાત્રમાંથી પાણી પીવામાટે હાથ લંબાવ્યો અને અચાનક દ્વારમાં દૃષ્ટિ પડવાથી ત્યાં ઊભેલા હબશીને તેણે જોયો. "કોણ મુરાદ કે?" એવો તે રમણીએ પ્રશ્ન કર્યો અને જલપાત્રમાંથી જલપાન કરીને પોતાની તૃષા શાંત કરી.

"જી હા–મુરાદ (આશા) કે, જે થોડા વખતમાં જ કરશે આ આફતને બરબાદ." હબશીએ મુરાદ શબ્દના ખરા અર્થનું સમર્થન કરીને કહ્યું.

તે તરુણી આ જવાબ સાંભળીને આશ્ચર્યચકિત થઈ ગઈ; કારણ કે, ખાજાસરા મુરાદના કંઠધ્વનિ કરતાં આ પુરુષનો કંઠધ્વનિ ભિન્ન પ્રકારનો હતો. જો કે એ અવાજ તેનો જાણીતો હોય એવો તેને ભાસ થયો, પણ ખરો નિશ્ચય તે કાંઈ પણ કરી શકી નહિ. તેણે પોતાના સંશયને દૂર કરવાની ઇચ્છાથી પુનઃ મોહસ્વરથી પ્રશ્ન કર્યો કે;–"તમે કોણ છો? મારો વધ કરવામાટે આવેલા સુલ્તાનના જલ્લાદ કે રહમદિલ ફરિસ્તાની ઔલાદ?"

"મને ન ઓળખ્યો, બેગમ સાહબા?" હબશીએ કહ્યું.

---

* સમ–જહર; વિષ.

"જી નહિ–તમને હું બિલ્કુલ ઓળખી શકતી નથી. પણ હવે મેહરબાની કરીને મને બેગમના નામથી ન બોલાવો. હું બેગમ હતી પણ અત્યારે આ જિન્દાનમા પડેલી બન્દિની છુ–મારી જાહોજલાલી પાયમાલીના રૂપમાં ફેરવાઈ ગઈ છે–જે બેગમ હતી તે પ્રેમના પરિણામે એક કંગાલ કારાગૃહવાસિની થઈ છે." બેગમે નિરાશાને વ્યક્ત કરીને કહ્યુ

"ગમ ન કરો–માતમ ન કરો. હુ તમને આ કારાગૃહમાંથી મુક્ત કરી પાછાં બેગમ બનાવવાના વિચારથી જ અહી આવ્યો છુ. ઊઠો અને મારી સાથે ચાલો " હબશીએ આશા અને આશ્વાસન આપીને ઉક્ત શબ્દોથી કહ્યું.

"પણ મારામાટે તમારે આટલા બધા જોખમમાં ઉતરવાનું કાંઈ કારણ? તમને મારી પીડાની શામાટે હોવી જોઇએ દરકાર ?" બેગમે શંકાથી પૂછ્યું.

"મારા આકા–માલિક–નું ફર્માન અને આપના દુ ખનો વિચાર !" હબશીએ જવાબ આપ્યો.

"તમારો માલિક કોણ, સુલ્તાન ?" બેગમે પૂછ્યુ.

"નહિ, મીર મંગોલ મહમ્મદખાન !" જવાબ મળ્યો.

"મીર મંગોલ અત્યારે કયાં છે ? મારા સાંભળવા પ્રમાણે તો તેમને દેશનિકાલની સજા મળી ચૂકી છે." બેગમે પાછો સવાલ કર્યો.

"એ વાત ખરી છે; પણ આપને પણ સાથે લઈ જવાની તેમની ઇચ્છા હોવાથી તેઓ હજી દિલ્લીની હદ છોડીને બહાર ગયા નથી. ચાલો–હમણાં જ તેમની સાથે આપનો મેળાપ થશે." હબશીએ સંતોષકારક ઉત્તર આપ્યું.

"પણ તમે અહી કેવી રીતે આવી શકયા ?" બેગમે એક નવી શંકા વ્યક્ત કરી.

"જે માર્ગમાંથી હું આવ્યો છુ, તે જ માર્ગમા થઇને આપણે જવાનુ છે, એટલે આપ પોતાની મેળે જ એ ભેદને જાણી શકશો–વધારે વિલબ કરવામાં લાભ નથી; કારણ કે, હવે રાત થોડી જ બાકી રહેલી છે અને પ્રભાત થતાં સૂધીમાં તો આપણે દિલ્લીની હદમાંથી બહાર નીકળી જવાનુ છે. ચાલો–ઊતાવળ કરો." હબશીએ શંકાનું સમાધાન કરીને ઊતાવળનું કારણ બતાવ્યું.

બેગમને એ હબશીના બોલવામાં કાંઈ દાવ પેચ કે દગા ફટકા જેવુ દેખાયું નહિ, એટલે તે તેના વચનમાં વિશ્વાસ રાખીને ત્યાંથી જવામાટે તૈયાર થઈ. પુનઃ તેણે થોડુંક પાણી પી લીધું અને હબશીના કહેવા પ્રમાણે

તેની પાછળ ચાલવા લાગી. અંતે તેઓ ભોયરાના જંગલમાં પડતા પીરની દરગાહ પાસેના મોઢામાંથી નીકળીને જમીનપર આવ્યાં. પુનઃ એકવાર આકાશમાં ચમકતા નક્ષત્રમડળનું દર્શન કરીને બેગમ પોતાના શોકને ભૂલી ગઈ. હબશીએ પત્થર મૂકી તેનાપર માટી ઢાંકી દઈને ભોંયરાનું મોઢુ પાછુ બંધ કરી દીધુ અને બેગમને લઈને તે આગળ ચાલતો થયો

હબશી અને બેગમે એક ઘનવૃક્ષરાજિમા પ્રવેશ કર્યો. વૃક્ષરાજિના મધ્ય ભાગમાં આવી લાગતાં ઘોડાઓના હણહણવાનો અવાજ તેમના સાભળવામાં આવ્યો હબશીએ અવાજ આપ્યો કે;–"દિલાવરખાન! સાજ નાખીને ઘોડાઓને તૈયાર રાખ્યા છે ને?" "જી હા–મેહરબાન!" દિલાવરખાને જવાબ આપ્યો "પાણીનો લોટો લાવ." હબશીએ બીજી આજ્ઞા કરી દિલાવરખાને પાણીનો લોટો તેના હાથમાં આપ્યો, એટલે તેણે આજ્ઞા કરી કે,–"પેલી ગાંસડીમાંથી મર્દાનો પોશાક કાઢી આપ." એ પછી તેણે બેગમને કહ્યુ કે,–"આ પોશાક કાઢી નાખીને તમે મર્દાનો પોશાક પહેરી લ્યો, એટલે આપણને કોઈ ઓળખી ન શકે. સુલ્તાનના રાજ્યની મર્યાદામાંથી બહાર નીકળી જવાપછી આપણે નિર્ભય છીએ." બેગમ પોતાનો પોશાક ઊતારીને મર્દાનો પોશાક પહેરવા લાગી અને તેટલા વખતમાં હબશીએ મોઢું ધોઇને પાણી પી લીધુ એ પછી દિલાવરખાનને પાંચ મોહોરો આપ્યા પછી હબશીએ બેગમને આધાર આપીને એક ઘોડાપર બેસાડી દીધી અને બીજા ઘોડાપર પોતે ચઢી બેઠો. અશ્વારોહણ–વિદ્યામાં બન્ને કુશળ હોવાથી જોતજોતામાં તેઓ લાંબા અતરપર જઈ પહોચ્યાં પ્રભાતકાલીન બાલરવિનો પ્રકાશ થતાં બેગમે જોયુ તો તેનો સાથી હબશી નહોતો! ત્યારે તે કોણ હતો? તેના મનનો મોહક અને ચિત્તનો ચોર **મીર મંગોલ**!

ભોયરામાંના કેદખાનામાંથી બેગમના ચાલ્યા જના પછી ખાજાસરા મુરાદ તરત ત્યા આવી લાગ્યો અને બેગમને ન જોઇને ગુહાના સર્વ ભાગોમાં તેણે તેનો શોધ ચલાવ્યો, પણ જે માર્ગમાંથી **મીર મંગોલ** બેગમને લઈ ગયો હતો, તે માર્ગ તેના જાણવામાં પણ ન હોવાથી તે પોતાના પ્રયત્નમાં ન ફાવ્યો. જો આ વાત ક્રૂર સુલ્તાન **અલાઉદ્દીન**ના જાણવામા આવે, તો અવશ્ય તેના પ્રાણની હાનિ થવાનો સંભવ હતો, એટલે તેણે એ વાતને જાહેર ન કરતાં દબાવી રાખી અને બેગમ જાણે ભોંયરામાં જ કેદ પડેલી છે એમ દેખાડવાની નાટકી લીલા ચાલૂ જ રાખી. એથી કોઇને પણ એ ભેદનો પત્તો મળી શક્યો નહિ. સુલ્તાનના મનમાં પણ બેગમ તરફ બહુ જ તિરસ્કાર અને ધિક્કાર વસી ગએલો હોવાથી તેણે પણ બેગમની યાદગિરી ન કરી. એ સર્વ કારણોની એકત્રતાથી એ ભેદ ભોંય-

રામાંનો ભોંયરામાં જ દબાઈ રહ્યો. માત્ર ખાજાસરા મુરાદ, બેગમની અદ-શ્યતાથી જાણીતો હતો—બીજો કોઈ પણ મનુષ્ય એ ભેદનો જ્ઞાતા નહોતો.

## ષષ્ઠ પરિચ્છેદ
## ઈતિહાસ સન્દર્ભ
અથવા
## હમ્મીર ચૌહાણ

હવે આગળ જતાં જે શૂરશિરોમણિ હમ્મીર ચૌહાણનાં વીરચરિત્રોથી આપણી નવલકથાનાં પૃષ્ઠ વિભૂષિત થવાનાં છે, તે રણસ્તભપુર અથવા રણથંભોરનાં ચૌહાણ રાજા હમ્મીરના વંશના ઇતિહાસનો અહીં થોડો ઘણો ઉલ્લેખ કરીશું તો તે અસ્થાને તો નહિ જ ગણાય આપણી વાર્તાના સમયમાં દિલ્લીમાં અલાઉદીન ખિલજી સિંહાસનારૂઢ હતો અને તે જ સમયમાં જયપુરની પાસે આવેલા રણસ્તભગઢમાં ચૌહાણવંશભૂષણ હમ્મીરસિંહ રાજસિંહાસનને શોભાવતો હતો નયનચંદ્ર સૂરિ નામના એક જૈન કવિએ 'हम्मीरमहाकाव्यम्' નામક એક ગ્રંથ સંસ્કૃત ભાષામા લખેલો છે. નયનચંદ્ર જયચંદ્ર સૂરિનો પૌત્ર હતો. એ ગ્રંથ પદરમી શતાબ્દિમાં લખાયલો હોય એવું અનુમાન કરી શકાય છે. ઈ. સ. ૧૮૭૮ માં પંડિત નીલકંઠ જનાર્દને એ કાવ્યની એક આવૃત્તિ છપાવી છે અને તેની અંગ્રેજી ભાષામાં આપેલી ભૂમિકામાં કાવ્યનો સારાંશ આપેલો છે, તે સારાંશ અને 'હમ્મીર રાસો' તથા 'હમ્મીર હઠ' નામક બીજા બે પુરાતન હિન્દી કાવ્ય ગ્રંથો અને અન્યોન્ય ઇતિહાસ ગ્રંથોના તારતમ્યથી જ આ ઇતિહાસસંદર્ભ લખવાનો અમે પ્રયત્ન કરેલો છે. હમ્મીરદેવના વંશનો વૃત્તાંત નીચે પ્રમાણે આપવો અમે ઉચિત ધારીએ છીએ

ચૌહાણ વંશમાં દીક્ષિત વસુદેવ નામક એક મહા પરાક્રમી રાજા થયો હતો. એનો પુત્ર નારદદેવ હતો અને તેની પછી હમ્મીરદેવ સુધીનો વંશક્રમ નીચે પ્રમાણે છે;—

ચંદરાજ, જયપાલ, જયરાજ, સામંતસિંહ, ગુયક, નંદન, વપ્રરાજ, હરિરાજ, સિંહરાજ (એણે હેતિમ નામના મુસલમાન સરદારને માર્યો હતો), ભીમ (સિંહરાજનો ભત્રીજો અને દત્તક પુત્ર), વિગ્રહરાજ, (એણે ગુજરાતના મૂળરાજને માર્યો હતો.), ગંગદેવ, વલ્લભરાજ, રામ, ચામુંડરાજ ( એણે હેજમ્મુદીનને માર્યો હતો. ), દુર્લભરાજ ( એણે શહાબુદીનને જિત્યો હતો ), દુઃશલ ( એણે કર્ણદેવને માર્યો હતો ) વીસલદેવ

(એણે શહાબુદ્દીનને માર્યો હતો), પૃથ્વીરાજ (પ્રથમ), અલ્હણ, અનલ (એણે અજમેરમાં તળાવ ખોદાવ્યું હતું), જગદેવ, વીશળ, જયપાલ, ગંગપાળ, સોમેશ્વર (એણે કર્પૂરાદેવી સાથે વિવાહ કર્યો હતો), પૃથ્વીરાજ (દ્વિતીય), હરિરાજ, ગોવિન્દ, વાલ્હણ (એના પ્રલ્હાદ, અને વાગ્ભટ એ બે પુત્રો હતા), પ્રલ્હાદ, વીરનારાયણ (પ્રલ્હાદનો પુત્ર), અને વાગ્ભટ (વાલ્હણનો પુત્ર).

વાગ્ભટનો ઉત્તરાધિકારી તેનો પુત્ર જૈત્રસિંહ થયો. એ જૈત્રસિંહની રાણીનું નામ હીરાદેવી હતું, કે જે બહુ જ રૂપવતી અને સર્વથા પોતાના ઉચ્ચ પદને યોગ્ય જ હતી. કેટલાક કાળ પછી હીરાદેવી ગર્ભવતી થઈ. તેની એ અવસ્થામાંની વાસનાઓથી ગર્ભસ્થિત જીવની પ્રવૃત્તિ અને મહત્તાના આભાસનો પરિચય મળી શકતો હતો. કોઈ કોઈવાર હીરાદેવીને મુસલ્માનોના રક્તથી સ્નાન કરવાની ઇચ્છા થઈ આવતી હતી. પોતાથી બની શકે ત્યાં લગી તેનો પતિ તેની સર્વે અભિલાષાઓને પૂર્ણ કરતો હતો. અતે શુભ ઘટિકામાં તે રાણીએ એક પુત્રરત્નને જન્મ આપ્યો. એ પુત્રના જન્મોત્સવ સમયે પૃથ્વીની દશે દિશાઓએ અપૂર્વ શોભા ધારણ કરી, સુખદ સમીરનું વહન થવા લાગ્યુ; નભોમડળ નિર્મળ થયું અને સૂર્ય મૃદુલતાથી ચમકવા લાગ્યો. રાજાએ બ્રાહ્મણોના શિરપર સુવર્ણ-મુદ્રાની વૃષ્ટિ વર્ષાવીને, દેવતાઓની વદના કરીને અને દીનજનોને યથેચ્છ દાન આપીને પોતાનો આનન્દ પ્રદર્શિત કર્યો. જ્યોતિર્વિદોએ બાળકના મુહૂર્ત્તસ્થાન અથવા જન્મસ્થાનમા પડેલા શુભ ગ્રહોના શુભ યોગનો વિચાર કરીને એવી ભવિષ્યવાણી કરી કે; "એ રાજપુત્ર સમસ્ત પૃથ્વીને પોતાના દેશના શત્રુ મુસલ્માનોના રક્તથી અભિષિક્ત કરશે." એ યુવરાજનુ નામ 'હમ્મીરદેવ' રાખવામાં આવ્યું. હમ્મીર જેમજેમ વયમાં મોટો થતો ગયો, તેમ તેમ તે એક સુન્દર અને બળવાન્ બાળક થતો ગયો. તેણે બહુ જ શીઘ્રતાથી સર્વે કળાઓનો અભ્યાસ કરી લીધો અને ક્ષત્રિયોચિત યુદ્ધવિદ્યામાં પણ મહા નિપુણતા પ્રાપ્ત કરી લીધી.

જૈત્રસિંહના સુરત્રાણ અને વિરામ નામના બે બીજા પુત્રો પણ હતા, અને તેઓ મહાયોધા હતા. 'પુત્રો હવે મને રાજ્યકાર્યના ભારથી મુક્ત કરવા યોગ્ય થયા છે,' એમ જાણીને જૈત્રસિંહે એક દિવસ હમ્મીર સાથે એ વિષયની વાતચીત કરી અને એક રાજાએ કેવા પ્રકારનું વર્ત્તન રાખવું જોઈએ, એ વિષયનો યોગ્ય ઉપદેશ આપીને તેણે સંવત્ ૧૩૩૦ એટલે કે ઈ. સ. ૧૨૮૩ માં રાજ્યનો ભાર હમ્મીરદેવના શિરપર

નાખી દીધા અને પોતે વાનપ્રસ્થ થઇને વનવાસ ભોગવવામાટે ત્યાંથી પ્રયાણ કર્યું.¹

૭ ગુણ અને ત્રણ શક્તિઓથી સંપન્ન થઇને હમ્મીરે યુદ્ધના હેતુથી પ્રસ્થાન કરવાનો સંકલ્પ કર્યો. સર્વેથી પ્રથમ તે રાજા અર્જુનની રાજધાની સરસપુરમાં ગયો. એ સ્થળે એક યુદ્ધ થયું અને રણમાં રાજા અર્જુન પરાજિત થઇને હમ્મીરદેવને આધીન થયો. એ પછી હમ્મીરે ગઢમડળાપર આક્રમણ કર્યું અને ત્યાંના રાજાએ કર આપીને પોતાની રક્ષા કરી લીધી. ગઢમડળાથી હમ્મીર ધાર તરફ આગળ વધ્યો. ધારમાં ભોજ નામનો એક રાજા રાજ્ય કરતો હતો અને તે પોતાના નામધારી પૂર્વ ભોજરાજા જેવો જ દાની અને કવિ જનોનો આશ્રયદાતા મિત્ર હતો. એ ભોજરાજાને પરાજિત કરીને હમ્મીરની સેના ઉજ્જયિનીમા આવી લાગી, અને ત્યાં તેના સૈનિક, હાથી, ઘોડા અને મનુષ્યોએ ક્ષિપ્રા નદીના પવિત્ર જળમાં સ્નાન કર્યું રાજાએ પણ એ સરિતામાં શરીર શુદ્ધિ કરીને મહાકાળેશ્વરના શિવાલયમાં જઇને જ્યોતિર્લિંગની આસ્થાથી પૂજા કરી એ પછી તેઓ મોટા સમારંભથી તે પ્રાચીન નગરીના પ્રધાન માર્ગોમાં થઈને નીકળ્યા, અને ત્યાંથી હમ્મીરદેવ પોતાના પ્રચંડ સૈન્ય સહિત ચિત્રકોટ (ચિત્તોડ) તરફ વધ્યો અને મેવાડને ઉજ્જડ કરતો આબુ પર્વતપર ગયો.

હમ્મીર પોતે વેદનો અનુયાયી હોવા છતાં તેણે ત્યાના મંદિરમાં—જૈન મંદિરમાં—ઋષભદેવની પૂજા કરી, કારણ કે, મહાનુભાવ અને ઉદારાત્મા પુરુષો વિરોધસૂચક ધાર્મિક ભેદભાવ રાખતા જ નથી વસ્તુપાલના સ્તુતિપાઠના સમયમાં પણ રાજા પોતે ઉપસ્થિત હતો. તે કેટલાક દિવસ સૂધી વસિષ્ઠના કુટીરમા રહ્યો અને મન્દાકિનીમા સ્નાન કરીને તેણે અચલેશ્વરની આરાધના કરી અહીં અર્જુનની કૃતિઓનુ અવલોકન કરીને તે બહુ જ આશ્ચર્યચકિત થયો હતો. આબૂનો રાજા એક વિખ્યાત રણશૂર યોધ્ધા હતો, પરતુ તેના બળનો આ અવસરે કશો પણ ઉપયોગ થઈ શક્યો નહિ, એટલે તે પણ હમ્મીરને આધીન થયો.

આબૂના પ્રદેશમાથી નીકળ્યા પછી રાજા વર્ધનપુરમા આવ્યો અને તે નગરની લૂટ કરીને તેણે નાશ કર્યો. ચગાની પણ એ જ દશા થઈ. એ સ્થાનને છોડી અજમેરના માર્ગથી હમ્મીર પુષ્કર તીર્થમાં ગયો અને ત્યા

---

¹ "ततश्च सवन्नववह्निवह्नि-भूह्वायन माधवलक्षपक्षे ।
पौष्यां तिथौ हेलिदिने सपुष्ये देवज्ञनिर्दिष्टबलेऽक्लिमे "॥
"हम्मीर महाकाव्यम्" सर्ग ८, श्लोक ५६.

તેણે આદિવરાહની આરાધના કરી. પુષ્કર તીર્થથી એ ભૂપાળ શાકમ્ભરીમાં ગયો અને માર્ગમા મરહટા*, ખંડિલ્લા, ચમદ્દા અને કાંકરોલી ઇત્યાદિ સ્થાનોમાં લૂટ ચલાવતો ગયો. કાંકરોલીમાં ત્રિભુવનેન્દ્ર તેને મળવામાટે આવ્યા હતા અને બહુ અમૂલ્ય ઉપહારો લાવ્યા હતા.

એ સર્વ મહત્ અને ગૌરવવર્ધક કાર્યોને સંપૂર્ણ કરીને હમ્મીરદેવ યશોભાગી થઈ પાછો પોતાની રાજધાનીમા આવી પહોચ્યો. રાજાના આગમનથી રાજધાનીમા ઘણી જ ધામધૂમ થવા લાગી. રાજ્યના સર્વ મોટામોટા કર્મચારીઓ અને અધિકારીઓ ધર્મસિહ સાથે દલબદ્ધ થઇને પોતાના વિજયી રાજાને માનપૂર્વક નગરમાં લાવવાના હેતુથી સામૈયું કરીને નગરના દ્વારમાથી બહારના ભાગમાં આવ્યા. માર્ગની બન્ને બાજૂએ પ્રેમી પ્રજાજનો પોતાના રાજાના દર્શનમાટે આતુર થઇને ઊભા હતા. નગરની નારીઓએ રાજાને પુષ્પ અને મુક્તાફળથી વધાવી લીધો.

એ ઘટનાને કેટલાક દિવસ વીતી જવાપછી એક દિવસ હમ્મીરદેવ પોતાના વિશ્વરૂપ નામક પૂજ્ય રાજગુરુને બોલાવીને એવો પ્રશ્ન પૂછયો કે,–" મનુષ્યને કોટિયજ્ઞ કરવાનુ ફળ શુ મળે છે વારુ?" એના ઉત્તરમા ગુરુ વિશ્વરૂપે જણાવ્યું કે, 'મહારાજાધિરાજ! એ યજ્ઞની પૂર્ણાહુતિ કરનારને અવિચલ સ્વર્ગલોકની પ્રાપ્તિ થાય છે." એ ઉત્તર સાંભળીને રાજાએ કોટિયજ્ઞની તૈયારી કરવામાટેની પોતાના કર્મચારીઓને આજ્ઞા આપી દીધી. અલ્પ કાળમાં જ દેશના સર્વ ભાગોમાથી વિદ્વાન્ બ્રાહ્મણોને બોલાવવામા આવ્યા અને પવિત્ર શાસ્ત્રોમા લખાયલાં વિધાનોને અનુસરીને યજ્ઞની પરિસમાપ્તિ કરવામાં આવી. બ્રાહ્મણોને યથેચ્છ ભોજન કરાવીને બહુ ભારી દક્ષિણા આપીને સન્તુષ્ટ કર્યા અને ત પછી રાજાએ એક માસને માટે મુનિવ્રત ધારણ કર્યું.

હમ્મીરદેવે રાજચિહ્ન–છત્ર, ચામર અને મુકુટ–ધારણ કરવા પછી સર્વથી વિશેષ ગૌરવવર્ધક અને અચલ કીર્તિકારક કાર્ય કર્યું તે એ હતુ કે, રણથંભોરના જૈત્રસિંહ સુધીના રાજાઓ જ્યારથી દિલ્લીમાં મુસલ્માનોના સાર્વભૌમત્વની સ્થાપના થઈ ત્યારથી મુસલ્માન બાદશાહોને ખંડણી આપતા હતા, તે એણે બંધ કરી. આપણે એ તો જાણી જ ચૂકયા છીએ કે, હમ્મીરદેવના ગર્ભવાસ વેળાએ તેની માતા હીરાદેવીની વારવાર મુસલ્માનોના રક્તથી સ્નાન કરવાની ઇચ્છા થઈ આવતી હતી, એટલે એથી એ તો

---

* પુષ્કર તીર્થથી શાકમ્ભરી જવાના માર્ગમા 'મરહટા' નામનું કોઈ પણ નગર નથી કે જેને હમ્મીરની સેનાએ લૂટયુ હોય, મેવાડની સીમા પર 'મેડાત' નામનું એક નગર છે, એટલે કવિએ ભૂલથી આ નામ લખ્યુ હોય તો તેમ થવું સંભવિત છે.

સ્વાભાવિક જ સિદ્ધ થાય છે કે, તે શૂર ક્ષત્રિયનારીનો વિધર્મીય મુસલ્માનો તરફ પૂરે પૂરો તિરસ્કાર અને ધિક્કાર હતો. માતાનો એ ગુણ પુત્રના અંગમાં પણ પૂરેપૂરો ઊતર્યો હતો. હમ્મીરદેવના હૃદયમાં પણ બાલ્યાવસ્થાથી જ મુસલ્માનોને દેખતાં જ તિરસ્કાર ઉત્પન્ન થતો હતો અને તેમના નામશ્રવણથી પણ તેને ધિક્કાર વધ્યા કરતો હતો; એનું કારણ એ હતું કે, તે સમયના મુસલ્માનો હિન્દુ પ્રજાપર કેટલાક અસહ્ય અને ન વર્ણવી શકાય તેવા અત્યાચારો કરતા હતા. જ્યાં સુધી તે બાળક હતો અને પિતાની આજ્ઞાને આધીન હતો ત્યાં સુધી તો તે કાંઈ પણ બોલ્યો નહિ, પણ પોતે રાજ્યનો સ્વતંત્ર સ્વામી થતાની સાથે જ તેણે એ ખંડણી આપવાની સાફ ના પાડી દીધી અને પોતાને સ્વતંત્ર રાજાના નામથી ઓળખાવવા લાગ્યો, એટલું જ નહિ પણ જે બીજા કેટલાક રાજાઓ અલાઉદ્દીનને વાર્ષિક ખંડણી ભરતા હતા, તેમને જિતી લઈ તેમના સંરક્ષણનો ભાર પોતાના શિરપર ઊપાડી લઈને તેમની પાસેથી સાર્વભૌમ રાજા તરીકે તે પોતે જ ખંડણી લેવા લાગ્યો. આ છેડથી સુલ્તાન અલાઉદ્દીન હમ્મીરપર કોપાયલો તો હતો જ, એટલામાં બીજો એક એવો બનાવ બન્યો કે, જેથી સુલ્તાનના કોપાગ્નિમાં ઘૃત હોમાયું અને તેમાંથી જે ભયંકર જ્વાળા નીકળી, તેણે લક્ષાવધિ મુસલ્માનોનો અને સહસ્રાવધિ હિન્દુ યોધાઓનો નાશ કરી નાખ્યો. આ નવલકથામાં એ જ વિનાશકારિણી ઘટનાનું ચિત્ર સંપૂર્ણ રીતે આલેખવામાં આવ્યું છે, એટલે આ સ્થળે જ એના ઉલ્લેખની આવશ્યકતા નથી. વાર્ત્તાના વાચનમાં આગળ વધતાં પોતાની મેળે જ એનું સ્પષ્ટીકરણ થતું જશે.

હવે પુનઃ આપણે આપણી વાર્ત્તાના અનુસંધાનમાં આગળ ચાલવું જોઈએ.

## સપ્તમ પરિચ્છેદ

### પ્રેમિપ્રવાસિયુગ્મ

પંચમ પરિચ્છેદમાં વર્ણવેલી ઘટનાને લગભગ ત્રણ માસ જેટલો સમય વ્યતીત થઈ આવ્યો હતો. મીર મંગોલ મરહટ્ટી બેગમને કારાગૃહમાંથી મુક્ત કરી દિલ્લીમાંથી નીકળ્યા પછી અનેક મુસલ્માન નવાબો, જાગીરદારો અને સરદારો તથા મેવાડના અને મારવાડના હિન્દુ રાજાઓના દરબારમાં આશ્રયમાટે ભટકી ચૂક્યો હતો, પરંતુ તે સુલ્તાન અલાઉદ્દીનના દ્વેષને પાત્ર થએલો હોવાથી અને અલાઉદ્દીન મહા ક્રોધિષ્ઠ તથા ક્રૂર સ્વભાવનો સાર્વભૌમ હોવાથી કોઈએ પણ તેને આશ્રય આપવાનું

સાહસ કર્યું નહિ અને તેથી તેને સર્વત્ર નિરાશ થઇને જ પાછા ફરવાની ફરજ પડી. તે અલાઉદ્દીન સાથેના પોતાના વૈમનસ્યની વાર્તાને છૂપાવાને પણ ક્યાંય પોતાનો પદસચાર કરી શકે એમ ન હોતું; કારણ કે, અલાઉદ્દીને અગમચેતી વાપરીને મીર મંગોલને જે કોઈ પણ આશ્રય આપશે તે શાહના કોપને પાત્ર થશે, એવા આશયનાં પત્રો સર્વ રાજાઓ પર પ્રથમથી જ મોકલી આપ્યા હતાં. સર્વથી અતિમ યાચના તેણે જયપુરના રાજાને કરી હતી, પરન્તુ ત્યાંથી પણ સાધારણ શીતલ ઉત્તર મળવાથી તેની નિરાશાનો પાર રહ્યો નહિ. સારુ થયું કે, પોતા સાથે બેગમના હોવાની વાત તેણે ક્યાંય જાહેર કરી ન હોતી, નહિ તો કોઈ ખુશામદી રાજાએ સુલ્તાનના વ્હાલા થવાની આશાથી અવશ્ય તેને પકડીને કેદ જ કરી લીધો હોત અને લેવાના ઉલટા દેવા થઈ પડત !

શરદૃઋતુનો કેટલાક દિવસથી આરંભ થઈ ચૂક્યો હતો. શીતલતાનો સર્વત્ર પ્રસાર થએલો હોવાથી સૂર્યનાં કિરણો અને અગ્નિની જ્વાળા દાહક હોવા છતાં પણ પ્રિય લાગતાં હતાં. નરનારીઓએ સુશોભિત અને નવુ વસ્ત્રોનો ત્યાગ કરી પોતાનાં શરીરોને શીત વિકારથી રક્ષવામાટે આનન્દપૂર્વક જાડા અને ગરમ વસ્ત્રો ધારણ કરવા માંડ્યાં હતાં. ગ્રીષ્મઋતુમા શાંતિને પ્રાપ્ત થએલો મદન સ્ત્રી પુરુષના શરીરમાં પોતાના પ્રભાવને પ્રવિષ્ટ કરીને તેમને એકતામા લીન થવાનો પાઠ ભણાવતો હતો ઉષ્ણાંગિતાની શિથિલતા અને આલસ્યની મહત્તાનો સર્વત્ર સાધારણતાથી પ્રચાર થએલો પ્રત્યક્ષ જોઈ શકાતો હતો.

પોતાના પ્રિયતમ મંગોલસાથે નિરન્તર પ્રવાસ કરતી મરહટ્ટી બેગમે અદ્યાપિ પોતાના સ્વાભાવિક સ્ત્રીવેશનો સ્વીકાર કર્યો ન હોતો–અત્યાર લગી તે પુરુષવેશમા જ રહી હતી. ઈશ્વરની કૃપાથી અત્યાર સુધીમાં કોઇએ પણ તેને સ્ત્રીતરીકે ઓળખી ન હોતી. જયપુરની ભાગોળે એક ધર્મશાળામાં તેણે પોતાના પ્રિયકર સાથે નિવાસ કર્યો હતો. જો કે દિલ્લીના શાહી જનાનખાના જેવાં સુખો તેને પ્રવાસમાં મળી શકતાં નહોતાં, તોપણ પોતાનો મનનો માન્યો સાથે હોવાથી તે સંતોષમાં રહેતી હતી અને તેથી તેની મુખમુદ્રામા લેશ માત્ર પણ નિસ્તેજતા કે મલિનતાનો આવિર્ભાવ થયો ન હોતો. પ્રવાસમાં વારવાર તેને પોતાના હાથે જ ખીચડી કે રોટલી શાક રાંધવા પડતાં હતાં, પણ દિલ્લીના નાના પ્રકારનાં ભોજનો કરતાં પ્રેમીના સહવાસમાં એ ખીચડી વધારે મિષ્ટ અને સ્વાદિષ્ઠ લાગતી હતી. સારાંશ કે, શુદ્ધ પ્રેમનું જે વિલક્ષણ પરિણામ થવું જોઇએ, તે બેગમના હૃદયમાં પૂરેપૂરું થયું હતું. મંગોલ નગરવિશે માર્ગમાં ખાવા માટેની ચીજો લેવામાટે ગયો હતો અને ધર્મશાળામાં અત્યારે

બીજો કોઈ પ્રવાસી ન હોવાથી બેગમ એકલી જ પોતાના પ્રિયતમના આગમનની માર્ગપ્રતીક્ષા કરતી અને નાના પ્રકારની કલ્પનાઓ કરતી બેઠી હતી એટલામાં મીર મંગોલ ત્યાં આવી લાગ્યો અને બજારમાંથી લાવેલી ચીજોને એક સ્થળે મૂકી ઘોડાને ઘાસ દાણો આપીને બેગમ પાસે આવીને બેઠો. તેના મુખમંડળમાં ચિન્તાની છટાનો પ્રસાર જોઇને બેગમે પ્રેમથી પૃછ્યુ કે;—

"પ્રિયતમ! આજે આપ આટલા બધા ચિન્તાતુર અને શોકગ્રસ્ત કેમ દેખાઓ છો વારુ? જો આપ મને પોતાની પ્રણયભાગિની અને સુખદુઃખવિભાગિની માનતા હો તો પોતાના હૃદયની ગુપ્ત વાર્તા આપે મને જણાવવી જ જોઇએ."

"પ્રાણપ્રિયે! મારા હૃદયની ચિન્તા જાણવાથી તારા હૃદયમાં પણ ચિન્તા ઉત્પન્ન થશે અને તેમ થતાં મારા સંગથી તારુ દુઃખમય થએલુ જીવન વિશેષ દુઃખમય થઈ જશે, એટલા માટે એ વિશે કાંઈ ન બોલવુ એ જ વધારે સારું છે. ખરેખર તારા જેવુ એક અમૂલ્ય સ્ત્રીરત્ન મારા જેવા દુર્ભાગી પુરુષરૂપ લોહની મુદ્રિકામાં જડાવા યોગ્ય ન હોતું. દુર્ભાગીનો સંગ કરનાર પણ દુર્ભાગી બની જાય છે, એ સિદ્ધાંત તારા સબંધમાં અને મારા સબંધમાં અક્ષરે અક્ષર સત્ય થએલો દેખાય છે." મીર મંગોલે અફસોસ કરી પોતાના ભાગ્યને દોષ આપ્યો.

"આશ્ચર્ય! મારા માટે આટલી બધી ચિન્તા!!" બેગમે વિસ્મયથી ઉદ્‌ગાર કાઢ્યો અને વિચારમાં પડી ગઈ.

"હા—તારા માટે, મારા પ્રાણ! તારા માટે. 'ભાગ્યહીનકો હોત નહિ, ભલી વસ્તુ કો ભોગ' એ કવિવચન સત્ય છે. આવી સ્વર્ગીય સુન્દરીને પ્રત્યેક રીતે સુખી રાખવાનાં પૂરતાં સાધનો જેમની પાસે હોય છે, તેમને તારા જેવી સ્ત્રી મળતી નથી અને મને તારી પ્રાપ્તિ થઈ છે, તો તને અંશ માત્ર પણ સુખ આપવાનું સાધન મારી પાસે નથી. બીજુ તો રહ્યું પણ આ શિયાળાની ટાઢ, ઊન્હાળાનો તડકો અને ચોમાસાના વર્ષાદના કષ્ટથી બચીને સુખે બેસવાનું એક સ્થાન પણ મારી પાસે નથી, એ કાંઈ જેવું તેવું દુર્ભાગ્ય કહેવાય કે? તું પુષ્પ છે, પણ તને ગળામાં સ્થાન આપવાને બદલે મેં તને પગતળે ચગદી નાખી છે—વિશેષ અને અનિવાર્ય ખેદ તો મને એ વિષયનો જ થાય છે કે, તારી આ દુર્દશાનો મૂળ હેતુ પણ હું જ થયો છું!" મીર મંગોલે પુનઃ શોક પ્રદર્શિત કર્યો અને તેનાં નેત્રોમાંથી અશ્રુબિન્દુનો પાત થયો.

"પ્રેમી પ્રાણ! આપ આટલો બધો શોક કરીને વિનાકારણ પોતાના હૃદયને દગ્ધ કરો છો. જો મારા મનમાં માત્ર સુખને ભોગવવાની જ

આકાક્ષા હોત, તો જે રાજમહાલયનાં સુખો મને પ્રાપ્ત થયાં હતાં, અનેક દાસીઓ સેવામાં ઉપસ્થિત રહેતી હતી, પાણી માગતાં દૂધ આવતુ હતુ, સપત્તિની સીમા નહોતી અને ખમા ખમા, એ શબ્દો સાંભળતા કાન પણ બ્હેર મારી જતા હતા; તે સર્વ વિલાસોનો જાણી જોઈને હુ ત્યાગ શામાટે કરત વારુ? માત્ર મારુ મન આપપર આસક્ત થયુ અને કેવળ આપના પ્રેમના ઉપભોગની આશાથી જ મેં એ સર્વ સુખોનો ત્યાગ કર્યો છે. ખરી રીતે તો આ બધાં સંકટનુ મૂળ હુ જ છું અને તેથી દોષપાત્ર પણ હુ જ છું—મારા દોષને આપ પોતાના માથાપર વ્હોરી લ્યો છો, એ માત્ર આપની ઉદારતા અને અત કરણની મૃદુતા જ છે. જો મે આપના સગની યાચના ન કરી હોત અને ત્યાર પછી મૂર્ખતાથી એ વાત સુલ્તાનને ન જણાવી દીધી હોત, તો આજે આવો સમય આવત ખરો કે? મારા અપરાધનો આપે જરાપણ વિચાર ન કર્યો અને જે ભોયરામા હુ ઝૂરી ઝૂરીને મરી જવાની હતી, તે ભોયરામાંથી જીવના જોખમે મને કાઢી લાવ્યા અને પ્રેમામૃતનુ પાન કરાવી મારી આશા પૂર્ણ કરી, એ માટે આપનો હુ જેટલો ઉપકાર માનું તેટલો થોડો જ છે. માત્ર આપના વિયોગ વિના બીજાં સર્વ સકટો સહન કરવાને હું તૈયાર છું અને એ જ મારો ધર્મ છે” બેગમે પ્રેમની મહત્તા દર્શાવીને તેના હૃદયને શાંત કરવાનો પ્રયત્ન કરતા કહ્યું.

“જે સમયે મે સાહસ કરીને તને કારાગૃહના બધનથી મુક્ત કરી, તે વેળાએ મારા મનમાં એવી પૂર્ણ આશા હતી કે, અવશ્ય મને કોઈ રાજાના દરબારમા આશ્રય મળશે અને આપણે આપણી જિન્દગાની સુખમા વીતાડીશું. પણ અલાઉદ્દીને સર્વત્ર મને આશ્રય ન આપવામાટેનો હુકમ ફેરવી દીધેલો હોવાથી અને ઘણાખરા રાજાઓ સુલ્તાનના નામ માત્રથી પણ કંપતા હોવાથી મને કયાંય પણ આશ્રય મળ્યો નથી અને ભવિષ્યમાં મળશે કે નહિ એની પણ શકા છે. ભાગ્ય આવા રગનુ દર્શન કરાવતું હોવાથી મારો તો એવો જ વિચાર થાય છે કે, તને કોઈ એક સ્થાનમાં મૂકીને હુ એકલો જ પ્રવાસ કરુ અને જ્યારે કયાંય પગ મૂકવાનું સ્થળ મળે ત્યારે તને પણ ત્યાં લઈ જાઉ.” મીર મંગોલે વળી પણ વધારે અને વધારે નિરાશા બતાવીને કહ્યુ.

“પ્રાણસખા! હું મૂળ તો એક મરાઠા રાજપૂતની જ કન્યા છું અને તેથી અદ્યાપિ મારા મનમાં રાજપૂતોમાટે અભિમાન હોય એ સર્વથા સ્વાભાવિક જ છે, જે રાજપૂતોની કીર્તિનો સુવાસ સમસ્ત સૃષ્ટિમાં પ્રસરેલો છે અને જેમની ઉદારતા, શૂરતા તથા સાહસિકતાનાં શત્રુઓ પણ ગુણગાન ગાય છે; તે રાજપૂતોમાંથી શું હવે એક પણ એવો રાજા અત-

શિષ્ટ રહ્યો નથી કે, જે અલાઉદ્દીનથી જરાપણ ભયભીત થતો ન હોય અને આપણને આનંદથી આશ્રય આપે ? નાથ ! હજી પૃથ્વી નિ ક્ષત્રીયા થઈ નથી, અવશ્ય એવો કોઈ એકાદ માઇનો પૂત તો હોવાનો જ જો વિશ્વમાં સર્વત્ર નિરાશા જ વ્યાપેલી હોય તો પછી આશા શબ્દની સાર્થકતા જ શી ?" બેગમે પુન. તેની આશાને જાગૃત કરવાનો યત્ન કરીને કહ્યું

મીર મંગોલના ચિન્તા અને નિરાશાથી બળતા હૃદયમાં આ આશ્વાસનરૂપ વચનામૃતનું સિંચન થવાથી કાંઇક શાંતિનો સંચાર થયો અને તેથી કેટલીકવાર સુધી વિચાર કરીને તે કાંઇક પુલકિત વદનથી કહેવા લાગ્યો કે,–" પ્રાણપ્રિયે ! અત્યારે આ સકળ રાજસ્થાનમાં સુલ્તાન અલાઉદ્દીન સાથે પ્રકટ વૈર ભાવ ધરાવનાર જો કોઇપણ રાજપૂત રાજા હોય, તો તે રણથંભોરનો રાજા હમ્મીરદેવ જ છે એણે રાજમુકુટ ધારણ કરવા પછી સુલ્તાનની પરાધીનતાનો અસ્વીકાર કર્યો છે અને ખંડણી આપવાનુ પણ બંધ કર્યું છે. એટલે જો એ રાજા આપણને આશ્રય આપે તો તેમા વિશેષ આશ્ચર્ય જેવું નથી, પરતુ જો એ સ્થળે પણ નિરાશા મળે, તો પછી હિન્દુસ્તાનમા આપણામાટે બીજુ એક પણ સ્થાન નથી હવે જેવી તારી સલાહ–તું કહે તે પ્રમાણે કરવાને હુ તૈયાર છું."

"હું એક અલ્પ બુદ્ધિની અબળા હોવાથી આપના જેવા રાજનીતિજ્ઞ અને પ્રપંચકુશળ પુરુષને ઉપદેશ આપવાની યોગ્યતા મારામા નથી. તોપણ મારો તો એવો જ અભિપ્રાય છે કે, અલ્લાહપર આધાર રાખીને શુભ ઇચ્છાથી રણથંભોર તરફ ચાલો–મારી મનોદેવતા મને એમ કહે છે કે, ત્યાં અવશ્ય આપણો સત્કાર થશે અને આપણને આશ્રય પણ મળી શકશે. હમ્મીરદેવ શૂરવીર પુરુષરૂપ હીરાઓનો પોતે ઝવેરી હોવાથી સારી પરીક્ષા કરી શકે છે, એ વાર્ત્તા મારા સાંભળવામાં પણ આવી ચૂકી છે. પરંતુ ધારો કે, આપણને કદાચિત્ એ સ્થળે પણ વિશ્રામ ન મળી શકયો, તો પછી આપણે હિન્દુસ્તાનને છોડીને બીજા કોઈ દેશમા ચાલ્યા જઇશું અને ત્યાં અલાઉદ્દીનની સત્તા ન હોવાથી સુખમાં જીવનના દિવસો વીતાડી શકીશું." બેગમે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો

"પણ બીજી લાચારી એ છે કે, જો હિન્દુસ્તાનને છોડી બીજા દેશમાં જવાનો જ પ્રસંગ આવી લાગે, તો ત્યાં પહોંચવા જેટલી વાટખર્ચી અને ત્યાર પછી ત્યાં નિર્વાહ કરવા જેટલી પૂંજી મારીપાસે નથી. ઘેરથી હું કાંઈ પણ સાથે લઈ શકયો નથી. ખુદાએ ચારે તરફથી મને ભીડમાં સપડાવી દીધો છે." મીર મંગોલે એક બીજી મુશ્કેલી ખુલ્લી કરી બતાવી.

"એ માટે પણ ચિન્તા કરવાનું પ્રયોજન નથી. મારા ગળામાનો હીરાનો હાર ભૂલથી મને કેદ કરતી વેળાએ ઊતારી લેવામાં આવ્યો ન

હતો તે હીરાનો હાર મેં જાળવી રાખ્યો છે અને તેની કીંમત દોઢથી બે લાખ રૂપિયાની છે; એટલે એને વેચીને આપણા આયુષ્યના દિવસો આપણે ગમે તે દેશમાં અમીરી ઠાઠથી વીતાડી શકીશુ. મારું તન, મન અને ધન મેં આપનાં ચરણોમાં અર્પણ કરી દીધુ છે, એટલે એ મિલ્કત પણ આપની છે. સંકોચને હૃદયમાં સ્થાન ન આપશો." એમ કહીને બેગમે તે હાર ઊતારી મંગોલના હાથમાં આપ્યો મંગોલે પાછો તે હાર તેના ગળામાં પહેરાવીને આનંદપૂર્વક કહ્યું કે,—

"બેગમ! બસ—આજે તારી પરીક્ષા લેતાં તુ ઉત્તીર્ણ થઈ છે; મારા મનમા જે કેટલીક શંકાઓ હતી તે જતી રહી છે તારા જ્યારે આવા દૃઢ વિચારો છે, તો પછી આપણે જે ધારીશું તે કરી શકીશું. ચાલો ત્યારે આપણે હવે અત્યારે જ રણથંભોર તરફ પ્રયાણ કરીએ;—

'હો તેરેસી બીબી ભલા જિસ્કે મકાનમેં;
વો કામયાબ ક્યોં ન હો દોનોં જહાનમેં?"

એ પ્રમાણે બોલી થોડુંક ખાઈ જલપાન કરીને મીર મંગોલ ઘોડાઓપર જીન કસીને મુસાફરી માટેની તૈયારી કરવાના કામમા રોકાયો.

અશ્વોને સુસજ્જિત કરી પોતાનો થોડો ઘણો સામાન તેમનાપર ગોઠવી લઈને મંગોલ અને બેગમ અશ્વારોહણ કરવાની તૈયારીમાં હતા, એટલામાં ધર્મશાળાના બાહ્ય દ્વારપાસે એક ઘોડેસ્વાર સિપાહી આવીને ઉભો રહ્યો અને તે ઘોડાને રોકી ધર્મશાળામાં દૃષ્ટિપાત કરી જોવા લાગ્યો. તેણે મીર મંગોલને જોઈને સવાલ કર્યો કે;—"ભાઈ! આ મુસાફિરખાનામા કોઈ મુસલ્માન સરદાર અને તેની બેગમ ઊતરેલા છે કે?"

"તે મુસલમાન સરદારનું કાંઈ નામ?" મીર મંગોલે વિસ્મિતતાથી સ્હામો સવાલ કર્યો.

"નામ મીર મંગોલ અને તે તમે પોતે જ" એમ કહીને તે ઘોડેસ્વાર ઘોડાપરથી નીચે ઊતર્યો અને ઘોડાને અંદર લાવી મીર મંગોલને સલામ કરી ઊભો રહ્યો.

"કોણ દિલાવરખાન? તું અહીં ક્યાંથી? છે તો સર્વે કુશળ ને?" તે ઘોડેસ્વારને ઓળખીને મંગોલે પૂછ્યું.

"હું અહીં વ્હેલો આવી લાગ્યો એ કુશળ છે, પણ થોડા વખતમાં કદાચિત્ અકુશળતા થાય એવો સંભવ છે." દિલાવરખાને કિંચિત્ ભયનું દર્શન કરાવ્યું.

"એટલે?" મંગોલે સંશયથી પ્રશ્ન કર્યો.

"એટલે એ કે, આપને દિલ્લી છોડ્યાને લગભગ ત્રણ માસ થયા. ત્યારપછી બે માસ સુધી તો બેગમના પલાયનની વાત મુરાદના મૌન્યવ્રતથી અંધારામા રહી. પણ લગભગ એક મહિનાપર સુલ્તાનની બેગમને જોવાની અને જો તે માફી માગે તો તેને પાછી જનાનખાનામાં દાખલ કરવાની ઇચ્છા થતા મુરાદને તેણે બેગમને પોતા સમક્ષ લાવી હાજર કરવાની આજ્ઞા આપી. મુરાદ ગભરાયો એટલે પ્રથમ તો તેણે બેગમના મરી જવાની ખોટી વાત કહીને પોતાપર આવેલી આફતને ટાળવાની કોશિશ કરી, પણ સુલ્તાનને શક પડવાથી તે પોતે ભોંયરામા ગયો અને ત્યાં બેગમના મડદાને ન જોવાથી તેમ જ જો મડદુ સડી ગયું હોય તો તેનાં હાડકાં વગેરે હોવાં જોઇએ તેપણ ન હોવાથી મુરાદને તેણે શારીરિક યાતનાઓ આપી અને તેથી અંતે ખાજાસરા મુરાદે બેગમના અચાનક તે જ દિવસે ગુમ થવાની વાત કબૂલ કરી મુરાદને કત્લ કરવાનો હુકમ ફર્માવીને સુલ્તાને સિપાહીઓની એક ટુકડીને આપની સાથે બેગમને પણ પકડી લાવવામાટે રવાના કરી દીધી અને તે ટુકડીમાં મારી પણ યોજના કરવામાં આવેલી હોવાથી મને પણ આજે દિલ્લી છોડ્યાને એક મહિનો થયો. અમે રાજસ્થાનમાંનાં સર્વ રાજ્યોની રાજધાનીઓમાં, ગામડાંમાં અને જગલોમાં આપનો શોધ કર્યો, પણ અમને ક્યાય આપનો પત્તો મળી શક્યો નહિ. આજે અચાનક આપનો મેળાપ થયો." દિલાવરખાને પોતાના આવવાનું કારણ કહી સભળાવ્યુ.

"ત્યારે શું તુ અમને પકડીને કેદ કરી લઈ જવામાટે જ અહી આવ્યો છે?" મંગોલે સંશયગ્રસ્ત મુદ્રાથી પૂછ્યું.

"હું અને આપને કેદ કરવામાટે આવું, એ બની જ કેમ શકે?" દિલાવરખાને કૃતજ્ઞતાથી કહ્યું.

"તારા બીજા સાથીઓ ક્યાં છે? તું અહી એકલો જ કેમ આવી શક્યો?" મંગોલે બીજો પ્રશ્ન કર્યો.

"અમે દિલ્લી છોડ્યા પછી રાજપૂતાનામાં દાખલ થયા ત્યારથી મે એવો જ ક્રમ રાખ્યો છે કે, બીજા બધા સિપાહીઓને એક ગામમા છોડી પછીથી તરત જે ગામમાં જવાનુ હોય ત્યાં ખાવાપીવાની આગળથી વ્યવસ્થા કરી રાખવાના નિમિત્તથી હું બધાથી પહેલો જ દરેક ગામમા આવી પહોંચું છું—એમાં મારો ગુપ્ત હેતુ એ જ હોય છે કે, કદાચિત્ તમે કોઈ સ્થળે મળી જાઓ, તો તમને ત્યાંથી સૂચના આપીને ન્હાસાડી શકાય. આજે મારા એ હેતુની સિદ્ધિ થઈ છે. મારા સાથીઓ અહીંથી દશબાર ગાઉપરના એક ગામડામાં બપોરે જમીને હુક્કા પાણીનો સ્વાદ લેવામાટે રોકાયલા છે—તેઓ લગભગ સૂર્યાસ્ત સમયે અહીં આવી લાગશે. એટલા

માટે આપને મારો એ ઉપદેશ છે કે, આપ બેગમને લઇને આ ક્ષણે જ અહીંથી પલાયન કરી જાઓ. અમે આજની રાત આ ધર્મશાળામાં જ ખેંચી કાઢીશું અને તેટલા સમયમાં તો આપ ઘણા દૂર નીકળી જશો." દિલાવરખાને અંતઃસ્થ હેતુનો સ્ફોટ કરીને સલાહ આપી.

"દિલાવરખાન ! અફીણનો અમલ ઊતરવાની સાથે અફીણી અને અમલદારની કીમત એક કોડીની થઈ જાય છે અને પછી તેને કોઇપણ માન આપતું નથી. હું તારો એક વખતમાં અમલદાર હતો પણ અત્યારે બાદશાહનો દુશ્મન છું-જો તું ધારે તો મને ફસાવીને સુલ્તાનના હાથમાં આપી મોટું ઇનામ અને મોટી પદવી મેળવી શકે એમ છે, છતા એ લાભને તુચ્છ ગણી એક ઈમાનથી મારા લાભમાટે મથ્યા કરે છે, એ તારો મારાપર કેટલો બધો ઉપકાર ! એ ઉપકારને શબ્દોદ્વારા વ્યક્ત કરવાની મારી જિહ્વામાં શક્તિ નથી. હું તો અત્યારે મુફલિસ છું, પણ ખુદાવન્દે કરીમ તને તારી એ ભલાઇનો બદલો નક્કી આપશે જ." મીર મંગોલે ખરા અંતઃકરણથી દિલાવરખાનનો આભાર માન્યો.

'મારા સરદાર ! સારા સમયના સગી તો સર્વ હોય છે, પણ ખરો દોસ્ત તો તે જ છે કે, જે બુરા વખતમાં પણ કામ લાગે અને પોતાની વફાદારીને જાળવી રાખે. આપે પોતાની અમલદારીના વખતમાં મારા-પર જે જે મેહરબાનીઓ કરી છે અને મને સારે દરજ્જે ચઢાવ્યો છે, તે આપના આભારોને હુ ભૂલી ગયો નથી. મેં આપની ભલાઈમાટે જે કાંઈ પણ કર્યું છે તે ફક્ત મારી ફરજ બજાવી છે. આપની આંખોમાં હું સારો દેખાઉં છું, એ જ મારી ભલાઇનો બદલો બીજા બધી જાતના બદ-લાઓ કરતાં વધારે કીમતી છે, એવો મારો અભિપ્રાય છે. મારો એહ-સાન માનીને મને શર્મશાર ન બનાવો." દિલાવરખાને લાગણીના એ શબ્દો ઉચ્ચારીને પોતાની કૃતજ્ઞતાનું સ્પષ્ટતાથી દર્શન કરાવ્યું.

દિલાવરખાન થાકેલો પાકેલો આવ્યો હતો, એટલે બેગમના કહે-વાથી મંગોલે કાંઇક ખાવાનુ આપ્યું અને મશકમાથી પાણી પાયુ. દિલાવરખાનની ક્ષુધા શાંત થઈ અને કેટલેક અંશે તેનો થાક પણ ઊતરી ગયો. ઘોડાને તેણે છાંયડામાં બાંધી દીધો અને એક સ્થળે પથારી પાથ-રીને ધર્મશાળામાં તેણે ઊતારો કર્યો. દિવસના ચતુર્થ પ્રહરનો આરંભ થઈ ચૂક્યો હતો, પણ સંધ્યાકાળ થવામાં હજી ઘણો અવકાશ હતો. દિલાવરખાનની રજા લઇને મીર મંગોલ અને બેગમ અશ્વારૂઢ થયાં અને જવાની તૈયારી કરવા લાગ્યાં.

"પાછા આપણે કોણ જાણે કયારે મળીશું !" દિલાવરખાને વિયો-ગથી થતા શોકને પ્રદર્શિત કરીને કહ્યું.

" જ્યારે ખુદા મેળવશે ત્યારે." મંગોલે નિઃશ્વાસ નાખીને કહ્યું

"ત્યારે અત્યારે તો સલામવાલેકુમ." દિલાવરખાન બોલ્યો.

" વાલેકુમસ્સલામ." મંગોલે કહ્યું.

" પધારો–ખુદા હાફિજ઼ !" દિલાવરખાને શુભ ઇચ્છા દર્શાવી

તરત ત્યાંથી મંગોલ અને બેગમ પોતાના ઘોડાઓને એડી મારી દોડાવીને વાયુના વેગે ચાલ્યાં ગયાં. દિલાવરખાન પણ બહાર આવીને ઊભો હતો–તેઓ જ્યારે દૃષ્ટિથી અદૃશ્ય થયાં ત્યારે તે પાછો ધર્મશાળામાં આવ્યો અને આરામ લેવામાટે નિદ્રાવશ થઈ ગયો. થોડીવાર પછી કાંઈક ગડબડાટ થવાથી તેની ઊંઘ ઉડી ગઈ અને જુએ છે તો ત્યાં એક નૃત્ય અને ગાયનથી ઉપજીવિકા કરનારી કળાવતી ( તવાયફ઼ ) એ પોતાના સાજિન્દાઓ સાથે ઊતારો કરેલો તેના જોવામાં આવ્યો. એ ગણિકા ઘણુ જ દેખાવડી અને તરુણ હતી. દિલાવરખાનના મનમાં એક પ્રપંચ રચવાનો વિચાર આવ્યો અને તે ઉત્સુકતાથી પોતાના સાથીઓના આવવાની વાટ જોવા લાગ્યો.

બરાબર દીવાબત્તી વખતે દિલાવરખાનના બીજા ચોવીસ સાથીઓની ટુકડી ત્યાં આવી લાગી પ્રથમ તો પોતપોતાના ઘોડાઓને બાંધી ઘાસ ચારો આપી માલિશ કરીને તેમણે ખાવાપીવાની વ્યવસ્થા કરી લીધી અને ત્યાર પછી હુક્કો ભરી ગપાટા હાકવાનો તેમનો વ્યવસાય ચાલૂ થયો. દિલાવરખાનનો રાતે બધાને ત્યાં જ રોકી રાખવાનો વિચાર હોવાથી તેણે સર્વને પ્રાર્થના કરીને કહ્યું કે;–"ભાઇઓ ! આજે ત્રણ ત્રણ માસથી ગામગામ અને નગરેનગર ભટકતા આપણો તો આટો જ નીકળી ગયો છે, દિવસે આરામ નથી અને રાતે ઊંઘ નથી. આજે આ ધર્મશાળામાં એક તવાયફ઼ ઊતરી છે તો અત્યારે નાચ ગાનાનો રંગ ચલાવીએ અને દિલ બહેલાવીએ તો શું ખોટું છે ?"

" ભલે ત્યારે બધાનો વિચાર હોય તો એમ. કાલે સવારમાં સફર કરીશું." જમાદારે હુક્કાનો ધૂમાડો કાઢીને વિચાર દર્શાવ્યો.

સિપાહીભાઇઓનો મજમો એટલે પૂછવું જ શું હોય–એક બોલ્યો કે બધા બોલી ઊઠ્યા "ભલે થઈ જાય !" ગણિકાને બોલાવીને વચ્ચે બેસાડી અને પોતે બધા નવ્વાબજાદા પ્રમાણે અકડીને આસપાસ બેસી ગયા. સારંગી અને તબલાંની મિલાવટ થવા પછી અજમેરની તે નનોજાને નીચે પ્રમાણે ગાવાની હાવભાવ સાથે શરુઆત કરી;—

**ગજલ.**

"મેરા ઘર કહાં ઉન્કે આનેકે કાબિલ;
બુલાઉં અગર હો બુલાનેકે કાબિલ-
કભી બોસા માંગા દહનકા તો બોલે;
ચલો તુમ નહીં મુંહ લગાનેકે કાબિલ-
ગરજ દહરસે હય ન કાબેસે હમકો;
કે સર હય તેરે આસ્તાનેકે કાબિલ-
હંસા મયં તો હંસકર કહા ઉસને મુઝસે,
હુવે આપ ભી મુસ્કુરાનેકે કાબિલ-
જનાજેપે મેરે કહા સબને ઉન્સે,
મસીહા હો તુમ, યે જિલાનેકે કાબિલ-
કહા ઉસને કુછ સોચ કર અપને દિલમેં;
યે દિલ્લા નહીં હય જગાનેકે કાબિલ-
કહા કુછ જો મયંને તો બોલે વો સફદર;
હુવે તુમ ભી બાતેં બનાનેકે કાબિલ-

(સફદર)

ગાના બજાનાની મોજમજાહમા રાત વીતી ગઈ. સિપાહીઓને આનંદ મળ્યો અને નજીબાજનને રસ્તે ચાલતા પાચ રૂપિયાની પેદાશ થઈ દિવસનો થાક અને રાતનો ઉજાગરો હોવાથી સિપાહીભાઈઓ બીજા દિવસના મધ્યાન્હ સુધી ઊંઘની જ સેવા કરતા પડી રહ્યા અને ત્યાર પછી બધાનો એવો વિચાર થયો કે, 'શિયાળાની રાત હોવાથી ટાઢ બહુ વાય છે એટલા માટે આવતી કાલે પ્રભાતમાં જ પ્રયાણ કરીશું' દિલાવરખાનને તો એટલુ જ જોઈતુ હતું. તેમના બે દિવસ નકામા ગયા અને મંગોલ તથા બેગમ પોતાના વારેલા સ્થાને સુખરૂપ પહોંચી ગયાં ત્રીજે દિવસે પ્રભાતમા સિપાહીમંડળમાં એ વિચાર ચાલ્યો કે,—"હવે બાદશાહના ચોરોનો શોધ ક્યા ચલાવવો?" સર્વાનુમતિથી રણથંભાર તરફ જવાનુ નક્કી થયુ અને તેઓ ઘોડા પલાણીને પોતાના નિશ્ચય પ્રમાણે રણથંભાર તરફ જવાને રવાને થઈ ગયા હવે મંગોલ અને બેગમ પકડાયા કે કેમ એ આપણે જોવાનું છે.

નજીબાજાન જયપુરના દરબારમા ગઈ અને ત્યા તેનો સારો આદર સત્કાર થયો. સગીતની કળા પણ ખરેખર એક અદ્ભુત વસ્તુ છે, એમ કહેવાય છે તે ખોટુ તો નથી જ.

## અષ્ટમ પરિચ્છેદ

### આશ્રય મળ્યો

શરદૃઋતુનો સમય ચાલતો હોવાથી અને તેથી પ્રભાતકાળમાં કિંવા દિવસના પૂર્વ ભાગમાં શીતલતાની વિશેષ પ્રબળતા રહેતી હોવાથી સભા ભરવાનો સમય દ્વિપ્રહર પછીનો રાખવામાં આવ્યો હતો. દ્વિપ્રહર પછી પોતાના શૂરવીર સૈનાધ્યક્ષ યોદ્ધાઓ, રાજનીતિકુશળ મંત્રીઓ અને વ્યાપારવિદ્યાનિપુણ નાગરિકોથી ઉભરાઈ જતા પોતાના સભાસદનમાં રણથંભોરનો ગૌબ્રાહ્મણપ્રતિપાળ અને ચૌહાણવંશભૂષણ હમ્મીર રાજા નાના પ્રકારના રાજકીય વાર્ત્તાલાપ કરતો બેઠો હતો. રાજનર્તકી અને રાજગાયકા અપ્સરાસમાન સૌન્દર્યવતી રાધાદેવીના નૃત્ય અને ગાયનનો વ્યાપાર પણ વિપુલતાથી ચાલી રહ્યો હતો. મૃદંગ અને સારંગીના નાદથી સર્વ સભાસદોના કર્ણોને અતિશય આનંદનો આસ્વાદ મળતો હતો. જે સંગીતવિદ્યાને જાણનારા રસિક જનો હતા, તેઓ સંગીતમાં જ્યાં સમ પડવાનો પ્રસંગ આવતો હતો, ત્યાં તરત 'હા' નો પોકાર કરી ઊઠતા હતા અથવા તો પોતાનાં મસ્તકને આન્દોલિત કરતા હતા. રાજકીય વિષયચર્ચા કરતાં સંગીતમાં સભાસદોની વિશેષ તલ્લીનતા જોઇને ગંભીરતાથી હમ્મીરદેવે સંગીતને બંધ રખાવી સર્વને એવી આજ્ઞા આપી કે;—

"સંગીતમાં સમનો સમય આવતાં જે કોઈ પણ પોતાનું માથું ડોલાવશે, તેના તે ડોલતા માથાને રાજાજ્ઞાથી તરત ધડથી જૂદું કરી નાખવામાં આવશે. હં—રાધાદેવી ! તમે તમારા સંગીતના વ્યવસાયને ચાલવા દ્યો"

પુન. મૃદંગ અને સારંગીના સ્વર ઉદ્દ્ભવ્યા, શાંતિનો ભંગ થયો અને રાધાદેવીએ નાના પ્રકારના નાયિકાભેદદર્શક હાવભાવ કરીને પોતાના તિલોત્તમા સમ કંઠસ્વરમાંથી નિમ્ન લિખિત સંગીતનો આલાપ આરંભ્યો.—

ગઝલ.

"મને વાંધો નથી વ્હાલા, હૃદયમાં ઘર કરી બેસો,
ત્હમારો દેશ છે આખો, ભલે ને સર કરી બેસો,
જગત્ વશ છે ત્હમારે તો, પછી મ્હારી જ શી ગણતી?
ત્હમે માલિક ત્હમે સ્વામી, ગમે ત્યાં દર કરી બેસો;
સમર્પિત તન કર્યું ત્હમને, હૃદયનું દ્વાર ખુલ્લું છે,
ત્હમારી એટલી શોભા, પ્રભૂનો ડર કરી બેસો;
સ્મરણ છે વાયદો તે, હાથમાંહી હાથ ઠોકીને;—
'અમો તો તેજ છૈયે, આપ છો અંતર કરી બેસો';

કદી જો પાન ખાઉં તો, કરું હું ખૂન આશકનું,
ખુદા ખાતર ન નયનો લાલ મુજ ઊપર કરી બેસો,
હૃદયમા પારકાના જે,-વસો છો, બાળવા મુજને,
કહું છું હું, ઉડી આવી નયનમાં પર કરી બેસો;
રહ્યો **અમૃત** ફક્ત 'હાજી' કહીને એમના ઘરનો,
હુકમ છે રાત ને દિન દિલ્ અહીં હાજર કરી બેસો!"

રાધાદેવીના પરમમૃદુ અને કોમળ સ્વર તથા સગીતના રહસ્યમાં સર્વ સભાસદો એટલા બધા તન્મય થઈ ગયા હતા કે, પોતાના દેહનું અને રાજાની કઠિન આજ્ઞાનું તેમને અંશ માત્ર પણ સ્મરણ રહ્યું નહોતું સમ પડવાનો સમય આવતાં તત્કાળ સર્વના માથાં ડોલી ગયાં, અને એ વિચિત્ર પ્રકારને જોઈને હમ્મીરના આશ્ચર્યનો અવધિ થયો માત્ર હમ્મીરે જ એ વેળાએ મસ્તક ડોલાવ્યુ નહોતુ હમ્મીરે સર્વને ઉદ્દેશીને કહ્યુ કે,—

"મંત્ર સભાસદો! અત્યારે મારી આજ્ઞાનો તમો સર્વ જને ભગ કર્યો છે, કારણ કે, તમારાથી માથા ડોલાવ્યા વિના રહી શકાયુ નથી-જો એ આજ્ઞાભગની શિક્ષા આપવામા આવે, તો મારુ સભાસદન આપના જેવા રત્નરૂપ પુરુષોથી વિહીન થઈ જાય. સગીતનો પ્રભાવ જ એવો સ્વર્ગીય છે કે તે એક વાર તો મનુષ્યને તેના સર્વ આધિ વ્યાધિ અને ઉપાધિઓનું વિસ્મરણ કરાવીને પરમાનદમા લીન બનાવી નાખે છે એટલા માટે જ ભર્તૃહરિ જેવા મહાન્ રાજયોગીશ્વરે પણ પોતાનો એ જ અભિપ્રાય આપેલો છે કે,—सुभाषितेन गीतेन युवतीनां च लीलया । मनो न मुह्यति यस्य स योगी अथवा पशुः ॥" એટલે સુસ્વર સગીત અને લલનાની લીલાથી જે પુરુષનુ મન મુગ્ધ નથી થતુ, તે અવશ્ય યોગી કિંવા પશુ જ હોવો જોઈએ. હું તમો સર્વને આજે સગીતવિદ્યાના આવા પરીક્ષકો જાણીને તમારા અપરાધની ક્ષમા આપુ છુ અને મારી સભાની શોભા રાધાદેવીને પણ એના સંગીતકૌશલ્યમાટે અતઃકરણપૂર્વક ધન્યવાદ આપુ છું"

એ જ ક્ષણે દ્વારપાળે સભાસદનમાં પ્રવેશ કર્યો અને તે હસ્તદ્વય જોડીને પ્રાર્થના કરવા લાગ્યો કે,—

"અખડ પ્રૌઢ પ્રતાપ ગોબ્રાહ્મણ પ્રતિપાળ મહારાજાધિરાજ! દિલ્લીના સુલ્તાન અલાઉદીનનો સેનાપતિ મીર મંગોલ સભાસદનના દ્વારપર આવી ઉભો છે અને તે કોઈ આવશ્યકીય કાર્ય માટે મહારાજાનાં દર્શનની અભિલાષા ધરાવે છે."

"જા અને સત્વર તેને માનપૂર્વક અહીં લાવ. એ જો કે મારા શત્રુનો—સમસ્ત આર્ય જાતિના અને આપણી પવિત્ર ભરતભૂમિના શત્રુનો

સેનાપતિ છે, પરતુ એ એક મહા શૂરવીર, એકવચની અને ધર્મશીલ પુરુષ હોવાથી એને હું નિરન્તર માનની દૃષ્ટિથી જ જોઉં છુ. 'गुणाः पूजास्थानं गुणिषु न च लिंग न च वय.' એને અત્ર બોલાવવામા કશો પણ પ્રત્યવાય નથી."

દ્વારપાલ નૃપાજ્ઞાને શિરોમાન્ય કરીને બહાર ચાલ્યો ગયો અને અલ્પ સમયમા **મીર મંગોલ**ને સભામા લાવીને ઉપસ્થિત કર્યો. **મીર મંગોલ**ને જોતાં જ વીરોચિત ઉત્થાન આપીને હમ્મીરે તેનો સત્કાર કર્યો. **મીર મંગોલે**, રાજા, ગુરુ અને દેવસમક્ષ ખાલી હાથે ન જવુ જોઈએ, એ નીતિ અનુસાર પ્રથમથી જ કરી રાખેલી તૈયારી પ્રમાણે રાજાનાં ચરણોમા, એક મુલ્તાની કમાન, બે બાણ, એક તલવાર અને બે બહુમૂલ્ય મોતી નજરાણા તરીકે મૂકયા. રાજાએ એ નજરાણાનો આદરથી સ્વીકાર કર્યો અને **મંગોલ**ને આસન આપી બેસાડ્યા પછી અનેક પ્રકારના કુશળ પ્રશ્નો પૂછીને અંતે પૂછ્યું કે,–"વીર **મીર મંગોલ**! આજે અચાનક આપનુ આગમન શા હેતુથી થએલુ છે, તે કૃપા કરીને જણાવશો કે? આર્યહિતશત્રુ અલાઉદ્દીને વળી પણ ક્ષત્રિયોને પીડવામાટેનો કોઈ નવીન વિચાર કર્યો છે અને તેના સમાચાર આપવામાટે એક દૂત તરીકે જ આપ આવ્યા છો કે શું? આપને અમારી સભામાં જે માન મળ્યુ છે, તે આપ અલાઉદ્દીનના સેનાપતિ હોવાથી નહિ, કિન્તુ અમારા એક સમાનગુણશીલ વીરનર હોવાથી જ મળ્યું છે, એનુ વિસ્મરણ થવા દેશો નહિ. સુલ્તાનને તો અમે તૃણવત્ તુચ્છ જ સમજીએ છીએ!"

"કૃપાળુ રાજન્! હું આજે આપની સભામાં અલાઉદ્દીનના દૂત કિવા સેનાપતિ તરીકે આવ્યો જ નથી, કિન્તુ અલાઉદ્દીનના એક પરમ શત્રુની પદવી મેળવીને જ આવ્યો છુ. મારો વૃત્તાંત અત્યન્ત આશ્ચર્યકારક અને ભેદોથી ભરપૂર છે, એટલે જ્યારે આપ તે વૃત્તાંત સાભળશો ત્યારે આપના મનમાં પણ આશ્ચર્ય થયા વિના રહેશે નહિ જ જો આપ શરણાગતને શરણ આપવાનું વચન આપતા હો, તો મારો યથાર્થ વૃત્તાંત કહી સંભળાવું." **મીર મંગોલે** ઉત્તર આપ્યુ.

"હમ્મીર ચૌહાણનું રાજસદન સદાસર્વદા શરણાગતનું આશ્રયભવન જ છે, એ સર્વત્ર જ્ઞાત હોવાથી નવીન વચન આપવાની કશીપણ આવશ્યકતા નથી." હમ્મીરે ઉદ્ગાર કાઢ્યો.

"પણ મને આશ્રય આપવાથી ભવિષ્યમાં તે આશ્રયદાતાની બહુ હાનિ થવાનો સંભવ છે, એનો વિચાર કરવાનો છે." **મીર મંગોલે** ભયનું દર્શન કરાવ્યું.

"લાભ હાનિ જીવન મરણ યશ અપયશ,વિધિને હાથ–હુમ્મીર પોતાના ક્ષત્રિયધર્મનું પાલન કરતાં લાભ અને હાનિનો વિચાર કરતો જ નથી, માટે એ ચિન્તાને વિસારીને તમારો વૃત્તાંત સત્વર કહી સભળાવો અને નિશ્ચય રાખો કે, તમે અહીં નિર્ભય છો." હુમ્મીરે દઢતાથી આશ્વાસન આપીને કહ્યું.

મીર મંગોલે આદિથી અંત પર્યન્ત પોતાનો વૃત્તાંત કહી સંભળાવ્યો અને વિશેષતાથી કહ્યુ કે,–"મહારાજાધિરાજ' હુ જેટલા પણ રાજા, રાણા, જાગીરદાર અને નવ્વાબો છે, તે સર્વ પાસે જઇને મને આશ્રય આપવામાટેની ભિક્ષા માગી ચૂકયો છું, પણ કોઇએ પણ અત્યાર સૂધી મને આશ્રય આપ્યો નથી કારણ કે, મને જો કોઈ શરણ આપશે, તો તેનો સુલ્તાન નાશ કરી નાખશે. એવા આશયના સદેશા સુલ્તાને સર્વત્ર મોકલી દીધા છે હવે જેવો આપનો વિચાર. કા તો શરણ આપો અને કા તો મારા ભાગ્યના આધારે જ મને રહેવા દઇને રઝળતો છોડી દ્યો !"

"મીર મંગોલ ! તમને શરણ આપવુ, એ જ મારો દઢ વિચાર અને એ જ મારો અન્તિમ નિર્ધાર. હું મારા એ વચનથી વિમુખ થઇશ અથવા મારી પ્રતિજ્ઞાથી પરાવૃત્ત થઇશ, એવી સ્વપ્નમાં પણ તમારે કુશંકા કરવી નહિ. જગત્પ્રકાશક ભાનુનો ઉદય કદાચિત્ પશ્ચિમ દિશામા થશે, નિશાનાથને બદલે ચદ્રમા કદાચિત્ દિનમણિની પદવી મેળવશે, સુરસરિતા ભાગીરથા કવચિત્ વિરુદ્ધ દિશાભિમુખા થઇને પશ્ચાત્ વહન કરશે, કામદેવની રતિમાંની પ્રીતિનો લય થશે, ધ્રુવ પોતાના સ્થાનથી ચળશે, પવન અચલતાને પ્રાપ્ત કરશે, પર્વતો ચલિત થવા માંડશે અને સમુદ્ર પોતાની માઝાને મૂકી દેશે, તોપણ આ હુમ્મીર જ્યા સૂધી શરીરમાં પ્રાણ છે ત્યાં સૂધી પોતાના વચનથી ભ્રષ્ટ થવાનો નથી તે નથી જ કદાચિત્ દિવસ રાત્રિના પટમાં લપાઈ જાય અને રાત્રિ દિવસનુ રૂપ ધારણ કરે, અવની આકાશ અને બીજી અષ્ટ દિશાઓ કપાયમાન થાય, વારિદ ઘનઘોર નાદ કરે, વાયુના અવસ્કન્દનો સર્વત્ર પ્રસાર થાય અને પ્રત્યક્ષ કાળ આવીને મારાં નેત્રો સમક્ષ ભયંકર ગર્જના કરી ઉભો રહે, તોપણ એકવાર મેં જેને આશ્રય આપ્યો છે, તે મંગોલને પ્રાણ જતાં પણ હું પાછો સુલ્તાનના હાથમાં તો સોંપવાનો નથી તે નથી જ. મારી આ દઢ પ્રતિજ્ઞા છે અને એ પ્રતિજ્ઞામાં તમે પૂર્ણ વિશ્વાસ રાખો." એ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને હુમ્મીરે વિશેષ દઢતાથી જણાવ્યું કે.—

"સિંહગમન સુપુરુષ વચન, કદલિ ફલૈ ઇક બાર;
તિરિયા તેલ હમ્મીરહઠ, ચઢૈ ન દૂજી બાર !"*

"ઉપકાર, મહારાજાધિરાજનો પરમ ઉપકાર. હવે મને લેશ માત્ર પણ ભય નથી. જો કે, આપની સાથે સરખાવતાં હું કોઈ પદાર્થ નથી, છતાં એટલું તો હું પણ કહું છું કે, અન્ય મુસલ્માન અધિકારીઓ અને બાદશાહના પ્રેમભાજનો પ્રમાણે આ મીર મંગોલ કોઇવાર પણ કૃતઘ્નતા કરશે, એવી શંકા કદાપિ કરશો જ નહિ. આજથી મારા સ્વામી–મારા માલિક આપ જ છો અને હું એક તાબેદાર નમકખાર ગુલામ છું મરતાં સુધી પણ હું આપના સહવાસનો ત્યાગ કરવાનો નથી, એ મારી પણ દૃઢ પ્રતિજ્ઞા છે !" મીર મંગોલે આશ્રયનો આભાર સહિત સ્વીકાર કરીને અંતઃકરણપૂર્વક પોતાની કૃતજ્ઞતા દર્શાવી.

"બસ–મને પણ માત્ર એ જ વસ્તુની અપેક્ષા છે એથી વિશેષ હું અન્ય કાંઇપણ ઇચ્છતો નથી. આજથી હું તમને મારા સૈન્યના એક ઉત્તમ વિભાગના અધિકારીની પદવીથી વિભૂષિત કરું છું અને તમારા તથા તમારી જોડે આવેલી બેગમના સુખમય નિર્વાહમાટે પાંચ લાખની જાગીરનો પટ્ટો કરી આપું છું." એમ કહીને તત્કાળ હમ્મીરે મીર મંગોલને પાંચ લાખની જાગીરનો પટ્ટો કરી આપ્યો અને બીજું પણ કેટલુંક ઇનામ આપીને તેને સંતુષ્ટ કર્યો.

એ સમયથી મીર મંગોલ પોતાની પ્રેમભાજન મરહટ્ટી બેગમ સહિત આનંદપૂર્વક રણથંભોરના અભેદ્ય દુર્ગમાં રહેવા લાગ્યો.

---

## નવમ પરિચ્છેદ

### સમરવૃક્ષનું બીજારોપણ

એ તો આપણે જાણી જ આવ્યા છીએ કે, મીર મંગોલ અને મરહટ્ટી બેગમના શોધમાટે નીકળેલા અલાઉદ્દીનના સિપાહીઓ પણ જયપુરથી રણથંભોર જવામાટે નીકળી ચૂક્યા હતા તેઓ રણથંભોરમાં આવ્યા અને નગર બહારના તળાવની પાળે બેસીને ખાવાપીવાનો પ્રબંધ કરવા લાગ્યા સંધ્યાનો સમય થવા આવ્યો હતો, એટલે નગરની નારીઓ તળાવ પાસેના બે ચાર કુવાઓપર પાણી ભરવાને આવેલી હતી,

---

* 'હમ્મીરહઠ' નામક હિન્દી કાવ્યના કર્ત્તા ચંદ્રશેખર કવિની પ્રતિમા એ દોહરો આમ જ છે, પરંતુ એના ઉભયપદાન્તમાં 'બાર' આવે છે. બાબૂ હરિશ્ચંદ્રે 'ઇક બાર' ને બદલે 'ઇસ સાર' લખ્યું છે; પરંતુ એમાંનો 'ઇસ' શબ્દ પુરાતન હિન્દીમાં વિશેષ પ્રચલિત ન હોવાથી, પૂર્વ પાઠ જ અધિક માન્ય છે.

અને તેમની વચ્ચે થતી વાતચિતોમાં અનેક પ્રકારની ચર્ચાઓ ચાલતી હતી. અચાનક એક સ્ત્રીએ પોતાની એક બીજી બહેનપણીને ઉદ્દેશીને કહ્યું કે – 'કેમ બહેન ! આપણા દેવાશીય રાજા હમ્મીરદેવના એક નવીન સાહસની વાર્તા તેં સાંભળી કે નહિ ?"

ના બહેન ! આપણે તો કાંઈ સાંભળ્યું નથી મને તે એવી વાતો પીટયુ કોણ સભળાવે ? આ મારી બચ્ચુડીના બાપ તો ઘરમા આવે, એટલે આખુ કે વાચવા બેઠા અને વાચી લીધુ એટલે નિદ્રાવશ થયા કામવ-ખરની કાંઈ એવી વાતો કરતા હોય તો એવી વાતો જાણવામા આવે કે ની ? બહેન ! રાજાના એ નવીન સાહસની શા વાર્તા છે વારુ ?" તે બહેનપણીએ તે વાર્તાને સાભળવા અને જાણવાની આતુરતા દર્શાવી.

રાજાએ કેની સુલ્તાન અલાઉદ્દીનના દરબારના એક મુસલ્માન સરદારને આશ્રય આપ્યો છે કહે છે કે, એ સરદાર સુલ્તાનની એક માની બેગમને ન્હસાડીને ત્યાથી નાઠો છે અને બાદશાહ એનાપર ઘણો જ ચીડાયલો છે એ સરદારે શરણ આપવામાટે જ્યારે ઘણા જ કાલાવાલા કર્યા ત્યારે રાજાએ તેને શરણ આપીને પ્રતિજ્ઞા કરી છે કે, પ્રાણ જતા પણ તે તેને અલાઉદ્દીનના હાથમા પાછો સોંપશે નહિ અલાઉદ્દીન જેવા બાદશાહ સાથે વેર બાધવુ, એ સાહસ ખરુ કે નહિ ?" પહેલીએ વાર્તા કહી સભળાવી

સાહસ તો ખરુ પણ રાજાઓની શૂરતા અને કીર્ત્તિ એવાં સાહસ કર્મો કરવામા જ સમાયલી હોય છે મને લાગે છે કે, આનુ પરિણામ કદાચિત્ ભયકર વિપદમાં જ આવશે. હશે–જે થયુ તે જોયુ અને થશે તે જોઈશુ પાડા લડે ને ઝાડનો ભો' એટલે કે, રાજાઓ લડે અને પ્રજાનો ક્ષય, એમ ન થાય તો ઠીક" બીજીએ કહ્યુ.

પાણીના બેડાં લઈને પનીહારીઓ તો પોતપોતાના માર્ગે ચાલતી થઈ ગઈ, પરતુ ત્યાથી પાસે જ બેઠેલા અલાઉદ્દીનના સિપાહીઓએ એ બધી વાતો બરાબર સાભળી લીધી અને પોતાનો ત્યા આવવાનો હેતુ અચાનક સંપૂર્ણ થવાથી તેમને એક પ્રકારનો આનન્દ થયો હમ્મીરદેવના સ્વભાવને તેઓ સારી રીતે જાણતા હતા, એટલે ત્યાથી મીર મંગોલને તેઓ પકડીને લઈ જાય અથવા તો રાજા પાસેથી તેમની માગણી કરી શકે, એ સર્વથા તેમને અશક્ય સમાન ભાસ્યુ પનીહારીઓના મુખથી સાભળેલા એ સમાચાર ઉપરાંત તેમણે મીર મંગોલના ત્યા હોવાની વાત બીજાઓના મુખથી પણ જાણીને પોતાનો એ વિશે દૃઢ નિશ્ચય કરી લીધો અને ત્યાર પછી તરત જ તેઓ દિલ્લી તરફ પ્રયાણ કરી ગયા. દિલ્લીમાં જતા જ બાદશાહને તેમણે એ સર્વ સમાચાર કહી સભળાવ્યા. એ વિપાદ-

જનક સંવાદ સાંભળતા જ અલાઉદ્દીન પગની લાતથી દબાયલા કાળા ક્રૂર સર્પ પ્રમાણે કોપમા આવીને ફુત્કાર કરવા લાગ્યો. એટલામાં વજીર અહ્દનામખાએ આવી પડેલા ઉપદ્રવને ટાળી દેવાના અને મીર મંગોલને એ આપત્તિમાથી બચાવી લેવાના ઉદ્દેશથી કહ્યુ કે,–"જેને સપ્તસમુદ્રપાર પણ આશ્રય આપનાર કોઇ નથી, તેને હમ્મીર જેવો એક સાધારણ રાજા આશ્રય આપે, એ બને જ કેવી રીતે?"

એના ઉત્તરમા તે સિપાહીઓના ઉપરીએ જણાવ્યુ કે,–"જો અમારા કથનમાંનો એક અક્ષર માત્ર પણ અસત્ય હોય તો અમે અમારા એ અસત્ય ભાષણના અપરાધની ગમે તેવી કઠિન શિક્ષા ભોગવવાને તૈયાર છીએ"

દૂતોની આવી દૃઢતાને જોઇને અલાઉદ્દીને તરત વજીરને આજ્ઞા આપી કે,–"રણથંભોરના રાજા હમ્મીરને એક એવા આશયનુ પત્ર લખો કે, તમે અમારા અપરાધીને આશ્રય આપશો નહિ, કારણ કે, આ ક્ષણ પર્યન્ત હુ તમને મારા શત્રુ નહિ પણ એક મિત્ર જ માનુ છુ જો તમે આ વિષયમા પોતાના હઠનો ત્યાગ કરવા ન ઇચ્છતા હો, તો પછી અમારે નિરુપાય થઇને જણાવવું પડે છે કે, યુદ્ધની તૈયારી કરી રાખજો. હુ એક ક્ષણ માત્રમા જ તમારા સમસ્ત દર્પ અને હઠને ધૂળમાં મેળવી નાખીશ."

વજીરે બાદશાહની આજ્ઞા પ્રમાણેનુ પત્ર લખીને તૈયાર કર્યું અને તેને બધ કરી તેનાપર સુલ્તાનની મોહોર મારીને એક વિશ્વાસપાત્ર દૂતને, તે પત્ર આપીને રણથંભોર તરફ રવાનો કરી દીધો

દૂતે રણથંભોરમા જઇને બાદશાહનુ પત્ર હમ્મીરદેવને આપ્યું અને ત્યાર પછી મુખથી કહ્યુ કે,–'મહારાજાધિરાજ! આપ અમારા બાદશાહ અલાઉદ્દીનના બળ, પરાક્રમ અને પુરુષાર્થની વાર્ત્તા સારી રીતે જાણો છો, એટલે પોતાના ભવિષ્યવિશેનો સારાસારાત્મક વિચાર કરીને જ જે ઉત્તર આપવુ ઘટે તે આપજો." હમ્મીરદેવે તે પત્રમાંના વિષયના પ્રત્યુત્તરમાં લખ્યુ કે,–"બાદશાહ સલામત! એ તો હું સારી રીતે જાણું છું કે, આપ દિલ્લીના બાદશાહ છો અને હું રણથંભોરનો એક સાધારણ રાજા છુ. છતાં મે જે પ્રતિજ્ઞા કરેલી છે, તે પ્રતિજ્ઞાનો તો હું મારા મરણ પર્યન્ત ભગ કરવાનો નથી જ. એટલામાટે આપને હવે એ જ વિશેષ યોગ્ય છે કે, મીર મંગોલ વિશેના મારી સાથેના સંવાદને આટલેથી જ માંડી વાળો. આપનાથી મારુ જે કાંઈ પણ અશુભ કરી શકાય એમ હોય, તે કાર્ય કરવામાં પળ માત્રનો પણ વિલમ્બ કરશો નહિ." એ પત્રના વાચનથી દુરાગ્રહી બાદશાહના કોપાનળની જ્વાળા વધારે ભડકી ઊઠી; પરંતુ રાજ્યના શુભેચ્છકો અને મંત્રિજનોના સમજાવવાથી તેણે પુનઃ એક-

વાર હમ્મીરસિંહ પાસે પોતાના દૂતને મોકલ્યો અને અચળવચનવાળા હમ્મીરના આંતરિક ભાવને જાણી લીધો. વીરશિરોમણિ હમ્મીરે બીજીવાર પણ એવું એ જ ઉત્તર આપ્યું. હમ્મીરના અવિચલ ધૈર્ય અને અદ્વિતીય સાહસમય સંવાદને સાંભળીને બાદશાહની બુદ્ધિ પણ ચક્રાવામાં પડી ગઈ. તેને પણ પોતાની આગળ પાછળની અવસ્થાનો વિચાર કરવો પડ્યો. તેણે મનમાં વિચાર કર્યો કે,– "જ્યારે હમ્મીરદેવનું સાહસ આટલી સીમાપર્યન્ત પહોંચી ગયું છે, ત્યારે અવશ્ય એનું એવું જ કાંઈ પણ પ્રબળ કારણ હોવું જ જોઇએ. અથવા કે કદાચિત્ એવું કોઈ કારણ ન પણ હોય, તોપણ પોતાના પ્રાણપર ઉદાર થએલા વીરનર સમક્ષ કોઈ વિરલા જ માઇના પૂત ઉભા રહી શકે છે. સિંહ હાથી કરતાં કદમાં બહુ જ ન્હાનો હોય છે, પરંતુ તે પોતાના સાહસ અને પુરુષાર્થથી જ હસ્તીના કુંભસ્થળને વિદારીને તેને મરણનો માર્ગ બતાવી દે છે." એ પ્રમાણેના વિચાર કરીને બાદશાહે પોતાના સર્વ દરબારીઓને બોલાવીને તેમને હમ્મીરના હઠની અને પોતાના કર્તવ્યની સૂચના આપી દીધી, અને ઘણાખરા ખુશામદી સરદારોએ બાદશાહની 'ના' મા 'હા' મેળવી દીધી. પરંતુ ખુશામદને ધિક્કારનાર અને સંસારના પૂર્ણ અનુભવોને પ્રાપ્ત કરી ચૂકેલા એક વયોવૃદ્ધ તથા જ્ઞાનવૃદ્ધ વિવેકી સરદારે સંકોચવિના પોતાનો અભિપ્રાય દર્શાવતાં કહ્યું કે,—

" શહરીયાર વાલાતબાર ! ચહુઆણ હમ્મીરના શસ્ત્રાસ્ત્રોના ચક્રમાં પડવું આપણામાટે યોગ્ય નથી. રણથંભોર દુર્ગપર આક્રમણ કરવું, એ કાંઈ બાળકોનો ખેલ નથી. વિના કારણ લક્ષાવધિ મનુષ્યોના જીવ જશે અને એટલું કરવા છતાં પણ કદાચિત્ ભાગ્યમાં સદાને માટે અપયશનો કલંક આવશે, એવી જ મારા મનમાં ભીતિ થયા કરે છે. પછી તો જેવો હજૂરઆલીનો વિચાર."

પરંતુ વૃદ્ધના એ ઉપદેશનો લેશમાત્ર પણ વિચાર કરવામાં ન આવ્યો. બાદશાહે સેનાધ્યક્ષોને તે ઘટિકાયે જ આજ્ઞા આપી દીધી કે;–"યથાસંભવ સમર માટે સૈન્યને શીઘ્રતર સજ્જ કરો." બાદશાહ સલામતની આજ્ઞા થતાં જ સર્વત્ર પત્રો પઠાવીને સોરઠ, ગિરિનાર અને અન્ય પાર્વતીય પ્રદેશોના અનેક અવનીપતિઓને–રાજપૂત રાજાઓને–પણ સૈન્યસહિત બોલાવવામાં આવ્યા અને તેઓ આવી લાગે, તેટલા સમયમાં બાદશાહની વૈતનિક સેના પણ તૈયાર થઈ ગઈ. ફોજમાટેની જરૂર જેટલી રસદ પણ એકઠી કરી લેવામાં આવી. એવી રીતે સઘળી તૈયારીઓ થઈ ગયા પછી અલાઉદીને પોતાના બંધુ ઉલગખાં*'ને પોતાની પાસે

* મલેક મુઇજ્જુદ્દીન ઉલગખાં. પરંતુ બ્રિગ્ઝે પોતાના 'ફિરિશ્તા'ના અનુવાદમાં એનું નામ 'અલફ્ખાન્' આપેલું છે.

બોલાવીને કહ્યું કે.–"આ સૈન્યની સરદારી હું તને જ આપું છું; કારણ કે, હમ્મીર જેવા એક ન્હાના રાજાપર ચઢાઈ કરવામાટે હું પોતે આવું તો તેથી મારી માનહાનિ થવાનો સંભવ છે જાઓ અને ફતેહ કરી આવો !" જ્યેષ્ઠ બંધુની આજ્ઞાને આધીન થઈ ૧૦૦૦૦ અશ્વારૂઢ સૈનિકોના સૈન્યનું આધિપત્ય સ્વીકારીને ઉલુગખાં ત્યાંથી કૂચ કરી રણથંભોર તરફ જવામાટે નીકળ્યો. એ યવનસેના જ્યારે વર્ણનાશા નદીના તીરપ્રદેશમાં આવી લાગી ત્યારે તેણે જોયું કે, શત્રુના પ્રદેશમાં જવામાટેના માર્ગો ઘોડેસ્વારોને ચાલવા યોગ્ય નહોતા એટલા માટે થોડા દિવસ સુધી તે ત્યાં જ પડાવ કરીને રહ્યો અને તે દરમ્યાન તેણે આસપાસના બધા ગામોને લૂટી આગ લગાડીને સર્વથા નષ્ટ કરી નાખ્યા હમ્મીરની પ્રજામાં યવનોના એ અત્યાચારથી કોલાહલ મચી ગયો અને સર્વ પ્રજાજનો શરણ શોધવા અને જીવ બચાવવામાટે રણથંભોરના કિલ્લા તરફ દોડવા લાગ્યા ત્યાર પછી નિરપરાધિની પ્રજાના રક્તપાતથી પોતાની તલવારોને કલંકિની બનાવતા યવનસમ્રાટ્ના સૈનિકો આગળ વધ્યા અને 'નલહારણો' ગઢ પાસે આવી લાગ્યા. ત્યાંના રાજપૂત કિલ્લેદારે ત્રણ દિવસ સુધી અખંડતાથી શાહી ફોજનો મુકાબલો કર્યો. પરંતુ અંતે તો કિલ્લાપર બાદશાહની સેનાનો અધિકાર થઈ ગયો. એટલે પછી ત્યાંનો કિલ્લેદાર અથવા દુર્ગેશ પણ રણથંભોર તરફ દોડી ગયો અને તેણે બાદશાહની અગણિત સેનાના બળના સર્વ સમાચાર યથાસ્થિત હમ્મીરદેવને કહી સંભળાવ્યા. એ સમાચારને સાંભળતાં જ હમ્મીરની વક્ર ભ્રૂકુટિ વિશેષ વક્ર થઈ ગઈ, કમલ સમાન નેત્રો અગ્નિ શિખાવડે આરક્ત બની ગયા અને તેના બાહુ તથા ઓષ્ઠમાં કંપનો આવિર્ભાવ થયો. મહારાજા હમ્મીરની એવી આકૃતિને જોઈને અભયસિંહ પરમાર, ભૂરિસિંહ રાઠોડ,
સિંહ વાઘેલો, રણદૂલા ચહુઆણ અને અજમતસિંહ એ પાંચ સરદારો યુદ્ધની આજ્ઞા માગવા લાગ્યા. બાદશાહ અલાઉદ્દીન પોતે લઢવામાટે આવેલો ન હોવાથી હમ્મીર પોતે લઢવાને રણભૂમિમાં ગયો નહિ તેણે એ સર્વ સરદારો તથા પોતાના ભીમસિંહ અને ધર્મસિંહ નામના બે સેનાપતિઓને ૨૦૦૦૦ સૈનિકો સહિત યવનસેનાનો પરાજય કરવામાટે મોકલ્યા. તેમણે મુસલ્માન સેનાને માર્ગમાં જ રોકી રાખી અને પોતાના પરાક્રમનું એવું તો અદ્ભુત દર્શન કરાવ્યું કે, મુસલ્માનોના પગ ત્યાંથી ઊખડી ગયા અને મોટા મોટા અમીરઉમરા પણ પલાયનનો આશ્રય લેવા લાગ્યા. એ સમયે પૂર્વકથિત વૃદ્ધ વજીર મેઅરાજખાને બાદશાહના ભાઈને કહ્યું કે;–"હુજૂરે આલી ! મેં તો પ્રથમથી જ કહ્યું હતું કે, પોતાના વચનનું પાલન કરવામાટે રાજપૂતો પોતાના જીવની

જરા પણ દરકાર રાખતા નથી અને અધૂરામાં પૂરું રણથંભોરનો પહાડી કિલ્લો એટલો બધો મજબૂત અને અભેદ્ય છે કે, ત્યાં આપણો અધિકાર ભાગ્યે જ થઈ શકશે. માટે હજી પણ આ વિચારને માંડી વાળો તો વધારે સારું," પરતુ ઉલગખાંએ પણ તેના એ ઉપદેશનો અસ્વીકાર કર્યો, કારણ કે, તે બાદશાહની ઇચ્છાવિરુદ્ધ વર્ત્તી શકે એમ હતું જ નહિ. તે યુદ્ધ કરતો કરતો પાછો તો હટ્યો, પણ વર્ણુનાશાનદીના તીર-પ્રાન્તમાં એક સ્થળે હમ્મીરના સૈનિકો શત્રુસૈન્યપર એવી તો પ્રબળતા અને એકત્રતાથી તૂટી પડ્યા કે, એના પરિણામે શત્રુઓના બહુ-સખ્ય સૈનિકો માર્યા ગયા અને તેમનો (રાજપૂતોનો) વિજય થયો. એ જયલાભથી સતુષ્ટ થઇને ભીમસિહ રણથંભોર તરફ પાછો ફર્યો અને ઉલગખાન્ પોતાની બચેલી સેનાના એક મુખ્ય ભાગને સાથે લઈ છૂપાઈ લપાઇને તેની પાછળ પાછળ ધીમેથી પ્રયાણ કરવા લાગ્યો. ભીમ-સિહના જે સૈનિકોએ લૂટમા વિશેષ ધન મેળવ્યુ હતું, તે સૈનિકો સત્વર તે ધનને પોતાના ગૃહે લઈ જવામાટે ઉતાવળા થએલા હતા અને એ ઉતાવળમા જ તેમણે પોતાના સેનાનાયકને પાછળ છોડી દીધો અને તેઓ પોતે આગળ વધી ગયા. ભીમસિહ સાથે માત્ર થોડાક અગ રક્ષક સૈનિકો વિના સૈનિકોની બાકી વિશેષ સખ્યા હતી નહિ. એવી રીતે પોતાના થોડા માણસો સાથે વિજયની ચર્ચા ચલાવતો ભીમસિહ જે વેળાએ હિન્દાવત નામક ઝાડીના મધ્યભાગમા પહોચ્યો, તે વેળાએ શત્રુઓ પાસેથી છીનવી લીધેલાં નગારાં અને વાજાને વગાડવાની તેણે અભિમા-નમા આવીને આજ્ઞા કરી દીધી. એ કાર્યનુ ફળ અચિન્ત્યપૂર્વ અને આપત્તિજનક જ થયુ ઉલગખાએ પોતાની સેનાને અલ્પદલમાં વિભક્ત થઇને ભીમસિહનો પીછો પકડવાની પ્રથમથી જ આજ્ઞા આપી રાખી હતી અને વાજાનો ધ્વનિ થતાં જ તેને જયલાભની સૂચના સમજીને શત્રુ-ઓપર તૂટી પડવાનો આદેશ પણ આપી મૂકયો હતો એટલા માટે જ્યારે મુસલ્માનોના પૃથક્ પૃથક્ સૈન્યવિભાગોએ નગારાં ને વાજાનો એ ધ્વનિ સાંભળ્યો, કે તરત તેઓ ચારેતરફથી ઝાડીમા આવી પહોંચ્યા અને એક તરફથી ઉલગખાં પણ આવી લાગીને ભીમસિહ સાથે યુદ્ધ કર-વાના કાર્યમાં પ્રવૃત્ત થયો. હિન્દુ સેનાપતિએ કેટલીકવાર સૂધી તો એ અચાનક ઉપસ્થિત થએલા યુદ્ધમાં અચળતાથી ટકાવ કર્યો, પરતુ અતે ઘાયલ થયો અને માર્યો ગયો. શત્રુને એવી રીતે પરાજિત કરીને ઉલ-ગખાં પાછો દિલ્લી તરફ ચાલ્યો ગયો. ખરીરીતે જોતા પરાજિત તો ઉલ-ગખાં પોતે જ થયો હતો. માત્ર શત્રુપક્ષના એક વિશિષ્ટ સેનાધ્યક્ષને તેણે

ઓછો કર્યો, એટલો જ તેનો જે વિજય, તે સત્ય વિજય કહી શકાય જ નહિ. અસ્તુ.

પોતાના સૈન્યના પરાજયની વાર્ત્તા સાંભળીને અલાઉદ્દીન કોપના આંતરિક અગ્નિથી ઇંધન વિના જ બળવા લાગ્યો; પરન્તુ સૈન્યનો વિશેષ નાશ થઈ ગએલો હોવાથી તાત્કાળિક બીજીવારના યુદ્ધની તૈયારી કરી શકાય તેમ ન હોતુ જ. એટલે તે હાલ તો મૌન્યવ્રત ધારીને બેસી રહ્યો અને મનમાં હમ્મીરના તથા મીર મંગોલના સંહારમાટેના અનેક પ્રકારના વિચારો ચલાવવા લાગ્યો. તેનો એક પણ વિચાર તે સમયે જ સફળ થવાનો સંભવ દેખાયો નહિ, એટલે નિરુપાયવશ તેણે એ વિષયને થોડા દિવસ પછીની મુદતપર વિચારમાટે મુલતવી રાખ્યો.

## દશમ પરિચ્છેદ

### ધર્મસિંહને શિક્ષા

જે વેળાએ ક્ષત્રિયસેના યવનસેનાનો પરાજય કરીને અને લૂટનો માલ લઇને રણુથંભોરમાં આવી લાગી તે વેળાએ એક આનંદપ્રદર્શિની સભા ભરવામા આવી. સભામાં સર્વ વિજયી વીરો ઉપસ્થિત થયા હતા અને તે વીરજનોના મધ્ય ભાગમાં સિંહાસને વિરાજેલો હમ્મીર નક્ષત્રોના મધ્યમાં શોભતા ચન્દ્રમા સમાન દેખાતો હતો. હમ્મીરે એક પછી એક સર્વ યોધાઓને તેમના શૌર્યમાટે ધન્યવાદ આપ્યા, પરંતુ ભીમસિંહનું આસન ખાલી પડેલુ જોતાં જ તેણે આશ્ચર્યથી પૂછ્યું કે,–"કેમ આજની આ વિજયાનંદપ્રદર્શિની સભામાં ક્યાંય ભીમસિંહ દૃષ્ટિગોચર થતા નથી?"

"વિજયમણિમંડિતમુકુટધારક મહારાજાધિરાજ! આજના અલૌકિક આનંદના અવસરમાં ખેદનો વિષય માત્ર એટલો જ છે કે, એ વીર ભીમસિંહનો રણભૂમિમાં સ્વર્ગવાસ થયો છે!" ધર્મસિંહે આસનપરથી ઊઠીને નમ્રતાથી વિષાદજનક વાર્ત્તા સંભળાવી.

"મેં સાંભળ્યું છે કે, શત્રુઓએ પરાજિત થઈ પલાયન કરવા પછી તેઓ પોતાના અંગરક્ષકો સહિત અહીં આવવામાટે રવાના થઈ ચૂક્યા હતા; ત્યારે તેમના મરણનો પ્રસંગ કેમ આવવા પામ્યો, એ હું સમજી શકતો નથી. આ બાબતનો બરાબર ખુલાસો થવો જોઇએ. એ વીરના નિધનસંવાદથી મારી છાતી ફાટી જાય છે–હૃદયમાં અનિવાર્ય શોક થાય છે!" હમ્મીરદેવે વિચાર કરીને પ્રશ્ન કર્યો.

"મહારાજ! આપણા પક્ષનો સમરાંગણમાં વિજય થવા પછી હું મારા સૈનિકોને લઇને આગળથી જ ચાલ્યો આવ્યો અને તેઓ પાછળ રહ્યા હતા. તેમના સૈનિકો લૂટનો માલ ઘેર પહોંચાડવા ઉતાવળા થએલા હોવાથી તેઓ પણ આગળ વધી આવ્યા હતા અને માત્ર થોડા જ અંગરક્ષકો ભીમસિંહ સાથે રહ્યા હતા. શત્રુઓ પલાયન કરી ગએલા હોવાથી ભયનું કારણ નહોતું, પણ ઉલગખાંએ તેમનો પીછો પકડી હિન્દાવત ઝાડીના મધ્ય ભાગમાં તેમનાપર છૂપાઇને હલ્લો કર્યો અને ત્યાં તેની સાથે લઢતા ઘણાક શત્રુઓને મારીને તેઓ પોતે પણ વીરગતિને પામ્યા. તેમના મરણનો પ્રસંગ આવી રીતે આવવા પામ્યો હતો, મહારાજ!" ધર્મસિંહે યથાર્થ ઉત્તર આપીને શંકાનુ નિરસન કરી નાખ્યું.

ધર્મસિંહનુ એ ઉત્તર સાભળતાં જ હમ્મીર સાક્ષાત્ કોપાનળનો અવતાર બની ગયો તેનું મુખમડળ રક્તવર્ણ બની ગયું અને તેનાં નેત્રોમાથી અગ્નિકણોની વૃષ્ટિ થવા લાગી. તે સિંહસમાન ભયાનક ગર્જના કરીને કોપદર્શક સ્વરથી બોલ્યો કે,–"ધર્મસિંહ! યવનો નિરંતર પ્રપચી અને કપટયુદ્ધ કરનારા હોય છે, એ શુ તમે જાણતા નહોતા કે? એ સિદ્ધાતનો યુદ્ધમાં તમને પ્રત્યક્ષ અનુભવ મળી ચૂકચો છે અને યવનોની કપટકળાનો તમને બરાબર પરિચય છે, છતાં તમે ભીમસિંહને થોડા માણસો સાથે પાછળ છોડીને આગળ વધી આવ્યા, એમાં મને તો એમ જ જણાય છે કે, તમારા ગુપ્ત વૈરના બદલાનો કોઈ વિશિષ્ટ હેતુ જ સમાયલો હોવો જોઇએ. એક સમયે અમુક વિષયમાં મતભેદ થવાથી ભીમસિંહ સાથે તમારો વિગ્રહ થયો હતો, એ વાતને હું ભૂલી ગયો નથી. પોતાના એ વૈરનો ભીમસિંહ પાસેથી આજે તમે આવી નીચતાથી બદલો લીધો છે અને તે તમારી નીચતામાટે હું તમને અંત.કરણપૂર્વક ધિક્કારુ છું. તમારા જેવા એક અધર્મના અવતારને ધર્મસિંહ નામાભિધાન આપવામાં નામ આપનારે મોટી ભૂલ કરી છે, એનો આજે મને પ્રત્યક્ષ પરિચય થયો!"

"મહારાજ! આ સાહસ થાય છે–અન્યાય થાય છે. હુ નિર્દોષ છું–નિરપરાધી છું. મારો ભીમસિંહ સાથે એકવાર જે વિગ્રહ થયો હતો, તે એટલો બધો ભયંકર અને ગંભીર નહોતો કે જેનો આવો નીચ બદલો લેવામાં આવે. હા–હુ ઊતાવળ કરીને આગળ વ્હેલો ચાલ્યો આવ્યો, એ કદાચિત્ મારી ભૂલ ગણવામાં આવે તો વ્યાજબી કહી શકાય અને મારી એ ભૂલમાટે જે શિક્ષા આપો, તે ખમવાને હું તૈયાર છુ, પણ મારા શિરપર અસત્ય આરોપ મૂકીને મને કલંકિત ન બનાવો." ધર્મસિંહે નમ્રતાથી પોતાનો બચાવ કરતાં જણાવ્યું.

"એક ભયંકર પાપ તો તમે કરી ચૂકયા છો અને પાછુ તે પાપને છૂપાવવામાટે અસત્ય બોલવાનુ બીજું પાપ ન કરો. તમારી આ કૃષ્ણ મુદ્રા જ કહી આપે છે કે, તમે અપરાધી છો–ખૂની છો આવો અપરાધ કરીને હમ્મીરની ન્યાયદેવતાના પંજામાંથી તમે હવે છટકી શકો એમ નથી જ આ અપરાધ–મનુષ્યવધ કિબહુના વીરવધ જેવા ઘોર પાતકની તેવી જ ભયંકર શિક્ષા ભોગવવાને તમારે તૈયાર થવુ જ જોઇએ અરેરે–તમારા નીચ હૃદયની મને પ્રથમ ખબર પડી હોત, તો આ યુદ્ધમાં સેનાપતિનો અધિકાર આપીને હું તમને મોકલત જ નહિ!" હમ્મીરે દ્વિગુણિત આવેશથી કહ્યું.

"મહારાજાના ચરણોમા વારંવાર મારી એ જ પ્રાર્થના છે કે, જો ઇચ્છા હોય તો આ ક્ષણે જ મારો વધ કરી નાખો, પણ આ શબ્દ-શરના પ્રહાર કરીને મારા હૃદયને અસહ્ય યાતના ન આપો" ધર્મ-સિંહે અતિશય નમ્રશીલતાનું અવલંબન કરી, નેત્રોમા નીર લાવીને એ શબ્દોનો ઉચ્ચાર કર્યો

"અપરાધ કરીને પછીથી આવી નમ્રતા બતાવી ન્યાયાધીશના હૃદયમા દયા ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરવો, એ પઢનુ કર્તવ્ય છે આજે મારો નિશ્ચય થયો કે, તમે પુરુષ નહિ, પણ વીર્યહીન નપુંસક છો હું અત્યાર સુધી એ જાણતો ન હોતો કે, તમારી માતાએ એક કલીબ બાળકને જન્મ આપ્યો છે, નહિ તો અત્યાર સુધી તમારાં શસ્ત્રાસ્ત્રો અને વીરોચિત વસ્ત્રોમાં ધનનો જે વ્યય કરવામા આવ્યો છે, તે ધનનો તમારી ચૂદડી અને ચૂડિયો ખરીદવામા જ વ્યય કર્યો હોત. વળી એક રીતે તમને અધ–નેત્રવિહીન અધના નામથી પણ ઓળખી શકાય એમ છે, કારણ કે, પાપ કરતી વેળાએ એ પાપના ભાવિ પરિણામને તમે જોઈ શકયા ન હોતા અપરાધીને યોગ્ય શિક્ષા આપીને મારે ન્યાય-દેવતાને નિષ્કલક રાખવી જ જોઇએ!" હમ્મીરે કોપના શિખરે પહો-ચીને કહ્યું.

"હુ અપરાધી જ છું, એવો જ્યારે આપનો દૃઢ નિશ્ચય થઈ ગયો છે અને મારા બોલવાને આપ સત્ય માનતા જ નથી, ત્યારે હવે મારે વધારે બોલવું જ નથી. આપને યોગ્ય લાગે તે શિક્ષા આપો–હું તે સહન કરીશ અને એથી આપ જે ન્યાયદેવતાને નિષ્કલંક રાખવા માગો છો, તે ન્યાયદેવતાને હું સદાને માટે કલકિની થએલી માનીશ." ધર્મ-સિંહે કાંઇક રોષમાં આવીને કહ્યું.

"ચોરી અને સરજોરી? અરે કોઈ છે કે?" હમ્મીરે ભયંકર પોકાર કરીને કહ્યું.

તત્કાળ ચાર સશસ્ત્ર સૈનિકો આવીને હાજર થયા અને હસ્ત જોડીને બોલ્યા કે,–"શી આજ્ઞા છે, ગૌબ્રાહ્મણપ્રતિપાળ ?"

"એ જ કે, આ નિરર્થક ધર્મસિંહ નામધારી અધર્મસિંહની આંખો અત્યારે જ ફોડીને એને અંધ બનાવો અને ત્યાર પછી કોઈ એકાંત સ્થાનમા લઈ જઈ બળદ પ્રમાણે પંઢ બનાવીને આપણા રાજ્યની સીમામાંથી બહાર કાઢી મૂકો. સર્વત્ર એ ખબર આપી દેજો કે, જો કોઈ પણ પ્રજાજન એને આશ્રય આપશે, તો તેને કઠિન દંડ ભોગવવો પડશે." હમ્મીરે શિક્ષાની આજ્ઞા આપતાં અત્યંત ક્રોધથી કહ્યું.

ધર્મસિંહનાં નેત્રો સભામા જ ફોડી નાખવામાં આવ્યા અને એ કરુણાજનક દેખાવને જોઇ સર્વ સભાસદોનાં અંતઃકરણ કંપી ગયા, પણ હમ્મીરનો એટલો બધો પ્રભાવ હતો કે, કોઇથી કાંઈ પણ બોલી શકાયું નહિ. ધર્મસિંહને આંધળો બનાવીને સૈનિકો ત્યાંથી પંઢ બનાવવામાટે અન્યત્ર લઈ ગયા. ત્યાર પછી હમ્મીરે પોતાના પિત્રાઈ ભાઈ ભોજદેવને ઉદ્દેશીને કહ્યું કે,–'ભોજદેવ' તમે એક શૂરવીર રણયોદ્ધા છો અને એક પ્રકારે મારા બંધુ પણ છો, એટલે ધર્મસિંહની સેનાધ્યક્ષની ખાલી પડેલી પદવી હું તમને આપુ છું અને આશા રાખું છું કે, તમે વીરોચિત-કર્મથી એ પદવીને શોભાવી, રાજ્યની શોભામા પણ વૃદ્ધિ કરશો."

"વીરોચિતકર્મ કરવા, રાજાની અને પ્રજાની એકનિષ્ઠાથી સેવા કરવી અને રાજ્યની શોભામાં વૃદ્ધિ કરવી, એ પ્રત્યેક વીરનુ સ્વાભાવિક કર્ત્તવ્ય જ છે અને તે કર્ત્તવ્યનુ હુ યથાર્થ પાલન કરીશ આ પદવી આપીને આપે મારા માનમાં જે વૃદ્ધિ કરી કરી છે, તે માટે આપનો હુ જેટલો આભાર માનુ, તેટલો ઓછો જ છે પણ અત્યારે આપના ચરણોમાં હુ એક પ્રાર્થના કરવાની ઇચ્છા ધરાવુ છું, પરન્તુ જો તે પ્રાર્થના માન્ય કરવાનુ વચન આપવામા આવે તો !" ભોજરાજે આભાર માનીને એક સંશયકારક વિષય રજૂ કર્યો.

"તમારી તે પ્રાર્થના અવશ્ય માન્ય રાખવામાં આવશે, એ માટે હુ વચન આપુ છુ" હમ્મીરે ઉત્તર આપ્યુ.

"મારી પ્રાર્થના એ જ છે કે, ધર્મસિંહપર હવે દયા થવી જોઇએ. એને અંધ અને પંઢ બનાવી નાખવામા આવ્યો છે અને તેથી જો એને દેશનિકાલ કરવામાં આવશે, તો કયાય પણ એનો નિર્વાહ ચાલી શકે તેમ નથી. એટલા માટે નિર્વાહનાં આવશ્યકીય સાધનો આપીને એને અહીં જ રાખવો, એ મારા વિચાર પ્રમાણે વધારે સારુ છે. અપરાધીને પણ ક્ષમા આપવામાં જ રાજાની ઉદારતાનું ગૌરવ વિશેષ સમાયલું છે." ભોજરાજે પ્રાર્થના કરી.

"વારુ—ત્યારે જો તમારી એવી જ ભાવના હોય, તો તેને એવી વ્યવસ્થા કરી આપો. એ કાર્ય કરવાનો અધિકાર હું તમને જ આપું છું."

સભા વિસર્જન થયા પછી હમ્મીર ભીમસિંહના મરણથી થએલા શોકના ભારને ઓછો કરવા માટે ઉદ્યાનમાં ચાલ્યો ગયો. ભોજરાજ ધર્મસિંહની વ્યવસ્થા કરવા ગયો અને અન્ય સભાસદો પોતપોતાના સ્થાને પ્રયાણ કરી ગયા.

—:o:—

## એકાદશ પરિચ્છેદ

### ધર્મસિંહનાં ષડ્યંત્ર

અથવા

### ઉપકારનો બદલો અપકાર

દુર્ભાગી ધર્મસિંહ એવી રીતે અવયવભ્રષ્ટ થઇને અને અત્યંત અપમાન પામીને ભોજદેવની પ્રાર્થનાના પરિણામે રણથંભોરમાં રહ્યો. તેને દેશનિકાલની જે સજા આપવામાં આવી હતી, તેનો અમલ કરવામાં આવ્યો નહિ. ખરેખર ધર્મસિંહને અન્યાય આપવામાં આવ્યો હતો, એમાં તો લેશ માત્ર પણ સંશય નહોતો જ. રાજાના એ અન્યાયયુક્ત વ્યવહારથી તેના હૃદયમાં અતિશય અસહ્ય આઘાત થયો અને એ અન્યાય તથા અત્યાચારનો રાજા પાસેથી પૂરેપૂરો બદલો લેવામાટેનો તેણે પોતાના મનમાં દૃઢ સંકલ્પ કરી લીધો. ખુલ્લીરીતે રાજાસાથે વૈર બાંધી શકે એવી અવસ્થામાં તો તે હતો જ નહિ, એટલે કોઈ પ્રકારે પુનઃ રાજાની મૈત્રી પ્રાપ્ત કરીને ગુપ્ત શત્રુતાથી તેનો નાશ કરવો અને વિશ્વમાં પ્રતિચાણક્યની પદવી મેળવવી, એ નિશ્ચયપર તે આવ્યો. પોતાના સંકલ્પને સિદ્ધ કરવાના હેતુથી તેણે રાધાદેવી સાથે બહુ જ ઘનિષ્ઠ મિત્રતાનો સંબંધ કર્યો. એ રાધાદેવી એક રાજગાયકા વેશ્યા હતી અને રાજસભામાં એનું બહુ જ માન હતું. રાજસભામાં જે કોઇપણ નવીન વિષય ચર્ચાતો હતો અને જાણવાજોગ ઘટના બનતી હતી, તે વિષેના સર્વ સમાચાર રાધાદેવી પોતાના અંધ અને પંઢ મિત્રને આપતી હતી. એક દિવસ એવો બનાવ બન્યો કે, રાધાદેવી રાજસભામાંથી જ્યારે ઘેર આવી ત્યારે તેની મુખમુદ્રા ઘણી જ મલિન અને ઉદાસ થએલી હતી અને તેના બોલવામાં પણ એ ઉદાસીનતાનો રંગ પ્રત્યક્ષ દેખાઈ આવતો હતો. અંધ ધર્મસિંહે જ્યારે તેની એ ઉદાસીનતાનું કારણ પૂછ્યું, ત્યારે તેના ઉત્તરમાં રાધાદેવીએ જણાવ્યું કે;—"આજે વેધ નામક રોગથી રાજાના ઉત્તમોત્તમ અનેક અશ્વો મરી ગયા છે, એટલે આજે તેમણે મારા નૃત્ય અને ગાનમાં બહુ જ

ઓછું ધ્યાન આપ્યું હતું અને આસપાસના સયોગોને જોતાં બહુધા એવું જ અનુમાન કરી શકાય છે કે, લાંબા વખત સુધી રાજાના મનની એવી જ દશા રહેવાની. આવી દશામાં રાજસભામાં જવું, એ પણ મને તો મરણુસમાન જ ભાસે છે."

શાધાદેવીની એ વાર્ત્તા સાંભળીને ધર્મસિંહ કેટલીકવાર સૂધી તો વિચારમાં પડી ગયો અને ત્યારપછી અચાનક બોલી ઉઠ્યો કે;–"શાધાદેવી! આમ તમારે ચિન્તા કરવાનું કાંઈ પણ કારણ નથી; કારણ કે, જો મારા વચન અનુસાર એક પ્રકારની વ્યવસ્થા કરવાની તમારામાં શક્તિ હોય, તો બધું થોડા વખતમાં જ ઠીકઠાક થઈ જાય એમ છે."

"તે શી વ્યવસ્થા છે?" શાધાદેવીએ આતુરતાથી પૂછ્યું.

"એ જ કે, કોઈ ઉપાયે રાજાને એમ જણાવવાનો પ્રયત્ન કરવો જોઇએ કે, જો ધર્મસિંહને તેની પ્રથમ પદવીનો અધિકાર પાછો આપવામાં આવે, તો તે મહારાજાને જેટલા અશ્વો મરી ગયા છે, તેના કરતાં બમણી સખ્યાના અશ્વો ભેટ આપવાને તૈયાર છે." ધર્મસિંહે જે કાર્યની વ્યવસ્થા કરવાની હતી, તેનો સ્ફોટ કર્યો.

શાધાદેવી પોતાની નૃત્ય તથા સગીતકળાથી રાજાને એટલી બધી પ્રિય થઈ પડી હતી કે, તેની કોઈપણ પ્રાર્થનાને રાજા ભાગ્યે જ અમાન્ય કરતો હતો. શાધાદેવીએ એક દિવસ પ્રસગ સાધીને ધર્મસિંહની વાર્ત્તા રાજાના મનમાં ઉતારી દીધી અને હમ્મીરે પણ લોભને વશ થઈ ધર્મસિંહને પુનઃ તેના પૂર્વ પદે આરૂઢ કરી દીધો. ષઢ ધર્મસિંહ પુનઃ એકવાર સૈનાધ્યક્ષના નામથી ઓળખાવા લાગ્યો અને અધિકાર ચલાવવા લાગ્યો.

એવી એક નીતિ છે કે, જો સર્પના શરીરપર એકવાર આઘાત કર્યો, તો પછી તેના પ્રાણુ પ્રયાણુ કરી જાય ત્યાં સૂધી તેને મારીને પછી જ છોડવો જોઇએ. જો તેને અર્ધમૃત કરીને છોડી દેવામાં આવે તો સર્પ ભયકર દશ કરીને પોતાના વૈરનો બદલો લીધાવિના કદાપિ રહેતો નથી. એ જ સિદ્ધાંત રાજનીતિમાં પણ લાગુ થાય છે અને કેટલાક રાજનીતિનિપુણ વિદ્વાનો પણ એવો જ અભિપ્રાય દર્શાવે છે કે, જો શત્રુપર કારણુ કે અકારણુથી એકવાર આઘાત કર્યો તો પછી તેને પૂરેપૂરો પાયમાલ કરી નાખવો. તેના હાથમાં એવું એક પણ સાધન રહેવા દેવું ન જોઇએ કે, જેથી તે પુનઃ આપણુપર પ્રત્યાઘાત કરી શકે અને પોતાના વૈરનો બદલો લઈ શકે. ધર્મસિંહ દૂષિત હતો કે નિર્દોષ હતો, એ પ્રશ્નનો વિચાર ન કરતાં રાજાએ જ્યારે તેની નિર્ભર્ત્સના કરી, તેને અવયવભગ્ન કર્યો અને તેનાં નેત્રો ફોડી નાખ્યાં, ત્યારે પછી તેને કગાલ બનાવીને દેશવટો

જ આપવો જોઇતો'તો અથવા તો જીવથી મારી નાખવો જોઇતો'તો, એ જ રાજામાટે વિશેષ કલ્યાણકર હતું. દયાશીલતાને એ વેળાએ સ્થાન આપવું રાજનીતિથી વિરુદ્ધ હતું છતાં દયા બતાવીને તેને દેશનિકાલ ન કર્યો, તોપણ તેને પાછો અધિકાર આપવો, એ રાજાનો પ્રમાદ અક્ષમ્ય હતો. પરંતુ લોભ પાપનું મૂળ હોય છે, એ નિયમ અનુસાર લોભને વશ થઇ રાજાએ એ પ્રમાદ કર્યો—પોતાના નાશવૃક્ષનું પોતાના હાથે જ બીજારોપણ કર્યું કચડેલા સર્પને વિષમય દંશ દેવાનો સુવર્ણસમાન અલભ્ય પ્રસંગ અચાનક પ્રાપ્ત થયો.

ધર્મસિંહ એવી રીતે પુનઃ પદારૂઢ થઇને પોતાને થએલા અન્યાયનો યોગ્ય બદલો લેવાનો વિચાર કરવા લાગ્યો. રાજાનો લોભ દિવસે દિવસે વધતો ગયો અને પાપી ધર્મસિંહ પોતાના અત્યાચાર અને લૂટથી પ્રજાની એવી હીન અવસ્થા કરી નાખી કે, પ્રજાજનો રાજાને અત્યન્ત ઘૃણા અને તિરસ્કારની દૃષ્ટિથી જોવા લાગ્યા. ધર્મસિંહ જેની પાસેથી જે કાંઈ પણ—અશ્વ, ધન અથવા લેવા યોગ્ય કોઇપણ પદાર્થ—મળી શકે તે સર્વ લઇ લેતો હતો, અને કોઇની પાસે કાંઈ પણ રહેવા દેતો નહોતો. રાજાના ભંડારને ભરપૂર કરવો, એ વિના તેનું બીજું કર્ત્તવ્ય જ નહોતું. રાજાએ અને તેને મંત્રીની પદવી આપી અને પોતાના તે અધમ મંત્રીપર હમ્મીર અત્યન્ત પ્રસન્ન રહેવા લાગ્યો. રાજાની એ પ્રસન્નતા મેળવી પ્રફુલ્લ અને ગર્વિષ્ઠ બનીને ધર્મસિંહે જે ભોજદેવે એકવાર પોતાપર ઉપકાર કર્યો હતો, તે ભોજદેવ પાસેથી તેના સૈન્યવિભાગનો હિસાબ લેવાને તૈયાર થઇ ગયો. ઉપકારનો બદલો અપકારથી વાળવાની તૈયારી થઇ ચૂકી. ભોજદેવ પોતાના મનમાં સારી રીતે સમજતો હતો કે, અધમ ધર્મસિંહ તેને મળેલા પદને લીધે તેના તરફ દ્વેષ રાખે છે અને એટલામાટે રાજા પાસે જઇને તેણે ધર્મસિંહના સમસ્ત ષડ્યન્ત્રની વાર્ત્તા કહી સંભળાવી અને તેના અત્યાચારોથી પ્રજાને બચાવવામાટેની પ્રાર્થના પણ કરી. પરંતુ હમ્મીરે ભોજના કથનને અસત્ય તરીકે સ્વીકારીને ઉત્તરમાં જણાવ્યું કે,—"ધર્મસિંહને સર્વ પ્રકારના અધિકારો આપવામાં આવ્યા છે, એટલે તેને જે કાંઇ પણ યોગ્ય લાગે, તે કાર્ય તે પોતાની સત્તાથી કરી શકે એમ છે. એટલામાટે તેની આજ્ઞાનું રાજાજ્ઞાસમાન પાલન કરવું, એ જ અન્ય અધિકારીઓનું પ્રધાન કર્ત્તવ્ય છે. હું વિશેષ કાંઇપણ સાંભળવા ઇચ્છતો નથી!" ભોજદેવે રાજાને જ્યારે એવી રીતે પોતાથી બદલાઇ ગએલો જોયો, ત્યારે આનંદથી તેણે પોતાની સર્વ સંપત્તિ જપ્ત થવા દીધી અને ધર્મસિંહની આજ્ઞાનુસાર તે સર્વ સંપત્તિને લાવીને રાજાના ધનભંડારમાં રાખી દીધી. આમ થવા છતાં પોતાના કર્ત્તવ્ય અને સેવકધર્મનો વિચાર

કરીને ભોજદેવ, જ્યારે પણ રાજા કોઈ એવા સ્થાને જતો હતો ત્યારે તેના સંરક્ષણમાટે સદૈવ તેની સાથે જ રહેતો હતો. એક દિવસ રાજા વૈજનાથના મંદિરમાં દેવપૂજામાટે ગયો હતો, ત્યાં ભોજને પોતાના સૈન્યમાં જોઇને પોતાની પાસે ઉભેલા એક સભાસદને ઉદ્દેશીને રાજાએ કહ્યું કે;–"આ પૃથ્વી અધમ જનોથી ભરેલી છે, તોપણ પૃથ્વીમાં સર્વથી અધમ જીવ કૌઆનો છે કે જેના પક્ષોને ક્રોધિષ્ઠ ક્વિાભીત ચટીચટીને નોચેડી નાખે છે, તોપણ તે જીર્ણ વૃક્ષના માળામાં પડ્યો જ રહે છે-ત્યાંથી ખસતો જ નથી!" ભોજદેવ પણ થોડા જ અંતરપર ઊભેલો હતો, એટલે તેણે રાજાના એ વચનો બરાબર સાંભળ્યા અને તેમાંના વ્યંગાર્થને તે અક્ષરે અક્ષર સમજી ગયો એ વાક્યો ખાસ તેને ઉદ્દેશીને જ બોલાયલા હતા, એ રહસ્ય પણ તેના જાણવામાં આવી ગયું. ત્યાંથી અત્યંત શોકમગ્ન અને દુખિત થઇને તે પોતાને ઘેર ચાલ્યો ગયો અને ઘેર આવીને પોતાના થએલા અપમાનની બધી હકીકત પોતાના કનિષ્ઠ બંધુ પ્રિયતમદેવને કહી સંભળાવી.

"ત્યારે હવે ભાઈ! આપનો શો વિચાર છે?" પ્રિયતમે પૂછ્યું

"એ જ કે આ નગરના અન્નજળને અગ્રાહ્ય કરીને હમ્મીર રાજાના દેશનો ત્યાગ કરવો અને જ્યાં ભાગ્ય લઈ જાય ત્યાં જઇને પોતાના જીવનના દિવસો પૂરા કરવા." ભોજદેવે નિરાશાથી કહ્યું.

"દેશનો ત્યાગ તો કરવો જ, પણ શત્રુના સહાયક થઇને આ અપમાનનો બદલો પણ લેવો જ!" પ્રિયતમે ત્વેષમાં આવીને જણાવ્યું.

"ચાલો ત્યારે જવાની તૈયારી કરીએ. ઉભય બાંધવોની પ્રતિષ્ઠા સાથે જ છે." ભોજદેવે અનુમતિ આપી.

"ખરેખર રાજાએ આપણો તિરસ્કાર કરીને પોતાનો નાશ પોતાના મુખથી જ માગી લીધો છે. હમ્મીરનો અંત અને અલાઉદ્દીનના વિજયનો સમય પાસે આવી લાગ્યો છે. ક્ષત્રિયવંશપર ઈશ્વરનો જ કોપ થયો છે, ત્યાં આપણો શો ઉપાય? આજે રાજાએ આટલું અપમાન કર્યું તો કાલે ઊઠીને વધારે અપમાન પણ કરે; માટે તે આપણને અપ્રતિષ્ઠાપૂર્વક શિક્ષા કરીને અહીંથી કાઢે, તે કરતાં આપણે અહીંથી ચાલ્યા જઇએ અને આપણને ગમે તે માર્ગનો સ્વીકાર કરીએ, એ જ આપણામાટે વધારે સારું અને શુભકર છે." પ્રિયતમે પુનઃ દૃઢતાથી પોતાનો અભિપ્રાય વ્યક્ત કરીને કહ્યું.

ધીમેધીમે ઉભય બાંધવોએ મળીને બે ચાર દિવસમાં ત્યાંથી પ્રયાણ કરવામાટેની સઘળી તૈયારીઓ કરી રાખી. તૈયારી થઈ રહ્યા પછી બીજે દિવસે ભોજદેવ મહારાજા હમ્મીરપાસે ગયો અને બહુ જ નમ્રતાથી

પ્રાર્થના કરીને કહ્યું કે;–" મહારાજાધિરાજ! આ દેહ ક્ષણભંગુર છે અને તેથી કાંઇપણ સુકૃત્ય જો જીવનકાળમાં થાય તો વધારે સારુ, એવી ભાવનાથી તીર્થાટન કરવાનો મારો નિર્ધાર થએલો છે–મારી કાશીક્ષેત્રની યાત્રાએ જવાની ઇચ્છા છે, માટે આજ્ઞા મળવી જોઇએ. હુ સત્વર જ પાછો આવી મહારાજાની સેવામા ઉપસ્થિત થઇશ."

એના ઉત્તરમા ગર્વપૂર્વક હમ્મીરસિહે જણાવ્યું કે,—"ભોજદેવ! કાશીક્ષેત્ર તો શું, પણ જો તમારી ઇચ્છા હોય તો તેથી પણ દૂરના ક્ષેત્રમાં જાઓ. સત્વર આવો કે ન આવો, એની અમને કશી પણ દરકાર નથી; કારણ કે, તમારા ન હોવાથી નગર ઉજ્જડ થઇ જવાનો સભવ નથી."

રાજાના એ અવિનીત અને અસભ્ય વચનોનુ ભોજે કાંઇપણ પ્રત્યુત્તર આપ્યું નહિ. તે પ્રણામ કરીને તરત ત્યાથી ચાલ્યો ગયો. માત્ર એ નવીન અપમાનનું પરિણામ એટલું જ થયુ કે, ભોજદેવના અત્યાર સૂધી અપમાનના પ્રતિશોધમાટેનો જે કાઇક ડગમગતો વિચાર હતો, તે હવે વજ્રલેપ સમાન દઢ થઇ ગયો. ઘેર જઇ તરત પોતાના બધુસહિત તેણે પ્રવાસનો આરભ કર્યો અને રણથભોરનો સદાનેમાટે ત્યાગ કર્યો. તેણે પોતાના મનમા દઢતમ નિશ્ચયસાથે પ્રતિજ્ઞા કરી કે;–"ઉપકારને બદલે મળેલા આ અપકારનો બદલો તો જીવના જોખમે પણ લેવો જ. જડ પાષાણને આઘાત કરતા તે પણ સ્હામો પ્રત્યાઘાત કરે છે, તો પછી સચેતન મનુષ્ય પોતાપર થએલા આઘાતનુ પ્રત્યાઘાત કરીને ઉત્તર ન આપે, તો તે જડ પાષાણ કરતાં પણ નીચ અને અધમ ગણાય!"

ભોજદેવના ચાલ્યા જવાથી રાજા તો મનમાં પ્રસન્ન જ થયો અને તેના જવાથી જે કોટવાલની જગ્યા ખાલી પડી હતી, તે પદવી તેણે રતિપાલ નામના એક ક્ષત્રિયને આપીને તેના માનમાં વધારો કર્યો. ભોજદેવ જેવા એક કંટકના નીકળી જવાથી ધર્મસિહનો ષડ્યત્ર ચલાવવામાટેનો માર્ગ નિષ્કંટક થઇ પડ્યો અને હવે તે આનંદથી અનેક પ્રકારના અત્યાચારો કરી પ્રજામાં રાજાને અપ્રિય બનાવવાના પ્રયત્નો કરવા લાગ્યો.

## દ્વાદશ પરિચ્છેદ
## અલાઉદ્દીન અને ભોજદેવ
અથવા
## દ્વિતીય આક્રમણ અને ક્ષત્રિયોનો વિજય

સર્પસમાન છંછેડાયલો અને અપમાન તથા તિરસ્કારના અગ્નિથી દગ્ધ થઇ પ્રતિહિંસા કરવાના નિશ્ચયપર આવેલો ભોજદેવ પોતાના બંધુ પ્રિયતમને સાથે લઇ કાશીક્ષેત્ર તરફ જવાને બદલે યોગિ-

નીપુર (દિલ્હી) માં આવી લાગ્યો અને ત્યાં તેણે સુલ્તાન અલાઉદ્દીનની મુલાકાત લીધી. સુલ્તાને તેમનો સારો આદરસત્કાર કર્યો અને પૂછ્યું કે,–"આપ કોણ છો, ક્યાંથી આવો છો અને મારા દરબારમાં આવવાનો આપનો ખાસ શો હેતુ છે, તે સાફ સાફ કહો."

"ભારતસમ્રાટ્! અમે રણથંભોરના રાજા હમ્મીરદેવની સેનાના સેનાધ્યક્ષો હતા અથવા છીએ પણ ખરા અને......"

ભોજદેવ આગળ બોલવા જતો હતો, એટલામાં સુલ્તાને અધીર બનીને વચ્ચે જ પાછો બીજો સવાલ પૂછ્યો કે,–"ત્યારે તો હમ્મીરદેવની સભામાંથી અવશ્ય કોઈ વિષ્ટિ લઈને જ આપ આવ્યા હશો. શી વિષ્ટિ લાવ્યા છો?"

"વિષ્ટિ બીજી કશી પણ નથી. આપ સર્વ સ્થળે વિજય મેળવીને 'વિજેતા'ના નામથી પોતાને પ્રસિદ્ધ કરી ચૂકયા છો, એટલે રણથંભોરસાથેના યુદ્ધમાં પણ પરમેશ્વર આપને જય આપે અને વિજયશ્રી આપના ગળામાં જ વરમાળા આરોપે, એ ઉદ્દેશથી જ આજે અમે અહીં આવ્યા છીએ. હમ્મીરદેવની સેવામાં સમસ્ત જીવનની આહુતિ આપી દીધી અને એકનિષ્ઠાથી રહ્યા, તેના બદલામાં પુરસ્કાર તરીકે અમને માત્ર અપમાન અને તિરસ્કાર એ બે વસ્તુઓ જ મળી છે. રાજાએ અમને ન સંભળાવવાં જોઈએ તેવાં કટુ અને વિષમય વચનો સંભળાવ્યાં છે. એ અપમાનને અમે સહન ન કરી શકયા અને નિરાશ થઈ રણથંભોરનો ત્યાગ કર્યો. માર્ગમાં વિચાર થયો કે જવું ક્યાં? હૃદયમાંથી એક ગુપ્ત નાદ સંભળાયો અને તેનો એ આશય હતો કે, 'વીરનરો! તમે ચિન્તા ન કરો તમે નિરાધાર નથી. ભારતસમ્રાટ્‌ની સભામાં અવશ્ય તમને આશ્રય મળશે અને તમારા વૈરનો પ્રતિશોધ થશે!' એ હૃદયનાદને માન્ય કરીને અમે આપનો આશ્રય લેવાને અને આપને વિજયલક્ષ્મીસાથે વરાવી દેવાને અહીં આવ્યા છીએ." ભોજદેવે વિદ્વત્તાથી પોતાના આગમનનો હેતુ વ્યક્ત કરી બતાવ્યો.

"જ્યારે એકનિષ્ઠાથી બજાવેલી સેવાઓના બદલામાં અમને અપમાન અને તિરસ્કાર જેવી વસ્તુઓ જ પ્રાપ્ત થઈ, તે વેળાએ અમારા મનમાં અગાધ પશ્ચાત્તાપ થયો કે, એક કૃતઘ્ન સ્વામીની સેવામાં વિનાકારણ અમે અમારા જીવનનો આટલો બધો અમૂલ્ય અને દુર્લભ કાળ વીતાડી દીધો. જો રાજાના આવા સ્વભાવને અમે પ્રથમથી જ જાણતા હોત, તો સમુદ્રને મૂકી કૂપનો આશ્રય કદાપિ કરત જ નહિ! પરન્તુ જાગ્યા ત્યાંથી સવાર, એ તત્ત્વના સ્મરણથી સંતોષ માનીને અમે આશ્રય

મેળવવાની આશાથી આપપાસે આવ્યા છીએ અને આશા રાખીએ છીએ કે, અમારો અનાદર તો નહિ જ થાય!" પ્રિયતમે પણ તેવા જ ભાવને અનુસરી પોતાની વાચાળતાનો પરિચય કરાવ્યો.

અલાઉદ્દીનને તો એટલું જ જોઇતું'તું. ને સ્વાર્થપરાયણ સુલ્તાને તે બધુદ્વયનો આનદથી સ્વીકાર કરીને આનદદર્શિની મુદ્રાથી કહ્યું કે,– "આપ શૂરવીર અને રણધીર રાજપૂત યોદ્ધાઓ છો, એટલે આપને આશ્રય આપીને મારી સભાના શૃંગારમા વૃદ્ધિ કરવાનો મને આજે આ જે અપૂર્વ યોગ મળી આવ્યો છે, તે માટે હુ મારા મૌલાનો અત કરણ-પૂર્વક આભારી છું. ભોજદેવ અને પ્રિયતમદેવ! આપને અહી આવેલા જોઇને મારા મનમાં જે પ્રસન્નતાનો ઉદ્દભવ થયો છે, તેને શબ્દોદ્વારા વ્યક્ત કરવાને હુ અસમર્થ છુ. આપના સહવાસથી હુ કાંઈ પણ લાભની જ આશા રાખુ છુ. હુ જગરા નામક સ્થાન અને તેની સાથેનો ઈલાકો આપને જાગીર તરીકે આપુ છુ. પ્રિયતમદેવ! આપ તે જાગી-રને સંભાળવામાટે ત્યા જઈને રહો અને ભોજદેવ! આપ મારી સભાને શોભાવવામાટે દિલ્લીમા જ નિવાસ કરો."

"જેવી સમ્રાટ્‌ની આજ્ઞા." ઉભય બાન્ધવોએ એક સાથે ઉદ્દ્-ગાર કાઢીને પોતાની અનુમતિ દર્શાવી.

એ સમયથી પ્રિયતમદેવ અને તેમના પરિવારના અન્યજનો જગ-રાની તેમને આપવામાં આવેલી જાગીરમાં રહેવા લાગ્યાં અને ભોજ-દેવ પોતે સુલ્તાનના ફર્માન પ્રમાણે દિલ્લીના દર્બારમા રહીને પોતાનો સમય વીતાડવા લાગ્યો. અલાઉદ્દીનનો હમ્મીરના રાજ્યની આતરિક વ્યવસ્થાને જાણી લેવાનો ઘણા વખતથી અભિપ્રાય હતો, એટલામાટે નિત્ય નવીન નવીન ભેટો અને પુરસ્કારો આપીને તે ભોજદેવની પ્રતિષ્ઠા વધારવા લાગ્યો અને તેથી ભોજદેવ પણ ધીમે ધીમે પોતાના નવીન આશ્રયદાતા સ્વામીના હિતસાધનમાં તત્પર થતો ગયો.

ભોજદેવને પૂર્ણરીતે પોતાના પક્ષમાં આવી ગએલો જાણીને અલા-ઉદ્દીને એક દિવસ તેને એકાતમા બોલાવીને પૃછ્યું કે,–"ભોજદેવ! અભિમાની અને મહોન્મત્ત હમ્મીરને દાબી દેવાનો કોઈ સુગમ્ય અને સુલભ ઉપાય આપના ધ્યાનમાં છે ખરો કે?

એ પ્રશ્નના ઉત્તરમાં ભોજદેવ કહેવા લાગ્યો કે;—"ભારતસમ્રાટ્! આપ આ આટલા મોટા વિસ્તૃત સામ્રાજ્યના સ્વામી છો, છતાં હમ્મીર જેવા રાજાને સર્વથા પરાજિત કરીને વિજય પ્રાપ્ત કરવો, એ કાંઈ સહજ કાર્ય નથી. જેના નામના શ્રવણ માત્રથી જ કુન્તલ, મધ્યદેશ, અગ અને કાંચી પર્યન્તના રાજાઓ પણ ભયભીત થઈ જાય છે, જે છ ગુણ

અને ત્રણ શક્તિઓથી મંડિત છે, જે એક મહાવિશાળ અને પ્રબળ સેનાનો સ્વામી છે, સમસ્ત રાજાઓ જેનાથી સાશંક રહ્યા કરે છે અને જેની આજ્ઞાને રાજાઓ ધારણ કરે છે, અનેક રાજાઓને યુદ્ધમાં પરાજિત કરનાર પરાક્રમી વિરામ જેવો જેનો ભ્રાતા છે. મીર મંગોલ અને અન્ય નિઃશંક પરાક્રમી પઠાણ સર્દારો નિરંતર જેની આજ્ઞા પાળવાને તત્પર રહ્યા કરે છે, જે હમ્મીર આપના બિરાદર ઉલગખાંને પોતાના સૈન્યદ્વારા પરાજિત કરીને આપના હૃદયમાં પણ આઘાત કરી ચૂક્યો છે અને પોતાની કીર્તિપતાકાને આકાશમાં ચઢાવી ચૂક્યો છે. તે હમ્મીરને પરાજિત કરવો, એ બહુ જ કઠિન કાર્ય છે. હમ્મીરના સૈન્યમાં માત્ર યોગ્ય અને શૂરવીર સેનાપતિઓ છે, એટલું જ નહિ પણ તે સર્વનો હમ્મીરમાં ઈશ્વરસમાન પૂજ્ય ભાવ છે અને તેઓ તેને દેવતુલ્ય માને છે એટલે કોઈ પણ લોભવશ થઈને આપણા પક્ષમાં આવે, એ સર્વથા અશક્ય અને અસંભવનીય છે. હમ્મીરની સભામાં માત્ર એક જ એવો પુરુષ છે કે, જે અમુક લાભને વશ થઈ પોતાના આત્માને વેચી નાખવાને તૈયાર થાય! જેવી રીતે દીપકના નાશમાટે વાયુની લહરી, કમલના સંહારમાટે મેઘ, સૂર્યના અસ્તમાટે રાત્રિ, યતિના યતિત્વભંગમાટે સુંદર સ્ત્રી અને અન્ય ગુણોના છેદનમાટે લોભની ઉત્પત્તિ થએલી છે, તેવી જ રીતે હમ્મીરની અપ્રતિષ્ઠા અને પ્રાણહાનિમાટે એ પુરુષનો જન્મ થએલો છે, એમ કહેવામાં કોઈ પણ પ્રકારની શંકાને સ્થાન મળી શકે તેમ નથી.'

"તે કયો પુરુષ વારુ ?" અલાઉદ્દીને આતુરતાથી પૂછ્યું.

"ધર્મસિંહ. એ ચાંડાલે હમ્મીરના નાશવૃક્ષનું સમસ્ત રાજ્યમાં બીજારોપણ કરી રાખ્યું છે અને તેથી જો યોગ્ય જલસિંચન કરવામાં આવે, તો તેને વૃક્ષનું સ્વરૂપ પ્રાપ્ત થવામાં અને હમ્મીરને નાશરૂપ ફળ મળવામાં કશો પણ વિલંબ નથી." ભોજદેવે કહ્યું

"ત્યારે હવે આપણે યુદ્ધના કયા માર્ગનું અવલંબન કરવું ?" અલાઉદ્દીને અધીરતાથી પુનઃ પ્રશ્ન કર્યો.

"શિરચ્છત્ર ! હમ્મીરના રાજ્યપર આક્રમણ કરવામાટેનો જો કોઈ અનુકૂળ સમય હોય તો તે આ સમય જ છે. ચૌહાણના રાજ્યપ્રદેશમાં આ સમયે અન્નનો પાક ઘણો જ સારો આવ્યો છે, એટલે જો એ અન્નની કાપણી થવા પહેલાં જ એ અન્ન કૃષિકારો પાસેથી આપણે છીનવી લઇએ તો અધ ધર્મસિંહના અત્યાચારોથી પ્રથમથી જ જર્જરિત અને પીડિત ક્ષત્રિયો હમ્મીરના પક્ષનો ત્યાગ કરીને આપણા પક્ષમાં આવી જાય, એ નઃસંશય છે. જો તેઓ આપણા પક્ષમાં આવવાને તૈયાર હોય, તો તેમને

તેમના સંરક્ષણનું વચન આપીને સંતુષ્ટ કરવા, એ આપણું કર્ત્તવ્ય છે." ભોજદેવે યુદ્ધના માર્ગનું દર્શન કરાવ્યુ.

ભોજદેવનો એ વિચાર અલાઉદીનને પસન્દ આવી ગયો અને તેથી તરત જ તેણે ઉલગખાંને એક લાખ ઘોડેસ્વાર સિપાહીઓની ફૌજને લઇને હમ્મીરના રાજ્યપર હલ્લો કરવા જવામાટેની આજ્ઞા આપી દીધી. ઉલગખાંની સેના એક પ્રબળ જળધારા પ્રમાણે જે પ્રદેશમાં થઇને નીકળતી હતી, તે પ્રદેશના અધિપતિઓને ફલિત વૃક્ષશાખાસમાન નમાવતી આગળ ચાલી જતી હતી. એવી રીતે જ્યારે એ યવનસેના 'હિન્દાવત' નામક સ્થાનમાં આવી લાગી, ત્યારે તેના આગમનના સમાચાર હમ્મીરદેવના સાભળવામાં આવ્યા અને તે એના પ્રતિકારનો વિચાર કરવા લાગ્યો.

* * * * * *

હમ્મીરદેવે રણથંભોર દુર્ગમાંના પોતાના સભાસદનમાં સૈન્યાધિકારી, સામત અને અન્ય રાજાઓની એક સભા ભરી અને તેમાં સર્વ સમક્ષ અભિપ્રાયમાટે એ પ્રશ્ન મૂકયો કે.–'યવનસેનાના પરાજયમાટે હવે આપણે કયા કયા ઉપાયોની યોજના કરવી જોઇએ, તે કૃપા કરીને જણાવો અને એ પણ દર્શાવો કે, યુદ્ધનો વ્યવસાય કેવા પ્રકારે ચલાવવો ?'' કેટલાક સમયના એ વિષયના ઊહાપોહ પછી અને એવો નિશ્ચય કરવામાં આવ્યો કે, **વીરમ** (વિરામ) અને રાજ્યના બીજા આઠ વરિષ્ઠ અધિકારીઓ શત્રુ સાથે યુદ્ધ કરવામાટે જાય. એ નિશ્ચય પ્રમાણે તે સર્વ પદાધિકારીઓ જવામાટે તૈયાર થયા. રાજાના એ સેનાનાયકોએ તત્કાળ પોતાની સેનાને આઠ ભાગોમાં વિભક્ત કરી નાખી અને ભિન્ન ભિન્ન અષ્ટ દિશાઓથી તેઓ મુસલ્માન સૈન્યપર સિંહ પ્રમાણે શૌર્યથી તૂટી પડ્યા. **વીરમે** શત્રુસૈન્યપર પૂર્વ દિશામાંથી આક્રમણ કર્યું અને **મીર મંગોલ** પશ્ચિમમાંથી શત્રુઓપર ચઢી આવ્યો. જાજ્દેવ દક્ષિણમાંથી આગળ વધ્યો અને ગર્ભારુક ઉત્તરમાંથી આવી લાગ્યો. રતિપાલ અગ્નિ કોણમાંથી આવ્યો અને તિચર મોગલે વાયવ્ય કોણમાંથી આક્રમણ કર્યું. રણમલ્લ ઇશાન્યમાંથી આવ્યો અને વૈચરે નૈર્ઋત્યમાંથી આવીને યુદ્ધ ચલાવ્યું. રાજપૂત લોકો મહા પરાક્રમથી પોતાના કાર્યમાં નિમગ્ન થયા અને અતુલ પરાક્રમનો શત્રુઓને સાક્ષાત્કાર કરાવવા લાગ્યા. એમનામાંના કેટલાકોએ શત્રુઓની ખોદેલી ખાઇઓને માટી અને ઝાડોનાં ડાંખળાં પાંદડાંથી ભરી નાખી, કેટલાકોએ મુસલ્માનોના લાકડાના ઘેરાને આગ લગાડી દીધી, કેટલાકોએ દુશ્મનોના તંબૂઓના દોરડાને કાપી નાખ્યા. મુસલ્માન સૈનિકો શસ્ત્રાસ્ત્ર ધારણ કરી લડવામાટે તૈયાર થઈ ઉભા હતા અને એવી ડીંગ હાંક્યા કરતા હતા કે, "અમે આજે રાજપૂત

સૈનિકોને ઘાસની પેઠે વાઢી નાખીશું !" ઉભયપક્ષના સૈનિકો જીવપર ઉદાર થઇને લઢવા લાગ્યા; પરંતુ રાજપૂતોના સતત આક્રમણથી અંતે ગભરાઇને મુસલ્માનોને રણભૂમિમાંથી પાછી પાની કરવી પડી. મુસલ્માનસૈન્યમાંના ઘણાક સૈનિકોએ રણક્ષેત્રનો ત્યાગ કર્યો અને પોતાના પ્રાણને બચાવવાના પ્રયત્નો આદર્યા. કેટલાક સમય સૂધી મુસલ્માન સેનાએ એ જ રીતિનું અનુસરણ કર્યા કર્યું અને કાયરતાથી યવનસૈનિકો સમરક્ષેત્રને છોડી પલાયન કરી ગયા. રાજપૂતોનો-ક્ષત્રિયોનો-સંપૂર્ણ વિજય થયો.

જ્યારે યુદ્ધની એવી રીતે પરિસમાપ્તિ થઈ ગઈ, ત્યારે સીધા સાદા રાજપૂતો યુદ્ધમા પોતાના મરેલા અને ઘાયલ થએલા બાંધવોને ઊઠાવી જવામાટે ઇતસ્તતઃ ફરવા લાગ્યા. એ શોધ કરતાં તેમને બહુ ધન, શસ્ત્રાસ્ત્ર, હાથી અને અશ્વ ઇત્યાદિ શત્રુસૈન્યના પદાર્થો હાથ લાગ્યા. શત્રુ-પક્ષની કેટલીક સ્ત્રીઓ પણ તેમના હાથમાં આવી ગઈ. રતિપાલે રણથંભોર તરફ પાછા ફરતા માર્ગમાના પ્રત્યેક નગરમા તે સ્ત્રીઓ પાસેથી દધિ વેચવાનું કાર્ય કરાવ્યુ અને વિજયી વીરો વિજયનાદ કરતા રણથંભોરમા આવી લાગ્યા.

હમ્મીર પોતાના વીર સેનાનાયકોએ કરેલી એ વિજયપ્રાપ્તિથી અતિશય પ્રસન્ન થયો. એ ઘટનાના ઉપલક્ષમાં તેણે એક મહા સભા ભરી અને સર્વ વિજયી વીરોને વીરોચિત માન અને વીરોચિત આસન આપી બેસાર્યા, પછી તે નેત્રોમાં હર્ષાશ્રુ લાવી ગદ્ગદ્ કંઠે સર્વને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે;-" મારા શૂરવીર અને અદ્વિતીય રણવીર સેનાનાયકો ! તમારા ઉપકારોનો મારા શિરપર એટલો બધો ભાર વધી ગયો છે કે, તે ઉપકારોનો બદલો આપી ભારમુક્ત થવાની શક્તિ મારામાં નથી. કવચિત્ મારા ચિત્તમાં એવી ભાવનાનો પણ આવિર્ભાવ થાય છે કે, જો તમારા આટલા બધા ઉપકારો મેં ન લીધા હોત તો વધારે સારું હતું. અત્યારે માત્ર ધન્યવાદ અને પ્રશંસાદર્શક શબ્દો વિના તમને આપવા જેવો મારા રાજકોષમાં એક પણ યોગ્ય પદાર્થ નથી."

"અચલ રાજભક્તિ અને રાજનિષ્ઠા રાખીને સ્વામીની શ્રદ્ધાથી સેવા કરવી, એ જ અમારો પરમ ધર્મ છે અને એ અમારા ધર્મનું જે યથાર્થ પાલન, તે જ અમારા પરિશ્રમનો યોગ્ય પુરસ્કાર છે, એમ અમે માનીએ છીએ. આ સિંહાસન, રાજ્ય, રાજા, રાજપરિવાર અને પ્રજાની સેવા કરવી, એ અમારું કર્ત્તવ્ય છે અને એ સેવાનો સ્વીકાર કરવો, તે આપનું કર્ત્તવ્ય છે. આ સિંહાસનની કીર્તિ અને પ્રતિષ્ઠાને વધારવામાટેના જે જે પ્રયત્નો અમે કરીએ છીએ, તે કરવાને અમે જન્મતઃ બંધાયલા

છીએ, એટલે એમાં ઉપકાર કે આભાર માનવાનું કાંઈ પણ પ્રયોજન નથી." રતિપાલે પોતાની ઉદારતાનું દર્શન કરાવીને કહ્યું.

"તમારા જેવા એક વિજયી વીર પુરુષના મુખમાંથી આવા ગર્વ રહિત શબ્દો જ નીકળવા જોઈએ. તમારા ઉપકારનુ બીજ મેં મારા હૃદયમાં વાવી રાખ્યું છે અને તે અંકુરિત થાય તથા દિવસે દિવસે તેની વૃદ્ધિ થતા તે વૃક્ષનુ સ્વરૂપ ધારણ કરે, એવી મારી પરમ આકાંક્ષા છે. છતાં પણ તમારા ગૌરવનો વિચાર કરી આ વીરસભામાં એક વસ્તુ પુરસ્કાર તરીકે હું તમને આપવા માગું છુ. તે શું છે? વીરનરનો શૃંગાર અને વીરને શોભાવનાર વિજયદર્શિની એક સુવર્ણપુષ્પમાળા!" એમ કહીને હમ્મીરદેવે રતિપાલના ગળામા પોતાના હાથે સુવર્ણપુષ્પમાળા પહેરાવી અને પુન તેની પ્રશસા કરીને કહ્યું કે,–"રતિપાલ! યુદ્ધક્ષેત્રમાનો જે હસ્તી સુવર્ણકલાપના અધિકારી થાય છે, તે હસ્તી સાથે જ હુ તમારી તુલના કરુ છું. આથી અધિક હુ કાંઈ પણ બોલી શકતો નથી"

"આ માત્ર મહારાજાની ઉદારતા જ છે–મારુ ગૌરવ કાઇપણ નથી" હર્ષાતિશયથી રતિપાલ એથી વધારે બોલી શક્યો નહિ.

અન્ય સેનાનાયકો અને સૈનિકોને પણ તેમની યોગ્યતા અનુસાર પુરસ્કારો આપીને સતુષ્ટ કરવામા આવ્યા અને અનુગ્રહપૂર્વક તેમને પોતપોતાના ગૃહે જવાની આજ્ઞા આપવામાં આવી સર્વ ત્યાંથી ચાલ્યા ગયા, પરન્તુ માત્ર મુગલ સર્દારો ત્યાથી એક ડગલુ પણ ખસ્યા નહિ.

મીર મંગોલનો રણથભોરમા પ્રવેશ થવા પછી જ એ મુસલ્માન સર્દારો તેના સબંધિજનો હોવાથી રાજાની ચાકરીમાં આવીને દાખલ થયા હતા. એ લોકો બહુ જ એક વચની અને નિમકહલાલ હોય છે, એટલે જેની નોકરીમાં રહ્યા હોય, તે માલેક ભલે ગમે તે ધર્મનો અને ગમે તે જાતિનો હોય તોપણ તેઓ તેની એકનિષ્ઠાથી જ નોકરી કરે છે અને માલિકના ભલામાટે પોતાના પ્રાણ અર્પવાને પણ નિરંતર તૈયાર રહે છે. તેમને આવી રીતે સભાગૃહમાં જ ઊભા રહી ગએલા જોઇને હમ્મીરે તેમને અશ્ચર્યચકિત થઇને પૂછ્યું કે,–"કેમ યવનવીરનરો! સર્વ સર્દારો ગયા છતા આપ શા કારણથી ઊભા રહ્યા છો? આપના મનમા કાંઈ કહેવાની ઇચ્છા હોય, એમ આપની મુખાકૃતિ કહી આપે છે. જે કહેવું હોય તે સંકોચને ત્યાગીને જણાવો."

એનું ઉત્તર આપતાં એક યવન વીરે રાજાને શસ્ત્ર નમાવીને પ્રાર્થના કરી કે;–"અત્યારે જગરામાં જે બાદશાહની આપેલી જાગીરનો ઉપભોગ લેવામાં નિમગ્ન થએલો છે, તે કૃતઘ્ન ભોજદેવને ઉચિત દંડ આપવા પહેલાં, અમે પોતાની તલવારોને મ્યાનમાં સ્થાન આપવાનું અયોગ્ય સમ-

જીએ છીએ. ભોજદેવ આપનો સંબંધી હોવાથી જ અત્યાર સુધી અમે તેને જીવતો રહેવા દીધો છે; પરંતુ હવે તે જીવન ધારણ કરવાને યોગ્ય રહ્યો નથી; કારણ કે, તેની પ્રેરણાથી જ શત્રુઓએ રણથંભોરના રાજ્યપર આક્રમણ કર્યું હતું અને કદાચિત્ હવે પછી પણ કરશે. એટલામાટે અમારી એ જ પ્રાર્થના છે કે, અમને જગરા પ્રદેશપર આક્રમણ કરવાની અને ભોજદેવ તથા તેના અધમ બંધુ પ્રિયતમદેવના પ્રાણની આહુતિ લેવામાટેની આજ્ઞા મળવી જોઇએ."

રાજાએ તેમની પ્રાર્થનાનો તે ક્ષણે જ સ્વીકાર કર્યો અને તેમને તેમની ઇચ્છાનુસાર વર્તવાની આજ્ઞા આપી દીધી. તે યવનવીરોએ તત્કાળ જગરાતરફ પ્રયાણ કર્યું. ત્યાં જઇને તેમણે ચારે તરફથી જગરા નગરને ઘેરી લીધું. ભોજદેવ ત્યાં ન હોતો, એટલે પ્રિયતમદેવને તેના પરિવારના મનુષ્યો સહિત ચતુર્ભુજ કરીને તેઓ રણથંભોરમાં લઈ આવ્યા. રાજાએ તેમની અત્યંત નિર્ભર્ત્સના કરીને જ્યાં સુધી ભોજદેવ ન પકડાય ત્યા સુધી એટલે કે, ઉભય બંધુઓને ન્યાયદેવતાની સહાયતાથી શિક્ષા ન કરવામા આવે ત્યા સુધી સખ્ત ચોકી પહેરા વચ્ચે કારાગૃહમા રાખવામાટેની પોતાના સૈનિકોને આજ્ઞા આપી. દેશદ્રોહી અને રાજદ્રોહી પ્રિયતમદેવ રણથંભોરમા કારાગૃહવાસી થયો.

## ત્રયોદશ પરિચ્છેદ

## સુલ્તાનની પ્રતિજ્ઞા

ઉલગખાન! અત્યાર સુધી હું તને બહુ જ બહાદુર અને શેરજંગ માનતો હતો, પણ હમ્મીર જેવા એક સાધારણ રાજાના સૈન્યના હાથે પરાજય પામી તું બબ્બેવાર વીલે મોઢે પલાયન કરીને અહીં આવ્યો, એથી હવે મારો નિશ્ચય થયો કે, તું બાયલો છે, બીકણ છે અને તલવાર બાંધવાને નાલાયક છે. જે સુલ્તાન અલાઉદીનના નામને સાંભળતાં જ હાથીઓનો મદ ઊતરી જાય છે, જે સુલ્તાન સમક્ષ સિંહ પણ થરથરતો આવીને મસ્તક નમાવે છે અને ગર્ભવતીઓના ગર્ભ સ્રવી જાય છે, તે સુલ્તાન અલાઉદીનનો ભાઈ રણથંભોરના રાજાના પ્રદેશમાંથી બબ્બેવાર માર ખાઇને પાછો આવવાની વાત જ્યારે લોકોના જાણવામાં આવશે ત્યારે મારી અને તારી કેટલી પ્રતિષ્ઠા રહેશે, એનો વિચાર કરીને તું રણભૂમિમાં મરી ગયો હોત, તોપણ વધારે સારું હતું. આ પરાજયની ઘટનાનો જ્યારે હિન્દુસ્તાનના ઇતિહાસનાં પૃષ્ઠોમાં ઉલ્લેખ થશે, ત્યારે આપણા મરણ પછી પણ આપણી કેટલી બધી બદનામી અને અપ્રતિષ્ઠા

કાયમ રહેશે, એનો વિચાર આવતાં મારુ મન બળીને ખાક થઈ જાય છે અને તને એનો હેતુ જાણીને આંખોમાંથી ખૂન વર્ષવા માંડે છે. શું કરું કે, તું મારો ભાઈ છે—જો બીજો કોઈ હોત, તો હાથીના પગતળે જ તેને છુંદાવીને તેના મરણનો તમાશો મે આનંદથી જોયો હોત!"

દિલ્લીમાના પોતાના મહાલમાંના એક ખાનગી ઓરડામાં યુદ્ધમાંથી પલાયન કરી આવેલા ભાઈ ઉલગખાંને અનુલક્ષીને સુલ્તાન લાનતનો વર્ષાદ વર્ષાવી રહ્યો હતો. ઉલગખાં બન્ને હાથ જોડી નીચુ માથું કરીને તેની સ્હામો કંપતો ઊભો હતો. તે અલાઉદીનની ક્રરતાને સારીરીતે જાણતો હોવાથી પોતે તેનો ભાઈ હોવા છતા પણ પ્રાણ બચશે કે કેમ, એની તેના મનમાં શકા જ હતી અલાઉદ્દીનના અન્તિમ વાકયનુ શ્રવણ કરતા તેના મનમા કાંઇક હિમ્મત આવી અને મરણની ભીતિ જતી રહેવાથી તેના અગમાંના કંપનો પણ લોપ થયો તે કાંઇક દ્રઢતા ધારી નમ્રતાથી પ્રાર્થના કરતો કહેવા લાગ્યો કે,—

"ગરીબપરવર આલી સુલ્તાન! હુ અપરાધી તો છુ જ, પણ આપે જે ક્ષમાશીલતા દર્શાવી છે, તેમાટે હુ આપનો આભારી છુ પરન્તુ યુદ્ધભૂમિને ત્યાગી પલાયન કરવામા પણ મારો એક ખાસ ઉદ્દેશ સમાયલો હતો અને તે એ કે, શત્રુને પરાજિત કર્યાં વિના જ જો હુ મરી જઇશ, તો કબ્રમાં અને કયામતને દિવસે પણ મારા મનમાં એ ખેદનો કાંટો ખટકયા જ કરશે ને જો હું અત્યારે જીવતો રહીશ તો વળી પણ શત્રુને આઘાત આપવાનો અન્ય અવસર મને મળી શકશે. જો આપની આજ્ઞા હોય, તો હજી પણ સૈન્યની વધારે સારી તૈયારી કરીને હુ હમ્મીરની હાનિ કરવાને તૈયાર છુ..."

ઉલગખાં આગળ બોલવા જતો હતો, એટલામા ત્યાં એક ઉન્મત્ત સમાન દેખાતા મનુષ્યે અચાનક પ્રવેશ કર્યો. એ મનુષ્યના કેશ વિખરાયલા હોવાથી અને મુખપર પડેલા હોવાથી તેનું મુખમડળ સ્પષ્ટ દેખાતુ નહોતુ, વસ્ત્રો પણ સત્તર સ્થાનેથી ફાટી ગએલાં હતાં અને માથામાની ધૂળ નીચે પડ્યા કરતી હતી. તે આવતાંની સાથે જ પોતાના એક ઉપવસ્ત્રને પૃથ્વીપટપર પાથરીને તેનાપર ગર્દભ પ્રમાણે આળોટવા લાગ્યો અને મોઢામાંથી ફાવે તેવા શબ્દોનો ઉચ્ચાર કરવા લાગ્યો. જાણે તેને કોઈ ભયંકર પિશાચની બાધા જ થએલી હોયની! એવો જ ભાસ થતો હતો. અંતે અલાઉદીને તેને ઓળખ્યો—તે બીજો કોઈ નહિ, પણ અલાઉદીનનો નવીન આશ્રિત ક્ષત્રિયકુલકલંક ભોજદેવ જ હતો. તેના આવા વર્ત્તન અને અમર્યાદશીલત્વને જોઇને અલાઉદીનના મનમાં એક સમયાવચ્છેદે ખેદ અને કોપનો આવિર્ભાવ થયો. તે આંખો લાલ કરીને ભોજદેવને

કહેવા લાગ્યો કે,—"ભોજદેવ! જરા મર્યાદા રાખો, શાંત થાઓ અને જે કાંઈ પણ પ્રાર્થના કરવી હોય તે કરો."

"શહનશાહ! મારાપર જે વિપત્તિઓની વૃષ્ટિ વર્ષેલી છે, તેને હું મારા જન્માન્તરમાં પણ ભૂલી શકું એમ નથી. મીર મંગોલ અને બીજા મુસલ્માન સર્દારોએ હુમ્મીરની આજ્ઞાથી આપે આપેલી મારી જગરાની જાગીરપર હલ્લો કર્યો છે અને તેઓ મારા ભાઈ પ્રિયનમદેવને તથા મારા પરિવારને બન્દિવાન્ બનાવીને હુમ્મીર પાસે લઈ ગયા છે. હવે લોકો ઘૃણાથી મારાપ્રતિ અંગુલિનિર્દેશ કરીને એમ જ કહેવાના કે, 'આ તે જ દેશદ્રોહી અને સ્વામિદ્રોહી પામર પુરુષ છે કે, જેણે વિશેષ લાભ મેળવવાના લોભમા પડીને પોતાનું જે કાંઈ હતું તે પણ બધું ખોઈ દીધું છે!' અસહાય અને અનાથ થવા છતાં અદ્યાપિ હું પૃથ્વીપર પણ નિશ્ચિન્ત થઇને આળોટી શકતો નથી. કારણ કે, સમસ્ત પૃથ્વી હુમ્મીરની જ છે. અને એટલા માટે જ મેં આ વસ્ત્ર પાથર્યું છે કે, જે શોક મારામા ઊભા રહેવાની શક્તિ પણ રહેવા દીધી નથી, તે શોકના અગ્નિથી દગ્ધ થતો હું એનાપર તડફડિયાં મારતો આળોટ્યા કરું!!" ભોજદેવે નેત્રામાંથી અશ્રુધારા વર્ષાવીને અત્યંત કરુણોત્પાદક સ્વર અને ભયાજનક હાવભાવોથી પોતાની વિપત્તિનો વૃત્તાંત કહી સંભળાવ્યો.

ઉલૂગખાના પરાજયની વાર્તાના શ્રવણથી અલાઉદ્દીનના હૃદયમદિરમા કોપાગ્નિની જ્વાળા પ્રથમથી જ ભડકેલી તો હતી જ, એટલે ભોજદેવનો એ વૃત્તાંત તે અગ્નિજ્વાળામાં ઘૃતસિંચન સમાન થઈ પડ્યો. અત્યત સતમ થઇને અલાઉદ્દીને પોતાની પાઘડીને જમીનપર પટકી નાખી અને પ્રતિજ્ઞા લઇને કહ્યું કે,—"જે કોઈ પણ મનુષ્ય એમ ધારતો હોય કે, હું સિંહના કપાળપર પણ પદાઘાત કરી શકું છું, તે મનુષ્ય જેવો જ કિંબહુના તેથી પણ વિશેષ મૂર્ખ જો કોઈ હોય તો તે હુમ્મીર ચૌહાણ જ છે. હું આજે દૃઢતમ પ્રતિજ્ઞા કરીને કહું છું કે, અલ્પ સમયમા જ હું સમસ્ત ચૌહાણવંશનો નાશ કરી નાખીશ—જો હું ચૌહાણવંશનું નિકન્દન ન કરું તો મારા તુમ્મમાં ફેર છે, એમ જ ધારી લેવું."

ભોજદેવ કાંઇક શાંત થયો અને તેણે પણ પ્રતિજ્ઞા કરી કે:—"હુમ્મીરનો જો હું મારા પોતાના હાથે જ શિરચ્છેદ ન કરું, તો હું મને પોતાને નપુંસકના નામથી જ ઓળખાવીશ."

ત્વરિત અલાઉદ્દીને અનેક દેશોના રાજાઓનાં નામનાં પત્રો પાઠવી દીધા અને હુમ્મીર સાથેના હવે પછી થનારા તુમુલ રણકંદનમાં ભાગ લેવામાટે તેમને આમંત્રણ કર્યું. અંગ, તૈલંગ, મગધ, મહીશૂર, કલિંગ, બંગ, ભોટ, મેદપાટ, પાંચાલ, બંગાલ, થમિમ, ભિલ્લ, નેપાલ, કથા, દાહલ આદિ

પ્રદેશોના રાજાઓ તથા હિમાલયમાંના કેટલાક સરદારો પોતપોતાનાં સૈન્યોને લઇને મુખ્ય બાદશાહી સેનાસાથે મળી જવા માટે કેટલાક દિવસ પછી દિલ્લીની સરહદમાં આવી લાગ્યા. એ બહુરંગિની સેનામાં કેટલાક લોકો એવા હતા કે, જેઓ માત્ર યુદ્ધદેવીના પ્રેમથી આકર્ષાઇને જ આવ્યા હતા અને કેટલાક મનુષ્યો એવા પણ હતા કે, જેઓ માત્ર લૂટનો માલ મેળવવાની આશાથી જ આક્રમણકારી સૈન્યમાં સૈનિક તરીકે આવી ભરાયા હતા. કેટલાક તો વળી એ તુમુલ યુદ્ધના દર્શનનો આનંદ મેળવવાની આશાથી જ આવ્યા હતા. હાથી, ઘોડા, રથ અને સૈનિકોની એટલી બધી વિપુલતા થઈ ગઈ હતી કે, ક્યાય એક તિલ રાખવા જેટલી પૃથ્વી પણ ખાલી જોવામા આવતી નહોતી. એ મહાભારત સમારોહ સહિત ઉલગખા અને નુસરતખાં એ ઉભય ભ્રાતાઓએ રણથંભોર પ્રતિ પ્રયાણ કર્યું

અલાઉદીન પોતે સૈન્યના એક અલ્પ વિભાગ સાથે એટલા માટે પાછળ રહી ગયો કે, રાજપૂતોના મનમાં એવી શંકા અને ભીતિ રહ્યા કરે કે, અદ્યાપિ બાદશાહ પોતે તો પોતાની પ્રચડ સેનાસહિત પાછળથી આવવાનો છે. હવે અલાઉદીન જે પાછળ રહ્યો, તે કાંઈ દિલ્લીમા જ પડી રહ્યો ન હોતો, કિન્તુ દિલ્લીમાથી પ્રયાણ કરી ચૂકયો હતો અને પોતાના મુખ્ય સૈન્યની છાવણીથી પદર વીસ ગાઉના અતરે જ રહ્યા કરતો હતો. પ્રથમના બે વખતના આક્રમણમાં અલાઉદીન યુદ્ધમાટે દિલ્લી છોડીને બહાર નીકળ્યો નહોતો, પરન્તુ આ વેળાએ તેનો પણ નીકળવા વિના છૂટકો થયો નહિ. એથી હમ્મીરના શૌર્યપ્રતાપની અને સુલ્તાનના હૃદયસંતાપની સહજમાં જ કલ્પના કરી શકાય એમ છે.

અલાઉદીનના બહુરંગી સૈનિકોની સંખ્યા એટલી બધી અસીમ હતી કે, તેમના જલપાન કરવાથી માર્ગમાંની નદીઓ અને તળાવ ઇત્યાદિમાંના જળરાશિનો અત આવી જતો હતો એટલા માટે અંતે એવો નિશ્ચય કરવામાં આવ્યો કે, સૈન્યે એક પ્રહરથી વધારે વખત સુધી એક સ્થળે છાવણી નાખીને રહેવું નહિ. મંજિલ દર મંજિલ કરતા ઉભય ભ્રાતા સેનાપતિઓ રણથભોર પ્રદેશની સીમામાં પોતાના સૈન્ય સહિત નિર્વિઘ્ન પહોચી ગયા. એ સમયે આક્રમણકારી સૈનિકોના મનમાં નાના પ્રકારના ભાવોનો ઉદ્ભવ થવા લાગ્યો. જે સૈનિકો પ્રથમના બે વખતના યુદ્ધવ્યવસાયમાં સામેલ થએલા નહોતા, તેઓ એમ જ પોતાનો અભિપ્રાય દર્શાવતા હતા કે;–"હવે આપણો વિજય થવામાં કોઈ પણ પ્રકારની શકા નથી; કારણ કે, આપણી આવી પ્રચડ અને અતુલબલશાલિની સેના સમક્ષ રાજપૂતો ટકાવ કરી શકે, એ બનવું અશક્ય અને અસંભવનીય જ છે!" પરંતુ પ્રથમના યુદ્ધમાં આવી ગએલા યોધાઓ પોતાનો એવો

અભિપ્રાય દર્શાવતા નહોતા–તેઓ તો પોતાના સાથીઓને એમ જ કહેતા હતા કે;–"આપણે હમ્મીર ચૌહાણની સેના સાથે યુદ્ધ કરવાનું છે, એ વાતને ભૂલી જશો નહિ. આપણો વિજય થશે કે પરાજય થશે, એ વિશે અત્યારે નિશ્ચિત કાંઇપણ કહી શકાય તેમ નથી. અમારો તો એ જ અભિપ્રાય છે કે, જ્યાં સુધી આ યુદ્ધનો અંત ન આવી જાય, ત્યાં સુધી કોઈ પણ પ્રકારનાં આત્મશ્લાઘાદર્શક વાક્યો ન ઉચ્ચારવાં અને ભવિષ્યમાં આપણને ભોંઠા પડવાનો પ્રસંગ ન આવે તો સારું, એનો વિચાર કરવો, એ જ વિશેષ યોગ્ય છે. હમ્મીર નામનો તો રાજા છે, પણ દશ બાદશાહો કરતાં પણ પ્રબળ શત્રુ છે. જે ખુદા કરે તે ખરું !"

જ્યારે સેના, જે સ્થળે ઉલગખાંનો બેવાર પરાજય થયો હતો, તે 'હિન્દાવત' ઘાટીમા આવી પહોંચી, ત્યારે ઉલગખાંએ પોતાના ભાઈ નુસરતખાંને ઉપદેશ આપીને કહ્યું કે,–"આ યુદ્ધમાં માત્ર પોતાની શક્તિમાં વિશ્વાસ રાખીને ગાફિલ તથા બેપરવા રહેવાથી લાભ કે વિજય થવાનો સભવ નથી, કારણ કે, આ સ્થળ મહા વિકટ છે અને હમ્મીરની સેના મહાબલવતી અને રણવિદ્યાવિશારદ છે. એટલા માટે આપણી નિર્ભયતાને જાળવી રાખવા માટેની કોઈ સારી યુક્તિ આપણે શોધી કાઢવી જોઇએ."

'ખરેખર આવા પ્રસગોમાં બળ કરતાં પ્રપંચની યોજનાથી જ વિશેપ લાભ થવાનો સભવ હોય છે." નુસરતખાંએ હામાં હા મેળવી.

"મારો એ યુક્તિ કરવાનો વિચાર છે કે, આપણા સમુદાયમાંથી કોઈ એક પુરુષને હમ્મીરની સભામાં મોકલી દઇએ. આપણો તે દૂત સધિ કરવામાટેની વાતચીતમાં અને હા નામાં ત્રણ ચાર દિવસ વીતાડી નાખશે અને તેટલા સમયમાં આપણે કુશળતાપૂર્વક અને નિર્વિઘ્નતાથી પર્વતોને ઉલ્લઘી ખુલ્લા મેદાનમાં પહોચી જઇશુ અને આપણી સ્થિતિને દૃઢ કરી લઇશું." ઉલગખાએ યુક્તિનો સ્ફોટ કર્યો.

"યુક્તિ ઘણી જ સરસ અને માન્ય કરવા જેવી છે. ત્યારે હવે વિલબ કરવાનું શુ કારણ છે ? કરી નાખો તરત એની યોજના." નુસરતખાંએ સંમતિ આપીને કહ્યું.

મોલ્હણદેવ નામક એક ક્ષત્રિયને એ સંધિનો પ્રસ્તાવ કરવા માટે મોકલવામાં આવ્યો. મુસલ્માનોની કેટલીક શર્ત્તો હતી, તે શર્ત્તોને હમ્મીર જો કબૂલ કરે, તો સુલ્તાન સાથે સધિ થઈ શકે એમ હતું. જ્યાં સુધી એ સંધિનો પ્રસ્તાવ ચાલતો હતો, ત્યાં સુધી હમ્મીરના સૈનિકોએ શત્રુસેનાને કોઇપણ પ્રકારનો અવરોધ કર્યો વિના તે ભયાનક પર્વતોને ઉલ્લંઘીને પોતાના પ્રદેશમાં નિર્વિઘ્ન ઉતરી આવવા દીધી. ખુલ્લી જગ્યામાં

આવ્યા પછી ઉલગખાંએ પોતાના ભાઇને મંડીપથના નામથી ઓળખાતા માર્ગના એક ભાગમાં ઊભો રાખ્યો અને તે પોતે શ્રીમંડપ નામક દુર્ગના સ્થાનને સભાળીને તૈયારીમાં ઊભો રહ્યો એ ઉપરાંત અન્ય જે સહાયક રાજાઓ આવેલા હતા, તે સર્વને તેમના સૈન્ય સહિત જૈત્રસાગર નામના તળાવની ચારે તરફ વિખરાયલા, પણ યુદ્ધમાટે તૈયાર રહેવાની આજ્ઞા આપવામાં આવી હતી અને તે પ્રમાણે તેઓ જૈત્રસાગરની આસપાસ પોતાનો પડાવ નાખીને પડ્યા હતા. મુસલ્માનોએ એવી રીતે પોતાતરફની સર્વ તયારીઓ કરી રાખી

## ચતુર્દશ પરિચ્છેદ

### તૃતીયવારના તુમુલ યુદ્ધનું મંગળાચરણ

ઉભય પક્ષના નેતાઓ પોતપોતાના લાભના વિચારમા જ નિમગ્ન થએલા હતા. મુસલ્માનોની પર્વત ઓળગી આવવામાં એવી ધારણા હતી કે,-" આક્રમણનો આરભ કરવામાટે ધૂર્તતાથી શત્રુઓની આંખામાં ધૂળ નાખીને આપણે ઉત્તમ તથા નિર્ભય સ્થાન પ્રાપ્ત કરી લીધું છે " અને રાજપૂતોનો એવો અભિપ્રાય હતો કે,-" શત્રુઓ આપણા પ્રદેશના અન્તર્ભાગમા એટલા બધા આગળ વધી આવ્યા છે કે, હવે એઓ આપણા પજામાંથી સહીસલામત છટકી જાય, એ સર્વથા અશક્ય અને અસભવનીય છે !"

મહારાજા હમ્મીરદેવની આજ્ઞાથી ઉલગખાનો દૂત મોલ્હણદેવ રણથભોર દુર્ગમા પ્રવેશ કરવાને શક્તિમાન્ થયો અને ત્યા જે દશ્ય તેના જોવામાં આવ્યું, તેથી રાજાના પ્રતાપનો તેના હૃદયમાં એક પ્રકારનો આતક છવાઈ ગયો દૂતના સદેશને સાંભળવામાટે ખાસ એક સભા ભરીને તેમા તે દૂતને બોલાવવામાં આવ્યો. આવશ્યક શિષ્ટાચાર થયા પછી મોલ્હણદેવે પોતાને ખાંને કહેલો સંદેશો રાજાને કહી સભળાવ્યો. તે બોલ્યો કે,—" હુ મહા વિખ્યાત સુલ્તાન અલાઉદીનના ભ્રાતા ઉલગખાં તથા નુસરતખાંના દૂત તરીકે મહારાજાની સભામાં ઉપસ્થિત થયો છું. યદિ સભવિત હોય તો મહારાજાના હૃદયમાં હું એ તત્ત્વને ઠસાવવામાટે આવેલો છુ કે, અલાઉદીન જેવા એક પ્રચંડ પ્રતાપી અને મહાસમર્થ સાર્વભૌમ સાથે વિગ્રહ કરવાનો વિચાર રાખવો, એ એક પ્રકારની બાલિશતા છે. જો મારો અભિપ્રાય પૂછો તો હું તો એ જ કહેવાનો કે, જો હજી પણ પોતાના સર્વનાશને અટકાવવા માગતા હો તો બાદશાહ સલામત સાથે સંધિ કરીને તેમના મિત્ર બની જાઓ."

"અમારા શુભાશુભનો વિચાર અમારે કરવાનો છે. તમને અમે તમારો ઉપદેશ સાંભળવામાટે બોલાવ્યા નથી, એટલે પોતાનો કાંઈ પણ આંતરિક અને સ્વતંત્ર અભિપ્રાય વ્યક્ત ન કરતાં જેટલો સંદેશો લાવ્યા હો, તેટલો જ માત્ર એક પણ અક્ષરનો વધારો ઘટાડો કર્યા વિના સરળતાથી કહી સંભળાવો" એમ કહી હમ્મીરદેવ મૂછોપર હાથ ફેરવતો ભ્રકુટીને વક્ર કરીને તે સંદેશો સાંભળવાની માર્ગપ્રતીક્ષા કરવા લાગ્યો.

મોલ્હણદેવ પોતાના ભાષણને આગળ લબાવીને કહેવા લાગ્યો કે,–"મહારાજાધિરાજ! જો આપનો અમારા બાદશાહ સાથે સંધિ કરવાનો વિચાર હોય, તો આપ બાદશાહને એક લાખ સોના મોહોર, ચાર હાથી, અને ત્રણસો ઘોડા ભેટ તરીકે આપો અને આપની રાજકુમારીનો સુલ્તાન અલાઉદ્દીન સાથે વિવાહસંબંધ કરી આપો. જો એમ કરવા ઇચ્છા ન હોય તો જે ચાર મુસલ્માન સર્દારો બાદશાહના કોપભાજન થઈને આપના આશ્રયમાં આવી રહ્યા છે, તે મુસલ્માન સર્દારોને અમારા અધિકારમાં આપી દ્યો જો આપની પોતાના રાજ્ય અને પ્રતાપને શાંતિપૂર્વક ભોગવવાની જ ઇચ્છા હોય, તો આ બેમાંની એક શર્તને માન્ય રાખીને પોતાની ઇચ્છાને સિદ્ધ અને સફળ કરવાનો આ આપને સુવર્ણસમાન અલભ્ય અવસર પ્રાપ્ત થયો છે. એમ કરવાથી આપને શત્રુવિઘાતક બાદશાહ અલાઉદ્દીનની કૃપા અને સહાયતા અચાનક મળશે. જે સુલ્તાન અસંખ્ય દૃઢ દુર્ગ, સુસજ્જિત શસ્ત્રાગાર અને દારુગોળાનો સ્વામી છે અને જેણે દેવગઢ જેવા અગણિત અજેય દુર્ગોપર પોતાનો અધિકાર કરીને મહાદેવને પણ લજ્જિત બનાવી નાખ્યા છે–કારણ કે, મહાદેવની ખ્યાતિ તો કેવળ એક ત્રિપુરગઢને સફળતાપૂર્વક અધિકૃત કરવાથી જ થએલી છે, પરંતુ અલાઉદ્દીને તો એવા અનેક દુર્ગોને અધિકૃત કરેલા છે. એટલે એવા મહાનુભાવના કૃપાભાજન થવામાં પણ આપનું એક પ્રકારે ગૌરવ જ છે!"

અત્યાર સુધી જે હમ્મીર અધીરતાથી દૂતના વચનો સાંભળ્યા કરતો હતો, તે હવે એ અપમાનકારક વચનોના શ્રવણથી અત્યંત કોપાવિષ્ટ બની ગયો અને મોલ્હણદેવને ઉદ્દેશી સિંહસમાન ભયંકર ગર્જના કરીને કહેવા લાગ્યો કે,–"મોલ્હણદેવ! જો તમે બાદશાહના કે તેના સેનાનાયકના પ્રેષિત દૂત ન હોત, તો જે જિવ્હાથી તમે આ અપમાનકારક શબ્દોનો ઉચ્ચાર કર્યો છે, તે તમારી પાપિની જિવ્હાને ક્યારનીયે કાપી નાખવામાં આવી હોત! હું તમારા બાદશાહને બાદશાહ માનતો જ નથી અને એક પણ શર્તને સ્વીકારવાની મારી ઇચ્છા નથી. મારા બાહુમાં બળ છે અને ક્ષત્રિય સૈન્યમાં શક્તિ છે, તો એવા દશ બાદશાહોના

સંયુક્ત સૈન્યને સહારી નાખવું, એ મારા ધારવા પ્રમાણે એક યત્કિંચિત્ કાર્ય છે. તમારા બાદશાહને અથવા તો જે સેનાપતિએ તમને પાઠવ્યા હોય તેને જઇને કહો કે, એક લાખ સોનામોહોરોને બદલે મારા અખંડ વીરોની તલવારના એક લાખ પ્રહાર સહન કરવાને તૈયાર રહેજો; ત્રણસો અશ્વોને બદલે મારા સેનાધ્યક્ષોના ત્રણસો પદાઘાત ઝીલવાને પીઠ ખુલ્લી રાખજો; ચાર હાથીઓને બદલે તમારા બાદશાહ અને તેના ત્રણ સેનાધ્યક્ષોને હાથીના પગતળે ચગદાઇને મરી જવામાટે તૈયાર થઈ રહેવાનું કહેજો અને મારી રાજકુમારી સાથે વિવાહસંબંધ કરવાની ઇચ્છા ધરાવનાર અધમ નીચને સદા કલંકિની અપકીર્ત્તિ અને અપ્રતિષ્ઠા સાથે વિવાહ કરવાનું સંભળાવજો. તમારો બાયલો સરદાર બબ્બેવાર રણભૂમિનો ત્યાગ કરીને ચાલ્યો ગયો હતો, છતાં આ નીચ સંદેશો કહેવડાવતાં તેને લજ્જા કેમ ન આવી? મારા આશ્રિતોને હું જીવ જતા પણ શત્રુના હાથમાં સોંપવાનો નથી તે નથી જ. રણક્ષેત્રમા યુદ્ધ કરવાને મારી સેના તત્પર છે—જેના ભાગ્યમાં જય લખાયલો હશે, તે જયભાગી થશે. જો તમારો સર્દાર આ યુદ્ધના આમંત્રણનો અસ્વીકાર કરશે, તો તે સૂવ્વર ખાધા બરાબર થશે, એ પણ તેને બરાબર સંભળાવજો."

એના ઉત્તરમાં મોલ્હણદેવ કાંઇક બોલવા જતો હતો. તેને બોલતો અટકાવીને હમ્મીરદેવે કહ્યું કે;—"બસ—વધારે બોલવાની કાંઈ અગત્ય નથી. આબરુમાં ને આબરુમાં ચાલ્યા જાઓ, નહિ તો અપમાન પામીને જવુ પડશે."

કોઈ પણ પ્રકારના શિષ્ટાચાર વિના જ મોલ્હણદેવને ત્યાંથી રવાનો કરી દેવામાં આવ્યો. એ દૂતના ગમન પછી રણથંભોરની સેના યુદ્ધમાટે સુસજ્જિત થવા લાગી. મહાયોગ્યતાવાન્ અને પરાક્રમશીલ સેનાપતિઓને ભિન્ન ભિન્ન સ્થાનોના રક્ષણનાં કાર્યો સોંપી દેવામાં આવ્યાં. કિલ્લાની દીવાલોપર દુર્ગરક્ષકોને સૂર્યના પ્રખર તાપના સંતાપથી બચાવવામાટે આમતેમ સર્વત્ર તંબુઓ ઠોકી દેવામાં આવ્યા. કેટલાંક સ્થાનોમાં ઉકળતું તેલ અને રાળ ઇત્યાદિ પદાર્થો તૈયાર રાખવામાં આવ્યા હતા, કારણ કે, શત્રુસેનામાંના સૈનિકો જો દુર્ગની પાસે આવવાનું સાહસ કરે, તો તેમનાં શરીરોપર એ ઉષ્ણ પ્રવાહી પદાર્થો નાખીને તેમને ત્યાં જ ઠાર કરી શકાય. અનેક ઉપયોગી સ્થાનોમાં તોપો પણ ગોઠવી દેવામાં આવી અને વીર ક્ષાત્રય સૈનિકો યવનસેનાના આગમનની અતિશય આતુરતાથી માર્ગપ્રતીક્ષા કરવા લાગ્યા. એક સ્થળે એક ચારણ પોતાના શૌર્યવર્ધક વાદ્યને વગાડીને નિમ્ન લિખિત ગાનથી વીર ક્ષત્રિય રણરંગીઓના ઉત્સાહને વધા-

રવામાટેનો પ્રયત્ન કરતો જોવામાં આવતો હતો. તે અત્યંત અર્થગાંભીર્ય અને માધુર્યવિભૂષિત ગાન આ પ્રમાણે હતું:—

## દિવ્ય ભરતભૂમિ!

### લાવણી.

"વસિષ્ઠ, વિશ્વામિત્ર, અંગિરા, જમદગ્નિનું જન્મસ્થાન,
શુદ્ધ સનાતન બ્રહ્મતેજથી, જે પ્રકાશતી સૂર્યસમાન;
બ્રહ્મરસે ભીના ઋષિવરના, જ્યાં ગવાય છે ગૌરવગાન,
તેજ આપણી ભરતભૂમિ આ દિવ્ય અલૌકિક તેજ નિધાન! ૧
વ્યાસ, જૈમિની, કણાદ, ગૌતમ, કપિલ, પાણિની, વિજ્ઞ મહાન,
કપિલ અને વાત્સ્યાયન-વાણી-સરિતાનું જળ સુધાસમાન;
તેનું જેના ભાગ્યશાળિ જન શ્રવણે કર નિરતર પાન,
તેજ આપણી ભરતભૂમિ આ દિવ્ય અલૌકિક તેજ નિધાન! ૨
બ્રહ્મવાદિની ગાર્ગી, મૈત્રેયી, ને સાવિત્રી સજ્ઞાન,
સીતા, તારા, દમયંતી, દ્રૌપદિ, નારી-કુલકીર્ત્તિ નિદાન;
કુલવધુઓ જ્યા કૃતાર્થ થાતી ધરી એમનુ હૃદયે ધ્યાન,
તેજ આપણી ભરતભૂમિ આ દિવ્ય અલૌકિક તેજ નિધાન! ૩
ભાર્ગવ, રાઘવ, ભીષ્મ, ભીમ ને દ્રોણ, કર્ણ, અર્જુન બળવાન,
મૌર્ય શિરોમણિ ચંદ્રગુપ્ત ને હવે હમીર થયા ચૌહાન;
નામ સાભળી જે સુભટોના, થાય વીરનુ હૃદય વિતાન,
તેજ આપણી ભરતભૂમિ આ દિવ્ય અલૌકિક તેજ નિધાન! ૪
ધર્મભૂમિ ને વીરભૂમિ એમ ભારતનું જાળવવા માન,
વીરહાકથી ઉઠો વીર નર, કરો શત્રુપર શરસધાન;
ઉદાર થઇને મુક્ત હસ્તથી અરિને આપો મૃત્યુદાન,
તોજ ક્ષત્રિયો, કીર્ત્તિ અહીં ને મરણ પછી સ્વર્ગે સન્માન!" ૫

એ વીરગાનના શ્રવણથી પોતાના પૂજ્ય પૂર્વજોનું નૂતન સ્મરણ થતાં ઉત્સાહથી ક્ષત્રિયવીરો કિલ્લાની દીવાલપર મદોન્મત્ત હસ્તી પ્રમાણે યુદ્ધની આતુરતામાં ધૂમવા લાગ્યા.

* * * * *

બાદશાહની સેના મોટી ધામધૂમથી રણસ્તંભ દુર્ગપાસે આવી લાગી અને ત્યાં થોડાક અંતરપર છાવણી નાખી ને ત્યાર પછી બાદશાહે પોતાના સેનાનાયકોને પાસે બોલાવી ઉત્સાહ અને ચાતુર્યથી યુદ્ધ કરવાની આજ્ઞા આપી કહ્યું કે;-" મારા યશસ્વી સેનાનાયકો! એ તો આપ સર્વ જાણો જ છો કે, સંધિમાટે આપણે મોકલેલા સંદેશાનો આપણા દૂત મોલ્હણદેવને મદોન્મત્ત રાજા હમ્મીરે કેવો તિરસ્કારસૂચક જવાબ આપ્યો છે તે. એટલે

હવે મારવું કે મરવુંના નિશ્ચયપર આવી ભયંકર યુદ્ધ કરી, એ ઉચ્છૃંખલ રાજાની ઉચ્છૃંખલતાનું ફળ એને આપવા વિના આપણામાટે બીજો એક પણ ઉપાય અવશિષ્ટ રહ્યો નથી. જો કે આપણે ધારતા હતા તે કરતાં એ રાજાનાં બળ અને સાહસ વિશેષ છે, છતાં આપણી અતુલ બલશાલિની અને બહુરંગી પ્રચંડ સેના સમક્ષ, એ વધારે દિવસ ટકી શકે એમ તો નથી જ. હવે પ્રથમ તમારે જે કાર્ય કરવાનું છે તે એ જ કે, કિલ્લાપર એણે જે પોતાની તોપો ગોઠવી રાખી છે, તેમનાપર આપણા ગોલંદાજોને એવી રીતે ગોળા ચલાવવાની આજ્ઞા થવી જોઇએ કે, જેથી તે તોપો નકામી થઇને સદાને માટે શાન્ત થઈ જાય. શત્રુઓના એ સાધનનો નાશ થવાથી તેઓ એકદમ કિલ્લામાથી બહાર નીકળી આવશે અને તેમ થતાં આપણે તેમને બકરા પ્રમાણે રેંસી નાખીને રણથંભોર દુર્ગના અને આપણી ગએલી પ્રતિષ્ઠાના સ્વામી થઇશું. આ કાર્યમાટે જ ખાસ હું પોતે અહીં આવ્યો છું, એટલે હવે મારી આબરૂને જાળવવાનો જીવ સટોસટનો પ્રયત્ન કરવો, એ આપનું કર્ત્તવ્ય છે અને મને દૃઢ આશા છે કે, પોતાના તે કર્ત્તવ્યનું પાલન કરીને આપ સર્વ પોતાની અત્યાર સુધીમા મેળવેલી નામનામા વૃદ્ધિ કરશો જ. જાઓ યુદ્ધનો આરંભ કરો ” એ પ્રમાણેની આજ્ઞા કરીને સુલ્તાન અલાઉદ્દીન પોતે છાવણીમાના પોતાના બહુમૂલ્ય તંબૂમા ચાલ્યો ગયો.

સેનાનાયકોએ બાદશાહની ઇચ્છા પ્રમાણેની આજ્ઞા ગોલંદાજોને સંભળાવી દીધી અને ગોલંદાજોએ રણથંભોરના કિલ્લાની દીવાલોના બુર્જોપર ગોઠવેલી તોપોપર પોતાની તોપોના ગોળાઓનો મારો ચલાવીને બાદશાહની આજ્ઞાનું પાલન કરવાની પોતાથી બની શકે તેટલી ચેષ્ટાઓ કરી, પરંતુ અફસોસ કે, તેમની એ સર્વ ક્રિયાઓ નિષ્ફળ જ નીવડી કિલ્લાપરની એક પણ તોપને તેઓ નકામી અને નિરુપયોગી બનાવી શકયા નહિ. જ્યારે બાદશાહનો પોતાની તોપોને નકામી બનાવી નાખવાનો પ્રયત્ન હમ્મીરના જોવામાં આવ્યો, ત્યારે હમ્મીરે પણ અત્યંત આવેશમાં આવીને પોતાના ગોલંદાજોને આજ્ઞા આપી કે;— “બહાદુર રાજરત્ન ગોલંદાજો! પોતાની યુદ્ધકળાનું યથાર્થ દર્શન કરાવીને શત્રુઓને આશ્ચર્યચકિત કરવાનો યોગ્ય પ્રસંગ આ જ છે. આના જેવો સુવર્ણસમય ફરી મળી શકવાનો નથી. આપણી તોપોને અથવા તો શતઘ્નીઓને નિરુપયોગી બનાવવાનો શત્રુઓના ગોલંદાજોનો પ્રયત્ન સર્વ પ્રકારે નિષ્ફળ થયો છે. હવે તેમની તોપોને નિરુપયોગી બનાવવા-માટેના તમારા પ્રયત્નનો આરંભ કરો અને વિજયી થાઓ. મારો દૃઢ નિશ્ચય છે કે, તમારો એ પ્રયત્ન અવશ્ય સફળ થવાનો જ!” પોતાના

રાજાના એ ઉત્સાહવર્ધક ભાષણનું શ્રવણ કરતાંની સાથે જ રાજપૂત ગોલંદાજોએ કિલ્લાપરથી બાદશાહની તોપોપર પોતાના ગોળાઓનો વર્ષાદ વર્ષાવવા માંડ્યા અને તે ગોળાઓએ બાદશાહની ઘણીખરી તોપોને ઉંધા વાળી, તેમાં છિદ્રો કરીને સદાને માટે નિરુપયોગી બનાવી નાખી. ગોળાના એ મારથી બાદશાહના કેટલાક સારા સારા ગોલંદાજો પણ સ્વર્ગધામમા પધારી ગયા અને મુસલ્માન સેનામાં એક પ્રકારનો ભયંકર હાહાકાર વ્યાપી ગયો. જે વેળાએ બાદશાહને તેના તમ્બૂમાં એ સમાચાર પહોચાડવામાં આવ્યા, તે વેળાએ એ શોકકારક સમાચારને સાંભળી તે 'કિંકર્તવ્યવિમૂઢ' બની ગયો. શુ કરવુ અને શુ ન કરવું, એની તેના મનમા કાંઈ પણ કલ્પના આવી શકી નહિ. તે નાના પ્રકારના તર્કવિતર્ક કરતો પોતાના અવિચારી કૃત્યમાટે હૃદયમાં પશ્ચાત્તાપ કરવા લાગ્યો. સર્પે છછુંદરી ગળ્યા જેવી જ તેની અવસ્થા થઈ હતી. અપ્રતિષ્ઠાના ભયથી હમ્મીરસાથેના યુદ્ધવ્યવસાયનો તેનાથી ત્યાગ પણ કરી શકાતો નહોતો અને એ યુદ્ધમા વિજયપ્રાપ્તિનો રગ પણ દેખાતો નહોતો તેની મુદ્રા એવી તો શોકાતુર દેખાવા લાગી કે, માત્ર અશ્રુવહનનો અભાવ નહોત, તો દારુણ રુદનનાં ચિન્હોમા કશી પણ ન્યૂનતા નહોતી.

એ સમયે બાદશાહનો વૃદ્ધ વજીર ત્યાં જ હતો, એટલે તે સુલ્તાનની આવી શોકમય સ્થિતિને જોઇને તેને ધૈર્ય આપવાના ઉદ્દેશથી કહેવા લાગ્યો કે,–" હુજૂરને નેઅમત! આપને આ વાર્તા મે દિલ્લીમાં પ્રથમ જ જણાવી હતી, છતાં આપે માન્યુ નહિ. પણ ખૈર. હવે જ્યારે વેશ લીધો છે, તો તે ભજવવો જ જોઇએ. આમ નિરાશ થવાથી કાર્યની સફળતા થવાની નથી. શત્રુઓને શિકસ્ત આપવાનો એક બીજો ઉપાય છે અને મારી ધારણા છે કે, જો એ ઉપાયની યોજના કરવામા આવે, તો આપણો વિજય અવશ્ય થઈ શકે તેમ છે."

ડૂબતો મનુષ્ય જેવી રીતે તૃણના આધારે સાગરમાંથી તરી જવાની આશા રાખે છે, તે પ્રમાણે એ શબ્દોના શ્રવણથી મનમાં કાંઇક આશાનો સંચાર થતાં અલાઉદ્દીન આતુરતા અને ઉત્કંઠાથી વજીરને કહેવા લાગ્યો કે:–" વજીર રૌશનજમીર! તમે મારા દાના વજીર છો અને શાહી તખ્તો તાજના ખયરખાહ છો. તમે જે ઉપાય બતાવશો, તે અવશ્ય યોગ્ય અને લાભકારક જ હોવાનો, સત્વર બતાવો કે તે ઉપાય શો છે, એટલે આપણે તેની યોજના કરીએ."

" તે ઉપાય એ છે કે, રાત્રિના સમયે નિબિડ અંધકારનો આશ્રય લઇને કિલ્લાની ખાઇપર પુલ બાંધીને સૈનિકોને કિલ્લાપર ચડાવી દેવા. તેઓ અંદર જઈ કિલ્લાના દરવાજા ઉઘાડી નાખે, એટલે બીજા સૈનિ-

કોએ નગરમાં પ્રવેશ કરીને શત્રુઓને નિદ્રામાં જ સંહારી નાખવા. એથી આપણો ઘડીના છઠ્ઠા ભાગમાં વિજય થશે અને પ્રતિષ્ટા પણ અવિચળ રહેશે." વજીરે કહ્યું.

"આ ઉપાય ઘણો જ સારો અને યોજનીય છે." એમ કહીને રાત્રિના સમયે કિલ્લાની ખાઇપર પુલ બાંધીને ચઢી જવાની અલાઉદીને કેટલાક સૈનિકોને આજ્ઞા આપી દીધી અને અંદર જઇને દરવાજા ખોલી નાખવાની વાત પણ જણાવી દીધી.

સૈનિકોએ રાત્રિના સમયે એ કાર્યનો આરભ કર્યો, પણ ખાઇમાં પાણી અગાધ હોવાથી, અધકારની વિપુલતા હોવાથી અને જો મશાલો બાળવામાં આવે તો શત્રુઓના સાવધાન થવાનો ભય હોવાથી એ આરભ તે આરંભ જ રહી ગયો. એ કાર્યનો એક કિંચિદ્ અંશ પણ સફળ થઇ શકયો નહિ. પ્રભાતમાં એ નિષ્ફળતાની વાર્ત્તા સાભળીને સુલ્તાનના હૃદયમાં નિરાશાનો જે આઘાત થયો, તે સર્વથા અવર્ણ્નીય અને અસહ્ય હતો. જે વજીરની તેણે એ ઉપાય બતાવવામાટે પ્રશસા કરી હતી, તેની જ એ કાર્ય નિષ્ફળ થવાથી તે અપાર નિન્દા કરવા લાગ્યો.

અતે અલાઉદીને નિરુપાય થઇને યુદ્ધ કરવાની આજ્ઞા આપી દીધી. રાજપૂતસેના એક ગુપ્તદ્વારને ખોલી પાણીના પ્રવાહ પ્રમાણે દુર્ગમાથી બહાર નીકળી આવી. કેટલાક દિવસ સૂધી ઉભય પક્ષનું ભયકર યુદ્ધ ચાલતું રહ્યું અને એ યુદ્ધમાં એક દિવસ સુલ્તાનનો ભાઈ નુસરતખા અચાનક એક ગોળી લાગવાથી મરી ગયો, એટલે લાચારીએ ઉલગખાંએ લડાઈ બધ રાખી. તે યુદ્ધભૂમિને ત્યાગીને પાછો હટી ગયો. ત્રણ માઇલ દૂર છાવણી નાખી પડેલા અલાઉદીનને એ સમાચાર તેણે કહાવી મોકલ્યા અને ભૂમિદાહ કરવામાટે નુસરતખાંના શબને પણ તેની પાસે મોકલી આપ્યું. પોતાના ભાઇના મરણથી અલાઉદીનની કોપજ્વાળા પગથી માથા સૂધી વ્યાપી ગઈ. તે પોતે સૈન્યમાં આવી લાગ્યો અને સેનાનાયક બની સૈન્ય સહિત રણુથભોરના દુર્ગપાસે આવી તેણે બળપૂર્વક અને બળાત્કારે સૈનિકોને દુર્ગપર ચઢવાનો હુકમ ફર્માવ્યો. પરંતુ એ પ્રયત્નમાં પણ પોતાના અસંખ્ય સૈનિકોની પ્રાણહાનિ વિના તેને બીજો કશો પણ લાભ પ્રાપ્ત થયો નહિ.

અલાઉદીનના એ મૂર્ખતાપૂર્ણ પ્રયત્નપ્રતિ પોતાના તિરસ્કારને વ્યકત કરવામાટે હમ્મીરે પોતાના કિલ્લાની દીવાલોપર કેટલેક સ્થળે સૂપડાના ઝંડા ચઢાવી દીધા. એમ કરવામાં તેનો એ અભિપ્રાય સમાયલો હતો કે, 'અલાઉદીનના દુર્ગનિકટ આવી લાગવાથી રાજપૂતોને ભાર કે કષ્ટ જેવું કાંઈ પણ નથી—તેનું આગમન સૂર્પ પ્રમાણે નિર્માલ્ય અને હલકું હોવાથી

તેને ગમે ત્યારે ટાળી શકાય એમ-છે.' અલાઉદીને એ ચર્યાને જોઇને મનમાં નિશ્ચય કરી લીધો કે,–" આપણો એક સાધારણ ધૈર્યશાળી અને સાહસી પુરુષ સાથે પાલો પડ્યો નથી, એટલામાટે અત્યારે ગમે તેમ કરીને પણ આ આપત્તિમાંથી છૂટવું જોઇએ." એવો નિશ્ચય કરીને તેણે હુમ્મીર પાસે શ્વેતપતાકા સહિત એવો સદેશો કહાવીને એક દૂતને મોકલ્યો કે,–" હુ આપની વીરતાને જોઇને અત્યંત પ્રસન્ન થયો છું અને આવો પરાક્રમી શત્રુ કોઈ પણ પ્રકારની પ્રાર્થના કરે, તો તેને માન્ય કરવી, એ હું મારુ પરમકર્ત્તવ્ય સમજુ છું." એના ઉત્તરમાં હુમ્મીરદેવે સંદેશો કહાવ્યો તે એ હતો કે,–" સુલ્તાન સાહેબ ! જો આપ મને મારી ઇચ્છા પ્રમાણેની વસ્તુ આપવાને તૈયાર હો, તો મારી એ જ ઇચ્છા છે કે, બે દિવસ સૂધી મારી સાથે યુદ્ધ કરો. આશા છે કે, મારી આ પ્રાર્થનાનો અસ્વીકાર તો નહિ જ થાય " અલાઉદીને હુમ્મીરની એ ઇચ્છા જાણીને મુક્તકઠે તેની પ્રશસા કરતાં ઉદ્દગાર કાઢ્યો કે,–" ખરેખર સાહસી હુમ્મીર જેવા પ્રતિદ્વન્દ્વીના મુખમાંથી આ શબ્દો સાંભળવાની જ આશા રાખી શકાય. ચિન્તા નહિ–યુદ્ધ કરીશુ." સુલ્તાનની યુદ્ધ કરવાની ઇચ્છા મદ હતી, છતા ગૌરવને જાળવવામાટે તેણે બીજા દિવસથી યુદ્ધારભ કરવાનો હુમ્મીરને સદેશો કહાવી મોકલ્યો. દ્વિતીય દિવસના પ્રભાતથી યુદ્ધયજ્ઞનો આરભ થયો અને એ સમરયજ્ઞમાં બે દિવસ જેટલા અલ્પસમયમા મુસલ્માન સૈનાના ઓછામા ઓછા ૮૫૦૦૦ હજાર સૈનિકોના પ્રાણુની આહુતિ અપાઈ ગઈ. એટલે અતે ઉભયપક્ષના યોધાઓ વચ્ચે કેટલાક દિવસ સૂધી વિશ્રાંતિ લેવાનો કરાર થયો અને થોડા વખતને માટે યુદ્ધનો વ્યવસાય બધ કરીને રણુથભોરના કિલ્લાપર તથા સુલ્તાનની છાવણીમાં સામયિક શાતિદર્શક શ્વેતપતકાઓ ચઢાવી દેવામાં આવી.

આ ત્રણ ત્રણવારના પરાજયથી અલાઉદીનની નિરાશા અને હતાશાનો અવધિ થયો. ખાંન, પાન અને વિરામે અલાઉદીનના સ્નેહનો ત્યાગ કર્યો હતો, એટલે તે નિરન્તર ઉદાસીન અને શોકમગ્ન જ રહ્યા કરતો હતો. હુમ્મીરને તે હૃદયમાં શયતાન સાથે સરખાવ્યા કરતો હતો. અનેકવાર તે પોતાના ભાગ્યને મીર મગોલને અને મરહટ્ટી બેગમને દોષ આપીને નિરાશાદર્શક ઉદ્દગાર કાઢ્યા કરતો હતો. એક દિવસ તે એવી જ રીતે વિચાર અને ચિન્તામાં બેઠો હતો, એટલામાં વજીરે આવીને પૂછ્યું કે,–" બાદશાહ સલામત ! તબીયતના શા હાલ છે ?"

" સુલ્તાન બેહાલ છે–દિલમા બેહદ મલાલ છે." એમ કહીને અલાઉદીને અત્યંત નિરાશાથી જાણે તેને પોતાના જીવનનો પણ કંટાળો આવી ગયો હોયની ! તેવા ભાવથી ઉદ્દગાર કાઢ્યો કે;—

"સિક્કે બયઠે થે મેરે હરશહર હર અંબાહમેં;
જલજલાથા નામસે મેરે જમીનો કાહમેં;
ભાગતે થે મહેમયદા ઠોકરેં ખાતે હુવે;
શેર મેરે સામ્હને આતે થે થર્રાતે હુવે;
લેકિન ઈસ ક્સ્મિતસે સારા વલવલા જાતારહા;
અયસી જિલ્લત દી કે જીનેકા મજા જાતા રહા !"

વજીરે એ સમય વિશેષ વાર્ત્તાલાપને યોગ્ય ન જાણીને શાહને તેવી જ ચિન્તામાં છોડી ત્યાંથી પોતાનો માર્ગ લીધો.

## પંચદશ પરિચ્છેદ
### રાધાદેવીનું નૃત્ય
### અને
### અદ્ભુત શરસંધાન

વિશ્રાંતિ ભોગવવાના હેતુથી યુદ્ધનો વ્યવસાય બંધ હોવાથી હમ્મીરના મનમાં એક દિવસ કિલ્લાની દીવાલપર પોતાની રંભા મેનકાની પ્રતિસ્પર્ધા કરી શકે, એવી રાજનર્ત્તકી રાધાદેવીનું નૃત્ય જોવાનો અને તેના ગાનતાનના શ્રવણનો ભાવ થયો. કિલ્લાના એક સર્વ ભાગોથી વધારે ઊભા વિભાગની દીવાલપર રાજાની આજ્ઞાથી એક સુંદર સભામંડપ ઊભો કરવામાં આવ્યો. એ સભામંડપમાં પોતાનાં સગાં સબંધિજનો અને સૈનાનાયકો તથા મંત્રીઓના મધ્યમાં વિરાજેલો હમ્મીર દેવોની સભામાં શોભતા સુરપતિ ઇન્દ્ર સમાન જ દેખાતો હતો. સ્વર્ણસિંહાસને વિરાજમાન થએલા હમ્મીર નૃપ સમક્ષ રાધાદેવીએ પોતાનાં નૃત્ય અને ગાનનો આરંભ કર્યો. જે રાધાદેવી મેનકાસમાન મંજુલા, મંજુઘોષા સમાન રસવતી, રંભાસમાન અતુલ રૂપવતી અને લક્ષ્મીસમાન પ્રભાવવતી હતી, તે વાદ્ય અને મૃદંગ સાથે એકતાન થઈ સપ્તસ્વર, ત્રણ ગ્રામ અને હાવભાવો સહિત પોતાના ગાનથી સર્વના મનને રંજિત કરવા લાગી. નૃત્ય કરતી વેળાએ તેના નૂપુરમાંથી નીકળતા મંજુલ નાદના શ્રવણથી વળી એક પ્રકારનો સ્વર્ગીય આનંદ અનુભવાતો હતો. એક તો રાધાદેવીનાં રૂપ અને ગુણ અદ્વિતીય હતાં અને અધૂરામાં પૂરું અત્યારે તેણે એવાં તો સરસ વસ્ત્ર અને આભૂષણ ધારણ કર્યાં હતાં કે, એ મંડપમાં બેઠેલા કેટલાક સંયમી પુરુષોનાં મન પણ એને જોઇને ચંચળ તથા ચલિત બની જતાં હતાં. રાધાદેવીના પ્રત્યેક સંગીતમાંથી અલાઉદીનના અપમાનનો ધ્વનિ નીકળતો હતો. તે ક્ષણે ક્ષણે નૃત્ય કરતાં એવી રીતે ચક્ર ખાતી હતી કે, જેથી અલાઉદીનપ્રતિ તેનો તિરસ્કાર

વ્યક્ત થતો હતો. સંગીતકળાને જાણનારાઓ તેના એ આશયને સારી રીતે જાણતા હતા. એકવાર બાદશાહની છાવણી તરફ પદાઘાત કરીને તેણે એવો વિલક્ષણ કટાક્ષ કર્યો કે, જેથી સર્વ શ્રોતા અને પ્રેક્ષકોના મુખમાંથી અચાનક તેની પ્રશંસાનો ધ્વનિ નીકળી ગયો અને હમ્મીરના સભામંડપમાં સર્વ સાધારણ આનંદનો સર્વત્ર વિસ્તાર થઈ ગયો.

રાધાદેવીએ જે કેટલાંક પદ્યો ગાયાં, તેમાંનું એક પદ્ય આ પ્રમાણે હતુ,–

"મિત્રોનો ઉત્સાહ, દાહ શત્રુના મનનો,
વીરોનો શૃંગાર, દાગ કાયરના તનનો;
અચળ કીર્તિનો લોભી, ત્યાગિ ક્ષણભંગુર ધનનો,
અચલ હઠી હમ્મીર, કેસરી કરાળ રણનો,
કર્યા પરાજિત પીર, એ જ ચહુઆણ વશનો;–
શિરોમણી આ ભૂપ, ખરેખર વીર–અશનો,
રણમા ત્રણત્રણવાર, હરાવી યવનરાજને;
ગાળ્યો ગુરુતર ગર્વ, ધન્ય હમ્મીરરાજને !"

સુલ્તાન અલાઉદ્દીન કિલ્લાથી થોડા અંતરપર જ પોતાનો તંબૂ નાખીને રાજપૂતોની ચર્ચા જોવામાટે રહ્યો હતો. જે વેળાએ કિલ્લાની દીવાલપરના મંડપમા એ નૃત્ય આદિનો આનંદ વર્ત્તી રહ્યો હતો, તે વેળાએ શીતલ સંધ્યાસમય હોવાથી અલાઉદ્દીન પણ પોતાના કેટલાક અમીર ઉમરા, સેનાધ્યક્ષ અને વજીર આદિને એકત્ર કરી ખુલ્લા મેદાનમા ગાલીચાપર હોકો ગગડાવતો અને વાતચિત કરતો બેઠો હતો. એટલે કિલ્લાપરનો સર્વ પ્રકાર સ્પષ્ટતાથી તેના જોવામાં આવી શકતો હતો. હમ્મીરની એ બેપરવાઈ અને નિર્ભયતાને જોઇને તે મનમાં તો બળીને ખાક થઈ જતો હતો, પણ સભ્યતાને જાળવી રાખવાના હેતુથી મુખથી કાંઈ પણ બોલ્યો નહિ. રાધાદેવીના સંગીતમાંના શબ્દો જો કે તેના શ્રવણ પર્યન્ત પહોંચી શકતા નહોતા, તથાપિ તેના હાવભાવો અને પોતા તરફ પીઠ ફેરવીને ઊંધા પગે પાછળ પદાઘાત કરવાની રાધાદેવીની ચેષ્ટાઓથી તેણે અનુમાન કર્યું કે, "અવશ્ય ત્યાં કાંઇક પણ મારા અપમાનનો પ્રયત્ન જ ચાલતો હોવો જોઇએ." વિશ્રાંતિમાટે યુદ્ધના વ્યવસાયને બંધ રાખવાની પ્રથમ તેણે જ (સુલ્તાને જ) માગણી કરેલી હોવા છતાં અત્યારે તે પોતાના કોપને શમાવી શક્યો નહિ અને ત્વરિત તે વિશ્રાંતિના ભંગનો એક નવીન હેતુ ઉપસ્થિત કરવાને તે પોતે જ તૈયાર થઈ ગયો. મનમાં ને મનમાં થોડીવાર સૂધી કાંઇક વિચાર કરીને તેણે પોતાના સેનાધ્યક્ષોને ઉદ્દેશીને કહ્યું કે:–"શુ આપણા સમુદાયમાં એવો એક પણ વીર નથી કે, જે પોતાના બાણનું સંધાન કરીને કિલ્લાની

દીવાલપર નાચીને દિલ્લીના તાજનું અપમાન કરનારી આ વેસ્યાને નીચે ગબડાવી શકે?"

"સુલ્તાન અલાઉદ્દીનના સૈન્યમાં એવો બાણાવળી ન હોય, એ બને જ કેવી રીતે?" મીર ગબરુએ માર્મિક ઉત્તર આપ્યુ. એ મીર ગબરુ મીર મંગોલનો સગો ભાઈ થતો હતો અને અલાઉદ્દીનની સેનાના એક વિભાગનો સેનાપતિ હતો.

"જો એમ જ હોય તો જે બહાદુર બાણાવળી એ વેસ્યાને પોતાના બાણથી વીધીને દીવાલપરથી નીચે પાડી નાખીને હમ્મીરના રગમા ભગ કરશે, તેને હુ ઉત્તમ પારિતોપિક આપીને સતુષ્ટ કરીશ." અલાઉદ્દીને કહ્યુ.

આ કાર્યમાટે પારિતોષિકની કશી પણ આવસ્યકતા નથી, કારણ કે, સુલ્તાનની આજ્ઞાનું પાલન કરવુ, એ અમારુ કર્તવ્ય છે, પરન્તુ વાંધો માત્ર એટલો જ છે કે, જેના શરીરમાં ખુદાવદ બાણ મારવાનુ ફર્માવે છે, તે સ્ત્રી છે અને સ્ત્રી–અબળાના શરીરપર શસ્ત્ર કિવા અસ્ત્રનુ ચાલન કરવું, એ વીરોનું કર્મ નથી. એટલામાટે જો એ વેસ્યાને જીવથી ન મારતા માત્ર ભગ્નાવયવ કરી નાખવી હોય તો તેમ કરવાને હુ તૈયાર છુ." મીર ગબરુએ પોતાના શૌર્યના સ્પષ્ટીકરણ સાથે આશયનુ પણ સ્પષ્ટીકરણ કરી નાખ્યું.

"અસ્તુ. એમ તો એમ જ સહી. એથી પણ શત્રુના રંગનો ભગ તો અવસ્ય થવાનો જ અને મારો માત્ર એટલુ જ કરવાનો હેતુ છે." અલાઉદ્દીને અનુમતિ આપી.

મીર ગબરુએ તે ક્ષણે જ પોતાના ધનુષ્યની પ્રત્યંચા ચઢાવીને બાણનુ એવી દક્ષતાથી ચાલન કર્યું કે, તરત તે બાણ નૃત્ય કરતી રાધા દેવીના ડાબા પગમા પેશી ગયો અને તેનો આઘાત અસહ્ય થવાથી તે કોમલાંગી નર્તકી મૂર્ચ્છિત થઇને ત્યાં જ પડી ગઈ. નૃત્ય અને ગાનનો વ્યવસાય બંધ થયો–અલાઉદ્દીનની ઇચ્છા પ્રમાણે હમ્મીરના આનંદનો ભંગ થઈ ગયો. સભામંડપમાં મીર મંગોલ પણ હાજર હતો, એટલે તરત તે બાણને સફાઇથી તેણે રાધાદેવીના પગમાથી ખેંચી કાઢ્યો અને પાટો બાંધી તેની દાસીને અમુક દવા ચોપડવાનુ કહીને તેને તેને ઘેર મોકલી દીધી. સભામંડપમાંના સભાજનો આશ્ચર્યમુગ્ધ બની ગયા અને આવી રીતે અચૂક બાણ મારનાર બાણાવળી અલાઉદ્દીનના સૈન્યમાં કોણ હશે, એનો વિચાર કરવા લાગ્યા. જ્યારે કોઇની કાંઈ પણ કલ્પના ચાલી શકી નહિ, ત્યારે અંતે હમ્મીરના આશ્રિત મીર મંગોલે પોતાના આશ્રયદાતાને હસ્તદ્વય જોડી પ્રાર્થના કરીને નમ્રતાથી કહ્યું કે;—

"રણશૂર શિરોમણિ મહારાજાધિરાજ! આ બાણનો ચાલાક બીજો કોઈ નહિ, પણ મારો સગો ભાઈ મીર ગબરુ જ હોવો જોઇએ. એના વિના આવો બાણાવળી અલાઉદ્દીનના સમસ્ત સૈન્યમાં બીજો એક પણ નથી. પરંતુ આ ઘટનાથી આપને લેશમાત્ર પણ શોક કે ખેદ કરવાનુ કારણ નથી. શ્રીમાન્! આપ હવે જરા મારા પરાક્રમ અને મારી બાણવિદ્યા કિવા ધનુર્વિદ્યાનું પણ અવલોકન કરો. કહો તો અલાઉદ્દીનને અત્યારે જ યમધામનો વાસી બનાવી દઉં."

"નહિ-એક વેશ્યાના ચરણના બદલામા અલાઉદ્દીનના પ્રાણની હાનિ કરવી, એ ઉચિત નથી. વળી જો સુલ્તાન તમારા બાણથી માર્યો જશે, તો શસ્ત્ર ધારણ કરીને મારી સ્હામો આવનાર એના જેવો બીજો કોઈ પ્રબળ શત્રુ નથી. મારા અલાઉદ્દીન જેવા શત્રુ હોવામાં પણ મારુ જે એક પ્રકારનું ગૌરવ સમાયલુ છે, તે સર્વથા નષ્ટ થશે. તમારી ધનુર્વિદ્યાના અસાધારણ કૌશલ્યને હુ સારી રીતે જાણું છુ, એટલામાટે મારી એવી ઇચ્છા છે કે, આ સમયે એવી યુક્તિ કરો કે, તમારી ધનુર્વિદ્યાનુ ચાતુર્ય વ્યક્ત થાય, અને સુલ્તાન મરે નહિ પણ ભયભીત થાય"

મીર મંગોલે તરત પોતાના પ્રત્યંચાપર ચઢાવેલા બાણને એવા વેગથી છોડી દીધો કે, તે બાણે અલાઉદ્દીનના શિરપરના શિરપેચને છોડાવીને પૃથ્વીના ગર્ભમા પ્રવેશ કર્યો. અલાઉદ્દીન એ પ્રકારને જોઇને એટલો બધો ભયભીત બની ગયો કે, તે આંખો ફાડીને કિલ્લાની દીવાલપરના સભામંડપ તરફ જ જોઈ રહ્યો અને મુખમાંથી એક શબ્દ પણ ઉચ્ચારી શકયો નહિ.

બાદશાહની આવી દુર્દશાને જોઇને વજીર મેહરમખાં તેને ઉપદેશ આપતો કહેવા લાગ્યો કે,-"બાદશાહ સલામત! હવે વધારેવાર આ સ્થળે રહેવામાં અને યુદ્ધને આગળ લંબાવવામા સાર નથી. આ તીર મીર મંગોલનો જ છે-અત્યારે તો આપ બચી ગયા છો, એનું કારણ એ છે કે, મીર મંગોલે આપના પ્રથમ ખાધેલા નિમકનો વિચાર કર્યો હશે, પરંતુ હમ્મીરનો હુકમ થવાથી જો બીજીવાર પણ લક્ષ્ય કરીને એ જ પ્રમાણે શરસંધાન કરશે, તો અવસ્ય અમે અમારા સરતાજ સુલ્તાનને ખોઈ બેસીશું. માટે મારી તો એ જ સલાહ છે કે, અહીંથી કૂચ કરીને દિલ્લી તરફ ચાલ્યા જવુ, એ જ ઉત્તમ માર્ગ છે. પછી તો જેવો શહનશાહેવાલાખિતાબનો વિચાર. ખાદિમ એથી વધારે કહેવાનો અધિકાર ધરાવતો નથી."

અલાઉદ્દીન ઉચ્છૃંખલ અને તામસી પ્રકૃતિનો સાર્વભૌમ હોવાથી પ્રથમવાર એટલે કે યુદ્ધ થવા પૂર્વે તો વજીરનો ઉપદેશ તેણે માન્યો

નહોતો; પરંતુ એ નિયમ જ છે કે, મનુષ્ય વાળ્યો વળતો નથી પણ હાયા હટે છે, એ નિયમ અનુસાર યવનસેનાનો હમ્મીર સાથેના યુદ્ધમાં જ્યારે ત્રણત્રણવાર ભયંકર પરાજય થયો અને અલાઉદ્દીનના પોતાના પ્રાણ-નાશનો પ્રસંગ પણ આવી લાગ્યો, ત્યારે નિરુપાય થઇને વજીરના ઉપદેશનો તેણે સ્વીકાર કર્યો, અને કહ્યું કે,–"મેહરમખાં! આપના ઉપદેશને હું માન્ય કરુ છું, પરન્તુ અદ્યાપિ એક પ્રયત્ન કરવાની મારી ઇચ્છા છે. અહીંથી આપણે છાવણી તો દૂર જ લઈ જઇશું; પણ શત્રુઓને શકા ન આવે એવી રીતે જમીનમાં સુરગ લગાવીને કિલ્લામાં પેસવાનો પ્રયત્ન કરવો અને ખાઇપરના એક અપ્રસિદ્ધ સ્થળે પૂલ બાંધીને કિલ્લા-પર ચઢવાનો પણ પ્રયત્ન કરવો, એવી મારી ઇચ્છા છે."

"જેવી સુલ્તાનેદીનની ઇચ્છા." વજીરે અનિચ્છા છતાં અનુમતિ આપતાં કહ્યું.

અલાઉદ્દીન પૌર્વ પાર્શ્વમાના પોતાના સૈન્યશિબિરને ઉઠાવીને પશ્ચિમ ભાગમાં લઈ ગયો; કારણ કે, તે સ્થળે શત્રુઓના આક્રમણના ધસારાથી વધારે સારી રીતે બચી જવાનો સભવ હતો. અલાઉદ્દીનના એવી રીતે તે સ્થાનેથી ખસી જવા પછી કેટલાક દિવસ પછી રાજપૂતોએ યવનો તરફથી કાંઈ પણ હીલચાલ થતી જોઈ નહિ. અલાઉદ્દીન ત્યાથી ખસતો પણ નહોતો અને કાંઈ હીલચાલ પણ કરતો નહોતો, એ તેની વિચિત્રતાને જોઇને રાજપૂતોના મનમાં સંશયનો ઉદ્ભવ થયો. જારિણી સ્ત્રી પોતાના નીચ મનોભાવને સિદ્ધ કરવામાટે બહુ જ શાંતિ ધારણ કરે છે, તેવો જ અલાઉદ્દીનનો સ્વભાવ હતો, એ રાજપૂતો સારી રીતે જાણતા હતા અને તેથી તેઓ પોતાની સુરક્ષિતતાની બરાબર દેખ-રેખ રાખવા લાગ્યા. કેટલાક રાજપૂતોએ યાવની વેશ ધારણ કરીને હમ્મીરની આજ્ઞાથી કિલ્લાના બાહ્ય વિભાગમાં રાત્રિના સમયે ઇતસ્તતઃ ભ્રમણ કરવાના વ્યવસાયનો આરભ કર્યો. કેટલાક દિવસ સુધી કાંઇપણ વિલક્ષણતા તેમના જોવામાં આવી નહિ, પણ એક દિવસ અચાનક એક એવો અદ્ભુત આદર્શ તેમના જોવામાં આવ્યો કે, તેને જોતાં જ પોતાનો કાળ જ જાણે સમક્ષ આવીને ઉભો હોયની! એવો તેમને ભાસ થયો અને અતુલ સાહસી હોવા છતાં એકવાર તો તેઓ અત્યંત ભયભીત અને ગર્વગળિત બની ગયા.

એકવાર લગભગ મધ્યરાત્રિના સમયે એ યવનવેશધારી રાજપૂતો યવનસેનાની હીલચાલની તપાસમાટે ફરતા હતા, એવામાં કિલ્લાની આસપાસની ખાઇનો ભાગ જે સ્થળે કાંઇક સંકુચિત હતો, તે સ્થળે શત્રુઓએ માટીથી ઢાંકેલો લાકડાનો એક સેતુ બાંધવાનો યત્ન કર્યો

હતો. એ પુલની પાસે જ કિલ્લાની દીવાલમાં દીપકનો મંદ પ્રકાશ તેમના જોવામાં આવ્યો, એટલે શંકા થતાં તેમણે વધારે તપાસ કરી તો એમ જણાયું કે, કિલ્લાની નીચે શત્રુઓએ રાતે ખોદકામ ચલાવીને એક સુરંગ તૈયાર કરવા માંડી હતી. અત્યારે દીપકના મંદ પ્રકાશની સહાયતાથી શત્રુસૈન્યના મનુષ્યો એ ખોદકામ કરવામાં લાગેલા હતા. જો બે ત્રણ દિવસ એ બાબતની ખબર ન પડી હોત, તો યવન સેનાનો રણથંભોર દુર્ગમા પ્રવેશ થઈ જ ગયો હોત, એમાં જરા પણ સશય નહોતો રાજપૂત ગુપ્તચરોમાંનો એક ગુપ્તદ્વારામાંથી કિલ્લામા ચાલ્યો ગયો અને તેણે હમ્મીરદેવને આ સમાચાર સંભળાવ્યા. તે વાર્તાને જાણીને મનમાં ઈશ્વરનો આભાર માનતો હમ્મીર કહેવા લાગ્યો કે,–

"ધન્ય, સત્ય વીરો! આ સમાચાર લાવવામાટે હુ તમારા ગુપ્તચર મડળને અનેક ધન્યવાદ આપુ છું. છેક છેલ્લી ઘડીએ શત્રુના આ કૃષ્ણ કારસ્થાનનું રહસ્ય આપણા જાણવામાં આવી ગયું છે. એથી સ્પષ્ટ જણાય છે કે, અદ્યાપિ આપણો ઈશ્વર આપણાથી પ્રતિકૂળ થયો નથી. શત્રુના પ્રપચજાળને હવે આપણે એક ક્ષણ માત્રમાં જ છેદી નાખીશું." થોડીવાર તે વિચારમાં પડી ગયો અને ત્યારપછી તેણે તે ગુપ્તચરને આજ્ઞા આપી કે;–"તમે એક સો શસ્ત્રધારી સૈનિકોને લઇને જાઓ અને શત્રુના બાંધેલા સેતુને તોડી નાખો. તેમ જ સુરંગમાં જે લોકો કામ કરતા હોય તેમને બહાર નીકળવા દેશો નહિ. એટલું કાર્ય તમારે કરવાનું છે અને અહીંની બીજી વ્યવસ્થા હું કરી લઉં છું."

ગુપ્તચર રાજાની આજ્ઞાને માન્ય કરીને ત્યાંથી ચાલતો થયો અને એકસો સૈનિકોને લઇને પોતાના અન્ય સાથીઓ જ્યાં ઊભા હતા, તે સુરગવાળા સ્થળે આવી લાગ્યો. આવતાંની સાથે જ તેમણે સેતુનો તો સહાર કરી નાખ્યો અને ત્યારપછી સુરંગમાથી શત્રુ પક્ષનો કોઈ પણ મનુષ્ય બહાર નીકળી ન જાય એટલામાટે તેઓ માર્જાર સમાન દૃષ્ટિથી તેમની દેખરેખ રાખતા ત્યાં ફરવા લાગ્યા. સુરંગમાંના શત્રુઓને પોતાપર આવેલી એ આપત્તિની કલ્પના માત્ર પણ નહોતી.

ગુપ્તચરના જવાપછી હમ્મીરે પોતાના એક અન્ય સેનાનાયકને બોલાવીને પચાસ સાઠ મણ તેલ એકદમ ગરમ કરીને તૈયાર રાખવાની આજ્ઞા આપી અને તે તેલની કઢાઇઓ કિલ્લામાંના અમુક સ્થળે જ ચૂલાપર ચઢાવવી જોઇએ, એ પણ જણાવી દીધું, ત્યાર પછી તે પોતે જે સ્થાનમાં નીચેથી શત્રુઓએ સુરંગ ખોદી હતી તે સ્થાનમાં આવી લાગ્યો અને તેલ ઊકળીને તૈયાર થતાં જ તેણે પોતાના માણસોને ત્યાંની જમીન જ્યાં સુધી આરપાર બાકોરું પડી જાય ત્યાં સુધી ખોદવાની આજ્ઞા કરી.

ખોદવાનું કામ ચાલૂ થયું અને લગભગ અર્ધ ઘટિકા જેટલા સમયમાં તો બાકોરું પડી ગએલું દેખાયું. એ બાકોરામાંથી દીપકનો મંદ પ્રકાશ પણ દૃષ્ટિગોચર થયો અને કેટલાક માણસોના બોલવાનો મંદ ધ્વનિ પણ સંભળાવા લાગ્યો હમ્મીરે અનુચરોને આજ્ઞા આપી દીધી કે,—"શૂરવીરો! આ ઊકળતા તેલની ધારાને આ બાકોરામાં વહેવડાવો. બધું તેલ પૂરું થાય ત્યા સુધી ધારાનું વહન અખંડ રહેવું જોઇએ, એની બરાબર ખબરદારી રાખજો.'

આજ્ઞા મળવાનો જ માત્ર વિલંબ હતો તરત અનુચરોએ જમીનમાના તે બાકોરામા તેલ રેડવાના ઉદ્યોગનો આરંભ કર્યો. અંદરથી શત્રુ પક્ષના મનુષ્યોના તપ્ત તેલના દાહથી થતી વેદનાને લીધે ભયંકર ચીત્કારો શ્રવણગોચર થવા લાગ્યા. પ્રાણહારક આપત્તિમાં આવી પડેલા સુરંગ ખોદનારાઓએ બહાર નીકળી પૂલપર થઇને ન્હાસવાનો યત્ન કર્યો, પણ ત્યા પૂલ તૂટી ગએલો હોવાથી કેટલાકો ખાઇમાં પડી મરણ પામ્યા, કેટલાકો બહાર ઊભેલા રાજપૂત સૈનિકોની ગોળીઓના શિકાર થયા અને કેટલાકો જીવતા જ સુરંગમાં પડેલા ઊકળતા તેલમાં ભજીયા પ્રમાણે તળાઇ ગયા. શત્રુના પ્રપંચ જાળને છેદી નાખવાના કાર્યમાં પોતાને આવી રીતે વિજય પ્રાપ્ત થએલો જોઇને હમ્મીરના મુખમાંથી જે સ્વાભાવિક ઉદ્‌ગાર નીકળી ગયા તે આ હતા;—

"જો આવી રીતે પ્રપંચથી જ સર્વ કાર્યોની સિદ્ધિ થતી હોત તો પછી કોઇપણ માનવીને ધર્મ અને નીતિનો સ્વીકાર કરવાની આવશ્યકતા જ શી હતી વારુ? જો પ્રપંચનો પત્તો ન લાગતાં પાપીની ઇચ્છા પ્રમાણે જ સર્વ કાર્યો સિદ્ધ થતાં હોત, તો પાપીઓને આ મૃત્યુલોકમા હોવા છતાં સ્વર્ગસુખનો આસ્વાદ મળે, એ નિઃસંશય હતું. પરંતુ નહિ—આવાં અધર્મયુકત કૃત્યોમાં પાપનું પ્રાયશ્ચિત્ત અહીંનું અહી જ મળ્યાવિના રહેતુ નથી. પાપી પાપ તો કરે છે, પણ તરત જ તે પાપ આવીને પાપીની છાતીપર ચઢી બેસે છે. પાપાત્મા વિષનું જે પાત્ર બીજામાટે ભરે છે, તે વિષપ્રવાહી અન્યાયને સંહારનારી ન્યાયદેવતા તે પાપાત્માના પોતાના ગળામાં જ રેડી દે છે. વિશ્વનો એ સત્ય અને અપરિવર્ત્તનીય નિયમ દુષ્ટ સુલ્તાનના સંબંધમાં અક્ષરે અક્ષર સત્ય સિદ્ધ થયો છે. પાપનો ક્ષય અને સત્યનો વિજય થયો છે."

પ્રભાત થવા પૂર્વે તો શત્રુસંહારના કાર્યની સમાપ્તિ થઈ હતી, એટલે પોતાના અનુચરોને તે સુરંગ પૂરી નાખવાનો હુકમ આપીને હમ્મીરે પોતાના મહાલયમાં આવી મીર મંગોલને પોતા પાસે બોલાવ્યો અને એક પત્ર લખી તેના હાથમાં આપી કહ્યું કે;—"આ પત્રને બાણસાથે

બાંધી સુલ્તાનની છાવણીમાં પહોંચાડો." રાત્રિના ભયાનક ઘટનાનો વૃત્તાંત પણ તેણે મંગોલને કહી સંભળાવ્યો. મંગોલે દુર્ગના પશ્ચિમ ભાગપરની દીવાલ પર જઇને પ્રત્યચા ચઢાવી, તે પત્રને બાણ સાથે બાંધીને સુલ્તાનની છાવણીમાં નાખી દીધું.

સુલ્તાન અલાઉદ્દીન એ વખતે બામદાદની નિમાજ પઢવામાં રોકાયલો હતો, એવામાં એક સિપાહીએ તે પત્રસયુક્ત બાણુ લાવીને ત્યા હાજર કર્યું, અને જણાવ્યું કે;–"હું મારા પહેરાપર ઊભો હતો, ત્યાં અચાનક આ બાણુ આવીને પડ્યો. બાણુ તો મારા માથાપર જ આવ્યો હતો, પણ હું જરાક ખસી ગયો એટલે બચી ગયો. આમાં આ પત્ર બાંધેલુ હોવાથી એ બાણુ શત્રુના કિલ્લામાંથી જ આવેલો હોવો જોઇએ, એમ ધારી શકાય છે પત્ર વાંચતાં જે ભેદ હશે, તે જાણવામા આવી જશે"

અલાઉદ્દીને વઝીરને બોલાવ્યો અને તે પત્ર વાંચવાનું કહ્યુ. વઝીર પત્ર વાંચવા લાગ્યો. તેમા નીચે પ્રમાણેનો વિષય લખાયલો હતો,—

"પ્રપચી સુલ્તાન, યુદ્ધમા તો ત્રણુ ત્રણુ વાર તમારો પરાજ્ય થયો જ છે, પરન્તુ અતે એક સુલ્તાન અથવા રાજાને ન ઘટે તેવા અઘટિત કૃત્યનો–મારા કિલ્લામાં સુરંગ લગાવીને આવવાનો–તમારો પાપમય પ્રયત્ન પણ વ્યર્થ ગયો છે. સુરંગ ખોદનારા તમારા માણસોનો અમે નાશ કર્યો છે અને ખાઇપરનો માટીથી ઢાંકેલો પૂલ તોડી નાખ્યો છે. હું ધારુ છું કે, યુદ્ધ કરવાનું બળ તમારામાં રહ્યું નથી અને તેથી જ આવાં નપુસકોને શોભે તેવાં કૃત્યો કરવામાં તમે પોતાની બુદ્ધિનો ઉપયોગ કરવા માડ્યો છે. પરંતુ પાપનો જય થતો નથી, એ તત્ત્વને તમે ભૂલી ગયા હો એમ જ દેખાય છે. તમારો યુદ્ધ કરવાનો જ વિચાર હોય તો અમારી ના છે જ નહિ, પરંતુ વિશ્રાંતિમાટે યુદ્ધ બધ રખાવી એક સ્ત્રીપર અસ્ત્ર ચલાવ્યુ અને સુરગ ખોદાવીને અમને નમાવવાનો નીચ પ્રયત્ન આદર્યો, એથી તમારા માટે અત્યાર સુધી એક શત્રુ હોવા છતા પણ મારા મનમા જે માન હતું, તે ભાવનાનો લોપ થયો છે અને હવે તમારા તરફ મને તિરસ્કાર થયો છે. જો હિમ્મત હોય તો લઢાઈ ચલાવો અને નહિ તો પાછા દિલ્લી તરફ ચાલતા થાઓ! સત્યાવલંબી હમ્મીર."

અલાઉદ્દીનના હમ્મીરને પરાજિત કરવા માટેના એવી રીતે એક પછી એક સર્વ પ્રયત્નો નિષ્ફળ થવાથી તેના શોક અને વિષાદનો અવધિ થયો. એવામાં અચાનક એવી તો મૂષળધાર જળવૃષ્ટિ થઈ કે, સુલ્તાનનો યુદ્ધમાટેનો વિચાર પણ આસપાસના પ્રતિકૂળ સંયોગોને જોઇને શાંત થયો–મનમાં જ શમી ગયો. અલાઉદ્દીને લાચાર થઇને હમ્મીરપર એક એવા આશયનું પત્ર મોકલ્યું કે;–"મારા હાથે જે કાંઈ પ્રમાદો થયા છે, તેના

સ્મરણથી મારા મનમાં એટલો બધો ખેદ થાય છે કે, હું વધારે કાંઈ પણ લખી શકતો નથી. મારી હવે અંતિમ પ્રાર્થના એ જ છે કે, આ પત્ર વાંચી કૃપા કરી શીઘ્રતર આપના કોષાધ્યક્ષ અને સેનાધ્યક્ષ રતિપાલને મારી પાસે મોકલી આપો. કારણ કે, આપણા વિગ્રહનો હવે શાંતિપૂર્વક અંત આવી જાય અને વિનાકારણ ઉભય પક્ષના મનુષ્યોની હાનિ થતી અટકે, એ વિશે મારે તેમની સાથે કેટલીક વાતચિત કરવાની છે."

ભોળા હમ્મીરદેવે રતિપાલને બાદશાહની છાવણીમાં જઇને સંધિવિષયક વાર્ત્તાલાપ કરવાની આજ્ઞા આપીને ત્યાં મોકલ્યો. રાજાએ આ એક ભયંકર પ્રમાદ કર્યો હતો અને તેથી તેને એનું એવું જ ભયંકર પરિણામ ભોગવવું પડ્યું કે, જે આગળ જતાં આપણે જોઈ શકીશું.

---

## ષોડષ પરિચ્છેદ

### કપટજાલમાં રતિપાલ

સુલ્તાન અલાઉદ્દીન ચારે તરફથી નિરાશ થઇને મલિન મુદ્રા કરી રતિપાલના આગમનની માર્ગપ્રતીક્ષા કરતો પોતાના તંબૂમાં બેઠો હતો. પોતે કરેલા સાહસમાટે તેના મનમાં અતિશય પશ્ચાત્તાપ થયા કરતો હતો, છતાં અભિમાનની પ્રબળતાથી હમ્મીરપરનો તેનો દ્વેષભાવ ઓછો થયો હોય એમ દેખાતું નહોતુ, કારણ કે, તેના મુખમંડળમાં મલિનતા સાથે કિંચિત્ તિરસ્કાર અને ઘૃણાની છટા પણ દૃષ્ટિગોચર થતી હતી કોઈ પણ ઉપાયે હમ્મીરનો સર્વનાશ થાય અને પોતાની મૂછ ઊંચી રહે, એવી તેની આંતરિક ઇચ્છા હતી, પણ જો કોઈ ઉપાય ન જ ચાલે તો પછી નિરુપાયે હમ્મીર સાથે સંધિ કરીને દિલ્લી ચાલ્યા જવાનો તેણે મનમાં વિચાર કર્યો હતો કેટલાક વખત પછી રતિપાલ આવી લાગ્યો. રતિપાલને આવતો જોઇને સુલ્તાન પોતાના આસનપરથી ઊઠીને ઉભો થયો અને તેને આલિંગન આપી પોતાના આસનપર આદર સહિત બેસાડ્યો. સુલ્તાન પોતે બાજૂના બીજા આસનપર બેસી ગયો. અલાઉદ્દીને એક બહુમૂલ્ય રત્નજડિત મ્યાનવાળી તલવાર, એક મોતી જડેલો પટો અને ઉત્તમ શિરપેચ સોનાના થાળમાં મગાવી તે વસ્તુઓ રતિપાલને ભેટ તરીકે આપતાં જણાવ્યું કે,—

"મહારથી રતિપાલ! તમે જો કે મારા શત્રુની સેનાના સેનાધ્યક્ષ છો, પરંતુ અદ્વિતીય શૂરવીર પુરુષ છો અને આપના જેવા રણપરાક્રમી પુરુષ સાથે લઢવાથી મને પણ એક પ્રકારનું માન મળ્યું છે, એમ હુ માનુ છુ. તમારા જેવા પરાક્રમી યોદ્ધાઓ જો આજે મારા સૈન્યમાં

હોત તો આમ પરાજિત થવાનો સમય ભાગ્યે જ આવત. અસ્તુ. શૂરવીર શત્રુ પણ આદરને પાત્ર છે, એ ન્યાયથી આ અલ્પ ભેટ આપીને હું તમારો આદરસત્કાર કરું છું, તો એનો કૃપા કરીને સ્વીકાર કરશો, એવી મારી નમ્ર પ્રાર્થના છે. આ ભેટ નજીવી છે, પરંતુ દિલ્લી ગયા પછી મારો તમને બીજી વિશેષ ભેટ સોગાદ મોકલવાનો વિચાર છે કે જેથી આપણો મૈત્રીસંબંધ ચિરકાળ ટકી રહે અને આજના દિવસનું સ્મરણ દીર્ઘકાળ પર્યન્ત જળવાઈ રહે.

રતિપાલ અલાઉદ્દીનના બોલાવ્યાથી ખાસ સંધિ કરવાના ઉદ્દેશથી જ આવેલો હતો, એટલે તે સુલ્તાનના એ આદરસત્કારનો એવો જ અર્થ સમજ્યો કે, સંધિ અને મિત્રતાનું એ મંગળાચરણ જ હશે; અને તેથી એ ભેટનો સ્વીકાર કરીને તે કૃતજ્ઞતા તથા નિષ્કપટતાથી કહેવા લાગ્યો કે;—

"પ્રતાપી સુલ્તાન! ગુણગ્રાહકતા તો આવી જ હોવી જોઇએ. શત્રુપ્રતિ પણ તેના ગુણોની પરીક્ષા કરીને આપ આવી ઉદારતા દર્શાવો છો, એમાં આપનુ અવર્ણનીય ગૌરવ છે. હવે પછી આપણા વચ્ચે જે મિત્રતાનો સંબંધ થવાનો છે, તેનું આપે આ મંગળાચરણ કર્યું છે, એમ જ હું તો ધારુ છુ. ઈશ્વર કરે ને આપણો સખ્યસંબંધ ચિરકાળ પર્યન્ત અબાધિત અને અખંડ રહે. મિત્ર ભાવથી અપાયલી આ ભેટનો હું ઉપકાર સહિત સ્વીકાર કરું છું."

રતિપાલને કાંઇક પીગળેલો જોઇને સુલ્તાને બીજા સરદારોને ઇશારાથી ત્યાંથી ચાલ્યા જવાની આજ્ઞા આપી દીધી અને સર્વના ચાલ્યા જવાપછી એકાંતમાં તેણે ગંભીરતાથી રતિપાલને ઉદ્દેશીને કહ્યું કે,—

"રતિપાલ! એ તો તમે જાણો જ છો કે, હું અલાઉદ્દીન આખા હિન્દુસ્તાનનો મુસલમાન બાદશાહ છું અને અત્યાર સૂધીમાં મેં શતાવધિ દુર્ગો જિતી લીધા છે અને સેંકડો કિલ્લાઓને તોડીને જમીનદોસ્ત કરી નાખ્યા છે. છતાં જો ક્યાંય પણ મારું માથું નીચું થવાનો પ્રસગ આવ્યો હોય તો તે અહીં જ છે. મારાં શસ્ત્રાસ્ત્ર અને સૈન્યના બળથી આ રણથંભોરના કિલ્લાને કબ્જામાં લેવાનું કાર્ય અશક્ય દેખાય છે. જો રણથંભોર દુર્ગ મારા અધિકારમાં આવશે, તો એથી જગત્મા મારી અમર નામના થશે, એવા અભિપ્રાયથી જ આજે લાંબા વખતથી અનેક પ્રકારની હાનિઓ વેઠવા છતાં પણ હું આ કિલ્લાને ઘેરીને અહીં પડી રહ્યો છું. પણ મારી સર્વ આશા નિરાશાના રૂપમાં બદલાઈ જવાથી મારા શોકનો પાર નથી. આજે તમે મને મિત્ર કહીને બોલાવ્યો છે,

એટલે મારા હતાશ હૃદયમાં કાંઇક નવીન આશાનો સંચાર થયો છે અને મને ભાસે છે કે, હુ મારા મનોરથને સિદ્ધ કરી શકીશ; અને મારી ઇચ્છાને પૂર્ણ કરવાના કાર્યમા તમારા તરફથી અવશ્ય કાંઈ પણ સાહાય્ય મેળવી શકીશ. તમે મારા મિત્ર હોવાથી મારી પ્રાર્થનાનો સ્વીકાર કરશો કે કેમ? જો તેમ કરવાનો વિચાર હોય તો પોતાના ભાવિ લાભ અને ઉત્કર્ષનો વિચાર કરી તેવા પ્રકારનું મને વચન આપો."

રતિપાલ સુલ્તાનનું એ ભાષણ સાંભળીને કાંઇક વિચારમા પડી ગયો. ઘણીવાર સુધી તર્કવિતર્ક કરવા છતાં કોઈ પ્રકારનો નિશ્ચય ન થવાથી તે સુલ્તાનને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે;—"આલીશાન સુલ્તાન! આપે મને અહી સધિ કરવાના અને મહારાજા હમ્મીરદેવ સાથે સખ્ય કરવાના આશયથી બોલાવ્યો છે કે કોઈ અન્ય આશયથી? આપના બોલવાનો ભાવાર્થ હું સમજી શકતો નથી."

"મેં પ્રથમથી જ કલ્પના કરી હતી કે, તમે આવો જ જવાબ આપશો; કારણ કે, ક્ષત્રિયો જેટલો શૂરવીરતાનો ગુણ ધરાવે છે, તેટલો તેમનામાં પ્રપચ કરીને સ્વાર્થ સાધવાનો ગુણ રહેલો હોતો નથી, એ હુ સારી રીતે જાણું છુ. જ્યારે તમને મે મારા મિત્ર કહ્યા છે, ત્યારે મારી એવી ઇચ્છા છે કે, જો તમારો ઉત્કર્ષ થાય તો વધારે સારુ. પછી તો જેવી તમારી ઇચ્છા." અલાઉદીને રતિપાલના હૃદયમાં લોભના અગ્નિને પ્રજ્વલિત કરવાના હેતુથી કહ્યું

"આપ મારો ઉત્કર્ષ કેવી રીતે કરવા માગો છો?" રતિપાલે ગભીરતાથી પૂછ્યું.

"એવી રીતે કે, મારું રાજ્ય અત્યંત વિશાળ હોવાથી હવે મારા રાજ્યના વિસ્તારને વધારવાની અને વિશેષ દુર્ગ પોતાના અધિકારમા કરી લેવાની મારી લેશ માત્ર પણ ઇચ્છા નથી. જો તમારી સહાયતાથી આ રણથભોરનો કિલ્લો મારી સત્તામા આવી જાય અને મારી મૂછ ઊંચી રહે, તો મારી તો એ જ મનોભાવના છે કે, એ દુર્ગ હુ તમારા જેવા યોગ્ય મિત્રને જ આપી દઉ અને સેનાપતિમાંથી તમને રણથભોરના પ્રતાપી પૃથ્વીપતિ બનાવું. મારું ચિત્ત તો એ દુર્ગની પ્રાપ્તિ કરવાની ખ્યાતિથી જ પ્રસન્ન રહેશે." અલાઉદીને લોભનું પ્રત્યક્ષ દર્શન કરાવીને કહ્યું.

"પણ એમ કરવાથી મારું નામ સદાને માટે કલંકિત થશે અને હું સ્વામિદ્રોહી તથા દેશદ્રોહી થઇશ—નરકનો અધિકારી થઇશ. મારું મન આ વિષયમાં મને હા પાડતું નથી." રતિપાલે ધર્મભીરુતા વ્યક્ત કરી.

"રતિપાલ! પાપ, પુણ્ય, સ્વર્ગ અને નરક એ સર્વ મિથ્યાવાદ છે. કોઈ સ્વર્ગ જોઈ આવ્યું છે ખરું કે? હું તો ધારું છું કે, એ એક પ્રકારનો ઉન્માદ છે. આ પૃથ્વીમાં સુખ વિલાસમાં સમય વીતે તે સ્વર્ગ છે અને વિષાદમાં વેળા જાય તે ભયંકર નરક છે. એટલા માટે કેટલાક વિદ્વાનોએ એવો જ ઉપદેશ આપેલો છે કે, જો જીવનનો આસ્વાદ લેવો હોય તો કોઈ પણ ઉપાયે સ્વતંત્રતા અને વૈભવવિલાસને પ્રાપ્ત કરો. મારુ જ ઉદાહરણ લ્યો—જો મેં મારા કાકાનું ખૂન ન કર્યું હોત અને ધર્મભીરુ બની પાપ પુણ્યના વિચારમાં જ વેળા ગાળીને સ્વસ્થ થઈ બેસી રહ્યો હોત, તો આજે આખા હિન્દુસ્તાનના સુલ્તાન થવાનો પ્રસંગ મને મળ્યો હોત ખરો કે? કદાપિ નહિ. આજે તમે ગમે તેટલા શૂરવીર અને પરાક્રમી છો, છતાં હમ્મીરના આજ્ઞાધારક દાસ છો અને દાસને કદાપિ ખરું સુખ હોતું જ નથી એ સિદ્ધાંત છે. અત્યારે તો તમારા મનમાં પાપ પુણ્ય, સ્વર્ગ નરક અને સ્વામિદ્રોહ તથા દેશદ્રોહના વિચારોનો આવિર્ભાવ થાય છે. પણ હું નિશ્ચયપૂર્વક કહું છું કે, જ્યારે તમે રણથંભોરના રાજા થશો, ત્યારે તમારા એ સર્વ વિચારોનો લોપ થશે અને આ સમયના મારાં વચનોની સત્યતાનો પરિચય થવાથી મારા માટે સ્વાભાવિક જ તમારા મુખમાંથી આશીર્વાદના ઉદ્‌ગારો નીકળી પડશે." અલ્લાઉદ્દીને તેના લોભની જ્વાળાને વધારે ભડકાવવાના હેતુથી કહ્યું.

રતિપાલને પણ, તે લોભવશ થએલો હોવાથી, સુલ્તાનનું એ કથન અક્ષરે અક્ષર સત્ય ભાસ્યું. એ જગત્‌નો નિયમ જ છે કે, કામીજનોને કોઈ તેની ઇચ્છા પ્રમાણે રૂપવતી રમણી મેળવી આપવાની વાર્ત્તા કહે તો અત્યંત પ્રિય લાગે છે, સાધુજનોને ભક્તિનો વિષય પ્રિય હોય છે, વ્યાપારીને વ્યાપારની ચર્ચામાં જ આનંદ થાય છે અને લોભવશ મનુષ્યને તેના વિચારને અનુકૂળ વૈભવ ઇત્યાદિનાં કથન આનંદદાયક થઈ પડે છે. 'લોભે લક્ષણ જાય' એ કહેવત પ્રમાણે રતિપાલના હૃદયમાં રાજ્યની રતિ ઉત્પન્ન થવાથી અને સુલ્તાનનુ તેમાં ઉત્તેજન મળવાથી તેના સદ્‌ગુણોનો એકાએક લોપ થયો અને તેનાં નેત્રોમાં સ્વાર્થનો અંધકાર છવાઈ ગયો. તે સ્વામિદ્રોહના સ્થાનમાં સ્વર્ગ અને દેશદ્રોહના સ્થાનમાં દ્રવ્યનું દર્શન કરવા લાગ્યો. તેણે કેટલીકવાર સુધી વિચાર કરીને કહ્યું કે;—

"માન્યવર સુલ્તાન! આપનો ઉપદેશ અક્ષરે અક્ષર સત્ય છે, પરંતુ અત્યારે જ યુદ્ધને આગળ ચલાવીને બળથી હમ્મીરની હાનિ કરી શકાય તેમ નથી. જો આપ મારા પક્ષપાતી હો અને હું જ્યારે આપની પાસે આવું ત્યારે મને આશ્રય આપવામાટે કટિબદ્ધ હો, તો પ્રપંચ નાટક ભજવીને રણથંભોરનો કિલ્લો આપને અપાવી દેવાનું હું વચન આપું છું.

પણ પોતાના વચનને પાળીને રણથંભોરનુ રાજ્ય આપે મને આપવું જ જોઇએ."

"અલાઉદ્દીનનો ખુદા એક છે, પિતા એક છે અને બોલ પણ એક જ છે. માટે એવિશે તમારે મનમાં જરા પણ શકા રાખવી નહિ." સુલ્તાને આશ્વાસન આપ્યુ.

"વારુ—ત્યારે હવે હું અહીથી જતાંની સાથે જ રણથંભોરમાં મારા પડ્યત્રનો આરંભ કરુ છુ. ત્યાં જે જે બનાવો બનશે, તેના ગુપ્ત સમાચાર હું આપને મોકલતો રહીશ આપ સૈન્યને ગુપ્તરીતિથી જ્યારે અગત્ય પડે ત્યારે દુર્ગમાં પ્રવેશ કરવાની તૈયારીમા જ રાખજો. હુ હવે રજા લઇશ." રતિપાલ એમ કહી પોતાને અલાઉદ્દીને આપેલી વસ્તુઓ લઇને આસન-પરથી ઊઠીને ઊભો થયો

પરંતુ અલાઉદ્દીન પોતાના લક્ષ્યને વિશેષ દઢ કરવાના ઉદ્દેશથી રતિ-પાલને પોતાના અંતઃપુર ( જનાનખાના ) મા લઈ ગયો કે, જે વિભાગમાં તેની ભિન્નભિન્નદેશવાસિની રખાયતો જ રહેતી હતી. ત્યાં ઇરાનની અતિશય રૂપવતી રામાઓના મધ્યમા તેને એકલો મૂકી અલાઉદ્દીન પોતે નમાજના નિમિત્તથી બહાર ચાલ્યો ગયો અને લૌંડીઓને મેહ-માનની ખાતરદારી કરવાની આજ્ઞા આપતો ગયો. ઇરાની લૌંડીઓએ બહુ જ પ્રેમ બનાવી, રતિપાલને રતિરસમા ડૂબાવી, ઇરાનની શરાબે અંગૂરનું પાન કરાવી મદોન્મત્ત બનાવી દીધો અને પુનઃ સત્વર પોતાના સમુદાયમાં આવી મળવામાટેનુ તેની પાસેથી વચન પણ લઈ લીધુ. પરમ રામભક્ત તુલસીદાસ કવિએ એક સ્થળે કહેલુ છે કે,

"તુલસી યા જગ આયકે, કૌન ભયો સમરથ;
ઇક કચન દુનિ કુચનકો, જિન ન પસાર્યો હથ્થ!"

અર્થાત્ આ જગત્મા એવો સમર્થ પુરુષ કોણ છે કે, જેણે કનક અને કામિનીના કુચતરફ પોતાનો હાથ ન લંબાવ્યો હોય? રતિપાલને પ્રથમ જ પુરસ્કાર અપાયો, રાજ્યની આશા અપાઈ અને ત્યારપછી સુંદરી અને સુરાનો સ્વાદ ચખાડવામાં આવ્યો, એટલે પછી તે પોતાના રાજાનો ત્યાગ કરી અલાઉદ્દીનના પક્ષમા આવે, એમાં વિશેષ આશ્ચર્ય જેવું શુ હોય વારુ? કારણ કે, સાધારણ બુદ્ધિના પુરુષોનો તો એ ધર્મ જ છે. જે એવા વિષયોથી અલિપ્ત રહી સ્વામિભક્તિમાં અચલ રહે, તેને તો મનુષ્ય નહિ પણ દેવ જ માનવો જોઇએ. અસ્તુ.

એ પ્રમાણે સુલ્તાનના શિબિરમાં માન સન્માન પામીને રતિપાલ પાછો રણથંભોરના કિલ્લામાં જવામાટે ચાલતો થયો. આવનાર રતિ-

પાલ સ્વામિનિષ્ઠ હતો અને જનાર રતિપાલ સ્વામિદ્રોહી હતો. એટલો જ માત્ર સમયના અંતરથી અતરાય થયો હતો.

## સપ્તદશ પરિચ્છેદ

### ભયંકર છળ પ્રપંચ

રણથંભોર દુર્ગમાના એક એકાંત સ્થળમા પત્થરની એક મોટી ઇમારત બાંધેલી હતી અને તેમા રણથંભોરના રાજાના 'જોરા ભોંરા' નામક ખજાનાનુ આસન હતુ એ ઇમારતની આસપાસ એક સારો બગીચો બનાવી લેવામા આવ્યો હતો. એ બાગમા એક સુદર હોજ બાંધેલો હતો અને તેની આસપાસ નાના પ્રકારના ન્હાના ન્હાના વૃક્ષો લગાડેલા હતા—એ વૃક્ષોની કમલાકાર, ચતુષ્કોણ, પટ્કોણ અને અષ્ટકોણ આદિ આકૃતિઓ કરીને બગીચાની શોભામા વધારો કરવામા આવ્યો હતો. એ ન્હાના વૃક્ષોની પછી તેમના કરતા ઉચ્ચ પુષ્પવૃક્ષો જોવામાં આવતા હતા અને સ્થળે સ્થળે બેસવામાટ પાષાણની બેઠકો પણ બનાવેલી હતી. એ બગીચો એટલો બધો સુદર અને મનોહર હોવા છતાંપણ તેમા રાજાનો ધનકોષાગાર હોવાથી અને સાધારણ લોકોને ત્યાં આવવાની આજ્ઞા ન હોવાથી માત્ર અધિકારીઓ અને રાજકુટુમ્બના મનુષ્યો વિના બીજુ કોઈ ત્યા આવી શકતુ નહોતુ અત્યારે સંધ્યા સમય થયો હતો, સૂર્યનારાયણ અસ્તાચલમા જવાની તૈયારીમાં હતા અને ઉદ્યોગશીલતાની સમાપ્તિ થઈ હતી.. એવા સમયે કોઈ બે પુરુષો બેઘડી પોતાના મનોરંજનમાટે અથવા તો સધ્યાકાલીન અંધકારપટમાં વૃક્ષરાજિમા આપણને કોઈ ઓળખી શકે એમ નથી, એવા ઉદ્દેશથી આમતેમ બગીચામા ફરતા જોવામા આવતા હતા. પરતુ તેઓ ચાલતાં ચાલતાં આગળ પાછળ સાવધતાથી દૃષ્ટિપાત કરતા હોવાથી અને તેમની મુખમુદ્રાઓ સાશક દેખાતી હોવાથી તેઓ કાંઈ પણ વિશિષ્ટ ગુપ્ત ઉદ્દેશથી જ બગીચામાં આવેલા હોવા જોઇએ, એમ સૂક્ષ્મ અવલોકન કરવાથી સહજમાં જ કલ્પના કરી શકાતી હતી. ધીમે ધીમે બાગના મધ્ય ભાગને છોડીને ખજાનાવાળી ઇમારતની પાછળ આવેલી ઘન વૃક્ષરાજિમાં તેઓ ચાલ્યા ગયા અને તેથી અવશ્ય તેઓ નિર્જન સ્થાનમાં જઈ કાંઇક ગુપ્ત વાર્તાલાપ કરવાની ઇચ્છા ધરાવતા હતા, એવું ત્વરિત અનુમાન કરી શકાતુ હતું. ચાલો ત્યારે આપણે પણ અત્યારે તેમની પાછળ જ ધીમે ધીમે ચાલતા થઇએ.

એ બે પુરુષો ચાલતા ચાલતા એક વિશાળ વૃક્ષની છાયામાં આવીને ઊભા રહ્યા અને તેમનામાંના એકે આસપાસ દૃષ્ટિપાત કરી, અન્ય કોઇના ન હોવાની ખાત્રી કરી લઇને દ્વિતીય પુરુષને ઉદ્દેશીને કહ્યું કે,–" રતિપાલ ! હવે અહીં કોઈ ન હોવાથી તમે જે ગુપ્ત વાર્તા સંભળાવવાના હતા તે સંભળાવો તો શી હરકત છે ? તમે મને એમ કહ્યું છે કે, 'તમે ભયમા છો,' તો એ ભયને પ્રથમથી જાણી લેવો જોઇએ, કારણ કે, એથી ભય માથી છૂટવાની કાંઈ પણ યથાસમય તૈયારી કરી શકાય. તમે મારા મિત્ર છો તો અત્યારે મિત્રધર્મને બરાબર જાળવવો જોઇએ."

" રણમલ્લજી ! એ તો આપ જાણો જ છો કે, આજે કેટલાક વખતથી આપણા રાજા હમ્મીરદેવની બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ છે અને તેથી સર્વને તે આજકાલ શંકાની દૃષ્ટિથી જ જોયા કરે છે. અપરાધ વિના ધર્મસિંહને તેણે ભગ્નાવયવ અને અંધ બનાવી દીધો, ભોજદેવને અપમાન સહિત કાઢી મૂક્યો અને તેના બંધુને અત્યારે કારાગૃહમાં રાખવામાં આવ્યો છે. એ એનાં પ્રત્યક્ષ પ્રમાણો છે. એક મુસલ્માન સર્દારને આશ્રય આપવાનો ખોટો હઠ કરીને સહસ્રાવધિ રાજપૂતોના પ્રાણોની તેણે રણયજ્ઞમાં આહુતિ આપી દીધી છે અને અદ્યાપિ તે હઠ જેમનો તેમ કાયમ રાખ્યો છે. બે દિવસથી એમ પણ મારા સાંભળવામાં આવ્યું છે કે, આજકાલ રણથંભોરના સૈન્યના પ્રમુખ સેનાધ્યક્ષ તમે હોવા છતા અને તમારી સ્વામિભક્તિની સર્વત્ર ખ્યાતિ હોવા છતાં રાજાનુ મન તમારા તરફથી પણ ફરી ગયું છે અને રાજા તમને સંશયની દૃષ્ટિથી જોવા લાગ્યો છે હમ્મીરનો આજે રાત્રે જ તમને બંદિવાન્ બનાવવાનો નિર્ધાર થએલો છે અને એની સત્યતાનું પ્રમાણ એ છે કે, આજે રાત્રે તૃતીય પ્રહરના આરમ્ભસમયે રાજા પોતે તમારી પાસે આવશે. ખરેખર આપણા રાજાની આવી ચળબુદ્ધિને જોઇ, નીતિ શાસ્ત્રમાંના, નદી, નખી, શૃંગી, શસ્ત્રપાણિ, સ્ત્રી અને રાજા ઇત્યાદિમાં કદાપિ વિશ્વાસ ન રાખવો, એ ઉપદેશનુ સ્મરણ થયા વિના રહેતું નથી. એક મિત્ર તરીકે મારો તો તમને એ જ ઉપદેશ છે કે, અત્યારે જ ઘેર જઇને સૈન્યસહિત ન્હાસવાની અને શત્રુના પક્ષમાં મળી જવાની તમે બધી તૈયારી કરી રાખો અને જો રાજા રાત્રે જ તમારે ત્યાં આવે તો મારા વચનને સત્ય માની ભયમાંથી મુક્ત થાઓ. મારો ધર્મ મેં બજાવ્યો છે, હવે ભવિષ્યમાં ક્યો માર્ગ લેવો, એ તમારા હાથમાં છે." રતિપાલે રણમલ્લને ભંભેરવાનો પ્રયત્ન કરતાં ગંભીરતાથી જણાવ્યું.

" પણ રતિપાલ ! જો તમારું આ કથન સત્ય જ હોય અને રાજાનો મારી જોડે વિશ્વાસઘાત કરવાનો જ વિચાર હોય તો મારા પલાયન પછી તમારે પણ આ રાજાની સેવાનો ત્યાગ કરવો અને મારી સાથે આવી

મળતું, એવું હું તમારા પાસેથી વચન માગું છું." રણમલ્લે જરા વિચાર કરીને કહ્યું.

"હું મારા પ્રાણાધિક મિત્રના સુખ દુ ખમાં ભાગ લેવાને નિરંતર તત્પર છું. જો આજ રાત્રે જ તમારાપર આપત્તિ આવશે, તો આવતી કાલે જ હું પણ રણથભોરનો ત્યાગ કરી આપસાથે આવી મળીશ. હું વચન આપું છું કે એમ જ કરીશ." રતિપાલે આશ્વાસન આપતા એ શબ્દો મહા ગાંભીર્યથી ઉચ્ચાર્યા.

રણમલ્લ ઊતાવળાં પગલાં ભરતો ત્યાંથી ચાલ્યો ગયો અને રતિપાલ બગીચાના હોજ પાસે આવી લાગ્યો. ત્યાં બે કૃષ્ણવસ્ત્રધારી પુરુષો તેની વાટ જોતા ઊભા હતા, તેમને ઉદ્દેશીને તેણે પ્રશ્ન કર્યો કે;-"કેમ?-ખજાનામાં સૂકું ચામડું તમે બરાબર બિછાવી દીધું કે નહિ? જો એ કાર્ય ન કર્યું હોય તો જાઓ અત્યારે જ કરી નાખો; કારણ કે, એક પ્રહર રાત્રિ થવા પછી મેં રાજાને અહી બોલાવ્યા છે, એટલે તેમના આવ્યા પહેલા જ એ કાર્યની સમાપ્તિ થવી જોઇએ."

"મહારાજ! એ કાર્ય કરીને જ અમે અહીં આવ્યા છીએ અને સારું ઇનામ મેળવવાની આશા રાખીએ છીએ." કૃષ્ણવસ્ત્રધારીઓએ કહ્યું.

"લ્યો—આ ઇનામ. પણ ખબરદાર, આ વાત કોઇના કાને ન જાય; નહિ તો મારા અને તમારા પ્રાણની કુશળતા નથી." એમ કહીને રતિપાલે પોતાની કમ્મરમાથી પાચ સોના મોહોરો કાઢીને તેમના હાથમાં આપી. તેઓ નમસ્કાર કરીને ત્યાંથી ચાલતા થયા.

તેમના જવાપછી રતિપાલ પાષાણની એક બેઠકપર બેસી ગયો અને આત્મગત વિચાર કરતો કહેવા લાગ્યો કે;-"મારી ધારણા પ્રમાણેનાં બે કાર્યો તો યથાસ્થિત પાર પડી ગયાં, એટલે હવે ભોળા રાજાને કપટજાળમાં ફસાવવાનું એક મહાકાર્ય કરવાનું છે, તે જ અવશિષ્ટ છે. એ કાર્ય થઈ જાય એટલે રણથભોરના રાજા આપણે જ છીએ. રાજાના અંતઃપુરમાં પણ એવી વાત પહોંચાડી દીધી છે કે, અલાઉદ્દીન, જો હમ્મીર પોતાની પુત્રીસાથે તેનાં લગ્ન કરી આપે તો દિલ્લી ચાલ્યો જાય અને આ નરહત્યાકાંડનો અંત આવી જાય. હવે જોઇએ કે, આ બધા છળપ્રપંચોનું કેવુંક પરિણામ આવે છે તે!"

ધીમે ધીમે સમય વીતવા લાગ્યો. રાત્રિના પ્રથમ પ્રહરના અંત સાથે દ્વિતીય પ્રહરનો આરંભ થયો. રાજા હમ્મીર પોતાના કેટલાક અંગરક્ષકો સહિત બગીચામાં આવી લાગ્યો. રતિપાલ તેનો આદરસત્કાર કરવાને તૈયાર જ હતો. રાજાએ આવતાંની સાથે જ અધીરતાથી

રતિપાલને પૂછ્યું કે,–"કેમ રતિપાલ! સુલ્તાન તરફના શા સમાચાર છે? મહાલયમાં મારી પાસે ન આવતા મને અહીં શા માટે બોલાવ્યો છે?"

"મહારાજાધિરાજ! આપને અહીં એ વિશિષ્ટ હેતુઓથી બોલાવ્યા છે. આજે આપણે અત્યંત ગુપ્ત રાજનીતિનું અવલમ્બન કરવાનું છે અને એટલા માટે આપણે ખજાનામાં જઇએ અને ત્યાં જ વાતચીત કરીએ તો વધારે સારું, એવો મારો અભિપ્રાય છે. ઇમારતની આસપાસ કોઈ પણ માણસને આવવા દેવો નહિ, એવી આપના આ અંગરક્ષકોને કઠિન આજ્ઞા થવી જોઇએ" રતિપાલે માર્મિકતાથી કાંઇક ભયનું દર્શન કરાવ્યું અને યોગ્ય સૂચના કરી.

ઇમારતની આસપાસ કોઈ પણ માણસને ન આવવા દેવાની અંગરક્ષકોને આજ્ઞા આપીને હમ્મીર રતિપાલ સાથે ઇમારતના આન્તરિક ભાગમાં ગયો. ત્યાં એક ઓરડામાં આગળથી જ રાજાના બેસવામાટે આસન તૈયાર રાખવામાં આવ્યું હતું અને દીપકનો પ્રકાશ પણ હતો. રાજા આસનપર બેઠો અને રતિપાલ તેની સામે ગાલીચાપર બેસી ગયો.

"વારુ–ત્યારે હવે આપણી વાતચીતનો આરંભ કરો." રાજાએ આજ્ઞા કરી અને પૂછ્યું કે,–"અલાઉદ્દીન સાથે તમારો શો વાર્તાલાપ થયો હતો તે પ્રથમ જણાવો."

"મહારાજાધિરાજ! અલાઉદ્દીને એમ કહેવડાવ્યું છે કે, જો તમે દીનતાપૂર્વક મારા વર્ચસ્વનો સ્વીકાર કરશો, તો જ હું અહીંથી પાછો જઇશ. રાજપૂતોએ કેટલાક મુસલ્માન સૈનિકોનો સંહાર કર્યો છે, એ વાતનો તે સ્વીકાર કરે છે, પરંતુ તે જણાવે છે કે, કાનખજૂરાનો એક પગ ભાંગ્યો હોય તો તેથી તે કાંઈ લંગડો કહેવાતો નથી–અર્થાત્ સુલ્તાનની અદ્યાપિ યુદ્ધ કરવાની પ્રબળ અને અચલ ઇચ્છા છે." રતિપાલે અક્ષરે અક્ષર અસત્ય વાર્ત્તા કહી સંભળાવી, પણ એ વાર્ત્તા કહેતી વેળાએ તેણે એવી ગંભીરતા ધારણ કરી હતી કે, હમ્મીરને તેની દાંભિકતાનો લેશ માત્ર પણ સંશય આવી શક્યો નહિ.

હમ્મીરે પૂછ્યું કે,–"પણ તેના સૈન્યની જે તમે પરિસ્થિતિ જોઈ હશે, તેથી અલાઉદ્દીનના એ કથનની સત્યતાવિશે તમારો પોતાનો શો અભિપ્રાય છે?"

"અન્નદાતા! જો મારો સત્ય અભિપ્રાય જ આપ જાણવા માગતા હો તો મારે સત્યને અવલંબીને જણાવવું જ જોઇએ કે, અલાઉદ્દીનનું સૈન્ય બહુસંખ્ય, પ્રચંડ અને બળવાન્ છે. સુલ્તાન આપણાથી દબાઇ જાય, એવી દુર્દશાને પ્રાપ્ત થયો નથી. પોતાના વચનને સત્ય સિદ્ધ કરી

બતાવવાનું અદ્યાપિ તેનામાં સામર્થ્ય છે, એવો મારો પૂર્ણ અનુભવ થઈ ચૂક્યો છે." રતિપાલે અસત્યના શિખરે ચઢીને કહ્યું.

"ત્યારે હવે પછી આપણે યુદ્ધના કયા માર્ગનો સ્વીકાર કરવો, એનો વિચાર કરવો જોઇએ. કારણ કે, આપણે પણ મસ્તકને ઉન્નત રાખીને યુદ્ધનો વ્યવસાય આગળ ચલાવવો જ છે. શત્રુના ચરણોમાં મસ્તક નમાવીને કલંકિત થવું નથી." હમ્મીરે હિમ્મતથી કહ્યું.

"ત્યારે એ વિશે મારી એવી અનુમતિ છે કે, આજ રાત્રિના સમયે એટલે કે અત્યારે જ આપ પોતે જઇને સેનાપતિ રણમલ્લને મળો અને તેને શત્રુઓને પરાજિત કરવાના કાર્યમાં ઉત્તેજન આપીને પ્રેરો. રણમલ્લ જો કે એક અસાધારણ અને અલૌકિક યોદ્ધો છે, પરંતુ મારી ધારણા એવી છે કે, તે શત્રુઓને હટાવવાનો જોઇએ તેવો પૂરેપૂરો પ્રયત્ન કરતો નથી. અને એનું કારણ એ છે કે, તેના મનમાં આપ વિશે કોઈ પ્રકારનો ક્લેશ વ્યાપી ગયો છે. તેના એ ક્લેશનું નિવારણ કરો અને તેને યુદ્ધમાટે ઉત્તેજિત કરો. બીજી વાત મારે આપને આપણી યુદ્ધસામગ્રી અને ધનકોષવિશે જણાવવાની છે.' રતિપાલે કપટનાટકની યથાસ્થિત વસ્તુસંકલના કરીને કહ્યું.

"ઠીક સ્મરણ કરાવ્યું. એ વિશે ખાસ પૂછવાનું તો હું ભૂલી જ ગયો હતો. યુદ્ધની સામગ્રી અને ધનકોષની શી સ્થિતિ છે?" હમ્મીરે આતુરતાથી પૂછ્યું.

દેશદ્રોહી રતિપાલે નેત્રોમાંથી કૃત્રિમ અશ્રુબિન્દુ ટપકાવીને ઉદાસીન મુદ્રાથી એ પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું કે,–"મહારાજ! ધનભંડાર અને શસ્ત્રાસ્ત્રાગારની અવસ્થા અત્યંત શોચનીય અને ખેદકારક છે. અન્ન-સામગ્રીનો અન્ત થવા આવ્યો છે, દારુ ગોળાની સમાપ્તિ થઈ છે અને ધનભંડારનો તલપ્રદેશ પણ દૃષ્ટિગોચર થવા લાગ્યો છે. એ કારણથી હવે દુર્ગમાં રહી યુદ્ધ કરવાથી આપણાં હઠ અને માનમર્યાદાઆદિનું રક્ષણ થશે કે નહિ, એનો મારા મનમાં સંશય આવવા લાગ્યો છે. એટલા-માટે મારો તો એ જ ઉપદેશ છે કે, અલાઉદ્દીનને બીજી કોઈ રીતિથી ન નમતાં માત્ર મીર મંગોલને તેની પાસે મોકલી દઈ શત્રુ સાથે સંધિ કરી લ્યો તો વધારે સારું. પછી તો જેવી મહારાજાની ઇચ્છા."

રતિપાલનાં એ વચનો સાંભળી હમ્મીર કાંઇક સંશય અને તર્ક-વિતર્ક કરવા લાગ્યો. તે બોલ્યો કે,–"રતિપાલ! આપણી આંતરિક આવી દુર્દશા થએલી હોય, એ વાતને હું માની શકતો નથી. તમારાં આ વચ-નોમાં મારો વિશ્વાસ બંધાતો નથી. જો એમ જ હોય તો શસ્ત્રાગાર અને

અનભડારની એ અવસ્થાનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરીને મારે એ વિષયનો નિશ્ચય કરવો જોઇએ. ચાલો—મને બતાવો એટલે જો એવી સ્થિતિ હોય તો અન્ય કોઈ વ્યવસ્થા કરી શકાય.”

હમ્મીરને રતિપાલ તેની ઇચ્છા પ્રમાણે ઇમારતના મધ્ય ભાગમાં લઈ ગયો. ત્યાં વચ્ચે એક મોટો ખાડો હતો અને તેમા અન્નના કોથળા ભરીને રાખવામાં આવતા હતા. એ ખાડો ઘણો જ ઊંડો અને નીચેના ભાગમાંથી પહોળો હોવાથી વર્ષોપર્યન્ત ચાલી શકે એટલુ બધુ અન્ન તેમાં રાખી શકાતું હતુ. એ અન્નભડારને “જૌરા ભૌરા” ના નામથી ઓળખવામાં આવતો હતો. હમ્મીર પોતે નીચે ખાડામાં ઊતરી શકે એમ તો હતું જ નહિ, એટલામાટે તે ભડાર ભરેલો છે કે ખાલી છે, એની પરીક્ષા કરવામાટે ખાડામા પત્થર નાખવામા આવ્યા અને તે પત્થરના પડવાથી જે પોકલ પ્રતિધ્વનિ સાંભળવામાં આવ્યો તેથી ભડાર ખાલી છે, એવો હમ્મીરનો નિશ્ચય થયો અને તેથી તે મહાચિંતામા પડી ગયો.

વાસ્તવિકતાથી એ ‘જૌરા ભૌરા’ નામક ભડાર ખાલી ન હોતો—તેમાં બધો માલ એકદમ નીચેના ભાગમા જેમનો તેમ ભરેલો હતો, પરતુ રાવ હમ્મીરને પોતાના કપટજાળમાં ફસાવી નિરાશ કરવામાટે † રતિપાલે તેની ઊપર સૂકું ચામડું પથરાવી દીધુ હતું અને તેથી પત્થરનો તે ચામડાપર આઘાત થતાં પોકળધ્વનિ સંભળાયો હતો.

રણધીર અને શૂરવીર હમ્મીર ભંડારની આવી ભયંકર અવસ્થા જોવા છતાં પણ હિમ્મત હાર્યો નહિ અને રતિપાલને “રતિપાલ! આપણે અન્નસામગ્રીની તથા અન્ય સાધનોની વ્યવસ્થા કરી લઇશું, પણ આ ભેદ બહાર કોઇના જાણવામાં ન આવે, એની બરાબર સાવચેતી રાખજો. હું હાલ તરત રણમલ્લ પાસે જાઉં છું.” એ પ્રમાણે કહીને તે રણમલ્લ પાસે જવાને ત્યાંથી ચાલ્યો ગયો.

રાજાના ગયા પછી પોતે ચલાવેલા કુચક્રના સર્વ સમાચાર એક પત્રમા લખીને તે પત્ર એક ગુપ્ત દૂતદ્વારા રતિપાલે અલાઉદ્દીનને મોકલી આપ્યું. તેમાં એટલી ખાસ સૂચના કરી હતી કે, “અત્યારે રાજા

---

* આ ‘જૌરાં ભૌરા’ ખજાનાની વાત ‘હમ્મીર મહાકાવ્ય’મા નથી. આ પ્રસગ કવિ જોધરાજ કૃત ‘હમ્મીર રાસો’માંથી લેવામાં આવ્યો છે.

† રાજ્યની આશાથી અથવા રાજ્યના લોભથી અલાઉદ્દીનના પક્ષમાં મળી દેશદ્રોહી થનાર હમ્મીરના સર્દારનું ‘હમ્મીર રાસો’ માં સુજનસિંહ નામ આપેલું છે અને ‘હમ્મીરમહાકાવ્ય’ માં તેનું નામ રતિપાલ છે. અમે રતિપાલ નામ જ રાખેલું છે. નામ ગમે તે હો પણ એ પાત્રની કૃતિ તે જ છે એટલે વિશેષ હાનિ જેવું કાંઈ પણ નથી. રાખાદેવી વેશ્યાનું ‘હમ્મીરરાસો’ માં ચંદ્રકળા નામ છે.

એટલો બધો નિરાશ થએલો છે કે, તમે જે પ્રમાણે કહેશો તે પ્રમાણે વર્ત્તવાને તે આનાકાની કરશે નહિ. મારી એ સલાહ છે કે, તેને તમારી છાવણીમા બોલાવી કેદ કરી તેનો વધ કરી નાખો અને આપણા કરાર પ્રમાણે રાજ્ય મને આપો આનો જવાબ સત્વર મોકલશો "

* * * * *

રાજા હમ્મીર રતિપાલના ઉપદેશ અનુસાર રણમલ્લના નિવાસસ્થાન તરફ જવાને નીકળ્યો રણમલ્લનાં શ્રવણોમાં રતિપાલે બીજા પ્રકારનું વિષ રેડેલુ હોવાથી તે સાવધ થઇને અને બધી તૈયારી કરીને જ બેઠો હતો. તેના એક અનુચરે રાજાના આગમનની ખબર આપતા જ "રાજા અવશ્ય મને પકડીને બન્દિવાન્ બનાવવામાટે જ આવેલો હોવો જોઇએ" એવો તેનો નિશ્ચય થયો અને તેથી તે પોતાના સૈન્ય સહિત દુર્ગમાંથી પલાયન કરી ગયો રતિપાલના ઉપદેશને અનુસરી તે અલાઉદ્દીનના પક્ષમા જઈ મળ્યો.

રણમલ્લ જેવા પોતાના એક શૂરવીર સેનાપતિના પલાયનનો વૃત્તાંત સાભળીને હમ્મીરના મનમા ઘણો જ શોક થયો. તે મનમાં કહેવા લાગ્યો કે,-"અવશ્ય મારા અધિકારિમંડળમાં કારસ્થાનનો સંચાર થએલો છે, જો એમ ન હોય તો આવી ઘટનાઓ બને જ નહિ. આવતી કાલે આ વિષયનો અવશ્ય પરામર્શ થવો જ જોઇએ" એ પ્રમાણે વિચાર કરી તે રાજમહાલયમાં આવ્યો. તે શય્યામાં પડ્યો, પણ શય્યા શૂળસમાન ભાસવા લાગી અને નિદ્રાદેવીએ નેત્રોના નિકટમાં આવવાની ના પાડી હમ્મીરની રાત્રિની જાગૃત અવસ્થામાં જ સમાપ્તિ થઈ ગઈ. અરુણોદય થયો અને તે સાથે અનેક ઘટનાઓના પરામર્શોનો પણ ઉદય થયો.

## અષ્ટાદશ પરિચ્છેદ
### કપટનો સ્ફોટ

"Treason doth never prosper: what's the reason?
Why, if it prosper, none dare call it Treason"
Sir T. Harrington, Epigrams, bk. iv. ep 5.

પ્રાતઃકાળમાં નિત્ય નૈમિત્તિક કર્મથી મુક્ત થઇને હમ્મીરદેવે પોતાના કેટલાક વિશ્વાસપાત્ર અને શૂરવીર મીર મંગોલ આદિ સેનાધ્યક્ષ અને મંત્રીઓને એકાંત સભાગૃહમાં બોલાવીને અત્યન્ત મલિન મુદ્રાથી શોકપૂર્વક કહ્યું કે,—

"મારા શુભેચ્છક મિત્રો, સૈનાનાયકો અને મંત્રિજનો ! આટલા દિવસના યુદ્ધમાં પરાજય પામવાની ભીતિ મારા હૃદયમાં ઉત્પન્ન થઈ નહોતી, પરંતુ ગઈ રાત્રે જે કેટલીક ઘટનાઓ મારા જાણવામાં આવી છે, તેથી વિજયવિશે મારા મનમાં શંકાનો ઉદ્ભવ થવા લાગ્યો છે. આપણા અન્નના ભંડારમાં અન્નસામગ્રીનો અંત આવ્યો છે, દારુ ગોળા આદિ યુદ્ધના સાધનોની પણ સમાપ્તિ થઈ છે અને સર્વથી વિશેષ ભયાનક ઘટના તો એ છે કે; આપણા અધિકારિમંડળમાં રાજદ્રોહ અને દેશદ્રોહ જેવા દારુણ પાતકોનો સંચાર થયો છે. એનું પ્રત્યક્ષ ઉદાહરણ રણમલ્લનું છે કે જે ગઈકાલે રાત્રિના સમયે અહીંથી પલાયન કરી યવનરાજના પક્ષમાં જઈ મળ્યો છે 'ઘર ફૂટે ઘર જાય,' એ કહેવત તો તમો બધાને યાદ હોવી જ જોઈએ. એટલે જ્યાં હવે આપણા ઘરમાં જ સડો પેસવા માંડ્યો છે, ત્યાં આપણા વિજયની અને રિપુગણના પરાજયની આશા કેવી રીતે અને કેમ કરીને રાખી શકાય વારુ ? શત્રુના વર્ચસ્વનો આપણે સ્વીકાર કરવાનો નથી, શત્રુના ચરણોમાં મસ્તક નમાવવું નથી, હઠને ત્યાગવો નથી અને યુદ્ધનો વ્યવસાય ચાલુ રાખવો છે,—પણ અંદરની અવસ્થા આવી છે, તો હવે આવા સમયમાં આપ સર્વનો શો અભિપ્રાય છે, તે દર્શાવો—જે માર્ગના અવલંબનની ઇચ્છા હોય, તે માર્ગ બતાવો. મારી મતિ અત્યારે કુંઠિત થઈ ગઈ છે, એટલે મને અત્યારે શું કરવું અને શું ન કરવું, એનું ભાન કે જ્ઞાન નથી !"

એ પ્રમાણે બોલીને એકાગ્ર દૃષ્ટિથી ચૌહાણ હમ્મીરદેવ સભાસ્થિત સર્વ સામંતો અને મંત્રીઓની મુખચર્યાનું અવલોકન કરવા લાગ્યો.

કેટલીકવાર સુધી સૈનાનાયકો અને મંત્રીઓએ પોતપોતામાં ગુપ્ત વાર્ત્તાલાપ કર્યો અને ત્યારપછી પ્રધાન મંત્રીએ ઊભા થઈ રાજાને નમસ્કાર કરીને નમ્રતા તથા વીરતાથી વિનતિ કરીને કહ્યું કે,—' મહારાજાધિરાજ ! સર્વનો એ જ નિર્ધાર છે કે, જો અલાઉદ્દીન કોઈ પણ પ્રકારે પોતાનું વર્ચસ્વ કબૂલ કરાવ્યા વિના જ યુદ્ધને બંધ કરી દિલ્લી તરફ ચાલ્યો જાય તો ઠીક જ છે; નહિ તો આપણે તો યુદ્ધના વ્યવસાયને કોઈ પણ રીતે ચાલૂ જ રાખવો. આટલા દિવસ સુધી અનેક પ્રકારનાં કષ્ટો સહન કરી સમરાંગણમાં ઝૂઝી આપણે યુદ્ધયજ્ઞમાં જે અનેક ક્ષત્રિય યોધાઓના પ્રાણનાં બલિદાન આપ્યાં છે, તે કાંઈ અંતે શત્રુનાં ચરણોમાં મસ્તક નમાવીને કલંકિત થવામાટે નહિ, પણ જગત્‌માં પોતાની કીર્ત્તિને નિષ્કલંક અને ઉજ્જવલ રાખવામાટે જ આપ્યાં છે. ભોજરાજ અને રણમલ્લ જેવા એક બે કુળકલંક નરપિશાચોના દેશદ્રોહી થવાથી આપણને કશી પણ હાનિ થવાની નથી. ખાવાને અન્ન નહિ હોય તો ચિન્તા નથી અને દારુ ગોળાનો અભાવ હશે તો તેના સ્થળે સોના મોહોરો અને રૂપિયાનો

ઉપયોગ કરીશું. અમારો એ જ નિશ્ચય છે કે, 'कार्यं साधयामि वा देहं पातयामि !' પછી તો જેવો મહારાજાનો વિચાર."

"ધન્ય, મારી સભાના શૃંગારો ! ધન્ય !!" હમ્મીરે સર્વને એ પ્રમાણે ધન્યવાદ આપ્યો અને ત્યાર પછી મીર મંગોલને ઉદ્દેશીને કહ્યું કે,-"મીર મંગોલ ! યવનકુલદીપક વીરનર ! હું એક સત્ય વીર ક્ષત્રિય છું અને તેથી જનની જન્મભૂમિના રક્ષણમાટે પ્રાણને ત્યાગવાનો પ્રસંગ આવતાં પ્રાણનો પણ ત્યાગ કરવો, એ મારો અને મારા આ ક્ષત્રિય વીરોનો પરમ ધર્મ છે. પરતુ આપ અમારી જાતિના ન હોવાથી અને વળી અમારા આશ્રિત અતિથિ હોવાથી વિના કારણ અમારામાટે યુદ્ધમાં આપના જીવનનું બલિદાન અપાય, એ દુ ખદ પ્રસંગ જોવાની મારી ઇચ્છા નથી. મારી એવી જ વાચ્છના છે કે, તમે પોતાના પરિવાર સહિત સુરક્ષિત રહી શકો, એવા તમારી ઇચ્છા પ્રમાણેના સ્થાનમાં અમે તમને કુશલપૂર્વક પહોંચાડી દઇએ. મારો આપના પ્રતિ કોઈ પણ પ્રકારનો અભાવ છે, એમ આપ માનશો નહિ, માત્ર અમારે હવે કેસરિયા કરવાનાં હોવાથી મારા ધર્મને અનુસરીને જ હુ મારા આ વિચારને વ્યક્ત કરુ છુ. કારણ કે, અતિથિને જાણી જોઇને અગ્નિની જ્વાળામા નાખવો એ ગૃહસ્થનો ધર્મ નથી, એવી અમારા ધર્મશાસ્ત્રની પરમ આજ્ઞા છે. આપ સુજ્ઞ હોવાથી હું વધારે કાંઈ પણ બોલવા ઇચ્છતો નથી."

"અખડ પ્રૌઢપ્રતાપી અને એકવચની મહારાજાધિરાજ હમ્મીરદેવ ! જે બનવાનુ હોય છે તે તો કાળના પ્રભાવથી એક કે બીજા નિમિત્તે બન્યા જ કરે છે, પરતુ યવનરાજ સાથેના આપના આ વિગ્રહનુ મૂળ નિમિત્ત તો હું જ થયો છું. એટલા માટે જો આપની આ યુદ્ધનો અંત લાવી નાખવાની જ ઇચ્છા હોય, તો હું પોતે જ જઇને અલાઉદ્દીનને આધીન થાઉં, એટલે આ યુદ્ધનો અત પોતાની મેળે જ આવી જશે અને સુલ્તાન પાછો દિલ્લી તરફ ચાલતો થશે. પરતુ........."

મીર મંગોલ આગળ બોલવા જતો હતો, એટલામાં હમ્મીર પોતાના આરક્તવર્ણ નેત્રોમાંથી અગ્નિના કણ વર્ષાવીને ભીષણ ગર્જનાથી કહેવા લાગ્યો કે,-"નહિ નહિ, મીર મંગોલ ! એવી આજ્ઞા હું કદાપિ આપવાનો નથી. જો હુ તમને અલાઉદ્દીનના હાથમા જવા દઇને આ રાજ્યભોગ ભોગવું તો સસાર મને કયા નામથી ઓળખે, એનો તમે કાંઈ વિચાર કર્યો છે ખરો કે ? શું આવી કાયરતાનો પરિચય કરાવવાથી મારું વિશુદ્ધ ક્ષત્રિય કુળ સદાને માટે કલંકિત અને નિન્દાપાત્ર નહિ થાય ? તમે અલાઉદ્દીનને આધીન થાઓ, એવી મારી ઇચ્છા નથી, કિન્તુ સપરિવાર કોઈ સુરક્ષિત સ્થાનમાં જાઓ, એ જ મારી પરમ ભાવના છે !"

"ઠીક છે–મહારાજ! જ્યારે હું અલાઉદીનને આધીન થાઉં, એવી આપની ઇચ્છા નથી; તો આવા કટાકટીના પ્રસંગમાં આપને ત્યાગીને પોતાના જીવનને જાળવવાના સ્વાર્થને સાધવામાટે નિર્ભયસ્થાનમાં જવાની મારી પણ ઇચ્છા નથી. જ્યારે આપ પોતે પોતાના કુળને કલંકિત થતું અટકાવવામાટેની આટલી બધી ચિન્તા રાખો છો, ત્યારે હું જો અત્યારે પરિવારના પ્રેમમાં પડી આપની સેવાનો ત્યાગ કરીશ, તો મારા વંશને અને મારા નામને કેવો અને કેટલો અનિવાર્ય કલંક લાગવાનો સંભવ છે, એનો પણ સાથે સાથે આપે વિચાર કરવો જ જોઇએ. જો મારી સ્ત્રી આદિના પ્રાણની જ આપને એટલી બધી ચિન્તા હોય તો ક્ષત્રિયોના જોહરનું અનુકરણ કરી તેમને પ્રથમથી જ સ્વર્ગમાં પહોંચાડીને પછી હું રણભૂમિમાં લઢવામાટે આવીશ. એમ થાય તો તો કાંઈ ચિંતા જેવું નથી ને? મહારાજ! હું યવનકુળમાં અવતર્યો છું, પણ નમકહરામ નથી." મીર મંગોલે એમ કહીને નીચેના શેરનો ઉચ્ચાર કર્યો,—

"હમ્મીરકે લિયે તો મેરા ધ્યાન એક હય:
ઇમાન એક હય મેરા સુબહાન હય!"

"બસ–તમે મને બોલતો બંધ કરી નાખ્યો. હું તમને આ સ્વામિનિષ્ઠામાટે સહસ્રશ: ધન્યવાદ આપું છું." હમ્મીરે ઉદ્ગાર કાઢ્યો.

એ સમયે સભાસદનના દ્વારપર કાંઇક કોલાહલ થતો સંભળાયો અને થોડીવારમાં જ દ્વારપાળે આવીને ખબર આપી કે;–'ગોબ્રાહ્મણ પ્રતિપાલ અખંડ પ્રૌઢ પ્રતાપ મહારાજાધિરાજ! બહાર આપણા કિલ્લેદાર સાહેબ કોઈ યવન ગુપ્તચરને પકડી લાવ્યા છે, એટલે જો આજ્ઞા હોય તો તેમને અહીં લાવું."

"જા– દુર્ગેશ અને ગુપ્તચર ઉભયને અહીં ઉપસ્થિત કર." હમ્મીરદેવે આજ્ઞા આપી.

"જેવી આજ્ઞા." એમ કહી મસ્તક નમાવી દ્વારપાલ બહાર ચાલ્યો ગયો અને કિલ્લેદારને તથા મુસલ્માન જાસૂસને તેણે ત્યાં સભામાં લાવીને હાજર કર્યા.

"આ યવન કોણ છે અને એને શા અપરાધમાટે પકડવામાં આવ્યો છે?" હમ્મીરે કિલ્લેદારને સવાલ કર્યો.

"કૃપાળુ રાજન્! આ યવનોનો ગુપ્તચર છે અને આપણા કોષાધ્યક્ષ રતિપાલના નામનું એક પત્ર લઇને દુર્ગમાં આવ્યો છે. મને એના વર્તનવિશે સંશય ઉત્પન્ન થવાથી એને સભામાં લાવી આપ સમક્ષ રજૂ કરવાનું મેં યોગ્ય વિચાર્યું છે." કિલ્લેદારે જવાબ આપ્યો.

"રતિપાલના નામનું આ પત્ર તને કોણે આપ્યું છે?" હમ્મીરે જાસૂસને વક્ર મુદ્રાથી પૂછ્યું.

"સુલ્તાનોના સુલ્તાન અલાઉદ્દીને." જાસૂસે જવાબ દીધો.

"કિલ્લેદાર! એ પત્રને ફોડીને જરા વાંચો જોઇએ. આ પત્રના વાંચન પછી જ આપણે જાણી શકીશું કે, આ ગુપ્તચર અપરાધી છે કે નિરપરાધી" હમ્મીરે કહ્યું.

"જેવી મહારાજાની ઇચ્છા." એમ કહીને કિલ્લેદાર નીચે પ્રમાણે તે પત્ર વાંચવા લાગ્યો,—

"રણથંભોરના ભાવિ ભૂપાલ રતિપાલ,

"તમારું પત્ર મળ્યું. રણમલ્લ અમારા પક્ષમાં આવી મળ્યો છે. તમે અન્નના ભંડાર ઇત્યાદિ ખાલી બતાવીને રાજાને નિરાશ કરવાનો પ્રપંચ રચ્યો છે, તેથી અવશ્ય લાભ થશે જ. હઠવાદી હમ્મીર શિથિલ તો થવાનો જ. પણ તે તમારા લખવા પ્રમાણે મારા બોલાવ્યાથી પોતે મારી છાવણીમા આવે, એમ હુ ધારી શકતો નથી. છતાં જો આવશે તો અવશ્ય તેનો ઘાટ ઘડી નાખીશુ. નહિ તો તેના નાશનો તમે પોતે જ કોઈ બીજો ઉપાય કરજો. એકવાર ફરી મને મળી જાઓ

તમારો શુભેચ્છક સુલ્તાન અલાઉદ્દીન."

એ પત્રમાની વિગત સાંભળીને સર્વે આશ્ચર્યથી દિગ્મૂઢ સમાન બની ગયા. જે રતિપાલનુ પૂર્વ યુદ્ધમા તેણે મેળવેલા વિજય સમયે સભામાં હમ્મીરદેવે અદ્વિતીય ગૌરવ કર્યું હતું અને જેને વીરોચિત પુરસ્કાર આપીને સંતુષ્ટ કર્યો હતો, તે રતિપાલ આટલી સીમાપર્યન્ત સ્વામિદ્રોહ કરવાને તૈયાર થશે, એવી કોઇને સ્વપ્નમાં પણ કલ્પના નહોતી; અને એ પત્રના વાંચનથી તો તેનો રાજદ્રોહ સ્પષ્ટ સિદ્ધ થતો હતો. એકાએક સર્વના આશ્ચર્યદુર્ગને ભેદવાના ઉદ્દેશથી હમ્મીર બોલી ઊઠ્યો કે;—

"બસ—બધો ભેદ હવે મારા જાણવામાં આવી ગયો. રણમલ્લને ઉશ્કેરનાર અને ન્હસાડનાર એ રતિપાલ જ છે અને રણથંભોરનું રાજ્ય મેળવવાના લોભથી જ આ પાતક કરવાને તે તૈયાર થયો છે. પણ મારા શૂરવીર સામંતો! ઈશ્વરની અદ્યાપિ આપણાપર પૂર્ણ કૃપા છે. હું કલ્પના કરી શકું છું કે, આપણી યુદ્ધસામગ્રીનો અને અન્નસામગ્રીનો અંત આવ્યો નથી. 'જૈરા ભૌરા' નામક ભંડારો મને ખાલી બતાવવામાં આવ્યા છે, એમાં અવશ્ય કાંઈ પણ પ્રપંચ હોવો જોઇએ. ચતુરંગજી! તમે જાઓ અને 'જૈરા ભૌરા' ભંડારની ફરીથી તપાસ કરો. કિલ્લેદાર! તમે જઇને રતિપાલને અત્યારે જે સ્થળે તે જેવી સ્થિતિમાં હોય, તેવી સ્થિતિમાં ચતુર્ભુજ કરીને અહીં લાવી હાજર કરો."

ચતુરંગજી ભંડારની તપાસ કરવામાટે ચાલ્યો ગયો અને કિલ્લેદારે રાજાને પ્રાર્થના કરીને કહ્યું કે;–"મહારાજ! જે વેળાએ અમે આ યવન ગુપ્તચરને પકડ્યો, તે જ સમયે રતિપાલ પોતાના દશબાર અંગરક્ષકો સહિત ત્યાં આવી લાગ્યો હતો અને તેણે જ અમને આ ગુપ્ત દૂતને સભામાં લઈ જવાની અનુમતિ આપી, પોતે દુર્ગમાંથી બહાર જવામાટે પ્રયાણ કર્યું હતુ. હવે હું અનુમાન કરી શકું છું કે, પોતાના કપટનો સ્ફોટ થવાનો પ્રસંગ આવી લાગેલો જાણી યુક્તિથી તે આપણા હાથમાંથી છટકી ગયો છે, એટલે અત્યારે તે હવે આપણા હાથમાં આવવો અશક્ય છે. પરંતુ જો મહારાજની એવી જ આજ્ઞા હોય તો હું મારા બહાદુર લડવૈયાઓની મદદથી તેને સુલ્તાનની છાવણીમાંથી પણ એકવાર પકડી લાવી અહીં હાજર કરવાનું બીડું ઉઠાવવાને તૈયાર છું; કારણ કે મહારાજાનું જે આટલા દિવસ સુધી લૂણ ખાધુ છે, તેને હલાલ કરવાનો વખત આ જ છે. પ્રાણ કિવા પરિવારની મને જરાય દરકાર નથી."

"નહિ, અત્યારે સાહસ કરી વિનાકારણ પ્રાણને સકટમા નાખવાની કાંઈપણ અગત્ય નથી. હવે એ રાજદ્રોહી દુરાત્મા રતિપાલને આપણે જે દેહાન્ત દંડ આપવાનો છે, તે રણભૂમિમાં જ આપીશું. મારી મનોદેવતા મને કહે છે કે, અવશ્ય એનો કાળ આપણા કૃપાણથી જ થવાનો છે." હમ્મીરદેવે કહ્યું.

એટલામાં અન્નભંડારની તપાસ કરીને ચતુરંગજી પાછો આવી પહોંચ્યો અને તેણે સભામાં સર્વના સાંભળતાં ભીષણ નાદથી વ્યક્ત કર્યું કે;–"મહારાજ! આપણા 'ભૌંરાભૌંરા' નામક ધાન્યના ભંડારો ધાન્યથી ભરપૂર છે–બધો માલ છેક નીચેના ભાગમાં ભરેલો છે અને તેની ઊપર સૂકેલું ચામડું પાથરી દેવામાં આવેલું હોવાથી ભંડાર ખાલી દેખાતા હતા. વળી ધનકોષમાં ધનની પણ વિપુલતા છે અને દારુગોળાની પણ ખોટ નથી. દારુગોળાના ભંડારમાં આગ લગાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો, પણ તે આગ લગાડનાર પકડાઈ જવાથી અકસ્માત્ થતો અટકી ગયો છે. મેં તે આગ લગાડનાર માણસને મરણની શિક્ષા કરી છે કે જે સત્તા ચલાવવામાટેનો હું અધિકારી ન હોવાથી મહારાજની ક્ષમા યાચું છું."

"શતાવધિ મનુષ્યોના પ્રાણ બચાવવામાટે એક પાપી મનુષ્યને પ્રાણાન્ત શિક્ષા આપવામાં તમારો કશો પણ અપરાધ નથી. સર્વ ભંડારો ભરપૂર હોવાની વાર્ત્તા સાંભળીને મારા હર્ષનો અતિરેક થાય છે અને 'सत्यमेव जयते नानृतम्' એ વાક્ય સ્વાભાવિક જ મુખમાંથી નીકળી

જાય છે. હવે આપણે પૂર્ણ બળથી યુદ્ધ કરી શકીશું." હમ્મીરે પોતાના આનંદને વ્યક્ત કરતાં કહ્યું.

"રાજન્! ત્યારે આ અપરાધી ગુપ્તચરમાટે શી આજ્ઞા?" કિલ્લેદારે નમ્રતાપૂર્વક રાજાને પૂછ્યું.

"એને આપણાથી અપરાધી ગણી શકાય નહિ; કારણ કે, એણે માત્ર પોતાના સ્વામીની આજ્ઞા અનુસાર પોતાનું કર્ત્તવ્ય બજાવ્યું છે." એમ કહી પુનઃ હમ્મીરદેવે તે યવન ગુપ્તચરને ઉદ્દેશી જણાવ્યું કે;—"યવન દૂત! આ સભામાં અત્યારે જે જે ઘટનાઓ તેં જોઈ છે અને જે જે વાર્ત્તાઓ સાંભળી છે, તે સર્વ તારા મૂઢધર્મી સુલ્તાનને અક્ષરે અક્ષર કહી સંભળાવજે અને વધારામાં કહેજે કે, અત્યાર સુધી હું તમને માનની દૃષ્ટિથી જોતો હતો અને મારા એક સમાનબળ શત્રુ માનતો હતો, પરતુ અનેકવાર તમે કપટજાલનો જ પંઢ પ્રમાણે વિસ્તાર કરેલો હોવાથી હવે હુ તમને તિરસ્કારની દૃષ્ટિથી જોઉં છું અને તમે કેવળ મારા જ નહિ, પણ સમસ્ત માનવજાતિના અને ઈશ્વરની ન્યાયશીલતાના પણ શત્રુ હોવાથી—નીચમાં નીચ શત્રુ હોવાથી—આજે હું તમારા નાશમાટેની ભીષ્મ પ્રતિજ્ઞા કરું છું. જો તમારી માતાએ જ તમને દૂધ ધવાડ્યુ હોય તો રણભૂમિમાંથી પલાયન ન કરશો. અમે તમારાપર ભયકર આક્રમણ કરીશું, માટે અત્યારથી જ તૈયારીઓ કરી રાખજો."

"ખુદાવંદ! હું જેવી રીતે અહીં પકડાયો છું, તેવી રીતે જો આપનો જાસૂસ અમારા સુલ્તાનની છાવણીમાં પકડાયો હોત તો ભાગ્યે જ જીવતો આવત. પણ આપે જે ઉદારતા બતાવીને મારા પ્રાણનું મને દાન આપ્યું છે, તે ઉપકારને વાળવાની મારામાં તો શક્તિ નથી, પરતુ હું એટલી પ્રતિજ્ઞા કરું છું કે, રાજપૂતો સાથે હું હવે કદાપિ દુશ્મની રાખીશ નહિ અને મારા હાથે રાજપૂતના શરીરપર શસ્ત્ર પણ ચલાવીશ નહિ. આપનાં વચનો અક્ષરે અક્ષર હુ સુલ્તાનને કહી સંભળાવીશ!" યવનદૂતે રાજાનો આભાર માન્યો.

"ઈશ્વર સર્વ મુસલ્માનોને તારા જેવી જ સદ્બુદ્ધિ આપો. કિલ્લેદાર! આ દૂતને દુર્ગમાંથી બહાર રવાનો કરીને સર્વત્ર એવો પ્રબધ કરી દ્યો કે, રાત્રિના સમયે કોઈ પણ મનુષ્ય દુર્ગમાંથી બહાર પણ ન જઈ શકે અને બહારથી દુર્ગમાં પણ પ્રવેશ ન કરી શકે." હમ્મીરે આજ્ઞા કરી.

કિલ્લેદાર યવન દૂતને લઈને ત્યાંથી ચાલ્યો ગયો અને ત્યારપછી હમ્મીરે સર્વ સામંતો તથા મંત્રિજનોને અનુલક્ષીને કહ્યું કે;—"આજની

આ પ્રાતઃકાલીન સભામાં આપણો ઘણો સમય વીતી ગયો છે, એટલા માટે અત્યારે આપણે વિયુક્ત થઈશું. આવતી કાલની સભામાં યુદ્ધની હવે કેવી રીતે તૈયારી કરવી, એ વિશે આપણે વિચાર ચલાવીશું. પ્રતિહારી! સભા વિસર્જન થએલી વ્યક્ત કરો."

રાજા હમ્મીર સભામાંથી ઊઠીને અંતઃપુરમાં ગયો અને ત્યાર પછી અન્ય સભાજનો પણ પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા.

હમ્મીરની સભામાં બનેલી ઘટનાઓ અને ચાલેલા વાર્ત્તાલાપનો સર્વ વૃત્તાંત જ્યારે યવનદૂતે સુલ્તાન અલાઉદ્દીનને અક્ષરે અક્ષર કહી સંભળાવ્યો, ત્યારે તેના ગભરાટનો પાર રહ્યો નહિ; પણ નિરુપાયવશતાથી પોતાથી બને તેટલી તે યુદ્ધમાટેની તૈયારીઓ કરવા લાગ્યો.

## એકોનવિંશ પરિચ્છેદ

## વીરનારી વસુમતી

રણથંભોર દુર્ગમાંના એક વિશાળ અને ભવ્ય આગારમાંના એક એકાંત ભાગમાં એક રમણીય રમણી પલંગપર પડી હતી. એનું વય વીસથી બાવીસ વર્ષનુ હોય, એમ સાધારણતઃ અનુમાન કરી શકાતુ હતું. વયના પ્રમાણથી જોતાં એ લલનાની મુગ્ધામાં જ ગણના થવી જોઇએ. પરતુ એના શરીરના પ્રમાણને જોતાં એ પ્રૌઢાની યોગ્યતાને પ્રાપ્ત થએલી જ જોવામાં આવતી હતી. એના શરીરનો રંગ તો વિશેષ ગૌર ન હોતો, પરંતુ શરીરાકૃતિ અત્યંત મનોહર હોવાથી ગૌર વર્ણ સ્ત્રીઓને પણ લજાવી નાખે, એવો તેનો પ્રભાવ પડતો હતો. એ સેનાધ્યક્ષ અને કોષાધ્યક્ષ રતિપાલની ધર્મપત્ની વસુમતી હતી. ગઈ રાત્રે પણ રતિપાલ ઘેર આવેલો ન હોવાથી અને પ્રભાતમાં આવીને તરત ચાલ્યો ગએલો હોવાથી તે અત્યંત ચિન્તામાં પડી ગઈ હતી અને ભોજનનો સમય થએલો હોવાથી તેના આગમનની માર્ગપ્રતીક્ષા કર્યા કરતી હતી. એક દાસી તેની પાસે બેસી વિનોદવાર્ત્તા કરી તેની ચિંતાને ટાળવાનો પોતાથી બનતો પ્રયત્ન કરતી હતી, પરંતુ તેનું વસુમતીના મનમાં કાંઈ પણ પરિણામ થએલું દેખાતું નહોતું. અચાનક વસુમતીએ ખિન્ન મુદ્રા અને ખિન્ન સ્વરથી ઉદ્‌ગાર કાઢ્યો કે;—

"દાસી! આજે પ્રભાતથી મારું જમણું નેત્ર અને જમણું અંગ ફરક્યા કરે છે, હૃદયમાં અનેક પ્રકારના કુતર્કો થયા કરે છે અને શાંત થવાના અનેકવાર પ્રયત્ન કરવા છતાં ચિત્તમાં શોકનો આઘાત વધતો જ જાય છે; પણ એકાએક એમ થવાનું કારણ શું છે, તે હું સમજી

શકતી નથી પ્રાણનાથ અદ્યાપિ કેમ નહિ પધાર્યા હોય વારુ? દાસી! સભામાં જઇને ખબર તો લાવ કે પ્રાણનાથ એટલા બધા તે કયા વ્યવસાયમાં રોકાઈ ગયા છે કે ભોજન કરવામાટે પણ ઘેર પધારતા નથી."

"બાઇસાહેબ! આજકાલ વ્યવસાયનું શું પૂછવું? આ લડાઈ ચાલે છે ત્યારથી બધા સામંતોની એવી જ અનિયમિતતા થઈ ગઈ છે. મહારાજા સાથે અથવા તો મંત્રિમંડળ સાથે રાજ્યવ્યવસ્થા કે યુદ્ધવિશેની કાંઈ વાતચીત કરતા બેસી રહ્યા હશે, એટલે આવવામાં વિલંબ થયો છે. શાંત થાઓ—થોડા વખતમાં આવી લાગશે." દાસીએ આશ્વાસન આપતાં મૃદુતાથી કહ્યું.

એ પ્રમાણે વસુમતી અને દાસી વચ્ચે વાતચીત ચાલતી હતી, એટલામાં ત્યાં મીર મંગોલની પ્રિયપાત્રા મરહટ્ટી બેગમ આવી લાગી. મરહટ્ટીબેગમ રણથંભોરમાં આવી ત્યારપછી વસુમતી સાથે તેનો બહુ જ ગાઢ મૈત્રીસબંધ થએલો હતો અને તેથી વારંવાર તે વસુમતી પાસે આવ્યા કરતી હતી કોઈ કોઇવાર વસુમતી પણ તેને ત્યાં જતી હતી. પરંતુ આજે મરહટ્ટી બેગમના મુખમંડળમાં નિત્યની પ્રફુલ્લતા અને આનંદવૃત્તિનું દર્શન થવાને બદલે ગંભીરતામિશ્રિત શોકની છાયા છવાયલી જ જોવામાં આવતી હતી, એટલે વસુમતીએ તેને આદર આપીને બેસાર્યા પછી પૂછ્યું કે,--"કેમ બહેન! આજે કાંઇક ગભીરતા ધારણ કરી છે? હાસ્યની છટાનું આજે તમારા મુખમંડળમાં કેમ દર્શન નથી થતું?"

"મને તો એવું કાંઈ જણાતું નથી, કદાચિત્ તમને એવો ભાસ થતો હશે! પણ બહેન! તમારા પતિ આજે અહી આવ્યા હતા કે?" મરહટ્ટી બેગમે વાતની શરુઆત કરતાં પૂછ્યું.

"ગઈ કાલે દિવસે અને રાતે તો આવ્યા જ ન હોતા અને આજે પ્રભાતમાં આવ્યા હતા, પણ આવીને તરત ચાલ્યા ગયા છે, તે અદ્યાપિ આવ્યા નથી. ભોજનનો સમય પણ ક્યારનોય થઈ ગયો છે અને હુ તેમની વાટ જોઇને જ હજી ખાધા વિનાની બેસી રહી છુ." વસુમતીએ નિષ્કપટતાથી ખરેખરી વાત જણાવી દીધી.

"પણ તમારા પતિવિશે કાંઈ બીજી વધારે વાત તમારા સાંભળવામાં આવી છે ખરી કે?" મરહટ્ટી બેગમે બીજો સવાલ પૂછ્યો.

"ના—તેવું કાંઈ પણ મારા સાંભળવામાં આવ્યું નથી." વસુમતીએ ભોળાભાવથી જવાબ આપ્યો.

"ત્યારે તો આજની દુ:ખકારક કથા તમને મારે જ સંભળાવવી પડશે. બહેન વસુમતી! તમારા અભિમાની સ્વભાવને હું સારી રીતે

જાણું છું અને એટલા માટે એ વાત કરતાં મારું મન પાછું હટી જાય છે. પણ થોડા વખત પછી બીજાના મુખથી એ વાત તમારા સાંભળવામાં તો આવશે જ, ત્યારે હું કહું તો વધારે સારું છે, એમ ધારીને જ હું એ વૃત્તાંત સંભળાવવાનું સાહસ કરું છું. પણ બહેન! પ્રથમ મારી એ પ્રાર્થના છે કે, તમે એ ખેદકારક વાત સાંભળીને શોક ન કરશો; કારણ કે, ભાવિના ભાવનો પ્રતિકાર કોઇથી પણ કરી શકાતો જ નથી." મરહટ્ટી બેગમે માર્મિક પ્રસ્તાવ કરીને કહ્યું.

"બહેન! તમારાં આ માર્મિક વચનોથી મારા ધૈર્યનો ભંગ થાય છે–જે હોય તે જલ્દી બોલી નાખો. મારા સૌભાગ્યનો સંહાર તો નથી થયોને?" વસુમતીએ અધીરતાથી પૂછ્યું.

"નાજી–તમારા સૌભાગ્યનો સહાર થયો નથી, પણ તમારો સૌભાગ્ય-હેતુ રણથભોરને સદાને માટે ત્યાગી ગયો છે–કલકનો ભાગી થયો છે." મરહટ્ટી બેગમે પુન મર્મથી જ કહ્યું.

"એટલે? હુ તમારા બોલવાના આશયને સમજી ન શકી." વસુમતીએ સ્પષ્ટીકરણ કરવાના ઉદ્દેશથી કહ્યું.

"એટલે એ જ કે, રાજ્યના લોભથી તમારા પતિએ સુલ્તાન અલાઉદીન સાથે મળી જઇને મહારાજા હમ્મીરદેવના વધની વ્યવસ્થા કરી હતી, પણ એ કારસ્થાનનો સ્ફોટ થઈ જવાથી તે રણથંભોરમાંથી પલાયન કરીને યવનોના સૈન્યશિબિરમાં ચાલ્યા ગયા છે. એટલે હવે તમારો અને તેમનો પુનઃ મેળાપ થશે કે નહિ અને થશે તો કયારે થશે, એ વિશે હું કાંઈ નિશ્ચિત કહી શકતી નથી." મરહટ્ટી બેગમે અતે જે વાત કહેવાની હતી તે કહી સંભળાવી.

વસુમતી તત્કાળ મૂર્ચ્છિત થઈ ગઈ અને ઘણા ઉપચારો કરવા પછી તે પાછી શુદ્ધિમાં આવી. સાવધ થતાં જ તે અશ્રુ વર્ષાવતી કહેવા લાગી કે;–"બહેન! આજે હું વિધવા થઈ. પણ જો મારા સ્વામી રણમાં શસ્ત્રચાલન કરતાં રોળાયા હોત, તો એક વીર વલ્લભની વિધવા થવામાં પણ મારું ગૌરવ હતું. આ તો સ્વામિદ્રોહ અને રાજદ્રોહ કરીને પોતે કલંકિત થયા અને મને એક રાજદ્રોહિ પુરુષની દારાતરીકે ઓળખાવીને મારો અવતાર બગાડતા ગયા. અસ્તુ–જે ઇશ્વરને ગમ્યું તે ખરું. પણ હવે આ કૃષ્ણમુખા વસુમતીએ રણથંભોરમાં રહેવું કે નહિ, એ પણ એક પ્રશ્ન છે! રાજદ્રોહીના પરિવારને શિરચ્છેદ કરી મારી નાખવામાં આવે છે, તેમ જો રાજા કરશે તો મારી એક આશા મનમાં ને મનમાં જ મરી જશે."

"બ્હેન ! આપણા મહારાજા એવા અત્યાચારી અને અધર્મી નથી, માટે એ ભયને મનમાં સ્થાન આપશો નહિ. પણ એવી તે તમારા મનમાં શી આશા છે ?" મરહટ્ટી બેગમે પૂછ્યું.

"તે આશાનો અત્યારે સ્ફોટ કરી શકાય તેમ નથી. જ્યારે એ આશા પૂર્ણ થશે, ત્યારે તે સાથે મારું પણ મરણ થશે અને એ કાર્ય સમસ્ત જગત્‌ના જાણવામાં આવી જશે." વસુમતી બોલી.

"બ્હેન ! અત્યારે તમારું મન સ્વસ્થ નથી, માટે ભોજન કરો–જળપાન કરો અને શાંત થાઓ. અત્યારે તો હું જાઉ છુ, પણ બની શકશે, તો સધ્યાકાળે હું પાછી આવીશ અને તે વેળાએ આપણે કેટલીક વાતચીત કરીશું." એમ કહીને મરહટ્ટી બેગમ ત્યાંથી ચાલી ગઈ.

મરહટ્ટી બેગમના જવા પછી પુન: શોકનો આઘાત અસહ્ય થવાથી વસુમતી મૂર્ચ્છિત થઈ ગઈ. કેટલીકવાર પછી એક દાસીએ તેને જલસિંચન કરીને જાગૃત કરી અને સંદેશો કહ્યો કે,–"બાઈ સાહેબ ! એક ક્ષત્રિય સૈનિક આપને મળવા અને એકાંતમાં કાંઇક વાતચીત કરવામાટે આવ્યો છે. જો આજ્ઞા હોય તો બોલાવું."

"જા–બોલાવ. આજનો દિવસ દુ:ખકારક કથાશ્રવણનો જ છે. એના શબ્દો પણ સાંભળવા જ જોઇએ." વસુમતીએ આજ્ઞા આપી.

દાસી જઇને તે ક્ષત્રિય સૈનિકને ગૃહમાં બોલાવી લાવી અને તેને આસન આપી પોતાના આસ્ય (મુખ)ને અવગુંઠનવડે આચ્છાદિત કરીને વસુમતીએ પ્રશ્ન કર્યો કે;–"વીર બાંધવ ! કયાંથી અને શા કાર્યમાટે પધાર્યા છો ?"

"માતા ! હું આપના પ્રાણનાથનો એક સંદેશો કહેવા માટે આવ્યો છું." આગન્તુકે ઉત્તર આપ્યું.

"મારા પ્રાણનાથ તો પરલોકવાસી થયા છે અને હું વિધવા છું, માટે આપ આ અસત્ય બોલો છો." વસુમતીએ અલૌકિક અને ખેદમય ઉદ્‌ગાર કાઢ્યો.

"માતા ! આ શું બોલો છો ? જેનો પતિ જીવિત હોય, તે નારી વિધવા કેવી રીતે હોઈ શકે ? આપના પતિ સુલ્તાનના શિબિરમાં આનંદથી નિવાસ કરે છે અને જો આપની તેમની પાસે ચાલવાની ઇચ્છા હોય તો ત્યાં પહોંચાડી દેવાને હું જીવના જોખમે પણ તૈયાર છું." ક્ષત્રિય સૈનિકે પોતાનો મનોભાવ કહી સંભળાવ્યો.

"જે સતિપાસે દેશદ્રોહ અને રાજદ્રોહ કરીને રાજ્યના લોભથી યવનપતિના આશ્રયનો અને દાસ્યનો સ્વીકાર કર્યો છે, તે મારો પતિ નથી.

ક્ષત્રિયવનિતા દેશદ્રોહી કાપુરુષનો પતિભાવથી સ્વીકાર કરતી જ નથી !" વસુમતીએ તિરસ્કાર દર્શાવીને કહ્યું.

"ત્યારે હવે મારે રતિપાલને આપના તરફથી શું ઉત્તર સંભળાવવું ?" ક્ષત્રિય સૈનિકે વસુમતીના પ્રભાવ અને તેજથી અજાઈ જઇને નમ્રતાથી પૂછ્યું.

"હે દૂત ! જો તમે આ ક્ષણે મારા ઉત્તરની માર્ગપ્રતીક્ષા કરીને જ બેસી રહેલા હો, તો તે કુલાગારને જઇને કહેજો કે;......"

વસુમતી આગળ બોલવા જતી હતી, એટલામા તે દૂતે વચમાં જ તેને અટકાવીને કહ્યુ કે,–"માતા ! આપની જે કાંઈ પણ તેમને કહેવાની ઇચ્છા હોય, તે જો એક પત્રમા લખી આપશો, તો મોટો ઉપકાર થશે."

"નહિ, હું એક દેશદ્રોહીના નામનુ પત્ર લખીને મારી પવિત્ર લેખિનીને કલંકિત કરવા ઇચ્છતી નથી. અરે એવા એક મહાપાતકીને સન્દેશો કહેવડાવીને જિહ્વાને પણ અપવિત્ર કરવાની મારી ઇચ્છા નથી થતી, છતાં માત્ર પાતકીને તેના મહાપાતકનું સ્મરણ કરાવવામાટે જ કહું છુ કે, તમે તેને–અહીં હું આત્મીયતાના વાક્યનો વ્યવહાર કરી શકતી નથી–જઇને કહેજો કે, મેં જે પવિત્રતમ ક્ષત્રિય વંશમાં જન્મ ધારણ કરેલો છે, તે ક્ષત્રિયવંશીય મારા માતાપિતાને જો એવી ખબર હોત કે, રતિપાલ દેશદ્રોહી થશે, તો તે પોતાની પુત્રીને કદાપિ એવા પાતકી પુરુષની અનુગામિની બનાવવાનું સાહસ કરત જ નહિ ! પોતે એક વીરવ્રતધારી મહદ્વંશના સંતાનના નામથી પ્રસિદ્ધ છે, એવું જો તે કાપુરુષને સ્મરણ રહ્યું હોત, તો રાજ્યના લોભથી આર્યકુલગૌરવવિનાશક યવનરાજના દાસ્યનો તે કદાપિ સ્વીકાર કરત જ નહિ અને જ્યારે તેણે યવનરાજના દાસ થવામાં જ પોતાનું ગૌરવ માન્યું છે, ત્યારે તે ક્ષત્રિયસંતાન નથી, એ સિદ્ધ થાય છે. સ્વદેશસ્વાતંત્ર્ય, પિતૃકુલગૌરવ અને પતિવ્રતાઓના માન કરતાં પણ જો તેને આ ક્ષણિક સંસારનો વૈભવ વધારે મૂલ્યવાન્ ભાસતો હોય, તો તેને કહેજો કે, યવનધર્મનો સ્વીકાર કરી યવન બની જા અથવા તો આત્મહત્યા કરીને મરી જા. મારામાટે તારે હવે વિશેષ ચિન્તા કરવાની કશી પણ અગત્ય નથી. એક ક્ષત્રિયપતિવ્રતા નારીનું કર્તવ્ય શું છે, તે હું સારી રીતે સમજું છું. ક્ષત્રિયવનિતા દેશદ્રોહી પતિની અનુગામિની થઇને વિલાસવૈભવોને રક્ષવાની ઇચ્છા સ્વપ્નમાં પણ કરતી નથી; તે તો પાવકમાં પોતાના પ્રાણનું બલિદાન આપીને આત્મમાનની રક્ષા કરવામાં જ પોતાનું ગૌરવ ધારે છે. રાજવૈભવ મેળવીને પણ

અનંત કાલાવધિ પર્યન્ત કોઈ અમર રહી શકતું નથી, તો પછી એ વ્યર્થ સુખમાં તે શામાટે લપટાયો હશે, એ હું સમજી શકતી નથી. હું હમ્મીરરાજના સેનાપતિ અને દેશભક્ત રતિપાલની એક સમયે પત્ની હતી, પણ યવનરાજાશ્રિત અને રાજદ્રોહી રતિપાલ સાથે મારો કોઈ પણ પ્રકારનો સબંધ નથી. એટલામાટે એ દેશદ્રોહી અને પોતાના રાજાના દ્રોહીને કહેજો કે, વસુમતી તારી પરમ શત્રુ છે અને સમય આવતાં અવસ્ય તે તારા પાપી પ્રાણનો અંત કરવાની જ !!" વસુમતીએ પોતાનાં નેત્રોમાંથી અગ્નિકણ વર્ષાવીને અત્યત તિરસ્કારપૂર્વક કહ્યું. અત્યત કોપના પરિણામે તેના કંઠનો અવરોધ થઈ ગયો અને તે આંખો મીચીને આ સન-પર બેસી ગઈ.

વસુમતીના આ વીરવાકય સાંભળીને ક્ષત્રિય સૈનિક તો સ્તભિત જ બની ગયો. તે કૃતજ્ઞ બુદ્ધિથી તે વીરવનિતાને ઉદ્દેશી કહેવા લાગ્યો કે,– "હે સતીશિરોમણિ ગૂર સુંદરી ! તમારી જનનીને કોટયવધિ ધન્યવાદ છે ! તમારી રત્નગર્ભા જનની દેવાનુગૃહીતા અને મહાભાગ્યવતી છે. તમારા જેવા કન્યારત્નને ગર્ભમાં ધારણ કરીને તે પવિત્રતમા થઈ છે. રતિપાલ જેવા નરાધમ પુત્ર કરતાં તમારા જેવી વીરકન્યાને જન્મ આપવો, એમાં જનનીનું અધિક ગૌરવ સમાયલું છે અને તમારા જેવી વીરનારીઓના પ્રતાપે જ ક્ષત્રિયોનો વંશ મહાપવિત્ર મનાયો છે. માતા ! તમે આ રણસ્તંભદુર્ગનાં એક સચૈતન્ય અને સાક્ષાત્ મૂર્ત્તિમતી લક્ષ્મી જ છો ! ઈશ્વિર તમને દીર્ઘાયુ કરો અને આર્યાવર્ત્તમાં તમારા જેવાં જ સ્ત્રીરત્નો ઉત્પન્ન થાઓ. હું પણ તમારા દેશદ્રોહી પતિના પક્ષમા રહીને દેશદ્રોહી થવાની ઇચ્છા ધરાવતો હતો, પણ તમારા બોધથી મારાં જ્ઞાન-ચક્ષુ ઊઘડ્યાં છે–હવે આ સદેશો હું પત્રદ્વારા રતિપાલને જણાવીશ, પણ તે દેશદ્રોહીના મુખનું દર્શન નહિ જ કરું ! મારા શરીરમાં રક્તનો એક બિન્દુ પણ અવશિષ્ટ હશે ત્યાં સૂધી સ્વધર્મના સ્વાતંત્ર્યમાટે રણ-ભૂમિમાં લડીશ અને આર્ય ધર્મ અને કુળગૌરવનાં ગીત ગાતો જ જન્મ-ભૂમિની સેવામાટે રણમાં પડીશ ! ત્યારે માતા ! હવે હું જવાની આજ્ઞા ઇચ્છું છું."

"જાઓ–વીરબંધો ! પ્રભુ તમારું ભદ્ર કરો !" વસુમતીએ આશીર્વાદ આપ્યો.

તે ક્ષત્રિયસૈનિક નમસ્કાર કરીને ચાલ્યો ગયો અને ત્યાર પછી વસુમતીએ ભોજન કરી લીધું. આખો દિવસ તેણે નાના પ્રકારના વિચારોમાં જ વીતાડી દીધો. અંતે એક કલ્પના તેના હૃદયમાં આવવાથી સંધ્યા સમયે તેની મુખમુદ્રામાં પ્રફુલ્લતાની છટા દગ્ગોચર થવા લાગી.

તેના મુખમાંથી માત્ર એટલો જ ઉદ્‌ગાર નીકળ્યો કે,–"બસ–એ જ નિશ્ચય!"

સંધ્યાકાળ થવા પછી મરહટ્ટીબેગમ વસુમતીના મનનું સાંત્વન કરવા-માટે આવી, પણ વસુમતી ગૃહમાં નહોતી. લગભગ એક પ્રહર રાત્રિ થતાં સુધી તે ત્યાં બેસી રહી, પણ વસુમતી આવી નહિ. તેણે ઘેર જઈ પોતાના માણસો માર્ફત ગામમાં તપાસ કરાવી, પણ વસુમતીનો ક્યાંય પત્તો મળ્યો નહિ. સંધ્યાકાળ પછી એકાએક વસુમતી અદશ્ય થઈ ગઈ. કેટલાકોએ તે આત્મઘાત કરીને મરી ગએલી હોવી જોઈએ, એવી પણ કલ્પના કરી.

## વિંશ પરિચ્છેદ

### હમ્મીર અને ભાનુમતી

ભોજનના કાર્યથી મુક્ત થઇને રાજા હમ્મીરદેવ પોતાના મહાલય-માંના બેઠકના ઓરડામાં રત્નજડિત સુવર્ણના ઝૂલાપર આવીને બેઠા. રાણી ભાનુમતી પણ સ્હામે ગાલીચાપર પાનનો ડબ્બો લાવી પાનની બીડી બનાવતી બેઠી અને તેની કન્યા ચંદ્રાવલી† પણ વસ્ત્રવડે પાન લૂછતી નિકટમાં જ બેઠી હતી. માતા જેવી રૂપસુંદરી અને ગુણસુંદરી હતી, તેવી જ પુત્રી પણ આબેહૂબ તેની પ્રતિમા જ હતી. એ વેળાએ અન્ય કોઈ વ્યક્તિ ત્યાં ન હોવાથી ચંદ્રાવલીએ એકાએક કરદ્વય જોડી પ્રાર્થના કરીને પોતાના પિતાને કહ્યું કે;– "પિતાજી! અલાઉદીને–જો આપ પોતાની પુત્રીનો તેની સાથે લગ્ન સંબંધ કરી આપો તો તે યુદ્ધ ન કરતાં ચાલ્યો જાય અને સર્વ સમાધાન થઈ જાય–એવો આપને સંદેશો કહાવ્યો છે, તે વાર્ત્તા સત્ય છે કે?"

"હા–એ વાર્ત્તા સત્ય છે, પણ તારે અત્યારે એ વિશે ખાસ કેમ પૂછવું પડ્યું વારુ?" હમ્મીરે સાશંક મુદ્રાથી કહ્યું.

---

* 'હમ્મીરરાસો'માં હમ્મીરની રાણીનું નામ દેવલ આપેલું છે અને ચંદ્રશેખરના 'હમ્મીરહઠ'માં હમ્મીરની કન્યાને દેવલકુમારીના નામથી ઓળખાવેલી છે. 'હમ્મીર મહાકાવ્ય'માં રાણીનું નામ નથી આપ્યું, એટલા માટે અહીં ભાનુમતી એવું રાણીને અમે નવીન નામ આપ્યું છે.

† 'હમ્મીર મહાકાવ્ય'માં હમ્મીરની કન્યાનું વિશેષ નામ નથી. 'હમ્મીરરાસો'માં ચંદ્રકળા નામ છે, પણ રાસોમાં એક વેશ્યાનું નામ પણ ચંદ્રકળા હોવાથી અમે તેના ચંદ્રાવલી નામની નવીન યોજના કરી છે.

"પિતાજી! જો મને યવનના હસ્તમાં સોંપી દેવાથી જ આ વિગ્રહ અને અકારણ નરરક્તપ્રવાહનો અંત આવી જતો હોય, તો પછી આપ એ માર્ગનો સ્વીકાર કેમ નથી કરતા વારુ? પૂજ્ય જનક! મારો તો એ જ અભિપ્રાય છે કે, પુરુષને આ સંસારમાં સ્ત્રી, સંતાન અને સંપત્તિ વારવાર પ્રાપ્ત થયા કરે છે; માત્ર પુરુષનો અવતાર જ આ સંસારમાં દુર્લભ છે. જો જીવ છે તો જગત્ છે અને જીવ નથી તો જગત્ પણ નથી. સ્ત્રી, સતાન અને સંપત્તિ જીવતાના જ ઉપયોગમા આવવામાટે છે. આ સંસારને સદાનેમાટે છોડી ગયા પછી એમાંની એક પણ વસ્તુ કામમાં આવી શકતી નથી. તાતજી! જો મારા પરિત્યાગથી જ આપને શાંતિલાભ મળતો હોય, તો મારો આનંદથી ત્યાગ કરો. આપ એમ જ ધારી લેજો કે, મારા ગૃહમાં એક કંકાલિની જ ઉત્પન્ન થઈ હતી. કન્યા કુલકલંકિની અને ગૃહવિનાશિની હોવાથી જ તેને દૂર કરવામાં આવી છે. અથવા તો એમ જ વિચારી લેજો કે, એક પિતૃહત્યાકારિણી પુત્રીનો ત્યાગ કર્યો છે અથવા તો એક બાળા જન્મી હતી તે જન્મતાં જ મરી ગઈ છે. ગમે તે ધારીને મારો ત્યાગ કરો અને મને સુલ્તાનના હસ્તમાં સોંપી આપ અચલ રાજ્ય કરો. હે પિતાજી! હું તો એક નિરુપયોગી કાચના કકડા સમાન છું અને આપનાં રાજ્ય અને પ્રાણ પાર્શ્વમણિ વા ચિન્તામણિ સમાન છે. એટલામાટે હું પુનઃ નમ્રતાપૂર્વક પ્રાર્થના કરીને કહું છું કે, ચિન્તામણિની રક્ષા કરીને કાચના કટકાને ફેંકી દ્યો!"*

પોતાની ભોળી પુત્રીનાં આવાં દીનવચનોનું શ્રવણ કરતાં જ હમ્મીરનું હૃદય ભરાઈ આવ્યું, નેત્રોમાંથી અશ્રુની ધારાનું વહન થવા લાગ્યું અને કંઠનો અવરોધ થયો; છતાં તે મંદ સ્વરથી પુત્રીને ઉદ્દેશી કહેવા લાગ્યો કે;–" ચંદ્રાવલી! તું હજી અલ્પવયસ્કા બાળા છે અને તેથી તને જે કાંઈ ભણાવવામાં આવ્યું છે, તેનો તેં સારાસારના વિવેકવિના જ ઉચ્ચાર કર્યો છે એટલે હું તને વધારે દોષ આપી શકતો નથી. પરંતુ જેણે તારા હૃદયમાં આવા વિષમય વિચારો ઊતાર્યા છે, તેને હું કેવો દારુણ દંડ આપીશ, એ અત્યારે કહેવાની કશી પણ આવશ્યકતા નથી.

* કવિ જોધરાજકૃત 'હમ્મીરરાસો' મા હમ્મીરની પુત્રીએ આવા પ્રાર્થના કરવાનો પ્રસંગ ક્યાંય પણ વર્ણવેલો નથી; પરંતુ 'હમ્મીર મહાકાવ્ય' અને 'હમ્મીરહઠ' નામક ગ્રંથોમાં એ પ્રસંગ સારી રીતે વર્ણવેલો છે અને તેથી આ સ્થળે અમે તેનો સ્વીકાર કરેલો છે. હમ્મીરની કન્યાની આ પ્રાર્થના ક્ષત્રિયસ્ત્રી સ્વભાવના ગૌરવમાં કિંચિત્ ન્યૂનતા કરનારી છે, પરંતુ સંગદોષનું કારણ બતાવતાં દોષનું કેટલેક અંશે નિરસન થઈ શકે છે.

સમય આવતાં સર્વ વ્યક્ત થશે. પોતાની કન્યા અને ભગિનીઓના અંગનો ભંગ કરવો, એ ક્ષત્રિયોનું કર્ત્તવ્ય નથી, નહિ તો જે સ્ત્રીએ મારી દુહિતાનાં શ્રવણોમાં આવું વિષ રેડવાનું સાહસ કર્યું છે, તેની જિવ્હા જ મેં આ ક્ષણે કાપી લીધી હોત! પુત્રિ! તારી અવસ્થા અદ્યાપિ આ છળ પ્રપંચોના રહસ્યને સમજવા યોગ્ય થઈ નથી અને તેથી તારી આગળ એનું વિવેચન કરવું વ્યર્થ છે. છતાં એટલું તો મારે કહેવું જ જોઈએ કે, તને યવનરાજના અંતઃપુરની વાસિની બનાવીને હું રાજ્યવૈભવનો ઉપભોગ કરું, તે મારામાટે પોતાના શરીરમાંના માંસનો આહાર કરીને જીવન વીતાડવા બરાબર જ કહી શકાય. આવો સંબંધ કરવાથી મારા કુળને અનિવાર્ય કલંક લાગશે, મૃત્યુ પછી મુક્તિની આશા નષ્ટ થશે અને મારા આ સંસારમાંના અન્તિમ દિવસો દુઃખકારક તથા વિષસમાન બની જશે. હું એવા કલંકિત જીવન કરતાં મરણને દશ હજારવાર વિશેષ ઉત્તમ માનું છું" એમ કહીને હમ્મીર બોલતો બંધ થઈ ગયો અને ચંદ્રાવલીને ત્યાંથી ચાલ્યા જવાની સાંકેતિક આજ્ઞા આપી દીધી.

ચંદ્રાવલી પિતાના મનને દુઃખવવાના પોતાના અપરાધમાટે હૃદયમાં પશ્ચાત્તાપ કરતી ત્યાંથી ચાલી ગઈ અને ત્યારપછી ભાનુમતીએ આપેલા તામ્બૂલને મુખમાં સ્થાન આપી હમ્મીરે તેને ઉદ્દેશી કહ્યું કે,–"રાણી! આપણી કન્યાનાં વચનો તો તમે સાંભળ્યાં જ હશે. આજે સભામાં મીર મંગોલે કહ્યું કે, 'કહો તો હું અલાઉદ્દીન પાસે ચાલ્યો જાઉં એટલે આ હત્યાકાંડનો અંત આવી જશે' અને અત્યારે પુત્રી કહે છે કે, 'મને સુલ્તાનસાથે પરણાવો એટલે આ વિગ્રહની સમાપ્તિ થશે' મારે શું કરવું અને શું ન કરવું, એની હવે મને સૂઝ પડતી નથી. શું હમ્મીરની એટલીબધી દીન, હીન અને નિકૃષ્ટ અવસ્થા થઈ છે કે આશ્રિતને કિંવા કન્યાને શત્રુનાં ચરણોમાં અર્પીને તે પોતાની પ્રજાનું રક્ષણ કરવાને તૈયાર થશે? રાણી! તમારો આ વિષયમાં શો અભિપ્રાય છે, એ પણ મારે જાણવું જ જોઈએ; કારણ કે, સ્ત્રી પતિની મંત્રી હોવાથી આવા પ્રસંગે સ્ત્રીનો પોતાના પતિને યોગ્ય મંત્રણા આપવાનો પૂર્ણ અધિકાર છે."

પોતાના પતિનાં આવાં વાક્યો સાંભળી રાણી ભાનુમતી ક્રોધ, શોક, લજ્જા અને આશ્ચર્યના મિશ્રિત ભાવયુત સ્વરથી કહેવા લાગી કે,–"હે રાજન્, વીરકુલશિરોમણિ મારા સૌભાગ્યહેતો! યુદ્ધ કરવું અને યુદ્ધમાં જ વીરતાથી જય મેળવવો અથવા તો લડીને મરવું, એ જ ક્ષત્રિયોનો પરાપૂર્વથી ચાલતો આવેલો પરમ ધર્મ છે. એ ક્ષત્રિયોચિત

ધર્મથી વિરુદ્ધ વર્ત્તવાનો ઉપદેશ આપે, એવો દુરાત્મા કોણ હોઈ શકે વારુ? પ્રાણનાથ! આ સંસારની માયા અસત્ય છે અને એટલામાટે આ સંસારચક્રથી ચાલતાં સુખો અને દુઃખો અનિત્ય છે, પરતુ એક માત્ર સત્કીર્તિ જ એવી વસ્તુ છે કે, જેને આ સંસારનું અપ્રતિહત ચક્ર કદાપિ ચગદી શકતું નથી. હે રાજન્! પોતાના હાથે જ પોતાનુ માથુ વાઢી આપનાર રાજા જગદેવ પરમાર, વિદ્યાવિશારદ રાજા ભોજ, પરદુ ખભંજક રાજા વિક્રમાદિત્ય અને દાનવીર રાજા કર્ણ ઇત્યાદિ કોઈ પણ અત્યારે આ સંસારમાં નથી, પરતુ તેમના યશની ઉજ્જ્વલ પતાકા અદ્યાપિ અક્ષય સ્વરૂપથી ઉડતી આપણા જોવામા આવી શકે છે, અને તે ભવિષ્યમાં પણ સદાસર્વદા એ જ પ્રમાણે ઉડતી રહેશે. મહારાજ! ધન અને યૌવન સદૈવ અવિચલ રહેતા નથી અને મનુષ્યો તો શુ પણ આકાશસ્થ ચદ્ર અને સૂર્ય પણ એક જ અવસ્થામા સ્થિર નથી! જીવન, મરણ, યશ, અપયશ અને સુખદુ ખ એ સર્વ વિધાતા કિવા ભાગ્યને જ આધીન છે, જ્યારે ભાવી થવાનુ જ છે, એવો નિશ્ચય છે તો પછી મનુષ્યે પોતાના કર્ત્તવ્યથી વિમુખ શામાટે થવુ જોઈએ વારુ? શ્રીમાન્ રાજન્! આપ અત્યારે સોમેશ્વર, પૃથ્વીરાજ અને જૈત્રપાલ ઇત્યાદિ પોતાના પૂર્વ પુરુષોની વીરતા અને અક્ષર કીર્તિનું સ્મરણ કરો, એટલે તમારો દૃઢ નિશ્ચય થશે કે, તન અને ધનનો ભલે નાશ થાય અને જીવન રહે કે જાય, પણ શરણાંગત મીર મગોલને અથવા તો કન્યાને શત્રુના ચરણોમાં સમર્પીને પોતાના પવિત્ર ધર્મહઠનો ત્યાગ કરવો, એ આપનામાટે કોઈ પણ પ્રકારે યોગ્ય નથી જ. આપ સુજ્ઞ અને વિદ્વાન્ છો, એટલે હુ અબળા નારી એથી વધારે કાંઈ પણ કહી શકતી નથી.'

પોતાની રાણીનાં આવા ઉચ્ચતમ ભાવનામય વિચારોથી ઓતપ્રોત ભરેલાં શિક્ષાવચન સાંભળીને હમ્મીરના હૃદયમા એકાએક અલૌકિક પ્રસન્નતાનો આવિર્ભાવ થયો. એ પ્રસન્નતાની છટા તેના મુખમડળમાં પણ ચમકવા લાગી અને એથી અધકારાવૃત આકાશમા ચદ્રમાનો ઉદય થતા જેવી રીતે આકાશના સ્વરૂપનુ પરિવર્ત્તન થાય છે તેવી રીતે મલિનતાવૃત મુખમડળમાં પ્રસન્નતાનો ઉદય થતાં તેના મુખમડળના સ્વરૂપનુ પરિવર્ત્તન થઈ ગયું. તે પોતાના આનદને વ્યક્ત કરતો અને રાણીને ધન્યવાદ આપતો કહેવા લાગ્યો કે,—" ધન્ય! પ્રિયતમે! તમે માનુષી સ્ત્રી નહિ, પણ સાક્ષાત્ દેવી જ છો. તમારા મુખકમળમાંથી આવાં વચનો સાંભળવાની જ મારી ઇચ્છા હતી. હવે મારી સર્વ ચિન્તાઓનો લોપ થયો છે. હવે હુ નિશ્ચિન્તતા અને નિર્ભયતાથી રણદેવીને મારા પ્રાણના બલિદાનથી સંતુષ્ટ કરી શકીશ."

બલિદાનનુ નામ સાંભળીને રાણી મૂર્છિત થઈ ધરણીપર ઢળી પડી. કેટલીકવાર પછી સાવધ થઈ તે મંદ સ્વરથી કહેવા લાગી કે,–"હે સ્વામિન્! સમરાંગણમાં જાઓ અને યુદ્ધ કરો. આપ સમરદેવીને પ્રાણનું બલિદાન આપશો, તે પૂર્વે હું અગ્નિદેવને મારા આત્માનુ બલિદાન આપી સ્વર્ગમા આપનો સત્કાર કરવાને તૈયાર રહીશ."

હમ્મીરનાં નેત્રોમાંથી અશ્રુપ્રવાહનું વહન થવા લાગ્યુ.

—:※※※※:—

## એકવિંશ પરિચ્છેદ

### પતિહત્યા

### અથવા

### પાપિની કે પુણ્યશીલા?

અર્ધ રાત્રિનો સમય. સર્વત્ર શાંતિ અને નિઃસ્તબ્ધતાનો અધિકાર – સુલ્તાનની છાવણીમાંના એક તમ્બૂમા મંદ દીપકનો મંદ પ્રકાશ રતિપાલ ઘોર નિદ્રાને આધીન અને નિઃશસ્ત્ર. તંબૂના આસમન્તાત્ ભાગમા પણ મનુષ્યનો અભાવ. એવા સમયમા એક મસ્તકથી ચરણપર્યન્ત કૃષ્ણવસ્ત્રવડે જેનું શરીર આચ્છાદિત હતુ એવી અબળાએ ધીમા પગલાંથી તંબૂના અન્તર્ભાગમાં પડદો ખસેડીને પ્રવેશ કર્યો રતિપાલને પૂર્ણ નિદ્રાવશ જોઇને પોતાના હાથમાંની તીક્ષ્ણ અગ્રવાળી કટારને ઉદ્દેશી તે મંદ સ્વરથી કહેવા લાગી કે,—

"જગત્ શૂન્ય. સર્વ પ્રાણી ગતપ્રાણ! અંધકારાવૃત નિશા–મનમા કોપ, શરીરમાં ક્ષોભ અને કરમાં કૃતિ. આ કટાર મારા હાથમા છે અને એ પાપીના પ્રાણ આ કટારની અણીમા છે" હે કટાર! મારી ભલી કટાર! તુ જ્યારે મારી સાથે છે, તો મને જોઇતું સાહાય્ય આપ, કારણ કે, હું પણ સ્ત્રી છુ અને તુ પણ સ્ત્રી છે, અને એટલામાટે આવા સંકટના સમયમાં તારે સહાનુભૂતિ બતાવવી જ જોઇએ–સ્ત્રીએ સ્ત્રીપ્રતિ સાહાય્યનો હસ્ત લંબાવવો જ જોઇએ. એક જ ઘામાં આ પાપીના પ્રાણનો અંત કરી નાખ–એ કાંટો છે અને તુ વીજળી છે, માટે એનાપર પડ અને એને બાળીને રાખ કરી નાખ!"

એ પ્રમાણે બોલી તે રતિપાલની શય્યાતરફ આગળ વધી અને કટારને ઊગામીને કહ્યું કે,–"પાપીનો સંહાર!"

"ખબરદાર" અચાનક બહારથી કોઇનો ધ્વનિ સંભળાયો. આગન્તુક અબળા અચકી ગઈ અને તરત દેશદ્રોહી ભોજદેવ તેની સ્હામો

આવીને ઊભો રહ્યો. એ અબળાને ઓળખતા જ અને તેનો આવો અવતાર જોતાં તે આશ્ચર્યચકિત થયો. થોડીવાર પછી તેણે તે ઘાતિની અબળાને ઉદ્દેશીને કહ્યુ કે,–"હેં–આ કોણ? વસુમતી?"

"અને તુ કોણ? દેશદ્રોહી કુલાંગાર ભોજરાજ દુર્મતિ?" વસુમતીએ પણ તેને ઓળખીને સામો પ્રશ્ન પૂછ્યો.

"વસુમતી! તમારો આવો વેશ, આવો આવેશ? તમારા આ ચંડિકા સમાન અવતારને જોઇને મારા આશ્ચર્યનો પાર નથી! તમારુ સુકોમળ અંત:કરણ અત્યાચાર, પાપ અને વધમાં પ્રવૃત્ત થયું છે, અને જે હૃદયમાંથી અમૃતની ધારા નીકળવી જોઇએ, તેમાંથી વિષની વિષમ ધારા નીકળે છે, એનું કારણ હુ સમજી શકતો નથી." ભોજદેવે કહ્યુ.

"હુ પણ એ જ જાણીને આશ્ચર્યમાં પડી ગઈ છું કે, મયૂર હતો તે સર્પ શા કારણથી બની ગયો છે અને હુ જેને અત્યાર સૂધી પુષ્પ સમજતી હતી, તે કંટકના ધર્મવાળો કેમ થયો છે!" વસુમતીએ તેવી જ માર્મિકતાથી ઉત્તર આપ્યુ.

"હુ સમજી ન શક્યો. તમે શુ ફરમાવ્યું?" ભોજદેવ બોલ્યો.

"કલિના ઉપાસકને દર્પણ બતાવ્યુ" વસુમતીએ કહ્યુ.

"શુ ત્યારે મને પણ તમે પાપી ધાર્યો?" ભોજદેવે પૂછ્યુ.

"તુ નરકગામી પાતકી તો ત્યારથી જ થયો કે, જ્યારથી સ્વામિનો અને દેશનો દ્રોહ કરીને શત્રુનો આશ્રય સ્વીકાર્યો!" વસુમતીએ યથાર્થ ઉત્તર આપ્યુ.

આ ગડબડ સાંભળીને રતિપાલ એકાએક જાગૃત થયો અને ભોજદેવ તથા વસુમતીને ત્યા જોઇને અને તેમાં પણ વસુમતીના હાથમાં ખુલ્લી કટાર જોઇને તે ગભરાટમા પડી ગયો. તે ભગ્ન સ્વરથી બોલ્યો કે.–"કોણ વસુમતી! અને તારા હાથમાં આ કટાર?"

"રતિપાલ! પૂર્વજોનાં પુણ્ય આડે આવ્યાં અને આપનો ઘાત થતો અટકી ગયો. જો અચાનક ફરતો ફરતો હું અહીં ન આવી લાગ્યો હોત, તો આવતી કાલના સૂર્યને આપ જોઈ શકવાના નહોતા જ." ભોજદેવે વસુમતીના આશયનો સ્ફોટ કર્યો.

"ખરેખર એક દેશદ્રોહીની સહાયતામાટે બીજો દેશદ્રોહી આવી લાગ્યો અને થોડા વખતને માટે તું જીવતો બચ્યો!" વસુમતીએ ક્રોધિષ્ટ નાગિની સમાન ફૂત્કાર કરીને કહ્યું.

"વસુમતી! મારી એક સમયની પ્રેમપ્રતિમા અને પતિપરાયણા વસુમતી! તું અને આ અત્યાચાર? આશ્ચર્ય! તારા કોમળ કરમાં આ શું? કટાર!" રતિપાલે મહા આશ્ચર્યથી કહ્યું.

"કટાર નહિ, પણ તું પોતે અથવા તારો અવતાર !" વસુમતીએ અત્યંત માર્મિકતાથી ઉત્તર આપ્યું.

"જી હા-આ કટાર નથી; પણ રતિપાલનો સ્વભાવ, રતિપાલનું પ્રત્યુત્તર, રતિપાલનો નમૂનો અથવા તો સત્ય કહું તો રતિપાલ પોતે જ છે! કારણ કે, આ કટારને પણ પોતાના કે પારકાનું જ્ઞાન નથી અને તારા હૃદયમાં પણ એ અભિમાન નથી-આને પણ શત્રુ અને મિત્રનુ ભાન નથી તેમ જ તારામાં પણ એવું ભાન નથી." વસુમતીએ રતિપાલની કટાર સાથે સરખામણી કરી

"જ્ઞાનશૂન્ય અને પ્રમાદિની અબળા ! આ તારા હાથમાંની કટાર મારો નમૂનો નથી, કિન્તુ તારો પોતાનો જ નમૂનો છે, કારણ કે, એ પણ સ્ત્રીજાતિ છે અને તું પણ સ્ત્રીજાતિ છે. એ પણ જ્ઞાનહીન છે અને તું પણ જ્ઞાનહીન છે; એ પણ અંધ છે અને તું પણ અધ છે, અને એ પણ વધ કરનારી છે તેમ જ અત્યારે તું પણ વધ કરનારી છે અર્થાત્ એ કોઈ પણ દુર્ગુણમાં તારા કરતાં ઊતરતી નથી, અને તુ એના કરતાં ઊતરતી નથી. અત્યાચારિણી અબળા! તુ જ સાક્ષાત્ મૂર્ત્તિમાન્ દુરાચારિણી છે, અને વિવેકશૂન્ય જડ કટાર છે. હુ નથી."

"ખરું છે-હું પણ એક છુરી જ છું-કટાર છું, પણ તે કટાર નથી કે જે નિરપરાધી જનોના ગળામાં પ્રવેશ કરીને તેમનો વધ કરે છે, કિન્તુ તે કટાર છું કે, જેના સાહાય્યથી શસ્ત્રવૈદ્યો રુગ્ણ મનુષ્યના શરીરમાંથી નિરુપયોગી માંસને કાપી કાઢીને રોગીને પ્રાણદાન આપે છે." વસુમતીએ સમર્પક ઉત્તર આપ્યું.

"બુદ્ધિમન્દા અને નેત્રાન્ધા નારી! તે એટલો પણ વિચાર ન કર્યો કે, રતિપાલને મારવા જતાં ક્યાંક તારું પોતાનું જ મરણ થશે; બીજાને યમનું શરણ અપાવતાં પોતાનો જ આત્મા યમશરણ થશે!" રતિપાલે અત્યંત કોપથી એ શબ્દો ઉચ્ચાર્યા અને શસ્ત્ર લેવામાટે તે ત્યાંથી આગળ વધવા લાગ્યો.

વસુમતીએ તરત કમ્મરમાંથી તમંચો કાઢ્યો અને તેની છાતી સ્હામો તાકીને તે કહેવા લાગી કે,-"ખબરદાર એક ડગલું પણ આગળ ન વધીશ-નહિ તો ચાર પળ પછી આવનારુ મરણ અત્યારે જ આવી જશે-અહી જ તારુ શબ રખડી પડશે. સાંભળ, મરણથી તો તારા જેવા પાપી અને અપરાધીઓ જ ડરે છે કે જેમને ઈશ્વરસમક્ષ જતાં લજ્જા આવે છે. મરણ તો વાસ્તવિક રીતે એક આશીર્વાદ છે કે, જે ધર્માત્માઓને આ સંસારમાંનાં પાપબંધનોથી આવીને મુક્ત કરે છે."

"પણ વસુમતી! પોતાના પતિને મારવા સુધીના નિશ્ચયપર આવી જવાનું શું કારણ છે, તે અદ્યાપિ હું સમજી શક્યો નથી" ભોજદેવે ત્રીજા સવાલ કર્યો.

"ખરું છે, વસુમતી! જો તું મારા વધનું સબળ કારણ નહિ બતાવ તો હું સત્ય કહું છું કે, તું આવી છે તો હસતી, પણ રોતી જવાનો પ્રસંગ આવશે—આ પળે અને આ સ્થળે જ મારી તલવાર તને યમાલયનો સરળ માર્ગ બતાવશે." ભોજદેવના પ્રશ્નને ઊંચકી લઈ ચાલાકીથી ભોજદેવની તલવારને પોતાના હાથમાં લઈને રતિપાલે આવેશયુક્ત સ્વરથી કહ્યું.

"કારણ? કારણ તારો રાજદ્રોહ અને તેથી પણ વધારે ભયંકર દેશદ્રોહ!" વસુમતીએ બળવાન્ સ્વરથી ઉત્તર આપ્યું.

"રાજાનો દ્રોહ ન કરવો અને દેશનો દ્રોહ ન કરવો, કારણ કે, એ પાતક છે. એ નિયમ રાજાના આશ્રિતોએ સર્વને રાજાના ચરણતળે ચગદાયલા રાખવામાટે જ ઘડી કાઢ્યા છે, અને તેમને ધર્મ તથા નીતિનું સ્વરૂપ આપી દીધું છે. વાસ્તવિક રીતે પોતાની ઉન્નતિ કરવાનો સર્વને એક સરખો અધિકાર હોવાથી એમાં અપરાધ કે પાપ જેવું કાંઈ પણ નથી, અને એટલામાટે હું ખાત્રીથી કહું છું કે, મેં કોઈનો કશો અપરાધ કર્યો જ નથી." રતિપાલે શાસ્ત્રના નિયમની પોતાને અનુકૂલ થાય તેવી વ્યાખ્યા કરીને કહ્યું.

"બસ—એક પાપને ઢાંકવામાટે અસત્ય બોલવાનું બીજું પાપ ન કર. તારા ભાગમાં નહિ આવ્યો હોય, એવો આ વિશ્વમાં કોઈ અપરાધ જ નથી; કારણ કે, રાજદ્રોહ અને દેશદ્રોહ એક એવો અનિવાર્ય અપરાધ છે કે, જેમાં અન્ય સર્વ અપરાધોનો સમાવેશ થઈ જાય છે." વસુમતીએ પોતાના સિદ્ધાંતનું પુનઃ દૃઢતાથી પ્રતિપાદન કર્યું.

"હું શપથપૂર્વક કહું છું કે, મેં કોઈ પણ પ્રકારનો અપરાધ કર્યો નથી." રતિપાલે પુનઃ પોતાની નિર્દોષતા વ્યક્ત કરીને કહ્યું.

"શપથ? કોના શપથ?" વસુમતીએ પૂછ્યું.

"મારા અંતઃકરણના શપથ!" રતિપાલે ઉત્તર આપ્યું.

"તે તો કપટ અને અસત્યથી ભરેલું છે!" વસુમતી બોલી.

"ત્યારે મારા શિરના શપથ!" રતિપાલે પુનઃ કહ્યું.

"તે તો પાપના ભારથી દબેલું છે!" વસુમતીએ કહ્યું.

"સ્વર્ગમાંના દેવોના શપથ!" રતિપાલે શપથ પરંપરાને આગળ લંબાવીને દેવોના નામનો ઉચ્ચાર કર્યો.

"સ્વર્ગમાંના સર્વ દેવો તો પોકાર કરી કરીને એમ જ કહે છે કે, રતિપાલ એક ઘોર અપરાધી અને પાપનો અવતાર છે!" વસુમતીએ તેનાં વાક્યોનું ખંડન કરતાં જણાવ્યું.

"વારુ—ત્યારે મને તે સર્વ દેવાધિદેવ પરમાત્માના શપથ છે." રતિપાલે શપથગ્રંથના પાઠની ઇતિશ્રી કરતાં કહ્યું.

"ઇશ્વિરને તો તારા નામશ્રવણનો પણ તિરસ્કાર છે!" વસુમતીએ તેના એ શબ્દનો પણ ઉચ્છેદ કરી નાખ્યો.

"બસ—હવે વધારે વાક્પાટવનો વ્યવહાર ન કર—જવાબ સાંભળ અથવા જવાબ આપ. મને મારી નાખવામાટે તુ શું ધારીને આવી હતી, તે હું સમજી શકતો નથી. તારા હાથમા આ કટાર અને તમચા જેવી વસ્તુઓ જોઇને મારા હૃદયમા કોપનો આવિર્ભાવ થાય છે." રતિપાલે કહ્યુ.

"તારા પાપી હૃદયમાં તો મારા વિશે કેવળ કોપનો જ આવિર્ભાવ થાય છે, પરતુ તને સ્વત્વહીન અને ધર્મવિહીન નપુસક થએલો જોઇને મારા મનમા જે ધિક્કાર અને શોકનો આવિર્ભાવ થાય છે, તેનો પાર જ નથી. એ મારા શોકાગ્નિની તારુ રક્ત વહેવડાવ્યા વિના શાન્તિ થવાની જ નથી." વસુમતીએ નેત્રોને આરક્ત કરીને કહ્યુ.

"વિનાકારણ આમ નીતિની મર્યાદાનુ ઉલ્લઘન કરવું, એ તને શોભા આપતું નથી." રતિપાલે કાંઇક નમ્રતા ધારણ કરી.

"અને રાજ્યના લોભથી અથવા તો સંસારના ચાર દિવસના સુખ-વૈભવોની આશાથી પોતાના ધર્મનું અને નામનું નિકંદન કરવુ, એ તને પણ શોભા આપતુ નથી." વસુમતીએ રતિપાલની કોટિને પોતાની કોટિના બળથી કાપી નાખી.

"પોતાના પરમેશ્વરતુલ્ય મનાતા પતિપર આટલો બધો અત્યાચાર?" રતિપાલે ધર્મનો આશ્રય લઇને કહ્યુ.

"પોતાના અન્નદાતા રાજા અને દીન દેશબાંધવોસાથે આટલો બધો નીચતમ વ્યવહાર?" વસુમતીએ સમર્પક ઉત્તર આપ્યું.

"જેને વિશ્વે શૂરવીર માન્યો છે, તેના શિરપર આવા દોષનું આરોપણ કરે છે?" રતિપાલે વ્યર્થ આત્મશ્લાઘાથી કહ્યું.

"તને નપુંસકોએ જ શૂરવીર માન્યો હશે; પણ અધમાધમ! જે વૃક્ષનાં અત્યારસૂધી તેં મિષ્ટ અને મધુર ફળ ખાધાં છે, તે વૃક્ષના મૂળનું જ ઉચ્છેદન કરે છે?" વસુમતીએ દ્વેષથી કહ્યું.

"મને પાપી ઠરાવનાર કોણ છે?" રતિપાલે પ્રશ્ન કર્યો.

"આર્યધર્મ!" વસુમતીએ ઉત્તર આપ્યું.

"મને પાપ કરતાં જોનાર કોણ છે?" બીજો સવાલ પૂછાયો.

"પરમાત્મા, સત્ય, ધર્મ અને ધર્મના ઉપાસકો!" વસુમતી તરફથી જવાબ અપાયો.

"આ દોષ લગાડવાથી તને કેવો પશ્ચાત્તાપ થાય છે તે જોજે." રતિપાલે ધમકી આપી.

"તારાં પાપોનો ઘટ ભરાઈ ચૂક્યો છે, એટલે પરિણામે તને શો સંતાપ થાય છે તે જોજે." વસુમતીએ સ્હામી ધમકી આપી.

"તું બુદ્ધિહીન છે!" રતિપાલ બોલ્યો..

"તને સારાસારનો વિવેક નથી, કારણ કે, તું મિથ્યા સ્વાર્થવડે અંધ થએલો હોવાથી પાપમા લીન છે" વસુમતીએ કહ્યુ.

"તું જુનૂની છે." રતિપાલે કહ્યુ.

"અને તુ સ્વધર્મનો, તારા દેશબાંધવોનો ખૂની છે!" વસુમતીએ જવાબ આપ્યો.

"તું મારી સ્ત્રી હોવા છતાં અત્યારે મારાપર જે દોષનો આરોપ કરી રહી છે, તે અપરાધની હુ કદાપિ ક્ષમા આપવાનો નથી." રતિપાલે ભયનું દર્શન કરાવ્યું.

"તે ઈશ્વરની આજ્ઞાનો અને પોતાના રાજા તથા દેશનો જે ઘોર અપરાધ કર્યા છે, તે અપરાધની ઈશ્વર પણ તને કદાપિ ક્ષમા આપવાનો નથી." વસુમતીએ ભયનું છેદન કરીને જણાવ્યું.

"ગઈ કાલે જ સુલ્તાન કહેતા હતા કે,—

"આદમી પયદા હુવા લુત્ફે જવાનીકે લિયે;
અયશશરાની હુકમશાની જરફિશાનીકે લિયે;
નેકો બદકી ફિક્ર દિલસે દૂર કરના ચાહિયે;
સારે ઠાટ હય યે બાગે જિન્દગાનીકે લિયે."

રતિપાલે મહાગર્વ દર્શાવીને કહ્યું.

"આ યુદ્ધના આરંભથી પૂર્વે એકવાર રણથંભોરમાં એક મુસલ્માન ફકીર આવ્યો હતો તેના જે આ ક્ષણભંગુર વિશ્વમાટેના ઉદ્‌ગારો હતા તે તને પણ યાદ હશે જ; કારણ કે, તેં તે ઉદ્‌ગારો લખી લીધા હતા. પરતુ જો યાદ ન હોય તો હું સભળાવું છું,–" એમ કહીને વસુમતીએ નિમ્ન લિખિત વિચારમાળાનો ઉચ્ચાર કર્યો;—

"જિન્દગી મિસ્લે શજર હય જો હરા હય કુછ બરસ;
ગિર પડેગા કટકે આખિર ક્યોં કે આરા હય નફસ;

યે સરે નાપાક ક્યા હુવ? એક હડ્ડીકા કફસ;
આ ફૅસા હુય ઇસમેં દો દિનકે લિયે મુર્ગે હવસ;
નાતકા સૈયાદ જબ આયેગા શૌકે જઝમેં;
ચિડ્રિયા ઉડ જાયેગી પિંજરા ફેંક દેગા ખ્રમેં!"

'મરવા પછી આપણે સ્વર્ગમાં જઇશુ કે નરકમા, એની ચિંતા અત્યારે કરવાની નથી. જો આરંભ જ લાભકારક જણાતો હોય, તો પરિણામનો વિચાર કરવાની કશી પણ આવશ્યકતા નથી. કોઈ પણ ઉપાયે આ રણુથંભોરના સિંહાસને બેસીને પોતાના નામનો સિક્કો ચલાવવો, એ જ મારી પરમ મહત્ત્વાકાંક્ષા છે અને તારા જ થવા પહેલાં હુ આ રાજ્યનો રાજાધિરાજ થઇશ, એવી મને પૂર્ણ આશા છે!" રતિપાલે પોતાની મહત્ત્વાકાંક્ષાનું દર્શન કરાવીને એ વાક્યો ઉચ્ચાર્યાં.

"તારી એ મહત્ત્વાકાંક્ષા કદાપિ સફળ થવાની નથી; જો હુ જીવતી છુ તો તને જીવતો રહેવા દઇને સદાને માટે કલંકિત થવા દેવાની નથી' વસુમતીએ પોતાનો ભાવ સ્પષ્ટતાથી જણાવી દીધો

"વસુમતી! હજી પણ તારા પૂર્વ સદ્ગુણોનુ સ્મરણ કરી એક વાર તને પ્રાર્થના કરીને કહુ છું કે, આપણા આર્યધર્મની આજ્ઞા પ્રમાણે પતિની ઇચ્છાને આધીન થા અને આ ઉન્માદનો ત્યાગ કર" રતિપાલે પુનઃ નમ્રતાનું અવલંબન કરીને કહ્યું.

"રતિપાલ! હજીપણ તારી પૂર્વ દેશભક્તિ અને રાજભક્તિ સ્મરણ કરી એક વાર તને પ્રાર્થના કરીને કહુ છુ કે, આપણા આર્યધર્મની આજ્ઞા પ્રમાણે સ્વદેશ તથા રાજાની સેવાને આધીન થા અને રાજ્ય-લોભ અથવા યવનસંગથી ઉદ્ભવેલા દેશદ્રોહનો ત્યાગ કર.' વસુમતીએ તેના જ શબ્દોનો સ્વીકાર કરી પોતાના મતનું સબળતાથી સમર્થન કર્યું.

"હું તારો ઉપદેશ સાંભળવા નથી ઇચ્છતો. જો મારા વચનને અનુસરવાની તારી ઇચ્છા ન જ હોય, તો જા–જેવી રીતે અહીં આવી છે તેવી રીતે રણુથભોરમાં ચાલી જા. નહિ તો વિનાકારણ મારે સ્ત્રીહત્યાનુ પાતક કરીને તારા શોણિતથી મારી તલવારને દૂષિત કરવી પડશે" રતિપાલે અંતે કંટાળીને અને નિરાશ થઇને કહ્યુ.

"નહિ, રતિપાલ! હવે તારાં પાપોની સંખ્યામાં હું સ્ત્રીહત્યાના પાપની વૃદ્ધિ થવા દેવાની નથી. મારા શોણિતથી તારી તલવાર દૂષિત થાય, તે પહેલાં જ હુ તને મોક્ષનો માર્ગ બતાવી દઇશ." એમ કહેતાંની સાથે જ વસુમતીએ માતૃભૂમિના અભિમાનાગ્નિથી ઉજ્જ્વલિત થઇને પોતાના તમંચામાંથી ઘોડાને દાબીને રતિપાલની છાતી તરફ ગોળી છોડી

દીધી. ભોજદેવના હાથમાં તલવાર નહોતી, છતાં તે વસુમતીને અટકાવવામાટે તેના શરીરપર ધસી ગયો, પરંતુ વસુમતીએ સમયસૂચકતા વાપરી પોતાના ડાબા હાથમાની કટાર એવી સફાઈથી તેના ગળામાં પેસાડી દીધી કે, એકસમયાવચ્છેદે ભોજદેવ અને રતિપાલ ઉભય દેશદ્રોહી અને રાજદ્રોહીઓના પ્રાણુનો ત્યાં જ અંત થઈ ગયો.

વસુમતીને માત્ર એમના મરણથી જ સંતોષ ન થવાથી, તેણે પોતાની કટારવડે બન્ને પાપાત્માઓનાં મસ્તક કાપી લીધાં અને તે મસ્તકોને પોતાના પાલવમાં બાંધીને તે પાછી રણથંભોર દુર્ગતરફ જવાને ગુપ્તતાથી પ્રયાણ કરી ગઈ.

રતિપાલ અને ભોજદેવના તંબૂઓ છાવણીને છેક છેવાડે આવેલા હોવાથી ત્યાં સિપાહીઓનો વધારે જમાવ નહોતો, એટલે વસુમતીને ત્યાં આવવામા અડચણ પણ પડી નહોતી અને જતાં પણ તેને કોઈએ રોકી નહિ; તેમ જ એ હત્યાકાંડની પ્રભાત થતાં સૂધી કોઈને કાંઈ ખબર પણ પડી નહિ. પ્રભાતમાં એ વાર્ત્તા જાણવામાં આવતાં છાવણીમાં ગભરાટ વ્યાપી ગયો અને અલાઉદીનને પોતાના પ્રાણની સુરક્ષિતતામાટે મહાચિન્તા થવા લાગી.

## દ્વાવિંશ પરિચ્છેદ
## સતીનો સદુપદેશ અને ચિતાપ્રવેશ

વસુમતી જે વેળાએ રણથંભોરના દુર્ગદ્વાર પાસે આવી પહોંચી, તે વેળાએ અરુણોદય થયો હતો અને વળી વસુમતીને સર્વ ઓળખતા હોવાથી તથા તેની પાસે એ રાજદ્રોહીઓનાં મસ્તક હોવાથી દુર્ગેશ તેને દુર્ગમાં જવામાટે જરાપણ અટકાવ કર્યો નહિ. દુર્ગેશે રતિપાલ અને ભોજરાજના વધની વાર્ત્તા રાજાને પહોંચાડી દીધી, અને તેથી રાજાએ સર્વ સામંતો તથા મંત્રીઓને ગુપ્ત સભાગૃહમાં બોલાવ્યા. વસુમતી પ્રથમ પોતાને ઘેર જઈ સ્નાન આદિથી શરીરની શુદ્ધિ કરી સતીવેશ ધારીને રાજાની સભામાં આવી ઉપસ્થિત થઈ. સભાજનોએ તેના સતીવેશનુ દર્શન કરીને તેને ઉત્થાન આપ્યું. વસુમતીએ રતિપાલ અને ભોજદેવનાં મસ્તકોને સભાના મધ્યભાગમાં રાખીને સર્વને ઉદ્દેશી ગંભીરતાથી કહ્યું કે;—

"મહારાજા હમ્મીરદેવ, સૈનાનાયકો અને મંત્રિજનો! આ એ મસ્તકો કોનાં છે, એ તો આપ સર્વ જાણો જ છો, એટલે એમની નવે-

સરથી ઓળખાણ આપવાની અગત્ય હોય એમ મારી ધારણા નથી. બન્ને દેશદ્રોહી અને રાજદ્રોહીઓનાં મસ્તક છે. એમાંના એકનું નામ ભોજદેવ છે, પણ તેની સાથે મારો કોઈ પણ પ્રકારનો અંગીય સંબંધ ન હોવાથી તેના વિશે મારે વધારે બોલવાનું નથી. બીજું મસ્તક મારા દેશદ્રોહી થએલા પતિ રતિપાલનું છે. પણ તમારા મનમાં આશ્ચર્ય તો એનું જ થશે કે, એ ભોજદેવ અને મારા પતિ રતિપાલનો વધ કરીને એમનાં મસ્તકો કાપી લાવનાર હત્યાકારિણી આ વસુમતી પોતે જ છે !"

"શું એમ પણ કદાપિ બની શકે ?" સર્વ સભાજનોએ આશ્ચર્યચકિત થઇને ઉદ્દગાર કાઢ્યો.

"એમ બની શકે છે, આજે બન્યું છે અને તેનું જ આ પ્રત્યક્ષ ઉદાહરણ છે. હવે આમાં મેં મારા પોતાના પતિની હત્યા કરી છે, એ મારો એક અક્ષમ્ય અને મહાભયંકર અપરાધ છે. પરંતુ દીર્ઘ વિચાર કરતાં આપ સર્વ જાણી શકશો કે, પતિનો વધ કરીને મેં મારા પોતાના જીવનની જ અધિક હાનિ કરી છે. કારણ કે, સ્ત્રીનું દૈવત પતિ છે અને પતિવિના સ્ત્રીની ગતિ નથી, એવો આપણા ધર્મશાસ્ત્રનો સિદ્ધાન્ત છે. પતિની હત્યા કરીને હું દૈવતવિહીન અને ગતિહીન થઈ છું. તેમ જ હવે પતિના મરણ સાથે મારા મરણનો પ્રસંગ પણ હું સાથે જ લેતી આવી છું. પણ હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, આ સર્વ મેં શામાટે કર્યું ? એના ઉત્તરમાં મારે જણાવવું જોઇએ કે, માત્ર દેશના અને રાજાના હિતમાટે, દેશબાંધવોના કલ્યાણમાટે અને જન્મભૂમિની પ્રતિષ્ઠાને જાળવવામાટે જ મેં આ સાહસ કર્યું છે. પ્રથમ ભોજદેવ દેશદ્રોહી થયો અને યવનસૈન્યમાં જઈ મળ્યો અને ત્યારપછી રાજ્યલોભથી મારા પતિએ પણ તે જ નીચ માર્ગનો સ્વીકાર કર્યો. હવે જો એવા દેશદ્રોહી નરાધમોને યોગ્ય શિક્ષા આપવામાં ન આવે, તો બીજાઓ પણ એ માર્ગનું અવલંબન કરે, એ સ્વાભાવિક જ છે, અને એમ થવાથી અંતે પરિણામ એ થાય કે, આપણું બળ વિભક્ત થતાં અવશ્ય આપણો રણમાં પરાજય થાય અને દેશ મુસલ્માનોના અધિકારમાં ચાલ્યો જાય. મુસલ્માનોના અધિકારમાં જન્મભૂમિ બદ્ધ થવાથી શું પરિણામ થાય ? જનની જન્મભૂમિની દુર્દશા, કુલકામિનીઓની અપ્રતિષ્ઠા, અને પવિત્રતમ આર્યધર્મનો ધ્વંસ ! એ ઉપરાંત રણમાં જે વિનાકારણ અનેક ક્ષત્રિયોના પ્રાણની આહુતિ અપાય અને પરિણામે નિષ્પન્ન કાંઈ પણ ન થાય, એનો તો હું વિશેષ વિચાર કરતી જ નથી. મારા પતિનો મારા હાથે જ વધ કરવાનો બીજો હેતુ એ છે કે, આ રાજ્યનું તો ભવિષ્યમાં જે થવાનું હશે તે જ થશે—ભાવિ મિથ્યા થનાર નથી, પરંતુ મારા સ્વામિનાથ

જીવતા હોત અને રણથંભોરનો રાજા પરાજિત થાત, તો અમુક સેનાધ્યક્ષોના અને મંત્રીઓના રાજદ્રોહના કારણથી જ રણથંભોરનો નાશ થયો, એવો લોકાપવાદ અવશ્ય અમારા કુળના શિરપર આવવાનો જ હતો અને એ કલંક સદાને માટે અબાધિત રહેતાં અમારા વંશજોને લોકોના ઉપાલંભ સાંભળવાનો અને મોઢું નીચું કરવાનો પ્રસગ પ્રાપ્ત થાય, એમાં સશય જેવું કાંઈ હોઈ શકે જ નહિ. એ કલંકનું નિવારણ કરવું અને શુદ્ધ કીર્તિ કાયમ રાખવી, એ જ મારા પતિવધનો ઉદ્દેશ હતો. માટે મારા સ્વદેશબાંધવો! આ તમારી દીન ભગિનીનો તમો સર્વને એ જ ઉપદેશ છે કે, જો પોતાની કીર્તિને અચળ રાખવાની અને પોતાની તથા જન્મભૂમિની પ્રતિષ્ઠાને જાળવી સ્વતંત્ર રહેવાની જ તમારી ઇચ્છા હોય, તો કદાપિ તમે લોભને વશ થઈ, પરકીય શત્રુઓના કપટજાળમાં ફસાઇને અને ક્ષણિક સાંસારિક સુખોની આશાને આધીન થઇને વિભક્ત, રાજદ્રોહી અને દેશદ્રોહી થશો નહિ! જો પત્ની દેશદ્રોહિની હોય તો તેને પત્ની ન ધારશો, પતિ રાજદ્રોહી હોય તો તેને પતિ ન ધારશો. ભ્રાતા દેશદ્રોહી હોય તો તેને ભ્રાતા ન માનશો અને ભગિની દેશદ્રોહિણી હોય તો તેને ભગિની ન માનશો. માતા, પિતા, પુત્ર, પુત્રી અને મિત્ર જે કોઇ પણ દેશદ્રોહી અને રાજદ્રોહી અથવા રાજદ્રોહી હોય, તેને શત્રુ માનીને તેનો વિનાશ કરવો એ જ સત્યપ્રિય ક્ષત્રિયોનો પરમ ધર્મ છે. એ તત્ત્વનું જ્ઞાન ધરાવી પોતાના, ધર્મમાં સર્વ ક્ષત્રિય વીરો પ્રવૃત્ત થાય અને વિજય મેળવે, એ જ મારો સર્વને અંતિમ આશીર્વાદ છે—એથી વિશેષ હવે હુ કાંઈ પણ કહેવા કે બોલવા ઇચ્છતી નથી."

સતીના આ ઉપદેશશ્રવણથી સર્વનાં અંતઃકરણ દ્રવી ગયાં અને થોડીવાર સુધી સભામાં નિ.સ્તબ્ધતાનું સામ્રાજ્ય વ્યાપી ગયું.

"ભરતભૂમિની દિવ્ય તેજસ્વિની પુત્રી અને અમો સર્વની જનની તુલ્યા દેવી વસુમતી! તમારા આ ઉપદેશનું સર્વ ક્ષત્રિયસંતાનોના મનમા શુભ પરિણામ થાઓ અને ભરતભૂસતાનો રાજભકત તથા સ્વધર્મપરાયણ થાઓ, એ જ મારી પણ પરમ વાંચ્છના છે. તમારા સ્વદેશપ્રેમ અને આત્મબલિદાનની વાર્ત્તા જે કોઈ પણ સાંભળશે, તેના મનમાં આજે કે ભવિષ્યકાળમાં આશ્ચર્ય થયા વિના તો રહેવાનું જ નથી. જે ભરતભૂમિએ તમારા જેવી દેશહિતૈષિણી દુહિતાઓને જન્મ આપ્યો છે, તે ભરતભૂમિની ધન્યતાનો અવાધ જ થએલો કહી શકાય! આવી શૂરવીર સુંદરીઓના પદરજથી વિભૂષિત થવાનું માન બીજા કોઈ પણ દેશની ભૂમિને મળેલું નથી, અને હવે પછી મળશે કે નહિ, એની પણ શંકા જ છે. જનની!

અમને હવે અન્ય શી આજ્ઞા છે?" રાજા હમ્મીરે નયનોમાંથી હર્ષનાં અશ્રુ વર્ષાવીને એ ઉદ્ગાર કાઢ્યા.

"વત્સ ! મારી પુન. એ જ આજ્ઞા છે કે, સંપ કરો અને વિજયલક્ષ્મીને વરો. મારા દેશબાંધવો ! આપણી ક્ષત્રિયનારીઓના સતીધર્મને તો આપ જાણો જ છો, અને એટલામાટે મારી તમને એ જ પ્રાર્થના છે કે, મારામાટે ચિતા ખડકાવો અને મને સ્વર્ગમાં જવાની આજ્ઞા આપો. કારણ કે, મારા પતિ ત્યાં મારી વાટ જોઇને બેસી રહ્યા હશે. પતિના પરલોકવાસ પછી સતીએ આ સંસારમાં વધારેવાર જીવનને ટકાવી રાખવુ, એ યોગ્ય નથી; અને એ રહસ્યને તમો સર્વ સારીરીતે જાણતા હોવાથી મારે વધારે કહેવાની કશી પણ આવશ્યકતા નથી." સતી વસુમતીએ ગંભીરતાથી જણાવ્યુ.

"માતા ! ચિન્તા ન રાખો. આપની ઇચ્છા પ્રમાણે અલ્પસમયમાં જ સર્વ વ્યવસ્થા કરાવું છું. આપના સ્વર્ગારોહણમાં અમે વિલબ થવા દેવાના નથી. માત્ર ખેદ એટલો જ થાય છે કે, આપના જેવી દેશભક્ત રાજભક્ત અને સતીશિરોમણિ માતાનો આ સતાનોને સદાનો વિયોગ થશે અને આપના જેવો બીજો કોઈ પુરુષ દેશભક્ત અને સત્ય ઉપદેશક અમને ભાગ્યે જ મળશે." રાજા હમ્મીરે ખેદ દર્શાવ્યો.

"વત્સ ! આ શરીરનો નાશ થવા છતાં આત્મા તો અમર જ રહે છે, એવો આપણા ધર્મનો સિદ્ધાંત છે. એટલે સ્વર્ગમા પણ મારો આત્મા તમારા ભદ્રનુ જ ચિન્તન કરશે અને જ્યારે તમારો પૂર્ણ વિજય થશે ત્યારે આકાશમાંથી તમારા શિરપર પુષ્પવૃષ્ટિ વર્ષાવશે, એ વિશે નિશ્ચય રાખજો. હવે મારા સ્વામિસહગમનમાટેની તૈયારી કરાવો." વસુમતીએ અતઃકરણપૂર્વક માતૃભૂમિનુ કલ્યાણ ઇચ્છીને કહ્યુ.

* * * * *

રણસ્તભ દુર્ગના એક એકાંત ભાગમાં ચંદનતરુકાષ્ઠની ભવ્ય અને ઉન્નત ચિતા ખડકવામાં આવી. અનેક વાદ્યયંત્ર વગાડનારાઓ અને મત્રઘોષ કરનારા બ્રાહ્મણોને પણ ત્યાં હાજર રાખવામાં આવ્યા હતા. કારણ કે, સતીનો ચિતાપ્રવેશસમયનો ચીત્કાર જો કોઇના સાંભળવામાં આવે તો તેના વંશનો ઉચ્છેદ થાય છે, એવી સાધારણ જનસમાજની માનીનતા હોવાથી તે ચીત્કાર ન સંભળાય, એટલા માટે સતીના ચિતાપ્રવેશસમયે વાજિંત્રો વગાડવાનો અને ઉન્નત સ્વરથી મંત્રની ઘોષણા કરવાનો પરિપાઠ છે. વસુમતી આજે સતી થવાની છે, એ વાર્તાનો સમસ્ત દુર્ગમાં પ્રસાર થઈ ગએલો હોવાથી નગરના અનેક પુરુષો સતીના દર્શનમાટે અને નગરની અનેક સૌભાગ્યવતી નારીઓ સતીનો આશીર્વાદ

લેવાના ઉદ્દેશથી ત્યાં આવીને એકત્ર થઈ હતી. સ્ત્રી પુરુષોની ત્યાં એટલી બધી ભીડ જામી હતી કે, એક તિલ નાખવાનું પણ ક્યાંય સ્થાન નહોતું. થોડા વખત પછી અચાનક 'જય અંબે! જય અંબે!' નો ધ્વનિ સંભળાયો. એ ધ્વનિ સાંભળીને એક અનનુભવી તરુણે એક વૃદ્ધને પ્રશ્ન કર્યો કે;—"કાકા! આ શાનો ધ્વનિ સંભળાય છે—જુઓ આગળ એક સ્ત્રી ધૂણતી ધૂણતી ચાલે છે અને પાછળ ચાલતા લોકોનો સમુદાય 'જય અંબે જય અંબે!' નો ગગનભેદક ધ્વનિ કર્યા કરે છે."

"ભાઈ! આપણે જે સતી વસુમતીના દર્શનનો લાભ લઈને આપણા માનવજન્મની સફળતા કરવામાટે અહીં અત્યારે આવ્યા છીએ, તે સતી શિરોમણિ વસુમતી એ જ છે! પોતાના મૃત પતિના મસ્તકને ખોળામાં રાખી આ ક્ષણે એ સાધ્વી ચિતામાં જીવતી જ પ્રવેશ કરીને સ્વર્ગારોહણ કરશે." વૃદ્ધ પુરુષે યથાર્થ ઉત્તર આપ્યું.

"કાકા! મેં આવી ઘટના મારા જીવનકાળમાં એકેવાર જોએલી ન હોવાથી હું એ સતીને ઓળખી શક્યો નહિ અને તેથી જ આપને પૂછવાની આવશ્યકતા પડી. પરિશ્રમની ક્ષમા કરશો." તરુણે વિવેક દર્શાવ્યો.

"ભાઈ! આમાં પરિશ્રમ શાનો? અન્નને માર્ગ બતાવવો અને અજ્ઞાતને પોતે જાણતા હોઈએ તે વિષયનું જ્ઞાન આપવું, એ મનુષ્ય માત્રનો પરમ ધર્મ છે. પણ જુઓ—એ સતી આવી પહોંચ્યાં—જરા દૂર ખસીને એમને જવામાટેનો માર્ગ મુક્ત કરી આપો!" એમ કહીને તે વૃદ્ધ પુરુષ માર્ગમાંથી દૂર ખસી ગયો અને સતીને એક ધ્યાનથી જોવા લાગ્યો.

સતી વસુમતી 'જય અંબે!' ના ધ્વનિ સહિત ચિતા પાસે આવી લાગી. એ વેળાએ તેણે પોતાના પૂર્ણ શૃંગાર ધારણ કર્યાં હતા, ભાલપ્રદેશમાં કુંકુમતિલક શોભતો હતો અને કેશકલાપ મુક્ત જોવામાં આવતો હતો. સતી સૌભાગ્યવતીના વેશમાં જ સહગમન કરે છે, એવો નિયમ છે, એટલામાટે અત્યારે વસુમતી વિધવા થએલી હોવા છતાં પણ તેના શરીરમાં નાસિકાપુષ્પ, કરકંકણ અને ભાલતિલક આદિ સર્વ સૌભાગ્યચિન્હો દૃષ્ટિગોચર થતાં હતાં. સતી આવીને ચિતા પાસે ઊભી રહી કે, તરત એક પછી એક સ્ત્રી અને પુરુષો તેનાં ચરણોમાં મસ્તક નમાવીને તેનો આશીર્વાદ લેવામાટે તેની પાસે આવવા લાગ્યાં. સર્વથી પ્રથમ તે તરુણ આવીને તેને પ્રાર્થના કરી શિર નમાવીને કહેવા લાગ્યો કે;—"સતી માતા! હું તમારાં ચરણોમાં નમસ્કાર કરું છું અને એવો જ આશી-

વાંદ માગુ છું કે, હવે પછી જો મારો મનુષ્યયોનિમાં જન્મ થાય તો આપના જેવી સતી સ્ત્રીના ગર્ભમાં જ મારું પોષણ થવું જોઇએ."

"હે પવિત્ર ભાવિ પુરુષ! તારી એ શુદ્ધ અને ઉત્તમ ભાવના અવશ્ય તારા બીજા જન્મમાં પૂર્ણ થશે!" સતીએ પ્રસન્ન થઇને આશીર્વાદ આપ્યો.

"હે વંદ્ય જનની! આપના જેવી સતી સ્ત્રીઓ આ આર્યાવર્ત્તમાં સર્વ સ્થાને ઉત્પન્ન થાઓ અને તેઓ આપ પ્રમાણે જ પોતાના સતીત્વને અંતપર્યન્ત જાગવી રાખીને પરલોકમાં પ્રયાણ કરો, એવો આશીર્વાદ કૃપા કરીને આ દુર્ભાગી ભારતવર્ષને આપતાં જાઓ. અમે અત્યાર લગી જાણે કે અજાણે આપના અપરાધ કર્યાં હોય, તે અપરાધોની ઉદારતાથી અમને ક્ષમા આપો!" સેનાપતિ ચતુરંગજીએ આગળ વધીને કરદ્વય જોડી પ્રાર્થના કરી.

"વત્સ! તમારી વાંચ્છના કેટલેક અંશે સફળ થશે જો કે સર્વ સ્ત્રીઓ સતી અને પતિવ્રતા થાય એ તો અશક્ય જ છે, તો પણ અન્યદેશો કરતાં ભારતવર્ષમાં સુશીલ, સન્નીતિપરાયણ અને પતિવ્રતા પ્રમદાઓનું પ્રમાણ વધારે જ રહેશે અને ભારતવર્ષની ભામિનીઓ સમસ્ત જગતની જાયાઓ કરતાં વિશેષ ઉત્તમ અને પવિત્રચરિત્રા મનાશે, એમા તો લેશ માત્ર પણ સંશય સમજવો નહિ." સતીએ યોગ્ય આશીર્વાદ આપ્યો.

"એટલું થાય તોપણ તે ભારતવર્ષના ગૌરવનું કાંઈ જેવુ તેવુ કારણ નથી." ચતુરંગજીએ પુન ચરણવદન કરીને એ શબ્દો ઉચ્ચાર્યા.

"માતાજી! હું તો માત્ર એટલું જ વરદાન ઇચ્છું છુ કે, જો મારું મરણ થાય તો તે જનનીજન્મભૂમિના ઉદ્ધારમાટે રણભૂમિમાં લડતાં જ થવુ જોઇએ. મારા મનમાં કદાપિ કાયરતા કે સ્વાર્થપરાયણતાનો સંચાર થવો ન જોઇએ." એક વીર તરુણ રાજપૂત બાળકે નમ્રતાથી એ પ્રમાણેનુ વરદાન માગ્યું.

"હુ કેવળ તને જ નહિ, પણ રણથંભોર અને રાજસ્થાનના સર્વ વીરક્ષત્રિયોને એ જ વરદાન આપુ છું કે;–

'કલ્યાણ થાજો સહુ પુત્ર કેરું'<br>
થાજો સ્વપત્નીવ્રત સદા સારું;<br>
સમૃદ્ધિ સંતાન વધો વધારે,<br>
એ આજ આશીઃ સતી તો ઉચ્ચારે!"

**સતી વસુમતીએ સર્વને એક સાથે આશીર્વાદ આપતાં કહ્યું.**

"તથાસ્તુ !" સર્વ વીરોએ ગગનભેદક ધ્વનિથી એ આશીર્વાદનો હૃદયપૂર્વક સ્વીકાર કરતાં કહ્યું.

એ જ પ્રમાણે કેટલાક અન્ય પુરુષો પણ સતીના આશીર્વાદથી મંડિત થયા અને ત્યાર પછી સ્ત્રીઓનો નમન કરવાનો વારો આવ્યો. એક સ્ત્રી પોતાના અલ્પવયસ્ક પુત્રને આંગળીએ વળગાડીને આવી અને તેનુ મસ્તક સતીનાં ચરણોમાં નમાવીને પ્રાર્થના કરવા લાગી કે;–"હે સતી નારી! આ તમારા બાળકને એવો આશીર્વાદ આપો કે, એ સ્વદેશભક્ત, સ્વદેશોદ્ધારક અને વીરશિરોમણિની પદવીને પ્રાપ્ત થાય અને મને એવો આશીર્વાદ આપો કે, હુ મારાં સૌભાગ્ય ચિન્હો સહિત સ્વર્ગારોહણ કરુ અને યદાકદાચિત્ મારા સૌભાગ્યસૂર્યનો મારા જીવનથી પૂર્વે જ અસ્ત થાય તો મને સતી થવાની જ પરમાત્મા બુદ્ધિ આપે !"

"ભગિની ! તારી ઇચ્છા સફળ થશે. તારો તનુ વીરપુત્ર થશે અને તારુ નામ પણ સતીઓની નામમાળામાં પ્રવિષ્ટ થશે !" સતીએ તે નારીની ઇચ્છા પ્રમાણેનો જ આશીર્વાદ આપતાં કહ્યુ અને ત્યાર પછી સર્વ સ્ત્રીઓને ઉદ્દેશીને તે કહેવા લાગી કે;–" હે મારી સ્વદેશભગિનીઓ ! રાજસ્થાનની સતી રમણીઓ ! હવે સૂર્યાસ્તનો સમય થવા આવ્યો છે અને મારું ચિતાપ્રવેશ કરી સ્વર્ગારોહણ કરવાનું મુહૂર્ત્ત વહી જાય છે. એટલા માટે મારો તમો સર્વને એ જ ઉપદેશ છે કે, પ્રમદાઓનું મુખ્ય ભૂષણ પાતિવ્રત્ય છે અર્થાત્ જો પાતિવ્રત્યના રક્ષણમાટે દેહનુ બલિદાન આપવું પડે તો આનંદથી આપજો, પરંતુ કદાપિ પાતિવ્રત્યથી પતિત થશો નહિ. પતિની સેવા કરવી, તેની આજ્ઞાને આધીન રહેવું, ગૃહકૃત્યમાં તેને સાહ્ય્ય આપવું અને દેશોદ્ધારના કાર્યમાં પણ તેની અંગભૂતા થઇને રહેવું, એ જ કુલીન કામિનીઓનાં આદિ કર્ત્તવ્યો છે. પતિ જ પરમેશ્વર અને પતિ જ ગુરુ. સ્ત્રીઓએ પતિના સુખ અને દુ:ખ ઉભયમાં એક સરખો જ ભાગ લેવો જોઇએ. પરતુ જો પતિ ધર્મ અને સ્વકર્ત્તવ્યથી વિમુખ થઇને કુળને કલંકિત કરવાને તૈયાર થયો હોય તો કોઇપણ ઉપાયે તેને કલકથી બચાવવો અને તેની સાથે સ્વર્ગમાં પ્રયાણ કરવુ."

"સતીમાતા! અમો સર્વ ક્ષત્રિય નારીઓને પરમાત્મા તમારા ઉપદેશ પ્રમાણે વર્ત્તવાની સદ્બુદ્ધિ આપો, એ જ અમારી પણ પ્રાર્થના છે." સર્વ ક્ષત્રાણીઓએ અનન્ય ભાવથી કહ્યું.

"મારા સર્વ શુભાશીર્વાદો તો અપાઈ ચૂકયા છે, પરંતુ એક અશુભ આશીર્વાદ અથવા જેને સતીના શાપના નામથી ઓળખવામાં આવે છે, તે શાપ આપવાનુ કાર્ય જ બાકી રહ્યું છે. એ શાપ કોને આપવાનો છે? સુલ્તાન અલાઉદ્દીનને. એ સુલ્તાને દિલ્લીનુ તખ્ત અન્યાય અને

અત્યાચારના બળથી જ મેળવ્યું છે અને ત્યારપછી પણ પોતાના રાજ્યનો વિસ્તાર કરવાના હેતુથી અને વિકારવશતાથી અનેક નિર્દોષ આર્યવીરોની હત્યા કરી છે અને અનેક પતિવ્રતા સ્ત્રીઓને ભ્રષ્ટ કરીને વિશ્વમાં પાપની પતાકા ફરકાવી છે. એણે તો પૂર્વ જન્મમાં પુણ્ય કર્યાં હતાં, એટલે એને તો અતુલ સામ્રાજ્યવૈભવ પ્રાપ્ત થએલો છે, પરંતુ એના અંત - કાળ પછી એ સામ્રાજ્ય વ્યવસ્થિત રીતિથી ચાલવાનું નથી. એ બાદશાહના મરણપછી તરત જ એ શાહીવંશમાં કારસ્થાન અને ખૂનાખૂનીનો વ્યાપાર ચાલશે અને અંતે ગૃહકલેશથી જ ખિલજીવંશનો નાશ થઈ જશે. આ સતીનો એ શાપ છે અને તે કદાપિ મિથ્યા થવાનો નથી" એમ કહીને સતીએ તિરસ્કાર અને કોપથી કહ્યું કે:—

"સુલ્તાન સ્વલ્પ સમયમહીં સંસારલીલા ત્યાગશે,
તેના મરણપછી રાજ્ય તેનુ છિન્નભિન્ન થઈ જશે,
એ દુષ્ટના કુળનો થશે સંહાર સતી ત્રાસી કહે,
"જે સત્યનાં વ્રત તોડતો, વરદાન શું બીજું લહે?"

"સતી માતા! આ સામગ્રીનો સ્વીકાર કરો." લોકસમુદાયના એક અગ્રેસરે થાળમાં પીઓળ, કુંકુમ અને પુષ્પના હાર વગેરે લાવીને પ્રાર્થના કરી.

"જેવી તમારી ભાવની." સતીએ અનુમતિ આપી.

તે પુરુષે સતીને પીઓળ વગેરે કરીને ગળામાં પુષ્પની માળા પહેરાવી અને લોકો 'જય જય અંબે' નો ગગનભેદક ધ્વનિ કરવા લાગ્યા.

સર્વથી પછી મીર મંગોલ અને મરહટ્ટી બેગમ આવી લાગ્યા. મીર મંગોલે સતીના ગળામાં મોતીની બહુમૂલ્ય માળા પહેરાવી અને યાચના કરી કે;—"સતી! દેવી! આ તમારા પાપી બાળકને—દુરાચારી યવનને પણ આશીર્વાદની કાંઇક પ્રસાદી આપો."

"વત્સ! તુ યવન છતાં પણ સજ્જન છે અને તેથી તારુ કલ્યાણ જ થશે, એવો મારો પરમ આશીર્વાદ છે. દુરાચારી યવનનરેશના સંગનો પરિત્યાગ કરી તેં ધર્મિષ્ઠ ક્ષત્રિયોના પક્ષનો સ્વીકાર કર્યો છે અને આજે પોતાના યવનધર્મના સિદ્ધાંતોને એક બાજૂએ મૂકી આ સતીનો સત્કાર કર્યો છે, એ તારાં સત્કૃત્યોથી આર્યાવર્ત્તના ઇતિહાસમાં તારી નામના અવિચલ અને ઉજ્જવલ રહેશે." વસુમતીએ કહ્યું.

"માતા! મારી પણ એટલી જ ભાવના છે. મરણ થાય તેનો ભય નથી. પણ સત્કીર્ત્તિ કાયમ રહેવી જોઇએ." મીર મંગોલે કહ્યું.

"સતીમાતા! હું શું આશીર્વાદ માગુ? કારણ કે, હું ધર્મભ્રષ્ટા છુ અને કર્મભ્રષ્ટા છું. મારો અવતાર બગડી ગએલો છે." એમ કહીને મરહટ્ટીબેગમે એક દીર્ઘ નિઃશ્વાસ નાખ્યો.

"પુત્રી! જે ભાગ્યમાં લખાયલું હોય છે, તે થયા વિના રહેતું જ નથી. ઉત્તમ આર્યકુળમાં જન્મ પામવા છતાં યવનરાજની પ્રિયતમા થવાનો યોગ આવ્યો અને ત્યાર પછી વળી તારો આ મીર મંગોલ સાથે સબંધ થયો, એ તને તારા પૂર્વજન્મના કોઈ કુકર્મની જ શરીરભ્રષ્ટતારૂપ શિક્ષા મળેલી છે. પરંતુ હવે તારી ભાવના શુદ્ધ છે તો તને મારો એ અંતઃકરણપૂર્વક આશીર્વાદ છે કે, પુનર્જન્મમાં તું સતી સ્ત્રીના નામથી ઓળખાઇશ અને મીર મંગોલ જ ભવોભવ તારા પતિની પદવીથી વિભૂષિત થશે." સતીએ આશ્વાસન આપ્યું.

"મારી પણ માત્ર એટલી જ ઇચ્છા છે." મરહટ્ટીએ હર્ષનાં અશ્રુ વર્ષાવીને ગદ્‌ગદ સ્વરથી કહ્યું.

સતીએ હવે કાંઇપણ વિશેષ બોલ્યાવિના ત્યાંથી પદસંચાલન કરીને ચિતાને પ્રદક્ષિણા કરવાના ક્રમનો આરંભ કર્યો. યથાનિયમ પ્રદક્ષિણાના કાર્યની સમાપ્તિ થવા પછી તે ચિતાપર ચઢીને મધ્ય ભાગમાં ઊભી રહી અને અસ્ત થતા સૂર્ય પ્રતિ દૃષ્ટિ રાખી કરદ્વય જોડીને એકનિષ્ઠાથી સૂર્યનારાયણનું ધ્યાન ધરી દીન સ્વરથી અને પ્રફુલ્લ વદનથી પ્રાર્થના કરવા લાગી કે,—"હે કુલદેવ! હે સૂર્યનારાયણ!—

"તો હું સત્ય બળે જ, દૃઢ વ્રતથી ન ચળી કદા;
કિરણ એક તવ તેજ, પ્રજાળજો મેલી ચિતા!
"ભલા અષ્ટ દિક્‌પાલ, માર્ગ બતાવો નાથનો;
ભૂમાતા સુવિશાળ, દે આશ્રય નિજ તત્ત્વમાં!"

સતીએ પોતાના હાથ ચોળવાની શરુઆત કરી, ક્ષણમાત્રમાં જ સત્યના પ્રભાવે તેના હસ્તઘર્ષણમાંથી અગ્નિ પ્રકટ થતાં તેના ગળામાંની કર્પૂરમાળા સળગી ઊઠી અને સાથે બ્રાહ્મણોએ ચિતામાં ઘૃત હોમીને અગ્નિને વિશેષ પ્રજ્વલિત કર્યો. બ્રાહ્મણોએ વેદના મંત્રોનો ભીષણ ઘોષ કરવા માંડ્યો અને ઢોલ, નાસાં, ઝાંઝ, નગારાં તથા શરણાઇઓ આદિ વાદિત્રો પણ વાગવા લાગ્યાં. જોત જોતામાં ચંદન કાષ્ઠચિતામાં બળીને વસુમતીનું વિશુદ્ધ વપુ ભસ્મીભૂત થઈ ગયું અને તેના પંચપ્રાણ પંચમહાભૂતમાં મળી ગયા. સર્વ લોકો—એ ઘટનાના સાક્ષીભૂત પ્રેક્ષકો—નાં નેત્રોમાંથી અશ્રુની ધારાનો શ્રાવણ ભાદ્રપદીય પ્રવાહ વહ્યા કરતો હતો. જાણે પોતાની જન્મદાત્રી જનનીનો જ સ્વર્ગવાસ થએલો હોયની! એવી જ સર્વની લાગણી હોવાથી સર્વ સ્ત્રી પુરુષોનાં અંતઃકરણોમાં અસહ્ય શોકનો આઘાત થયો હતો. સર્વ નરનારી રોતાં કકળતાં પોતપોતાને ઘેર ચાલ્યાં ગયાં અને તે રાત્રે કોઇએ ભોજન અને જળને સ્પર્શ પણ કર્યો નહિ.

રાજાએ એક સુસંતાન પ્રમાણે સતી વસુમતીની, ધર્મશાસ્ત્રની આજ્ઞા પ્રમાણે, યથાવિધિ ઉત્તરક્રિયા કરી, પિંડદાન આપ્યાં અને બ્રહ્મ-

ભોજન પણ કરાવ્યું. સતીના પ્રતાપે પાપી રાજદ્રોહી રતિપાલની પણ ઉત્તરક્રિયા થઈ અને જો આપણા ધર્મશાસ્ત્રનાં વચનો સત્ય હોય તો તેને એથી સદ્‌ગતિની પ્રાપ્તિ થએલી હોવી જ જોઇએ. અહા! સતી સુંદરીનો પણ કેવો અદ્ભુત અને દિવ્ય પ્રતાપ! સતી સ્ત્રીનો પાપી પતિ પણ અંતે સ્વર્ગનો ભાગી થાય છે અને વૈતરણી નદીમાંથી સતી નારીરૂપ નૌકાના આશ્રયથી તરીને પાર પહોંચી જાય છે. સ્વર્ગસ્થ બાબૂ હરિશ્ચંદ્ર ભારતેન્દુએ એક સ્થળે સતી ક્ષત્રિય નારીની પ્રશંસા કરતાં સત્ય જ કહ્યું છે કે;–

> "ધન ધન ભારતકી છત્રાની
> વીર કન્યકા વીરપ્રસવિની વીરવધૂ જગજાની–
> સતી શિરોમણિ ધર્મધુરન્ધર બુધિબલ ધીરજખાની–
> ઈનકે યશકી તિહૂં લોક મેં અમલ ધુજા ફહરાની–
> ધન ધન ભારતકી છત્રાની!"

આપણે પણ હવે સતી વસુમતીને ધન્યવાદ આપીને આપણા પ્રસ્તુત પરિચ્છેદની પરિસમાપ્તિ કરી, અન્ય ઘટનાના અવલોકનના વ્યાપારમા પ્રવૃત્ત થઇશું.

## ત્રિવિંશ પરિચ્છેદ

### હમ્મીરની ભાવિ વ્યવસ્થા

### અને

### અંતિમ યુદ્ધ માટેની તૈયારી

હમ્મીરે હવે અલાઉદીન સાથે એવા પ્રકારનું યુદ્ધ કરવાનું હતું કે, જય અથવા પરાજયના રૂપમાં એ સમરની સમાપ્તિ જ થઈ જવી જોઇએ. એટલે કે, હવે રણમાં કેસરિયાં કરીને ઊતરવાનો જ નિશ્ચય હતો. પરંતુ તેમ કરવા પહેલાં આર્યશાસ્ત્રની આજ્ઞા પ્રમાણે મરણ પછી પિંડદાન આપનાર વંશજની રક્ષા તો કરવી જ જોઇએ, એ વિચારનો મનમાં સંચાર થતાં તેણે પોતાના સંબંધી અને એક સેનાધ્યક્ષ ચતુરંગજીને પોતાપાસે બોલાવ્યો અને ગંભીરતાથી કહ્યું કે;—

"ચતુરંગજી! મારે હવે મારા કર્ત્તવ્યપાલનમાટે ઉદ્યત થવાનું છે, અને તેથી હવે રણુથંભોરની પ્રજા અને રાજકુમાર રતનની રક્ષાનો ભાર આપના શિરપર જ આવી પડ્યો છે. મારો તો એ જ અભિપ્રાય છે કે, આપ રાજપુત્ર રતનને લઇને હાલમાં ચિત્તોડ ચાલ્યા જાઓ તો વધારે સારું. કારણ કે, કદાચિત્ મારો યુદ્ધમાં નાશ થાય, તો ચૌહાણનો વંશ તો

કાયમ રહે, અને તેથી સ્વર્ગમાં પિંડતર્પણ આદિ ન મળવાની નિરાશા ટળી જાય!"

એના ઉત્તરમાં અત્યંત શોકિત મુદ્રા અને નિરાશાથી ચતુરંગજી કર-દ્વય જોડીને કહેવા લાગ્યો કે;–"મહારાજાધિરાજ! આપ યુદ્ધમાં ઝૂંઝવાને જાઓ અને હું આવા સમયમાં ચિત્તોડ ચાલ્યો જાઉં, એ મારામાટે યોગ્ય નથી. આપ રહો ત્યાં જ રહીને યુદ્ધ કરી મનુષ્યાવતારની સફળતા કરવી, એ જ મારો પરમ ધર્મ છે. માટે એ કાર્ય બીજા કોઇને સોંપો તો વધારે સારું."

"નહિ, ચતુરગજી! આ સમય હઠનો નથી. આ પણ એક ઉત્તમ રાજસેવા છે. રાજાના વંશના રક્ષકના નામથી તમે ઓળખાશો, એ કાંઈ સાધારણ ગૌરવનો વિષય નથી. મારી આજ્ઞા માન્ય કરો અને સૈન્ય સહિત અહીંથી નૃપકુમાર રતનને સભાળથી ચિત્તોડમાં પહોંચાડી દ્યો. તમે પ્રથમ અણુહિલપુરમા જઇને મુકામ કરજો અને અમને ત્યાંથી સદેશો કહાવજો, એટલે અમે અહીં યુદ્ધનો આરંભ કરીશું. મારા બોલાવ્યાવિના તમે અહીં પાછા ફરશો નહિ." હમ્મીરદેવે આગ્રહ કરીને કહ્યું.

ચતુરગજીથી હમ્મીરની આજ્ઞાનું ઉલ્લંઘન કરી શકાયું નહિ અને તેથી પાંચ હજાર સૈનિકોના દળને લઈ રાજકુમાર રતનસેન સહિત રણ-થંભોરમાથી તે પ્રયાણ કરી ગયો. ત્યારપછી હમ્મીરદેવે પોતાના સર્વ યોદ્ધાઓને એકત્ર કરીને નિષ્કપટભાવથી અને ગંભીરતાથી કહ્યું કે;–"મારા રણશૂર યોદ્ધાઓ! હવે ધર્મની રક્ષામાટે યવનોના પ્રાણ લેવાનો અથવા તો આપણા પ્રાણ દેવાનો સમય નિકટ આવી લાગ્યો છે. એટલા માટે મારું સર્વને એ જ કહેવું છે કે, જેમને મૃત્યુ પ્રિય હોય અને જીવનની આશા ન હોય, તેઓ જ મારી સાથે રહો અને જેમને પોતાનું જીવન જ પ્રિય હોય અને રણભૂમિમાં શસ્ત્ર ધારણ કરી લડવાનો કંટાળો આવતો હોય, તેઓ ખુશીથી ચાલ્યા જાઓ. હું કોઇને પણ બળાત્કારે રણભૂમિમાં લઈ જવા ઇચ્છતો નથી."

રાજાનાં એ વચનો સાંભળીને સર્વ યોદ્ધાઓનાં મુખમંડળો કોપથી આરક્તવર્ણ બની ગયાં અને તેથી તેમના મનોભાવને જાણીને મીર મગોલે સર્વના પ્રતિનિધિરૂપથી ઊભા થઇને તેવા જ ગભીર નાદમાં ઉત્તર આપ્યું કે;—"હે પરમ શૂર રાજન્! એવો કયો કુલાંગાર પુરુષ હશે કે, જે પોતાના શિરચ્છત્ર અને કૃપાળુ સ્વામીને આવા સંકટના સમયમાં રણથંભોરમાં છોડીને પોતાના જીવનસુખની આશાને વળગી અન્યત્ર

ચાલ્યા જવાની ઇચ્છા રાખતો હોય? દેવ, મનુષ્ય અને શૂરવીર પુરુષ કોઇનું પણ જીવન સ્થિર અથવા અવિચલ તો નથી જ—એક દિવસ સર્વને એક સરખી રીતે મરવાનું તો છે જ; કારણ કે, શરીરધારી પ્રાણીની મરણ એ પ્રકૃતિ જ છે. હવે જ્યારે ચાર દિવસ વ્હેલું કે મોડું મરણ તો આવવાનું જ છે, ત્યારે આવા અવસરમાં કામ આવીને મરણ પ્રાપ્ત કરવુ કોને ન ગમે વારુ? જો કે સાધારણતઃ વિશ્વનો એવો જ નિયમ છે કે, મરણના નામ માત્રથી જ સર્વ પ્રાણીઓ ગર્ભગળિત થઇ જાય છે; પરંતુ સતી સ્ત્રીઓ અને વીર પુરુષોની પ્રકૃતિ તો એવી જ હોય છે કે, તેઓ મૃત્યુને ઉત્સાહથી આલિંગન આપવામાટે નિરંતર પ્રસ્તુત રહે છે અને મૃત્યુને તેઓ પોતાનો પરમ સખા માનના હોવાથી મૃત્યુના મિલનથી તેઓ પરમાનંદ પામે છે. અમો કાયર નથી–માટે આવા શબ્દો સાંભળીને અમારાં મન શોકના આઘાતથી ભગ્ન થઇ જાય છે. અમે લડીશું–અમારા રાજા અને અમારી પોતાની પ્રતિષ્ઠામાટે લડીશું અને જય પામીને જીવીશું અથવા તો પરાજય પામીને મરીશું. કૃપા કરીને અમારા ઉત્સાહનો ભગ ન કરો.”

“સર્વનો ત્યારે એ જ દૃઢ નિશ્ચય છે?” હમ્મીરે ફરીથી પૃચ્છયું.

“એકવાર નહિ, પણ એક હજારવાર, લાખવાર અને કરોડવાર એ જ નિશ્ચય!” સર્વ સામતોએ એકત્ર ધ્વનિ કરીને ઉત્તર આપ્યું.

“જો સર્વનો આવો જ નિશ્ચય છે, તો અવશ્ય રણભૂમિમાં આપણો જ વિજય છે કદાચિત્ આપણા સૈનિકોની સંખ્યા ઓછી પણ હોય તોય ચિન્તા જેવું નથી; કારણ કે, એક મરણિયો સોને ભારી થઇ પડે છે, એ સિદ્ધાંત સર્વમાન્ય છે. ચાલો ત્યારે બોલો એકવાર હરહર મહાદેવ!” હમ્મીરદેવે આવેશ અને ઉત્સાહથી કહ્યું.

“હરહર મહાદેવ!” સર્વ સામંતોએ રણધ્વનિ કર્યો.

એટલામાં રાજગાયકા રાધાદેવીનું સભામાં આગમન થયું અને તેણે મહારાજાને નમન સહિત પ્રાર્થના કરી કે;—“અન્નદાતા! મેં એક વીરરસભરિત ગરબો બનાવ્યો છે અને તે વડારણોના મોઢે તાલીમ આપીને તૈયાર પણ કરાવ્યો છે. જો આજ્ઞા હોય તો વડારણોને બોલાવી તે ગરબો સભામાં ગાઈ સંભળાવું.”

“રાધાદેવી! તું પણ એક વિચિત્ર વારાંગના છે. અત્યારે વીરરસના વિષયની જ ચર્ચા ચાલતી હતી અને તારો ગરબો પણ વીરતાને જાગૃત કરનાર છે, તો ભલે વડારણોને બોલાવ અને તારો ગરબો ગાઈ સંભળાવ!” હમ્મીરદેવે આનંદથી અનુમતિ આપી.

થોડા વખતમાં વડારણો આવી લાગી. બધી વડારણો ગોળ કુંડાળુ કરી ગોઠવાઇને ઊભી રહી અને તેમના મધ્યમાં રાધાદેવી ઢોલ વગાડવા માટે બેઠી. વડારણો સ્વરૂપમા એક બીજા કરતાં ચઢે તેવી હતી અને અત્યારે તેમણે ઘેરદાર ઘાઘરા, ઓઢણીઓ અને ચોળીઓ આદિ છૂટો પહેરવેશ પહેરેલો હોવાથી અને યોગ્ય અલંકારો પણ ધારણ કરેલા હોવાથી આકાશમાંની તારા પ્રમાણે તેઓ સભાના મધ્યમાં શોભતી હતી અને રાધાદેવી શીતલ ચંદ્રિકા સમાન ભાસતી હતી રાધાદેવીએ ઢોલના ધ્વનિ સહિત પોતાના કોકિલા સમાન કંઠથી નીચેના ગરબાને ગવડાવવાનો આરંભ કર્યો,-

"હાક પડી વીરતર ! જાગજોરે સજી શૂરા ! હથિયાર
પડો બખ્તરિયા બ્હાર, રણના રણશિંગાં વાગિયા-
ઢોલ ત્રાંબાળૂ ગડગડ્યા રે કરે શરણાઈ શોર—(૨)
પટા ઝાટકે વીર આવીયા-થયો સિંધુનો શોર-રણના.
ઝુઝે છે શૂર મહા જગમાંરે-ખેલે ખાંડાના ખેલ (૨)
ધરણીના છેડા ધમકાવતા-લોહીતણી રેલ છેલ-રણના.
તારોરા તડામાર તોપનારે-ઝીલે ક્ષત્રીના તન ( ૨ )
જાય જન્મભૂમિ માટ સ્વર્ગમા, કરી જોધા જગન-રણનાં
જોધા મેવાડી ચૌહાણ વળીરે, કરી કેસરિયાં અંગ ( ૨ )
ધડે લડે લઈ શીશ હાથમાં, જેણે રાખ્યાં છે રગ-રણનાં"

ગરબાની સમાપ્તિ થતાં હમ્મીરદેવે અતિ હર્ષથી રાધાદેવીને ધન્યવાદ આપતાં કહ્યુ કે,-"રાજગાયકા તો ક્ષત્રિયોની સભામાં રાધાદેવી જેવી જ જોઇએ. રાધાદેવી! તારા ગરબાનો આશય આજના ચાલતા પ્રસગને એટલો બધો અનુસરતો અને ઉત્તેજક છે કે, આ કવિતાની રચનામાટે હું તને જેટલો ધન્યવાદ અને જેટલો પુરસ્કાર આપું તેટલો ઓછો જ થવાનો. તોપણ હુ પ્રસન્નતાથી આ મુક્તામાળા તને ભેટ તરીકે આપું છું તેનો સ્વીકાર કરીને આશા છે કે તુ સતુષ્ટ થઇશ. ક્ષત્રિયવીરોને સદાસર્વદા આવાં સંગીતો જ સંભળાવતી રહેજે." એમ કહી હમ્મીરે પોતાના ગળામાંનો મોતીનો હાર ઊતારીને રાધાદેવીને આપ્યો.

મૌક્તિકસ્રક્નો સ્વીકાર કરતાં રાધાદેવીએ કહ્યું કે;—"મહારાજાધિરાજ! આજે મારો જે આટલો બધો વૈભવ અને સત્કાર છે, તે આપના પ્રતાપે જ. મેં નવીન પુરસ્કાર મેળવવાની આશાથી આ કવિતા રચી જ નહોતી, છતાં આપ જે કાંઈ પણ પ્રસન્નતાથી આપોછો, તેનો મારે સ્વીકાર કરવો જ જોઇએ, એમ ધારીને હું આપના હાથને પાછો ઠેલી શકતી નથી. ગુણીની કદર થાય અને ખરી વાહવાહ મળે, તો તે જ અમુલ્ય પુરસ્કાર છે."

"અસ્તુ. પણ રાધાદેવી આજે રાત્રે અંતઃપુરમાં વડારણોને લઇને આવજે અને ત્યાં એ ગરબો ફરીથી વડારણોના મુખથી ગવરાવજે." એમ કહી સભાવિસર્જનની આજ્ઞા આપી રાજા સભામાંથી ચાલ્યો ગયો અને ત્યારપછી અન્ય સામંતો પણ ઉપર્યુક્ત ગરબાની જે કડી યાદ રહી, તેની ગુંજનરૂપ ઘોષણા કરતા ચાલતા થયા.

ચતુરંગજી અણહિલપુર પહોંચી ગયાના ચારેક દિવસ પછી સમાચાર આવ્યા અને તેથી ધમધોકાર લડાઇની તૈયારીઓ ચાલવા લાગી.

## ચતુર્દશ પરિચ્છેદ

### યુદ્ધાર્થે પ્રયાણ

દ્વિતીય દિવસે અરુણોદય થતાં જ હમ્મીર ચહુઆણે શૌચ આદિથી નિશ્ચિન્ત થઈ, ગંગાજળથી સ્નાન કરી અને શરીરપર સૌગન્ધ્યપૂર્ણ ગંધ આદિનું લેપન કરીને કેસરિયાં—પીળાં—વસ્ત્ર ધારણ કર્યાં. મસ્તકે રત્નજડિત મુકુટ ધારણ કર્યો અને શૂરવીરનાં છત્રીસે બાના ધારણ કરીને તે બ્રાહ્મણોને સન્માન સહિત દાન આપવા લાગ્યો. બીજી બાજૂથી રાઠોડ, કૂરમ, ગૌડ, તોંવર, પડિહાર, પારૈચ, પુંડીર, ચહુઆણ, યાદવ, ગેહલોટ, સેંગર અને પંવાર ઇત્યાદિ જાતિના કુલીન અને શૂરવીર રાજપૂત યોધાઓ પોતપોતાના વીરવેશથી સુસજ્જિત થઈ રણરંગમાં રત અને મદોન્મત્ત માતંગ સમાન ગતિથી હમ્મીરદેવ સમક્ષ આવી એકત્ર થવા લાગ્યા. એ આગત શૂરવીર રાજપૂતોના શીર્ષપર વાંકી પાઘડીઓ, લલાટમાં કેશર મિશ્રિત ગંધના ત્રિપુંડો, ગળામાં તુલસી અને રુદ્રાક્ષની માળાઓ, પાઘડીઓપર લોઢાના ટોપ, શરીરપર લોહકવચ, હાથોમાં દસ્તાના અને યથાઅંગ છત્રીસે પ્રકારનાં સાધનો જોવામાં આવતાં હતાં. એ શૂરવીર યોધાઓ સાક્ષાત્ શિવના ગણ સમાન જ સુશોભિત દેખાતા હતા. એક બાજૂએ એ સર્વ વીર સમુદાય સહિત હમ્મીરદેવ ગણેશ, શિવ અને ભગવતી ઇત્યાદિના પૂજન અને પરિક્રમાના કાર્યમાં નિમગ્ન થએલો હતો અને બીજી બાજૂએ રાજમહાલયના દ્વાર સમક્ષ મેઘના અવતારરૂપ અને મહા વિશાળ દંતવાળા ઉન્મત્ત હાથીઓ અને વાયુના વેગને પણ ઉલ્લંઘી જવાવાળા અશ્વોનો સમુદાય આવી આવીને એકત્ર થયા કરતો હતો. નભોમંડળમાં સૂર્યનારાયણનો ઉદય થતાંની સાથે તો હમ્મીર દેવ પોતાના વીર યોધાઓ સહિત ઇષ્ટદેવનું સ્મરણ કરતો રાજમહાલયમાંથી બહાર આવ્યો. મહારાજાના આવતાં

જ સમસ્ત સેના વ્યૂહબદ્ધ બની ગઈ. એ સેનામાં સર્વથી અગ્રભાગે સાક્ષાત્ કાલ સમાન અને વિકરાલ કાલિકાના અવતારરૂપ તોપો જોવામાં આવતી હતી. એમની પાછળ હસ્તિપંક્તિ, ઉંટોની હાર અને અશ્વોની પક્તિ અને એ અશ્વારોહી સૈન્યની પાછળ તુબકદાર પાયદળ ઇત્યાદિની હારો ગોઠવાયલી હતી. એ સમયે બાલરવિનાં સુવર્ણવર્ણ કિરણોના પતનથી સર્વ સાજોથી સુસજ્જિત ચંચળ, અશ્વો અને ગંધમય ગંડસ્થળ-વાળા હાથીઓ બહુ જ દેદીપ્યમાન અને આકર્ષક દેખાતા હતા. હમ્મીર દેવ સમરાંગણમાં જવાની આજ્ઞા લેવામાટે પોતાની માતા પાસે મહા-લયમાં ગયો.

હમ્મીરની સત્વગુણશીલા શક્તિસ્વરૂપા સતી માતા મહાલયમાં પોતાના ઇષ્ટદેવનું આરાધન કરતી બેઠી હતી. પોતાના સુપુત્રને પોતાપાસે આવતો જોઇને તે પોતાના આસનપરથી ઉઠીને ઊભી થઈ અને આશી-ર્વાદ આપતી બોલી કે,—" મારા સુપુત્ર ! સદા સર્વદા તારું કલ્યાણ થાઓ અને તુ ચિરંજીવ હો !"

હમ્મીરદેવ કરદ્વય જોડી માતાને માનપૂર્વક પ્રણામ કરીને પ્રાર્થનાના સ્વરૂપમાં કહેવા લાગ્યો કે,—" પરમપૂજ્ય તીર્થસ્વરૂપા વીરજનની ! હુ અત્યારે યુદ્ધમાં જાઉં છું, એની કદાચિત્ આપને ખબર નહિ હોય, તેથી જ આપે મને ચિરંજીવ થવાનો આશીર્વાદ આપ્યો છે. પરંતુ આપનો એ આશીર્વાદ વ્યર્થ થશે, એવી મને ભીતિ થયા કરે છે, કારણ કે, યુદ્ધમાં જીવનની સંભાવના હોતી નથી, એ એક સર્વમાન્ય સિદ્ધાંત છે. જો કોઈ પણ ક્ષત્રિયવીરનું જીવન વીસ વર્ષથી આગળ વધીને ત્રીસ વર્ષપર્યન્ત લંબાય, તો તેને મહાભાગ્યશાળી જ માનવો જોઇએ. કારણ કે, કેસરીનો કુમાર દીર્ઘ આયુષ્ય ભોગવી શકતો જ નથી અને વાયસ શતાયુ થાય છે. એટલામાટે હે માતા ! હું ચિરજીવ થવાનો આશીર્વાદ માગતો નથી, પરંતુ હું તમારો પુત્ર હોવાથી મારા ક્ષત્રિયધર્મની ક્ષતિ ન થાય અને તમારાપર લોકો આક્ષેપ ન કરે, એટલો જ માત્ર હું આશીર્વાદ માગું છું. સુલ્તાન સાથે સંગ્રામ કરીને અને જગતમાં અમર નામ મૂકીને હું સ્વર્ગારોહણ કરું, એટલો જ આશીર્વાદ આપો. જીવનની હું જરા પણ આશા રાખતો નથી." એમ કહીને પુનઃ તેણે માતાનાં ચરણોમાં હર્ષપૂર્વક મસ્તક નમાવ્યું.

માતાએ પ્રેમપૂર્વક તેના મસ્તકને પોતાના હસ્તમાં ધારણ કરી લીધું અને હર્ષથી ઉભરાઈ જતા અંતઃકરણથી આશીર્વાદ આપતાં કહ્યું કે;—

" તીરાં ઊપર તીર સહિ, સેલાં ઊપર સેલ;
ખગ્ગાં ઊપર ખગ્ગ સહિ, રન, સન્મુખ સુત ! ખેલ.

ભુજ મુખ છાતી સામુહેં, ધાવાં ઊપર ધાવ;
પલક ન ઝંપે પૂતકી, ચઢે ચૌગુનો ચાવ.
તિલ તિલ તન કટિ કટિ પરૈ, તેગાં મુકખ મુવન્ન;
દીન્હી તો હિ અસીસ મૈં, નારી ગીત ગુવન્ન.
જો જૂઝે તો અતિ ભલૌ, જો જીતે તો રાજ;
દેતિ પુકારેં મૈં સબૈ, મંગલ ગાવૈ આજ !" *

એ પ્રમાણે જનનીનો આશીર્વાદ સાંભળીને રણમત્ત હમ્મીર મહા ઉત્સાહપૂર્ણ સ્વરથી માતાને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે;–"હે માતા, આજે અનવરુદ્ધ અને શુદ્ધ મનથી ક્રુદ્ધ થઇને હું યવનરાજસાથે યુદ્ધ કરીશ. યવનોના સૈન્યને આજે મારી અસિના અને મારા બાણના પ્રહારથી ખંડખંડ કરી નાખીશ. રણભૂમિમાં સર્વત્ર કોલાહલ મચી જાય, દિવસ અને રાત્રિનુ ભાન ન થાય અને ક્ષત્રિયોના વિજયનો ધ્વનિ ચતુર્દિશામાં સંભળાય તો જ યુદ્ધ કર્યું પ્રમાણ. માતા ! આ શીશ કપાઈ જશે અને ધડ ધરણીપર ઢળશે, તો પણ આ તમારો સુપુત્ર પોતાની પ્રતિજ્ઞાથી ટળશે, એવી શંકા તમારે સ્વપ્નમાં પણ લાવવી નહિ. વિજયી થયાવિના હું જીવતો રણભૂમિમાંથી પાછો આવવાનો નથી, એ મારાં વચનોને અક્ષરે અક્ષર સત્ય પ્રમાણજો."

"તારી સર્વ વાંચ્છનાઓ સફળ થાઓ." માતાએ કહ્યું. એ આશાર્વચન ઉચ્ચારતાં તે જનનીના નેત્રોમાંથી હર્ષાશ્રુની ધારા વહી નીકળી.

હમ્મીરે પુનઃ મસ્તક નમાવીને કહ્યું કે;—" જનની, મારી અંતિમ એક પ્રાર્થના છે તે કૃપા કરીને સાંભળી લ્યો. કદાચિત્ ઇશ્વરના કોપથી કે અન્ય કોઈ કારણથી ક્ષત્રિયોનો પરાજય થાય અને રણથંભોરના કિલ્લા તરફ યવનપતાકા જ આવતી દેખાય, તો તે જ ક્ષણે જુહાર કરીને ભાવિ ભ્રષ્ટતાથી મુકત થજો—સ્વર્ગના અવિચલ સુખથી યુકત થજો."

ઇશ્વરેચ્છા બલીયસી." જનનીએ નિઃશ્વાસ નાખીને કહ્યું.

અતુલદયાશીલા ! અને વીરપ્રસવિની વીરમાતાનો આશીર્વાદ લઇને હમ્મીર ત્વરાથી પાછો પોતાના યોધસમુદાયના મધ્યમાં આવીને શોભવા લાગ્યો. રાજાના આવતાં જ સૈન્ય સંપૂર્ણ સ્વરૂપથી સુસજ્જિત થઈ ગયું. નોબત, નગારાં, શંખ, શરણાઈ, રણતૂર, શૃંગી અને ડફ. ઇત્યાદિ રણવાદ્યોના ગગનભેદક ધ્વનિ થવા લાગ્યા. ભાટ અને ચારણો ઉચ્ચ સ્વરથી સિંધુડો ગાઇને યોદ્ધાઓના રણોત્સાહને વધારવા લાગ્યા. ભૂમિપર એ શૂરવીરોનો સમુદાય ઉમંગથી રણભૂમિની દિશામાં આગળ વધતો

* હમ્મીર કેસરિયાં કરીને પોતાની માતા પાસે રણમાં જવાની આજ્ઞા લેવામાટે ગયો હતો, એ ઘટના કવિ ચંદ્રશેખર કૃત "હમ્મીરહઠ" કાવ્યમાં વર્ણવેલી છે અને તેમાંથી જ આ પ્રસંગ લેવામાં આવ્યો છે. 'હમ્મીર મહાકાવ્ય' અને ' હમ્મીરરાસો 'માં એનો સંપૂર્ણ અભાવ છે.

જતો હતો અને આકાશમાં અપ્સરાના સમુદાયો સમરમાં શત્રુસમક્ષ પ્રાણત્યાગની આશાથી જતા એ વીરોને પોતાના હૈયાના હાર બનાવવા-માટે આકાશમાર્ગમાંથી ભૂમિપર આવવામાટે નીકળી ચૂક્યા હતા. જેવી રીતે રણથંભોરના એ રાજપૂત વીરો ઝિલમ, ટોપ, બખ્તર, દસ્તાના, કલગી, તુર્રા, શિરપેચ, અને તીર, તુબક, તેગ, તલવાર, તપલ, તોમર, તૌરા, નેત, બરછી, બિછુવા, બાંક, છુરી, તમંચા, પેશકબ્જ, કટાર, પરિઘ, ફરસા, દાબ, અને ભાલા, ઇત્યાદિ અસ્ત્ર શસ્ત્રથી સજ્જિત થઇને રણભૂમિમાં જવામાટે સિદ્ધ થયા હતા; તેવી જ રીતે આકાશમાંની અથવા સ્વર્ગમાંની સર્વાંગસુંદર નવયૌવના અપ્સરાઓ પણ શિર:પુષ્પ, દામિની, તિર્યક્‌વેણી, તાટંક, હાર, બાજૂબન્દ, કંકણ, પહોંચી અને નૂપુર ઇત્યાદિ અલંકારો અને નાના પ્રકારની રંગવિરંગી કંચુકી, ચોલી તથા સાડીઓ પરિધાન કરીને વીરને વરવાની આશાથી આકાશમાં સ્થિત થએલી દેખાતી હતી.

"હૃદય ભર્યા રણરોષથી, ચંચલ લોચન લાલ;<br>
ભ્રકુટિ વક્ર એવી બની, જાણે રિપુના કાલ!"

એવા રણશૂર યોધાઓ જયનાદ કરતા રણથંભોર દુર્ગમાંથી બહાર નીકળ્યા. હમ્મીરદેવ પોતાના રાજહસ્તીપર રત્નજડિત સુવર્ણની અંબાડીમાં બેઠો હતો અને રાજાને યુદ્ધમાં આવતો જોઇને સૈનિકોનો ઉત્સાહ હજારગણો વધતો જોવામાં આવતો હતો. સૈન્યના મધ્યમાં ચાલતો હમ્મીરનો હાથી, જાણે કાજળનો ગિરિરાજ ચાલ્યો જતો હોયની! એવો જ દેખાતો હતો અને તેનાપરની ચળકતી અંબાડી જાણે કૃષ્ણવર્ણ મેઘાચ્છાદિત આકાશમાં રવિની પ્રચંડ તેજ:પ્રભા હોયની! એવો જ જોનારને ભાસ થતો હતો અને તે તેજ:પ્રભાના મધ્યમાં હમ્મીરદેવ સાક્ષાત્ સૂર્યનારાયણ સમાન જ ભાસતો હતો. એ અપરિમિત ક્ષત્રિયસેનાને રણભૂમિ પ્રતિ પ્રયાણ કરતી જોઇને જાણે મહાસાગર પોતાની સ્વાભાવિક મર્યાદાને ત્યાગીને જગત્પ્રલય કરવામાટે જ નીકળ્યો હોયની! જાણે મહાસંતાપ-કારક ગ્રીષ્મ ઋતુના સંહારમાટે પોતાના મેઘરૂપ દલ સહિત વર્ષાઋતુરૂપ રાજા આકાશરૂપ રણભૂમિમાંથી આવતો હોયની! અને અનંગના સંહાર-માટે જાણે મહાદેવે જ પ્રયાણ કર્યું હોયની! એવો જ પ્રત્યક્ષ ભાસ થતો હતો. સંક્ષેપમાં એટલું કહેવું જ પૂર્ણ થશે કે;–

"અહિ કપૈ ચપૈ ચરન, રવિરથ ઝંપૈ ધૂરિ;<br>
ચઢયો રાય હમ્મીર ઇમિ, જુદ્ધ હરખ ભરિપૂરિ!"

એટલે કે, યોધાઓના ચાલવાથી થતા ચરણ–આઘાતવડે ભૂમિ કંપાયમાન થતી હતી અને ભૂમિપરથી ઉડતી ધૂળ ઠેઠ આકાશમાં સૂર્યનારાય-

ણુના રથપર્યન્ત પહોંચતી જોવામાં આવતી હતી. એવી ધામધૂમથી હમ્મીરચહુઆણ યુદ્ધના હર્ષથી ભરપૂર થઇને શત્રુના સંહારમાટે ચઢ્યો હતો. એ વખતે સૈન્યમાં જે અનેક ભાટ અને ચારણો ભિન્ન ભિન્ન સ્થળે અનેક શૌર્યવર્ધક કવિતાઓ ગાતા હતા, તેમાંની એક કવિતા અમારા વાચકોની જાણમાટે અમે અહીં ઊતારી લઇએ છીએ.

"યદપિ હિમાચલ શૃંગ હોય ભૂતલપે આડે;
યદપિ સૂર સસિ ખસૈં ધસૈં જે નભમેં ઠાડે;
યદપિ સિન્ધુ ઇક બિન્દુ હોય સૂખૈ છનમાહીં;
તદપિ છત્રિક પુત્ર તજે રણમૈં અસિ નાહીં,
કૈં નાશૈ રણમાહિં શત્રુ કૈ નાશૈ જીવન;
ગાઢે ધર અસિ હાથ કરે ભુજ ઠોક ચહીપન,
કબ હું પ્રાણભય કરૈ નાહિં, નહિં રણતે ભાજૈં,
સમર ભુમ્મિ દૈસીસ ઇસપુર જાય બિરાજૈં;
જૌન મત્ર હમ લહ્યો જૌન હમ પાયૌ દિચ્છા;
તૌન આજ કરિ ગૌન યુદ્ધમેં કરે પરિચ્છા,
કાટિ યવનકે મુણ્ડ ઝુણ્ડકે ઝુણ્ડ લગાવૈં,
કુણ્ડ રુધિરકો પૂરિ હરષિ ઘરકો ફિર આવૈ,
લગૈં માતુ કે ચરણ હોય જીયમેં તબ ધીરા,
જૌં લૌં હને ન શત્રુ હોય ચિત નિપટ અધીરા,
બિદિત સકલ સસાર બીર માતાકે જાયે,
રખે દેશકો માન આપનો પ્રાણ ગઁવાયે.
જન્મભૂમિકે હેતુ સેતુ જીવનકો ટૂટૈ;
તૌકછુ ચિન્તા નાહિં ધર્મકો પથ ન છૂટૈ.
શુભ મગલ આસીષ સર્વકો પ્રભુવર દીજે,
હૃદય પ્રેમસોં લાય બેગ અબ બિદા કરીજે,
શત્રુ પુકારૈં ખેત ઇતૈ ધૌંસા ઘહરાહી;
ધિક્ છત્રીકો પૂત રહે જો ઘરકેમાંહી."

એવાં અનેક વચનો અને વીરકવનોથી ઉત્તેજિત થતા ક્ષત્રિય વીરો રણક્ષેત્રમાં કુશળપૂર્વક આવી પહોંચ્યા.

## પંચવિંશ પરિચ્છેદ

### ભયાનક યુદ્ધ

એ પ્રમાણે જંગરંગરાતા મદમાતા રાજપૂતો એક તરફથી રણભૂમિમાં આવી લાગ્યા અને બીજી તરફથી બાણોની ભયંકર વૃષ્ટિ વર્ષાવતી મુસલ્માન સૈના પણ પર્વતની કન્દરાઓમાંથી તીડોના દલ પ્રમાણે નીકળીને રણભૂમિમાં આવી ઊભી રહી. ઉભય સૈનાઓએ પ્રથમ તો

એક બીજાપર ધૂમ્રધારિણી તોપો, નાલિકા, તુબક અને તમંચા ઇત્યાદિ આગ્નેયાસ્ત્રોની વૃષ્ટિ કરી. પરંતુ જ્યારે વીરત્વના ઉત્સાહથી પ્રોત્સાહિત થઇને ઉભય પક્ષના સૈનિકો સમુદ્રની ભરતી પ્રમાણે આગળ વધીને એક બીજા સાથે મળી ગયા અથવા બહુ જ નિકટમાં આવી ગયા ત્યારે પછી એકદમ તેગ, તલવાર, તબલ, છુરી, બિછુઆ, કટાર, ગુર્જ અને ફરસા ઇત્યાદિ શસ્ત્રોના પ્રહારનો અપ્રતિહત વ્યાપાર ચાલવા લાગ્યો. ક્ષણમાત્રના અવધિમાં તે આનંદમય અને આમોદમય રણભૂમિએ સાક્ષાત્ કરુણા અને બિભત્સરસનું સ્વરૂપ ધારણ કરી લીધું. સર્વત્ર ઘાયલ અને મૃત સૈનિકોનાં શબોના ઢગલે ઢગલા દષ્ટિગોચર થવા લાગ્યા. મરી ગયેલા હાથી અને ઘોડાઓનાં શબો નાના પર્વતો જેવા જ દેખાતા હતા, અને કેટલાંક મૃત શરીરો નરદેહરક્તની નદીમાં તણાઇને વહી જતાં હતાં. એ મૃત શરીરોપર બેસીને માંસ ભક્ષણ કરતા કૌવ્વા, ચીલ્હ, ગૃધ્ર, કુહી, બાજ, કુરૌં અને શૃગાલ ઇત્યાદિ વનપશુ અને માંસભક્ષક પક્ષીઓ અત્યન્ત ભયાનક રવ કરતા હતા. ઉભય પક્ષના સૈનિકો મહાશૌર્યથી લઢતા હતા, એ તો નિર્વિવાદ હતું; પરંતુ ભેદ માત્ર એટલો જ હતો કે, મુસલ્માન સૈનિકો બની શકે ત્યાં સુધી પોતાના શરીરને રક્ષવાનો પ્રયત્ન કરતા હતા અને ક્ષત્રિયો તેવા પ્રકારના કોઇપણ પ્રયત્નવિના મરણિયા થઇને જ શસ્ત્ર ચલાવતા હતા. એનું પરિણામ એ થયું કે, ક્ષત્રિયોના અખંડ શસ્ત્રપ્રહારથી મુસલ્માન સૈનિકોની સંખ્યામાં ઘણો જ ઘટાડો થઈ ગયો અને તેમના પગ રણભૂમિમાંથી ઊખડી ગયા. પોતાના સૈન્યની આવી સ્થિતિ જોઇને બાદશાહે વજીરને નિરાશાથી પૂછ્યું કે;–"વજીર રોશનઝમીર! હવે આપણે આપણી આબરૂને બચાવવા માટેનો કયો માર્ગ સ્વીકારવો? જો આવો જ પ્રકાર ચાલશે, તો થોડા વખતમાં જ આપણો પરાભવ થશે, એ નિશ્ચિત છે."

એના ઉત્તરમાં વજીરે કરદ્વય જોડી પ્રાર્થનાના સ્વરૂપમાં જણાવ્યુ કે;–"જહાંપનાહ! મેં તો આપને અનેકવાર કહ્યું હતું કે, આ દુશ્મન છેડવા જેવો નથી, છતાં આપે પોતાના દુરાગ્રહને પકડી રાખ્યો, તેનું જ આ કડવું ફળ છે અને તેથી આપણે હવે એનો આસ્વાદ પણ ચાખવો જ જોઇએ. અત્યાર સુધી આપ સર્વ કાર્યો પોતાની ઇચ્છા પ્રમાણે કરતા જ આવ્યા છો, એટલે અત્યારે આવા કટાકટીના સમયમાં હું શો માર્ગ બતાવી શકું વારુ? અને કદાચિત્ માર્ગ બતાવું, તોપણ તે આપના ધ્યાનમાં ઊતરશે કે નહિ, એની શંકા જ છે. એટલે બોલીને સુવર્ણનુ જાળ પાણીમાં નાખવું, એના કરતાં મૌન્ય ધારણ કરવું, એ જ વિશેષ ઉત્તમ અને હિતાવહ છે."

"દાના વજીર ! તમે જે કહો છો, તે અક્ષરે અક્ષર સત્ય છે. વિના કારણ હમ્મીર જેવા પ્રબળ સિંહરૂપ શત્રુને છેડવામાં અને યુદ્ધને અંતપર્યન્ત ટકાવી રાખવામાં મેં મોટામાં મોટી ભૂલ કરી છે. પણ હવે એ ભૂલને સુધારવાનો યુદ્ધ વિના બીજો એકપણ ઉપાય રહ્યો નથી અને સંધિનો પ્રયત્ન કરીએ, તોપણ અનેકવાર મેં કાવત્રાં કરેલાં હોવાથી હમ્મીર હવે આપણા વચનને સત્ય માનશે કે નહિ, એ સર્વથા શંકાસ્પદ છે. અત્યારે હવે તમારા વિના યોગ્ય માર્ગ બતાવી શકે, એવો બીજો કોઇપણ બુઝુર્ગ મારી છાવણીમાં નથી." અલાઉદીને પોતાની ભૂલને કબૂલ કરીને કહ્યું.

"જ્યારે એમ જ છે, તો અત્યારે તો એ જ યોગ્ય છે કે, આપણા સૈન્યને ચાર એકસરખા વિભાગોમાં વ્હેંચી નાખો અને એમાંના એક વિભાગનું નેતૃત્વ દીવાનને આપો, એક ભાગનો અધિકાર બાંકા બગસીને આપો, એક ભાગને હું જાળવીશ અને એક ભાગના નેતા આપ પોતે થાઓ—એ પ્રમાણેની વ્યવસ્થા કરીને આપણે ચારે બાજૂએથી શત્રુસૈન્યપર આક્રમણ કરીશું અને હું આશા રાખું છું કે, એથી અવસ્ય આપણો વિજય થશે જ. પણ યદાકદાચિત્ આપણો એ પ્રયત્ન પણ નિષ્ફળ જાય તો બીજો જે એક અકસીર ઉપાય છે, તેને હું રાત્રિના સમયે જ્યારે યુદ્ધનો વ્યવસાય બંધ રહેશે, તે સમયે અજમાવીશ અને ખુદા કરશે તો યુક્તિથી જ શત્રુના મસ્તકને આપનાં ચરણોમાં નમાવીને આપની પ્રતિષ્ઠા બચાવીશ." વજીરે વિચાર કરીને ઉપાય દર્શાવ્યો.

"શાબાશ! મારા પીરાનપીર દસ્તગીર વજીર! શાબાશ!!" અલાઉદીને કૃતજ્ઞતાપૂર્વક ઉદ્‌ગાર કાઢ્યો.

અલાઉદીને તત્કાળ વજીરના ઉપદેશ પ્રમાણે પોતાના સૈન્યને ચાર ભાગમાં વિભક્ત કરી નાખ્યું અને ચારે તરફથી તેમણે શત્રુસેનાપર એક સરખી રીતે આક્રમણ કર્યું. આ વેળાએ વ્યૂહબદ્ધ હોવાથી મુસલ્માન સેનાએ મહાવીરતાયુક્ત અદ્વિતીય પરાક્રમનું દર્શન કરાવ્યું. બાદશાહે પોતાના સૈનિકોને પોકાર કરીને કહ્યું કે;—"મારો જે કોઇપણ સર્દાર, અમીર, સેનાપતિ અથવા સિપાહી મદોન્મત્ત હમ્મીરને જીવતો પકડીને મારા સમક્ષ લાવશે, તેને બાર હજારની જાગીર અને દરબારમાં મોટી મન્સબદારી આપવામાં આવશે. આવો નામના મેળવવાનો અને સ્વાર્થ સાધવાનો અમૂલ્ય પ્રસંગ ફરી ફરીને મળવાનો નથી જ. કારણ કે,

"સદા દૌર દૌરાં દિખાતા નહીં;
ગયા વકત ફિર હાથ આતા નહીં!"

બાદશાહનાં એ વચનો સાંભળી લોભના જાળમાં સપડાઇને અબ્દુલ્લા નામક એક અમીર પોતાની સેનાને લઇને મહાવેગથી આગળ ધપ્યો. રાજપૂત સેનાએ તેના વેગને રોકવામાટેના પોતાથી બનતા પ્રયત્નો કર્યાં. એ વર્ધન અને અવરોધના સમયે મહાભયંકર યુદ્ધ થયું અને ઉભય પક્ષના અનેક વીરોનાં શરીરોનો રણભૂમિમાં નિઃપાત થયો. જ્યારે હમ્મીરદેવના ૨૦૦ અશ્વારોહી સૈનિકો, ૩૦ હાથી અને ૬૦૦ વીર યોધાઓ રણમાં રોળાયા, ત્યારે અંતે એ હાનિને જોઈ ન શકવાથી મીર મંગોલ પોતાના આશ્રયદાતા હમ્મીરદેવ પાસે આવી મસ્તક નમાવીને નમ્રતાથી કહેવા લાગ્યો કે;—"મહારાજાધિરાજ! અત્યાર સુધી તો યુદ્ધમાં મેં જોઇએ તેવો ભાગ લીધો જ નથી અને મારા પરાક્રમોનો પરિચય કરાવ્યો નથી. જો આવી જ અવસ્થામાં મારું મરણ થશે તો લઢવામાટેની મારી આશા મનમાંને મનમાં જ રહી જશે અને મારી અસદ્‌ગતિ થશે. એટલા માટે કૃપા કરીને મને પણ આગળ રહીને લઢવાની આજ્ઞા આપો અને મારા પરાક્રમોનો પણ પરિચય કરો."

"મીર મંગોલ! તમે ગમે તેવા પરાક્રમી હોવા છતાં મારા અતિથિ છો, એટલે વાસ્તવિક રીતે તમને યુદ્ધના અગ્રભાગમાં મોકલવા એ યોગ્ય તો નથી જ; છતાં આપત્તિનો સમય છે અને તમારો આટલો બધો આગ્રહ છે, તો તમારી ઇચ્છાનો અવરોધ કરીને હું તમને અપ્રસન્ન કરવા ઇચ્છતો નથી. ભલે તમારા પરાક્રમોનો પરિચય કરાવો અને વિજયી થઇને પાછા આવો." હમ્મીરે અનિચ્છાથી અનુમતિ આપતાં કહ્યું.

હમ્મીરની એ પ્રમાણે આજ્ઞા મળતાં જ મીર મંગોલ ત્યાંથી નીકળીને તરત સમરભૂમિના મધ્ય ભાગમાં આવીને ઊભો રહ્યો અને બાદશાહને સંબોધીને કહેવા લાગ્યો કે;–"બાદશાહ સલામત! હું મીર મંગોલ આપનો અપરાધી આપનાં નેત્રો સમક્ષ આવીને ઊભો છું, છતાં મને પકડી લેવામાં વિલંબ કેમ કરો છો? અથવા તો મને અન્ય કોઇપણ પ્રકારની શિક્ષા આપવાની હોય તે આપતા કેમ નથી? પોતાની ઇચ્છાને પૂર્ણ કરો. આવો અવસર પુનઃપુનઃ પ્રાપ્ત થવાનો નથી."

મીર મંગોલનાં આવાં ગર્વયુક્ત વચનો સાંભળીને અલાઉદીનના ચરણથી તે મસ્તક પર્યન્ત કોપનો અગ્નિ પ્રજળી ઉઠ્યો અને ખુરાસાનખાનની તરફ જોઇને તે સંતાપથી કહેવા લાગ્યો કે;–"જે કોઇપણ આ મીર મંગોલ—આ સર્વ અનર્થોના મૂળને જીવતો પકડી લાવશે, તેને હું ત્રીસ હજારની જાગીર, બાર હજારની મન્સબ, નોબત, નિશાન અને એક તલવાર ઇનામમાં આપીશ."

"એ કાર્ય કરવાને આ ગુલામ હાજર છે." એમ કહીને પોતાના સૈનિકો સહિત આ તરફથી ખુરાસાનખાન્ આગળ વધ્યો અને રાજપૂત સેનામાંથી મીર મંગોલ પોતાના સૈનિકો સહિત આગળ નીકળી આવ્યો. મીર મંગોલ ક્ષણે ક્ષણે હમ્મીરના જયજયકારનો નાદ કરાવ્યા કરતો હતો. ખુરાસાનખાન અને મીર મંગોલે એક બીજાના સૈન્યપર ભયંકર આક્રમણ કર્યું. બાદશાહે પોતાના સૈનિકોને ઉત્તેજિત કરવાના ઉદ્દેશથી કહ્યું કે;–"આ અપરાધીને સત્વર પકડી લ્યો!" એક તરફ ઉભય પક્ષના સૈનિકો એક બીજા પર બાણોની વૃષ્ટિ વર્ષાવવા લાગ્યા અને બીજી તરફ તે ઉભય વીરો–ખુરાસાનખાન અને મીર મંગોલ એક બીજાની સ્હામે આવી જઇને ખાંડાની ખુલ્લી ધારથી ખેલવા લાગ્યા. કેટલીકવાર સુધી એ ખડ્ગયુદ્ધ ચાલ્યા પછી અન્તે મીર મંગોલે ખુરાસાનખાનને મારીને પૃથ્વીપર પાડી દીધો અને તેના સૈન્યની પતાકા ઇત્યાદિ સર્વ લઈ જઇને હમ્મીરદેવનાં ચરણોમાં સમર્પણ કરી દીધાં. હમ્મીરે આનંદપૂર્ણ મુદ્રાથી ઉદ્ગાર કાઢ્યો કે,—"મીર મંગોલ! ધન્ય છે તમને અને તમારી વીરજનનીને! આજે બાદશાહનો અને તેના મદાંધ સેનાપતિનો તમે એવો તો ગર્વનાશ કર્યો છે કે, લજ્જાને લીધે તેમનાથી તમારા પ્રતિ દૃષ્ટિપાત પણ કરી શકાય તેમ નથી. હું તમારો ઘણો જ આભારી થયો છું."

"હે શરણદાતા, પણરક્ષક અને એકવચની વીરવર્ય ચહુઆણરાજ! ધન્યવાદ તો આપને જ ઘટે છે; કારણ કે, આપ રાજ્ય, પરિવાર, સ્ત્રી અને સર્વ રાજસી વૈભવોને તિલાંજલિ આપીને માત્ર મારા પ્રાણની રક્ષા કરવામાટે જ પોતાના હઠથી હટયા નથી અને સમરયજ્ઞમાં અનેક ક્ષત્રિયવીરોના પ્રાણની આહુતિ આપી ચૂકયા છો. આ કાર્યથી આપની અચલ કીર્ત્તિ આ સંસારમાં સનાતન સ્થિર રહેશે." તેનાં નેત્રોમાં અશ્રુનો આવિર્ભાવ થયો અને તે પુનઃ અવરુદ્ધ કંઠથી કહેવા લાગ્યો કે, "હવે પુન પોતાની માતાના ગર્ભથી જન્મ ધારણ કરીને હું આપની સેવાનો લાભ મેળવી શકું, એવો અવસર કયારે આવશે? કારણ કે, આ યુદ્ધમાં મારા આ શરીરનો નાશ તો અવશ્ય થવાનો જ છે, એમ મારી મનોદેવતા મને દૃઢતાથી કહ્યા કરે છે! મને મરણનો શોક નથી, પણ આપનાં પવિત્ર ચરણોના વિયોગનો જ શોક થયા કરે છે!"

તેનાં આવાં નિરાશાજનક વચનોનું શ્રવણ કરીને હમ્મીરે તેના મનનું સમાધાન કરવાના હેતુથી કહ્યું કે;–"હે વીર મીર મંગોલ! આમ અધીર ન થા. જીવન અને મરણ એ તો સંસારનો એક નિત્યનો આવા-

ધિત કાર્યક્રમ જ છે; એટલે એ વિષયનો વિચાર, શોક કિંવા પશ્ચાત્તાપ કરવો વ્યર્થ છે. વળી તમે અને હું બન્ને વીરતારૂપ એક જ અંશના અવતાર છીએ અને તેથી અવશ્ય આપણે એક જ અંશમાં લીન થવાના, એવો મારો નિશ્ચય છે. એટલા માટે આવા સમયમાં આવા નિઃસાર વાર્ત્તાલાપના વ્યાપારને બંધ કરવો, એ જ શ્રેયસ્કર છે. અત્યારે તો માત્ર એ વિચારથી જ પરમાનંદ પામવાનો છે કે, મનુષ્યદેહ ધારણ કરીને આવી રીતે કીર્ત્તિ મેળવવાનો સમય મહા કઠિનતાથી અને તે પણ કોઈ વિરલ ભાગ્યશાળી નરને જ પ્રાપ્ત થઈ શકે છે, છતાં એ દુર્લભ પ્રસંગ આપણુને પ્રાપ્ત થયો છે અને એટલા માટે અત્યારે આપણા જેવો ભાગ્યશાળી નર બીજો કોઈ પણ નથી."

હમ્મીરના એ શબ્દોથી મંગોલના ભગ્ન મનનું સંધાન અને સમાધાન થયુ, તેનું હૃદય હર્ષથી ભરાઈ ગયું અને મુખમંડળમાં આનંદદર્શન વિલસી રહ્યું. તે પુન હમ્મીરની આજ્ઞા લઈને રણભૂમિમા જવાને ઉદ્યુક્ત થયો, પણ સંધ્યાકાળ થવાથી અને બાદશાહે શ્વેત ધ્વજા ચઢાવી રાત્રે યુદ્ધ ન ચલાવવાની ઇચ્છા દર્શાવવાથી તેનું જવું અટકી પડ્યું. ઉભય પક્ષના સૈનિકો પોતપોતાની છાવણીઓમાં વિશ્રાંતિ લેવાને ચાલ્યા ગયા.

## ષડ્વિંશ પરિચ્છેદ

### સંન્યાસી કે શયતાન?

હમ્મીરદેવ રાત્રિની વિશ્રાંતિ લેવામાટે રણથંભોર દુર્ગથી થોડા અંતર- પર જ છાવણી નાખીને પડ્યો હતો. શિબિરમાં સાધારણતઃ તો જો કે શાંતિનું પ્રાબલ્ય વ્યાપેલું હતું, છતાં સર્વ સૈનિકો ગાઢ નિદ્રાને વશ થયા ન હોતા, અને જેટલા નિદ્રાવશ થયા હતા, તેમણે પોતાનાં શસ્ત્રાસ્ત્રો અને વીરવેશ આદિની પોતાના શરીરથી ભિન્નતા કરી નહોતી. કારણ કે, હમ્મીરદેવ યવનરાજની કપટવિદ્યાને સારી રીતે જાણતો હતો અને તેથી તેણે પોતાના સૈનિકોને પ્રતિક્ષણે સાવધ રહેવાની સૂચના આપી દીધી હતી. તે પોતે પણ અર્ધ રાત્રિનો સમય થવા આવેલો હોવા છતાં પોતાના તંબૂમાં જાગતો અને કેટલાક યોધાઓ સાથે યુદ્ધવિષયક વાર્ત્તાલાપ કરતો બેઠો હતો. ઘટિકાયંત્રમાંની વાલુકાના સરણના આધારે સૈનિકોએ બાર ટકોરા કર્યા અને તેથી બરાબર મધ્યનિશા થવાની સૂચના મળી. હમ્મીરદેવ શય્યાશાયી થવાના વિચારમાં હતો, એટલામાં એક પ્રહરીએ આવી પ્રાર્થના કરીને કહ્યું કે;—

"ધર્માધિષ્ઠાન મહારાજાધિરાજ! એક સંન્યાસી આપણી છાવણીમાં આવ્યો છે અને અત્યારેને અત્યારે જ તે આપના દર્શન કરવાની ઇચ્છા રાખે છે. અમે તેને રોકી રાખ્યો છે, પણ તે એમ કહે છે કે, જો અત્યારે જ મહારાજા સાથે મારી મુલાકાત નહિ થાય, તો આવતી કાલના યુદ્ધમાં મહા અનર્થપાત થવાનો સંભવ છે."

"વારુ—તેને માનપૂર્વક અહીં લાવ. પરંતુ તેની પાસે ગુપ્ત શસ્ત્રાસ્ત્ર ન હોય, એની તપાસ કરી લેજે." હમ્મીરે આજ્ઞા આપી. પ્રહરી ચાલ્યો ગયો અને ત્યારપછી હમ્મીર પોતાના રણશૂર સેનાનાયકોને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે;—"આ યુદ્ધક્ષેત્રમા એક સંન્યાસીના આગમનનો શો ઉદ્દેશ હશે, એ વિશે હુ કાઇપણ તર્ક કરી શકતો જ નથી. વળી આટલી મોડી રાતે એના આવવામા કાંઈ પણ હેતુ સમાયલો તો હોવો જ જોઇએ. મારા ધારવા પ્રમાણે તો એવા સન્યાસીઓ અને પવિત્રાત્મા યોગીઓ ભૂત, ભવિષ્ય અને વર્ત્તમાનને જાણનારા હોય છે અને જગતનુ કોઈ પણ ગોપ્ય એમનાથી ગુપ્ત હોતું નથી; એટલે મારા વિષયમાં કાઇપણ કહેવામાટે જ એ મહાત્મા આવેલા હોવા જોઇએ. એક પરમહંસ સંન્યાસી વિનાપ્રયોજન આટલે દૂર અને રાત્રિના સમયે અહીં આવે, એ સભવે જ નહિ."

એટલામાં તે સંન્યાસીને લઇને પ્રહરી આવી લાગ્યો. હમ્મીર તથા અન્ય યોધાઓએ કાષાયવસ્ત્રનો ઉત્થાન આપીને સત્કાર કર્યો અને સંન્યાસીએ પોતાને આપવામાં આવેલા આસને વિરાજતાં હમ્મીરને ઉદ્દેશીને "સચ્ચિદાનદ પરમાત્મા મહારાજાને સદ્બુદ્ધિ આપો!" એ પ્રમાણે આશીર્વચનનો ઉચ્ચાર કર્યો.

"આ સેવક આપને પ્રણામ કરે છે." હમ્મીરે મસ્તક નમાવીને કહ્યુ. સંન્યાસીએ પોતાના હસ્તને ઉન્નત કરીને આશીર્વાદ આપ્યો અને કહ્યુ કે;—"મારે આપની સાથે એકાંતમાં કાંઇક વાતચીત કરવાની છે."

"જેવી આજ્ઞા." એમ કહીને હમ્મીરે સર્વ યોધાઓને તંબૂમાંથી બહાર જવાનો સંકેત કરી દીધો. યોધાઓ બહાર નીકળ્યા, પણ પોતપોતાના સ્થાને ન જતાં આસપાસમાં જ વાર્ત્તાલાપ કરતા તેઓ ફરવા લાગ્યા.

એકાંતમાં હમ્મીરે સંન્યાસીને ઉદ્દેશીને કહ્યું કે;—"દેવ! આ સંગ્રામસ્થાન યવનરક્તથી દૂષિત છે. છતાં આપે એવા કયા ગુરુતર કારણથી પોતાનાં પદકમળને આ સ્થાનના સ્પર્શથી અપવિત્ર અને કલંકિત કર્યાં છે, તે કૃપા કરીને જણાવશો?"

"રાજન્! તારામાટેની મારા હૃદયમાંની મંગલકામના જ એનું મૂળ કારણ છે." સંન્યાસીએ સંક્ષેપમાં કહ્યું.

"આ આધીનપર આપનો એ એક મહાન્ અનુગ્રહ છે. આપની જે આજ્ઞા હોય, તે પ્રમાણે વર્ત્તવાને હું પ્રસ્તુત છું. પરંતુ એ આજ્ઞા ક્ષત્રિયધર્મથી વિરુદ્ધ માર્ગમાં વિચરાવનારી ન હોવી જોઇએ, એટલું આપે ખાસ કરીને ધ્યાનમાં રાખવાનું છે." હમ્મીરદેવે નમ્રતાથી કહ્યું.

"સાધુ! સાધુ!! ક્ષત્રિયસંતાન કદાપિ મિથ્યા આચરણ કરતા જ નથી. વિશેષતઃ મને આશા છે કે, તુ એક બ્રાહ્મણ અને તે પણ સંન્યાસી થએલા બ્રાહ્મણની આજ્ઞાનુ કદાપિ ઉલ્લંઘન કરવાનો નથી જ. મારી એવી આજ્ઞા છે કે, જો તું પોતાના કલ્યાણની ઇચ્છા રાખતો હોય, તો આ યુદ્ધના વ્યવસાયનો પરિત્યાગ કર." સંન્યાસીએ ગભીર મુદ્રાથી એ ઉપદેશાત્મક વચનોનો ઉચ્ચાર કર્યો.

"દેવ! હુ પ્રથમથી જ પ્રાર્થના કરી ચૂક્યો છું કે, કૃપા કરીને મને ક્ષત્રિયધર્મ વિરુદ્ધ ઉપદેશ આપશો નહિ, છતાં આ ઉપદેશ મને મારા ધર્મથી ભ્રષ્ટ કરનારો જ છે. અશિષ્ટતાની ક્ષમા કરશો. મારા સકલ્પનો પરિત્યાગ કરીને હું મારા કલ્યાણની ઇચ્છા ધરાવતો નથી. મારી તો એ જ પ્રતિજ્ઞા છે કે કાં તો યવનોનો ઉચ્છેદ કરી નાખવો અને કાં તો યુદ્ધયજ્ઞમાં પોતાના શરીરનુ બલિદાન આપી દેવું." હમ્મીરે હઠપૂર્વક જણાવ્યુ.

"દેવગણ આ નરહત્યાકાંડથી અપ્રસન્ન છે." સંન્યાસીએ પુનઃ પોતાના મતનું સમર્થન કરીને કહ્યું.

"જે દેવગણ સ્વદેશના ઘોર ઉપદ્રવકારક શત્રુઓના શરીરપર શસ્ત્રાસ્ત્ર ચાલનના કાર્યને નિષિદ્ધ ગણીને અમને અમારા ધર્મ અને કર્મથી ચ્યુત કરવાની ઇચ્છા ધરાવતા હોય, તેવા દેવોની પ્રસન્નતાની અમને લેશ માત્ર પણ અપેક્ષા નથી. એવા દેવોની અપ્રસન્નતાથી ડરી જઇને ક્ષત્રિયો કદાપિ સમરવિન્મુખ થવાના નથી." હમ્મીરે સંન્યાસીના દેવગણનો તિરસ્કાર કરીને કહ્યું.

"રાજન્! પોતાના યૌવનકાલોચિત ગર્વ અને ઉન્માદને વશ થઈ તું વિનાકારણ દેવધર્મ અને દેવની ઇચ્છાનું અપમાન કરે છે!" સંન્યાસીએ કહ્યું.

"ક્ષત્રિયસંતાનના હૃદયમાં સ્વદેશ સર્વથી વિશેષ પૂજ્ય છે અને સ્વદેશ તથા સ્વધર્મની રક્ષા જ ક્ષત્રિયોનો પરમ ધર્મ છે. જો એ કુલધર્મનું યથાર્થ પાલન કરતાં ક્ષત્રિયવીર નરકનો નિવાસી થાય, તો

તે નરક પણ તેના માટે તો અપ્રાપ્ય સ્વર્ગ જ છે." હમ્મીરે અંતપર્યન્ત પોતાના સત્ય હઠને વળગી રહીને કહ્યું.

"ત્યારે શું તારી એવી જ ધારણા છે કે, તું એકલો જ પોતાના બાહુબળથી આ દેશની રક્ષા કરી શકીશ? ખરી વાત છે કે, ગર્વનો અતિરેક થવાથી મનુષ્ય પોતાને અને પોતાની શક્તિને સર્વથા ભૂલી જાય છે. અત્યારે તારી એવી જ અવસ્થા થએલી છે. પરંતુ સત્ય સિદ્ધાંત એ જ છે કે; દેશ કયો છે, કાળ કેવો છે, આગમન અને વ્યય શો છે, શત્રુ તથા મિત્ર કોણ છે, હું પોતે શું છું અને મારી શક્તિ કેટલી છે, એ સર્વ વિષયોનો વિચાર કરીને જ જે વર્ત્તે છે, તે પુરુષ કદાપિ દુઃખના સમુદ્રમાં ગોથાં ખાતો નથી. મારી એ ઇચ્છા છે કે, તું અત્યારે એ નીતિનું અવલંબન કરીને યવનસમ્રાટ્ અને પોતાની શક્તિની તુલના કરી આ હઠને ત્યાગી દે તો વધારે સારું." સંન્યાસીએ પુનઃ આગ્રહપૂર્વક પોતાના અભિપ્રાયનું પ્રતિપાદન કર્યું.

"ધારો કે, હું કેવળ મારા પોતાના બાહુબળથી જ મારી જન્મભૂમિની પ્રતિષ્ઠાને રક્ષવાના કાર્યમાં અસમર્થ પણ હોઉં; તોપણ જ્યાં સુધી મારા આ બાહુમાં રક્તનો એક બિન્દુ પણ અવશિષ્ટ રહેશે, ત્યાં સુધી તો આર્યભૂમિ અને આર્યધર્મના વિરોધી એ યવનોના શરીરને વીંધી નાખવામાટે શસ્ત્રાસ્ત્રનું સંચાલન કરવાના કાર્યથી હું કદાપિ અટકવાનો નથી ને નથી જ!" હમ્મીરદેવે અત્યંત શૌર્યના આવેશથી એ ઉત્તર આપ્યું.

"રાજન્! મને જણાય છે કે, તારી સંસારલીલાની સમાપ્તિનો સમય નિકટ આવી લાગ્યો છે. જો એમ ન હોત તો કદાપિ તું એક સંન્યાસીના વચનનો અસ્વીકાર ન જ કરત!" સંન્યાસીએ ભ્રુકુટિ વક્ર કરીને એ અશુભ વાક્યો ઉચ્ચાર્યાં.

"દેવ! હું આપના વચનનો અસ્વીકાર નથી કરતો. બીજી જે કાંઈ પણ ઇચ્છા હોય, તે પ્રમાણેની આજ્ઞા કરો. કિન્તુ ક્ષત્રિયસંતાન મૃત્યુથી તો લેશ માત્ર પણ ડરતા કે ગભરાતા નથી. શત્રુઓને આધીન થવા કરતાં ક્ષત્રિયો મૃત્યુને વિશેષ ઉત્તમ સમજે છે; કારણ કે; મૃત્યુ સદા સર્વદા મુક્તિદાયક હોય છે." હમ્મીરે હઠવાદ કર્યો.

"તું યુદ્ધનો પરિત્યાગી થાય, એ કાંઈ મારી પોતાની જ ઇચ્છા નથી, કિન્તુ વિધાતાની પણ એ જ ઇચ્છા છે કે, તું યવનસમ્રાટ્નો આજ્ઞાધીન બની જા—એથી કુલલક્ષ્મી તારી સાહાય્યકારિણી થશે અને આ રણુથંભોરમાં તારું રાજ્ય ચિરકાલીન છે, તે ચિરંજીવી થઈ જશે." સંન્યાસીએ હમ્મીરથી ન સહી શકાય તેવાં વાક્યોનો ઉચ્ચાર કર્યો.

હમ્મીરના રોમ રોમમાં કોપાગ્નિનો સંચાર થયો, બાહુ સ્ફુરિત થયા, હૃદય ધડકવા લાગ્યું અને નેત્રોમાંથી અગ્નિની શિખાઓ નીકળવાનો ભાસ થવા લાગ્યો. તે કોપના આવેશમાં ભીષણ સ્વરથી કહેવા લાગ્યો કે,–"શું આર્યસંતાન પૂજ્ય સંન્યાસીના મુખમાંથી આ યવનોચિત વાક્ય! બ્રહ્મચારિન્! તમારા બ્રહ્મતેજનો લોપ થયો છે અને તેથી હવે તમે અમારા પૂજ્ય નથી. અરે અનાર્ય! કોઈ પણ ક્ષત્રિય સંતાન, રાજ્ય અને ક્ષણિક જીવનસુખની આશામાં બદ્ધ થઇને શત્રુસંહારક શસ્ત્રચાલનના ઉદ્યોગનો ત્યાગ કરે ખરો કે? ક્ષત્રિયવીરો ધન, માન અને સુખની આશાથી શસ્ત્રવિદ્યાનો અભ્યાસ કરતા નથી, કિન્તુ સ્વદેશ અને ક્ષત્રિયકુળના ગૌરવની રક્ષા કરવામાટે જ તેઓ એ વિદ્યાના અભ્યાસનો પરિશ્રમ વેઠે છે. કાપુરુષ! તારાપર અત્યારે મને એટલો બધો ક્રોધ વ્યાપી ગયો છે કે, આ ક્ષણે અને આ સ્થળે જ આ શસ્ત્રથી તારા શરીરના બે વિભાગ કરી નાખું!" એમ કહીને હમ્મીરે પોતાની તીક્ષ્ણ ધારવાળી તલવારને મ્યાનમાંથી બહાર કાઢી, કે જે દીપકના પ્રકાશમાં ચપળા સમાન ચમકવા લાગી.

સંન્યાસી હમ્મીરના એ પ્રચંડ આવેશને જોઇને ભયભીત બની ગયો–તેના શરીરમાં કંપનો આવિર્ભાવ થયો અને અચાનક તેના મુખમાંથી એ ઉદ્ગાર નીકળ્યો કે;–"યા અલ્લાહ! હવે તું જ મદદગાર થા! મહારાજા! હું આપનો અપરાધી છું અને માફી માગું છું. દયા કરીને મારો વધ કરશો નહિ."

"હે! આ શું? સંન્યાસી કે શયતાન? દુષ્ટ યવન! વેશ બદલીને આવ્યો છું કે શું? અધમાધમ મ્લેચ્છ! તારી ક્ષમતાની એટલી બધી મર્યાદા વધી ગઈ કે, ક્ષત્રિયના સૈન્યશિબિરમાં તું સન્યાસીનો વેશ ધારણ કરીને આવ્યો? આવી રીતિથી તારા અહીં આવવાનું કારણ શું હતું તે ખરેખરું બતાવી દે, નહિ તો આ ક્ષણે જ તારા શરીરના એક ઘાથી બે કકડા કરી નાખીશ." હમ્મીરે સાક્ષાત્ કાળનું રૂપ ધારીને કહ્યું.

"જી–હું–હું–હું–" ભયથી એટલું બોલીને વેષધારી સંન્યાસી અટકી ગયો. તેનાથી વધારે બોલી શકાયું નહિ.

"હું હું શું કરે છે? જે બોલવાનું હોય તે બોલી નાખ અને નહિ તો મરવાને તૈયાર થા." હમ્મીરે પુનઃ ભયનું દર્શન કરાવ્યું.

"જી–હું સુલ્તાન અલાઉદ્દીનનો વજીર છું અને તેમની આજ્ઞાથી જ આવા વેશમાં અહીં આવ્યો છું. આપ દયાળુ છો, માટે મારા પાપી જીવનનું મને દાન આપો." વેશધારી સંન્યાસીએ પોતાના સત્ય સ્વરૂપની ઓળખાણ આપી.

" સુલ્તાનનો તને આવા વેષમાં મોકલવાનો શો હેતુ હતો ?" હમ્મીરે ગર્જના કરીને પૂછ્યું.

"રાજપૂતો અત્યંત શૂરવીર હોવા છતાં ધર્મભીરુ અને બ્રાહ્મણ તથા સંન્યાસીની આજ્ઞાનું પાલન કરનારા તથા તેમની વાણીને ઈશ્વરની વાણી તરીકે માનનારા હોય છે, એ અમે સારી રીતે જાણીએ છીએ. યુદ્ધમાં અમારી અત્યાર સૂધીમાં ભયંકર હાનિ થએલી છે અને તેથી જો આપના મનમાં આવા કપટાચારથી સંશય ઉત્પન્ન થાય તો આપ પોતે જ સુલ્તાનને આધીન થાઓ, એટલે અમારી હાનિ થતી પણ અટકે અને મૂછ પણ ઊંચી રહે, એવા બે હેતુથી જ આ કપટમાર્ગનું અમે અવલંબન કર્યું હતું; પણ પાપનો ઘડો ફૂટી ગયો છે અને મને પ્રત્યક્ષ અનુભવ મળી ચૂકયો છે કે, દગાની બાજી વધારે વખતસૂધી રમી શકાતી નથી અને કદાચિત્ રમી શકાય, તોપણ અંતે તો તેમાં હાર જ થાય છે. હવે આ શરીરમાં પ્રાણ છે તો આવું અસદાચરણ હું કદાપિ કરવાનો નથી. આટલી ભૂલની ક્ષમા આપો." વજીરે પોતાના ભેદનો નિષ્કપટતાથી સ્ફોટ કરી દીધો અને તે પોતાના અપરાધમાટે અંતઃકરણપૂર્વક પશ્ચાત્તાપ કરવા લાગ્યો.

" હું ધારું છું કે, સુલ્તાન અલાઉદ્દીનના શબ્દકોષમાં ધર્મ અને ધર્મયુદ્ધ એ બે શબ્દોનું અસ્તિત્વ જ નથી અથવા હોય તો તેણે એ શબ્દોનો બહિષ્કાર કર્યો હશે. જો એમ ન હોત, તો વારંવાર સુલ્તાન આવાં અધર્મયુક્ત પ્રયત્નોની યોજના કરત જ નહિ. હવે મારો દૃઢ નિશ્ચય થયો છે કે, સુલ્તાન કાપુરુષ છે, રણભીરુ છે અને શૃગાલ છે. એટલે અત્યાર લગી મારા વિજયમાટે મારા મનમાં જે થોડો ઘણો પણ સંશય હતો તે જતો રહ્યો છે અને વિજય અંતે અમારો જ છે એવો નિશ્ચય થયો છે. નીચ વજીર ! તારો વધ કરીને પોતાના ખડ્ગને કલંકિત કરવાની મારી મનોભાવના નથી. ક્ષત્રિયો નપુંસકના શરીરપર શસ્ત્ર ચલાવતા જ નથી. નીચ વજીર ! તું તારા નીચ સુલ્તાનને જઈને કહે કે, રણથંભોરનો રાજા તારા જેવો ક્ષુદ્રાશય અને વિશ્વાસઘાતક નથી. પૃથ્વી તથા પિનાકનું સમસ્ત ઐશ્વર્ય આવીને ચરણોમાં આળોટે, તોપણ ક્ષત્રિયો કદાપિ સ્વધર્મરક્ષાના પક્ષનો ત્યાગ કરીને શત્રુપક્ષનો સ્વીકાર કરે, એ ન ભૂતો ન ભવિષ્યતિ સમાન જ સમજી લેવું. દુષ્ટ નારકીય કીટ ! તું જો પોતાના કલ્યાણની ઇચ્છા રાખતો હોય તો આ ક્ષણે જ અહીંથી ચાલતો થા !" હમ્મીરે અત્યંત તિરસ્કાર અને ધિક્કારથી તેની નિર્ભર્ત્સના કરીને કહ્યું.

વેષધારી સંન્યાસી અથવા તો સુલ્તાનનો વજીર, હમ્મીરની એ કઠિન આજ્ઞાને સાંભળીને એક શબ્દનો પણ ઉચ્ચાર ન કરતાં મૌન્ય ધારીને ત્યાંથી ચાલતો થયો. હમ્મીરે તે બીજા કોઈ જોડે છાવણીમાં વાતચીત ન કરે, એટલામાટે તેની સાથે બે વિશ્વાસુ સૈનિકો મોકલ્યા કે, જેઓ તેને છાવણીની બહાર છોડી આવ્યા. જ્યારે એ વાર્તા અન્ય યોધાઓના જાણવામા આવી, ત્યારે તેઓ દાંત હોઠ ચાવવા લાગ્યા અને તે વજીર પોતાના હાથમાંથી જીવતો છટકી ગયો, એટલામાટે મનમાં સતાપ કરવા લાગ્યા. એક યોધાએ કહ્યું કે,–'બાંધવો! આપણો જો એક પણ માણસ ભૂલચૂકથી યવનોના હાથમાં સપડાઈ જાય છે, તો તેઓ તરત તેનો નાશ કરી નાખે છે અને એમ કરીને શત્રુની સંખ્યામાં એકનો ઘટાડો થએલો માને છે, અને આપણે વારવાર ઉદારતા બતાવીને તેમના કપટી તથા નીચ મનુષ્યોને જીવતા જવા દઈએ છીએ, એથી તેમની સખ્યામા ઘટાડો થતો નથી. ખરેખર એ દયામય રાજનીતિ જ આપણા વિનાશ અને પરાજયનુ મૂળ કારણ થઈ પડી છે. એ હિતવિનાશિની રાજનીતિનો અવશ્ય આપણે ત્યાગ કરવો જ જોઇએ."

હમ્મીરે તબૂમાથી ધ્વનિ કર્યો કે,–'દયાને ત્યાગવાની કશી પણ આવશ્યકતા નથી, કારણ કે, 'यतो धर्मस्ततो जय.' જ્યાં ધર્મ ત્યાં જ જયનો નિવાસ છે."

સર્વ સ્તબ્ધ થઈ ગયા.

## સપ્તવિંશ પરિચ્છેદ

### કર્તવ્ય એ જ જીવન

અથવા

### મીર મંગોલનું સ્વર્ગારોહણ

બીજા દિવસના સૂર્યનો ઉદય થયો અને તે સાથે પુનઃ યુદ્ધના આરંભનો પણ ઉદય થયો. હમ્મીરદેવના પક્ષમાંથી મીર મંગોલ પોતાના પ્રચડ સૈન્યને સાથે લઇને જયનાદ કરતો રણભૂમિના મધ્ય ભાગમાં આવી પહોંચ્યો. મીર મંગોલ સાથે શૂરવીરતા અને યુદ્ધવિદ્યામાં બરાબરી કરી શકે એવો એક પણ સેનાપતિ અલાઉદીનપાસે બીજો કોઈ ન હોવાથી તેણે મીર મંગોલની યુદ્ધગતિને અટકાવવ માટે તેના જ સહોદર મીર ગબરુની યોજના કરી હતી, એટલે પોતાના સ્વામીની આજ્ઞા અનુસાર મીર ગબરુ પણ આવીને યથાસમય રણભૂમિમાં ઉપસ્થિત થયો. ઉભય ભ્રાતાઓના દર્શનીય યુદ્ધનું અવલોકન કરવામાટે અલાઉદીન પણ

પોતાના હાથીના હોદ્દાપર બેસીને ત્યાં આવ્યો હતો. જે વેળાએ એ ઉભય વીર ભ્રાતાઓ એક બીજાના શરીરપર શસ્ત્રાઘાત કરવાને તૈયાર થયા, તે વેળાએ કૌતુકપૂર્ણ હાસ્ય કરી મીર મંગોલને ઉદ્દેશી અલાઉદ્દીને પોતાના હાથીપરથી કહ્યું કે;—

"મીર મંગોલ! તારી વીરતા અને રણવિદ્યાકુશળતાની હું અંતઃકરણપૂર્વક પ્રશંસા કરું છું. જે સમયથી તેં દિલ્લીનો ત્યાગ કર્યો છે, તે સમયથી આજ સૂધીમાં તેં મારાં ચરણોમાં પોતાનું મસ્તક નમાવ્યું નથી અને હવે પછી પણ નમાવીશ કે નહિ, એની શંકા જ છે. એ તારી દૃઢતા અને હઠશીલતાથી પ્રસન્ન થઇને હું તને કહું છું કે, હવે તું પાછો મારા પક્ષમાં ચાલ્યો આવ. હું તારા સર્વ અપરાધોની ક્ષમા આપું છું અને જે બેગમને તુ ચાલાકીથી સાથે લાવ્યો છે, તે પણ તને જ આપી દેવાની કબૂલાત આપુ છું. એ ઉપરાંત ગોરખપુર જિલ્લો તને જાગીરમાં આપી દેવાનું વચન આપું છું. મુસલ્માને મુસલ્માનના પક્ષમાં જ આવી મળવું જોઇએ. આશા છે કે, તું મારો એક વખતનો માનીતો સરદાર હોવાથી મારી આ આજ્ઞાનો અનાદર તો નહિ જ કરે અને પોતાના લાભની જાણી જોઇને હાનિ પણ નહિ જ કરે!"

અલાઉદ્દીનની એ આજ્ઞાના પ્રત્યુત્તરમાં મીર મંગોલે સસ્મિત વદનથી જણાવ્યું કે;—"હવે આપ મારા તરફથી જે કાંઈ પણ આશા રાખો, તે સર્વ વ્યર્થ છે. આપે રાત્રિના સમયે જનાનખાનામાં બોલાવીને મને જે શબ્દોના બાણ માર્યાં હતા, તે સમયનું કાંઇક સ્મરણ કરો, એટલું જ નહિ, પણ પછીથી કોઈ સ્થળે મને આશ્રય ન મળે અને હું રખડી રઝળીને જ મરી જાઉં, એ માટેની પણ આપે પોતાથી બનતી સર્વ વ્યવસ્થા કરી હતી. એવા સકટના સમયમાં જે એકવચનશીલ હમ્મીરદેવે મને આશ્રય આપ્યો છે, જેણે મારી પ્રતિષ્ઠાનું રક્ષણ કર્યું છે અને મારામાટે જ આટલી બધી પોતાની હાનિ કરી છે, તે મારા આશ્રયદાતા અને અન્નદાતા હમ્મીરના પક્ષનો આ શરીરમાં પ્રાણ છે ત્યાં સૂધી તો હવે હું ત્યાગ કરવાનો નથી જ. એટલું જ નહિ પણ બીજા જન્મમાં પણ મને એ જ સ્વામીનું દાસત્વ પ્રાપ્ત થાઓ, એવી મારી પરવરદિગારને અનન્ય પ્રાર્થના છે!"

જે સ્થળે એ વીરદ્વય લડવામાટે ઊભા હતા, તેનાથી થોડાક અંતરપર હમ્મીર પણ હાથીપર બેસીને આવ્યો હતો અને ત્યાં થોભીને સર્વ ચર્ચા જોયા કરતો હતો. મીર મંગોલને બાદશાહ સાથે વાર્ત્તાલાપ કરતો જોઇને હમ્મીરે તેનાતરફ કુમક મોકલી આપી. પણ તે કુમકની કશી પણ આવશ્યકતા નહોતી. બાદશાહની પૂર્ણ નિરાશા થઈ અને તેથી તેણે

કોપવશતાથી મીર ગબરુને શત્રુપર શસ્ત્રાઘાત કરવાની આજ્ઞા આપી દીધી. બાદશાહની આજ્ઞાને શિરસાવંદ્ય કરી મીર ગબરુએ મીર મંગોલને સંબોધીને કહ્યું કે;–" બંધુ! હવે વિનાકારણ ગતવાર્ત્તાનું સ્મરણ અને પુનરુચ્ચારણ કરવાથી શો લાભ થવાનો છે? ચાલો–તલવારને મ્યાનમાંથી બહાર કાઢીને રણક્ષેત્રમાં આવી જાઓ–આપણે ઉભય ભ્રાતાઓ પોતપોતાના ધર્મ, કર્ત્તવ્ય અને સ્વામિવચનનું પાલન કરીને સ્વર્ગમાં પ્રયાણ કરીશું."

"મારા હૃદયની પણ એ જ લાલસા છે. કારણ કે, સુખ અને ભોગવિલાસ જીવન નથી, કિન્તુ કર્ત્તવ્ય એ જ જીવન છે અને કર્ત્તવ્યનું પાલન કરતાં મરણ થાય તે તુચ્છ જીવન કરતાં અધિક આદરણીય અને શ્રેષ્ઠ છે. એક કવિએ અક્ષરે અક્ષર સત્ય અને યોગ્ય જ કહ્યું છે કે:—" એમ કહીને મીર મંગોલે નિમ્નલિખિત ઉન્નત ભાવમય કાવ્ય પંક્તિઓનો ગભીરતા અને ભીષણતાથી ઉચ્ચાર કર્યો;—

" પાલન કરતાં કર્ત્તવ્યોનું જે યોદ્ધો રણમાં મરતો;
એ શુભ મરણે ચિરંજીવ આ અવનીતલમાં તે ઠરતો"

ઉભય બાંધવો અત્યન્ત પ્રેમપૂર્વક એક બીજાને બાથ ભીડીને ભેટયા. બન્નેનાં નેત્રોમાંથી પ્રેમનાં અશ્રુનું વહન થવા લાગ્યું. પરંતુ એ દૃશ્ય થોડા વખતનું જ હતું. ત્વરિત પોતાના કર્ત્તવ્યનું સ્મરણ કરીને તેઓ વિભક્ત થઈ એક બીજાની સ્હામા પ્રતિપક્ષી બનીને ઊભા રહ્યા. મીર ગબરુએ પોતાના વડિલ ભાઈ મીર મંગોલનાં ચરણોને સ્પર્શ કરીને કહ્યું કે;–"ભાઈ! હવે મને શસ્ત્ર ચલાવવાની આજ્ઞા છે કે?" એના ઉત્તરમાં મીર મંગોલે કહ્યું કે;–"સ્વામિધર્મપાલનમાં આજ્ઞાની આવશ્યકતા જ શી છે? આનંદથી યુદ્ધનો આરંભ કરો." તત્કાળ ખડ્ગયુદ્ધનો આરંભ થયો. કેટલીકવાર સૂધી તો બન્ને ભ્રાતાઓ ખડ્ગથી જ લઢતા રહ્યા, પરંતુ જ્યારે એ યુદ્ધનો કોઇપણ રીતે બહુવાર સૂધી અંત ન આવી શકયો ત્યારે બન્ને વીર ભ્રાતાઓ પોતપોતાના અશ્વોપરથી નીચે ઊતરીને દ્વંદ્વયુદ્ધના કાર્યમાં પ્રવૃત્ત થયા. એ દ્વંદ્વયુદ્ધમાં પણ લગભગ એક પ્રહર જેટલો સમય વીતી ગયો અને ત્યારપછી પરસ્પરના શસ્ત્રાઘાતથી બન્ને વીર ભ્રાતાઓ ઘાયલ અને અવયવભગ્ન થઇને ધરણીપર ઢળી પડ્યા. મીર મંગોલનું શસ્ત્ર ગબરુના શરીરમાં એવું તો સચોટ વાગ્યું હતું કે, તેના યોગે તે તરત સ્વર્ગમાં પ્રયાણ કરી ગયો, પણ મીર મંગોલના શરીરમાં તેટલો આઘાત ન થએલો હોવાથી તે જીવતો રહ્યો; પરંતુ ગબરુનું શસ્ત્ર પણ વિષારિ હોવાથી તે વધારે વાર જીવે એવી આશા તો નહોતી જ. તેણે પાણીની માગણી કરી અને તેને પાણી પાયા પછી

તે કાંઇક સાવધ થતો દેખાયો. અલાઉદ્દીન હાથીપરથી ઊતરીને તેની પાસે આવ્યો અને પૂછવા લાગ્યો કે;–"મીર મંગોલ! મરણ વેળાએ તારા મનમાં કાંઇપણ આશા રહી ગઈ હોય તો કહે. હું તારો શત્રુ હોવા છતાં પણ એક મુસલ્માન તરીકે તારી તે આશાને પૂર્ણ કરવા તૈયાર છું."

"સુલ્તાન! બીજી તો મારા મનમાં કશી પણ આશા નથી; પણ મારા સ્વામીના શત્રુના મસ્તકને ધડથી જૂદુ કરી સ્વામીનાં ચરણોમાં અર્પણ કરવાની જ મારી આશા અવશિષ્ટ રહી છે અને તે આ જન્મમાં પૂરી થાય, એવો હવે સભવ નથી. જો હિન્દુધર્મના સિદ્ધાંત પ્રમાણે પુનર્જન્મ થતો હોય તો મારી એ આશાને હું બીજા અવતારમાં પણ સફળ તો કરવાનો જ." મીર મંગોલે ઉત્તર આપ્યું.

અલાઉદ્દીન કોપાયો પણ એટલામાં મીર મગોલનું સ્વર્ગારોહણ થવાથી પાછો તે શાંત થઈ ગયો. તેનાં નયનોમાંથી નીરનો પ્રવાહ વહી નીકળ્યો.

એ સ્વર્ગવાસી બન્ને ભ્રાતાઓ પોતપોતાના સૈન્યના નામાંકિત વીરો હોવાથી ઉભયપક્ષીય સૈન્યોમાં તેમના મરણથી મહાશોક વ્યાપી ગયો અને યુદ્ધ બંધ રાખવામાં આવ્યું. હમ્મીરે મીર મંગોલના શબને માનપૂર્વક છાવણીમાં લાવી મુલ્લા વગેરેને બોલાવીને મુસલ્માનધર્મના નિયમ પ્રમાણે તેનો ભૂમિદાહ કરાવ્યો. મીર મંગોલના શબને ભૂમિદાહ આપતી વેળાએ, એટલે કે તેને દફન કરતી વેળાએ હમ્મીર પોતે પોતાના શોકદર્શક કૃષ્ણવસ્ત્રધારી સૈનિકો સહિત ત્યાં આવીને હાજર થયો અને સૈનિકોએ તે વીરના મૃત શરીરને શસ્ત્રો નમાવીને માન આપ્યું. તે દિવસે હમ્મીરના સૈન્યમાં કોઇએ પણ અન્ન કે જળને સ્પર્શ કર્યો નહિ. મીર ગબરુના શબને પણ અલાઉદ્દીને સારા માનથી દફનાવ્યું, પરંતુ હમ્મીર જેટલી લાગણી તે બતાવી શક્યો નહિ. મીર મંગોલ હમ્મીરનો શરણાગત અતિથિ હતો અને પાછો તે અદ્વિતીય રણશૂર અને કૃતજ્ઞ પુરુષ હતો, એટલે તેના મરણથી હમ્મીરના મનમાં જે શોકનો આઘાત થયો, તે અનિવાર્ય હતો.

મીર મંગોલના ભૂમિદાહ સમયે અલાઉદ્દીન પણ ત્યાં આવ્યો હતો અને ત્યાં તેણે હમ્મીરને મોઢામોઢ કહ્યું કે;–"બહાદુર હમ્મીરદેવ! આપણા યુદ્ધના હેતુનો આજે અંત થયો છે, એટલે મારી એ જ પ્રાર્થના છે કે, હવે આપ યુદ્ધ ન કરો. આપની અક્ષય વીરતાથી અતિશય પ્રસન્ન થઇને હું મારા તરફથી આપને બીજા પણ પાંચ પ્રગણા આપું છું અને પ્રતિજ્ઞા કરું છું કે, જ્યાં સુધી હું જીવતો છું ત્યાં સુધી સ્વચ્છંદતાથી

આપ રણથંભોરનું રાજ્ય કરતા રહો-ભવિષ્યમાં મારા તરફથી આપને કોઈપણ પ્રકારનો ઉપદ્રવ થશે નહિ."

એના ઉત્તરમા હમ્મીરે હઠપૂર્વક કહ્યુ કે,–"સુલ્તાન! આપનો હવે આ વિચાર કેવળ વિડંબના સમાન જ છે. હવે તો જે ભાગ્યમાં લખાયલુ હશે તે જ થશે. હું આ ક્ષણભંગુર જીવનની અભિલાષા અથવા રાજ્યસુખના લોભથી અક્ષય કીર્તિને ત્યાગી દેનારો નથી. રાવણ અને દુર્યોધન આદિ વીરોએ માત્ર કીર્ત્તિને માટે જ પોતાના તનુનો તૃણના ત્યાગ સમાન ત્યાગ કર્યો હતો. હવે તો યુદ્ધ, યુદ્ધ અને યુદ્ધ, એ જ નિશ્ચય!"

અલાઉદ્દીન નિરુપાય અને નિરાશ થયો. ઉભય વીરોના માનને જાગવવામાટે તે દિવસે યુદ્ધ બંધ રાખીને પુન. બીજે દિવસે યુદ્ધના આરંભનો નિશ્ચય કરવામાં આવ્યો.

—:0:—

## અષ્ટાદશ પરિચ્છેદ

### ભિલ્લરાજનું આગમન

સન્ધ્યાકાળ થવામાં વિશેષ વિલંબ ન હોતો. હમ્મીરદેવ અને તેના અનન્ય શૂર સામંતો મીર મંગોલવિશે વાતચીત કરતા, તેની શૂરવીરતાની પ્રશંસા કરતા અને તેના મરણમાટે શોક દર્શાવતા બેઠા હતા, એટલામાં અચાનક દૂરથી ધૂળના ગોટે ગોટ ઊડતા તેમને દેખાયા અને આકાશ પણ ધૂલિવ્યાપ્ત દેખાવા લાગ્યુ. વાયુની વિશેષ પ્રબળતા ન હોતી, એટલે ઝંઝાવાતના પરિણામે એ ધૂળ ઊડવાનો સંભવ ન હોતો. તેમ જ વાતાવરણમાં અવસ્કદનાં બીજા ચિન્હો પણ દેખાતાં ન હોતાં. એથી સાધારણતઃ કોઈ સેના આવતી હોય, એવી કલ્પના કરવામાં કોઇપણ પ્રકારનો પ્રત્યવાય નહોતો; કારણ કે, સૈનિકોના ચાલવાથી ઊડતી ધૂળ આકાશને વ્યાપ્ત કરી નાખે છે, એ એક સાધારણ સિદ્ધાંત જ છે.

"આ કોનું સૈન્ય આવતું હશે?" એક સામતે પ્રશ્ન કર્યો.

"એ સૈન્ય અલાઉદ્દીનનું તો નહિ હોય?" એક બીજા સામંતે પોતાની શંકા પ્રદર્શિત કરી.

"અલાઉદ્દીનનું સૈન્ય આ દિશામાંથી આવે, એ કાંઇક વિલક્ષણ છે. કારણ કે, આ માર્ગ મેવાડનો છે. હું ધારું છું કે, અવશ્ય કોઈ રાજપૂત સેના જ આપણી કુમકે આવતી હોવી જોઇએ." હમ્મીરે કેટલીકવાર સુધી વિચાર કરીને પોતાનો અભિપ્રાય દર્શાવ્યો.

"મહારાજ! આપની ધારણા કદાચિત્ ખરી પણ હોય, તોપણ આપણે સાવધાન તો રહેવું જ જોઇએ. ધારો કે, આપણને ભૂલાવામાં નાખીને અચાનક આક્રમણ કરવામાટે એ સેના અલાઉદીનના તરફથી જ ચિત્તોડના માર્ગથી આવતી હોય અને આપણે અસાવધ રહીએ તો આપણો નાશ થાય કે નહિ? એટલા માટે મારી તો એ જ પ્રાર્થના છે કે, આપણા સૈન્યને સજ્જ કરવું અને પછી જે થાય તે જોવું. જો એ સૈન્ય શત્રુઓનું હશે તો આપણે યુદ્ધ કરીશું અને મિત્રોનું હશે તો એકત્ર બળથી શત્રુઓને પરાજિત કરીશું." એક વૃદ્ધ અને અનુભવી સામતે કહ્યું.

"પૂજ્ય વીરશિરોમણિ! આપનો આ વિચાર સંમાનનીય છે અને એટલામાટે સૈન્યને તૈયાર રાખવાની હું અનુમતિ આપુ છું. એ વ્યવસ્થા આપ પોતે જ કરી નાખો." હમ્મીરે અનુમોદન આપ્યું.

તે ક્ષણે જ સૈનિકોને, શસ્ત્રાસ્ત્ર ધારીને લડાઇમાટે તૈયાર થઈ રહેવાની આજ્ઞા આપી દેવામાં આવી, અને આજ્ઞાનુસાર સૈનિકો જોતજોતામાં તૈયાર થઈ ગયા. લગભગ અર્ધ પ્રહર પછી જે દિશામાં આકાશ ધૂલિવ્યાપ્ત જોવામાં આવ્યું હતું, તે દિશામાંથી સૈન્ય આવવાનાં ચિન્હો પ્રત્યક્ષ દેખાવા માંડ્યાં અને જોતજોતામા સૈનિકો પણ દષ્ટિગોચર થયા. એક અશ્વારોહી વીરનર હમ્મીરની છાવણીમાં આવ્યો. એ વીર કૃષ્ણવર્ણ અને મજબૂત બાંધાનો હતો અને કાળો હોવા છતાં તેના મુખમંડળમાં અપૂર્વ વીરશ્રીની છટા જોવામાં આવતી હતી. હમ્મીરપાસે આવતાં જ તે અશ્વપરથી નીચે ઉતરી પડ્યો અને રાજાને નમસ્કાર કરીને ઉભો થઈ રહ્યો. "પધારો—પધારો, ભિલ્લરાજ! ભાનુમલ્લ! કેમ આપ અચાનક અહીં ક્યાંથી?

"મહારાજાધિરાજ! જ્યારથી અલાઉદીન સાથેના આપના યુદ્ધની વાર્ત્તા મારા સાંભળવામાં આવી હતી, ત્યારથી મેં નીરાંતે નિદ્રા પણ કરી નથી અને નિશ્ચિન્તતાથી ભોજન પણ લીધું નથી. મારું ધ્યાન આ યુદ્ધના પરિણામમાં જ લાગી રહ્યું હતું. એટલામાં એક દિવસ એવી વાત સાંભળવામાં આવી કે, શ્રીમાન્ ચતુરંગજી કુમારશ્રી રત્નસેનને સુરક્ષિત રાખવામાટે ચિત્તોડમાં આવ્યા છે. હું ચતુરંગજીને મળ્યો અને યુદ્ધના સમાચાર તેમના મુખથી સાંભળ્યા. મને ભય થયો અને તેથી મારા ભિલ્લસૈન્યને બે દિવસમાં એકત્ર કરીને આ યુદ્ધમાં ભાગ લેવાની લાલસાથી હું અહીં આવી પહોંચ્યો છું: હવે મારી માત્ર એટલી જ પ્રાર્થના છે કે, મને રણભૂમિમાં શત્રુઓને નિર્દયતાથી સંહારવાની આજ્ઞા મળવી જોઇએ. મારા ભિલ્લ સૈનિકોની સંખ્યા તો માત્ર બે હજારની

છે, પણ તે બાવીસ હજાર દુશ્મનોને મારી નાખવામાટે પૂર્ણ સમર્થ છે. ભિલ્લનાં બાણો જે કામ આપશે, તે કામ દુશ્મનોની તોપના ગોળાઓથી પણ કરી શકાય તેમ નથી જ. અનાયાસ જન્મભૂમિની સેવાનો આ સમય ઉપસ્થિત થયો છે, તો અમને પણ જન્મભૂમિની સેવા કરીને કૃતાર્થ થવાનો અવસર સાધી લેવા દ્યો."

"ભાનુમલ્લ! આપની ઇચ્છાને માન્ય રાખવામાં મને કશો પણ વાંધો નથી; પરંતુ મારી આંતરિક ઇચ્છા તો એ જ છે કે, આપ ચિત્તોડની આસપાસમાં રહીને ચિત્તોડદુર્ગ, ત્યાંના રાજા અને મારા રાજકુમાર રતનસેનની રક્ષા કરો તો વધારે સારુ. અહીં સુલ્તાનના બળને તોડી નાખવામાટેની સર્વ વ્યવસ્થા અમે કરી રાખી છે અને તેથી આપને લડવાની આજ્ઞા આપવી, તે વ્યર્થ પરિશ્રમ આપ્યા બરાબર જ થવાનું છે. પછી તો જેવી આપની ઇચ્છા." હમ્મીરદેવે આદરથી કહ્યું.

"રાજન્! ત્યાં ચિત્તોડમાં રાજકુમાર રતનસેનના રક્ષણની એવી તો યોગ્ય વ્યવસ્થા કરેલી છે, કે તેમનો એક વાળ પણ કોઇથી વાંકો કરી શકાય તેમ નથી જ. છતાં પણ આપની આજ્ઞાને શિરસાવંદ્ય કરવામાં મને કશો પ્રત્યવાય નથી–કહો તો હું આ ક્ષણે જ ત્યાં ચાલ્યો જાઉં; પરંતુ જન્મભૂમિની સેવાનો જો પુનઃ આવો અવસર નહિ મળે, તો મરણ સમયે મારી આશા મનમાં જ રહી જવાથી મારી સદ્ગતિ થશે કે નહિ, એની મને શંકા છે. જે જન્મભૂમિનાં અને આપના પૂર્વજોનાં અનેક ઋણોના બંધનમાં હું બંધાયલો છું, તે ઋણમાંથી મુક્ત થવાનો અવસર આ જ છે. એટલા માટે મને આજ્ઞા આપો કે આ કર્ત્તવ્યના ઋણથી હું મુક્ત થાઉં." ભાનુમલ્લે પુન; નમ્રતાપૂર્વક પ્રાર્થના કરીને કહ્યું.

'ભાનુમલ્લ! જ્યારે આપની યુદ્ધમાટેની આવી પ્રબળ ઇચ્છા જ છે, તો એ ઇચ્છાનો અવરોધ કરીને હું આપને નિરાશ કરવા નથી માગતો. આવતી કાલે યુદ્ધનો આરંભ થશે અને તે વેળાએ સૈન્યનું નેતૃત્વ હું તમને જ આપીશ. અત્યારે તો તમારા સૈનિકોને વિશ્રાંતિ લેવાનું કહો અને જે વસ્તુની આવશ્યકતા હોય, તે આપણી છાવણીમાથી મંગાવી લ્યો." હમ્મીરે અંતે અનુમતિ આપીને કહ્યું.

"મહારાજાનો મારાપર આ અત્યંત આભાર થયો છે, એમ જ હું માનું છું. વારુ ત્યારે હું હવે જવાની આજ્ઞા ઇચ્છું છું અને સૈન્યની વ્યવસ્થા કરીને પાછો સત્વર આવી પહોંચું છું." એમ કહીને ભાનુમલ્લ પોતાના ભિલ્લસૈન્યમાં ચાલ્યો ગયો.

તેના જવા પછી હમ્મીર પોતાના સામંતોને ઉદ્દેશીને આનંદપૂર્વક કહેવા લાગ્યો કે;–"મારા અલૌકિક શૂરવીર સામંતો! આપણને આમ

અચાનક અને અનિચ્છિત સાહાય્ય આવી મળે છે, એથી સ્પષ્ટ દેખાય છે કે, વિજય અવશ્ય આપણા ભાગ્યમાં જ લખાયલો છે અને પરાજય તથા પલાયનનો ભાગી સુલ્તાન અલાઉદ્દીન જ થવાનો છે, અત્યારે તો આપણો વિજય થશે એ નિર્વિવાદ અને નિઃસંશય છે, છતાં ભવિષ્યમા આ વિધર્મીય યવનોના વશથી આપણી ભરતભૂમિની કેવી દુર્દશા અને વિડંબના કરશે તથા આર્યઅબળાઓના ધર્મનો નાશ કરશે, એનો વિચાર આવતાં હૃદય કંપાયમાન થાય છે અને સર્વ આનંદનો લય થઈ જાય છે. પરમાત્મા કરો અને આ અત્યાચારી યવનોનો આ અવનીતલમાંથી સમૂળ ઉચ્છેદ થઈ જાઓ, એ જ મારી તે જગદીશ્વર જગદાધારનાં ચરણોમાં નમ્ર પ્રાર્થના છે!"

"મુસલ્માન બાદશાહોમાં કેટલાક સારા અને સદ્‍ગુણી પણ થયા છે. ઉદાહરણ તરીકે, સુલ્તાન અલાઉદ્દીનનો કાકો કે જેનુ એ દુષ્ટ ભત્રીજાએ ખૂન કર્યું હતું, તે સ્વભાવે ઘણો જ દયાળુ અને ઉદાર બાદશાહ હતો, પણ ઇસ્લામ ધર્મની આજ્ઞાઓને પોતાને અનુકૂળ થાય તેવા અર્થમાં લઈ જઇને આ અલાઉદ્દીને અત્યાચારની સીમા કરી છે અને વિનાકારણ પોતાના ધર્મને પણ કલંકિત કર્યો છે." એક સામતે પોતાનો અભિપ્રાય દર્શાવ્યો.

"ખરેખર એમ જ છે. દુનિયામાંના કોઇપણ ધર્મના નિયમો તો એવા અયોગ્ય હોતા જ નથી; પરંતુ અમુક ધર્મવાળાઓનો મોટો ભાગ જો સ્વચ્છંદ અને અત્યાચારી થાય છે, તો તેમના તે વર્તનથી લોકો એમ જ ધારી બેસે છે કે, એમનો ધર્મ જ એવો અનીતિશિક્ષક હશે. જેમ એક પુત્ર દુરાચારી થાય, તો લોકો એમ જ કહે છે કે; 'એ તો ભાઈ! બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા!' પણ પુત્ર સદાચારી હોય અને બાપ ભલે દુરાચારી જ હોય, તોપણ તેનો પિતા સારો ગણાય છે. એવો જ પ્રકાર ધર્મનો પણ છે. મુસલ્માનોએ અનર્થપાત કરવા માંડ્યો, એથી જ મુસલ્માન ધર્મની નિન્દા થાય છે, નહિ તો એમના ધર્મશાસ્ત્રની આજ્ઞાઓ તો મારા સાંભળવા પ્રમાણે ઘણી જ ઉત્તમ અને નીતિવર્ધક છે." હમ્મીરે નિષ્પક્ષપાત વૃત્તિથી પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતાં કહ્યું.

"કેટલાક ખરા મુસલ્માનો કેટલા બધા નિમકહલાલ અને ન્યાયને વળગી રહેનારા હોય છે, એનું મીર મંગોલ એક જીવતું જાગતું ઉદાહરણ છે. મુસલ્માનો અત્યાચાર કરે છે અને પાપથી ડરતા નથી, તેનું મૂળ કારણ એ છે કે, ઇશ્વરની આજ્ઞાથી અરબસ્તાનમાંના જંગલી અને નિરીશ્વરવાદી લોકોને કાંઇક નીતિમાન્ બનાવવામાટે અરબસ્તાનના આર-

ણ્યક પ્રદેશમાં જ એ ધર્મની સ્થાપના થઈ હતી. અને ત્યાંના લોકોને બળાત્કારે પણ ખરા માર્ગમાં લાવવાની આવશ્યકતા હોવાથી ધર્મના પ્રચારમાટે કેટલાક એવા કઠિન નિયમો કરવાની પણ અગત્ય હતી. પરંતુ આર્યાવર્ત્ત જેવા ધર્મમૂર્ત્તિ દેશમાં પણ અજ્ઞાનથી એ લોકોએ તે જ નિયમો પ્રમાણે ચાલવાનો ક્રમ ચાલૂ રાખ્યો છે અને તેના પરિણામે જ તેમના હાથે આજે આટલાં બધાં પાપો અને અત્યાચારો થતા આપણા જોવામાં આવે છે. કારણ ગમે તે હોય, પણ આપણે પીડા તો ભોગવીએ છીએ જ અને એટલામાટે એ પીડાના મૂળ હેતુનો નાશ કરવો, એ આપણો આર્યોનો પરમ ધર્મ છે." વૃદ્ધ સામંતે પોતાનું મત આપ્યું.

"સત્ય છે—આપણુ એ જ કર્ત્તવ્ય છે અને આપણો એ જ ધર્મ છે. એ ધર્મના પાલનમાટે જ આજે આપણે રણભૂમિમાં આવ્યા છીએ, એ શું આપણામાટે જેવાતેવા આનંદની વાર્ત્તા છે કે?" હમ્મીરદેવે હર્ષથી ઉદ્‌ગાર કાઢ્યો.

"સ્વધર્મ અને સ્વદેશની રક્ષામાટે શસ્ત્રાસ્ત્ર ધારી યુદ્ધ કરવામાટે રણભૂમિમાં આવવું, એના જેવો ક્ષત્રિયોને બીજો એક પણ અગાધ આનંદનો વિષય નથી જ." એક સામંતે ગર્જના કરીને કહ્યું અને વિશેષતાથી તેણે પ્રતિપાદન કર્યું કે,—"યુદ્ધમાં વિજયી થવાથી પણ લાભ છે અને મરણશરણ થવાથી પણ લાભ જ છે. રણભૂમિમાં પોતાના કુટુંબી અને બાંધવોને જોઈ દયાથી કર્ત્તવ્યવિમુખ થવાની અણીપર આવી પહોંચેલા અર્જુનને કર્ત્તવ્યનો બોધ આપતાં ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને એ લાભોનું સ્પષ્ટીકરણ કરેલું છે ને તે આ પ્રમાણે;—

"હણાયો સ્વર્ગ પામીશ, ભોગવીશ જયે ધરા;
તેથી હે પાર્થ! યુદ્ધાર્થે, ઉઠો નિશ્ચયવાન્ ખરા."*

એ સંવાદ ચાલતો હતો, એટલામાં ભાનુમલ્લ પોતાના ભિલ્લ સૈન્યની વ્યવસ્થા કરીને પાછો આવી પહોંચ્યો. હમ્મીરદેવે અને સર્વ સામંતોએ સાથે બેસીને જ ભોજન લીધું. રાજા સાથે ભોજન લેવાનું

---

*આ ગુજરાતી લીટીઓ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના દ્વિતીય અધ્યાયના ૩૭ મા શ્લોકનું સમશ્લોકી ભાષાંતર છે અને તે સ્વ. પંડિત ગટ્ટુલાલજીની કૃતિ છે. પંડિત ગટ્ટુલાલકૃત ગીતાના સમશ્લોકી ભાષાંતરમાંથી જ એ પંક્તિઓ લેવામાં આવી છે. મૂળ શ્લોક આ પ્રમાણે છે;—

"हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम् ।
तस्मादुत्तिष्ठ कौंतेय युद्धाय कृतनिश्चयः" ॥

श्रीमद्भगवद्गीता. अ. २. श्लो. ३७.

માન મળ્યાથી ભિલ્લરાજ **ભાનુમલ્લ** પોતાના મનુષ્ય અવતારને કૃતકૃત્ય અને કૃતાર્થ સમજવા લાગ્યો. લગભગ બે પ્રહરથી વધારે રાત્રિનો સમય વીતી ગએલો હોવાથી સર્વ નિદ્રાવશ થયા.

## એકોનત્રિંશ પરિચ્છેદ

### હમ્મીરવિજય અને સુલ્તાનપલાયન

પુન દિવસના ઊગવાની સાથે જ યુદ્ધની તૈયારીઓ થવા લાગી.— હમ્મીરના પક્ષમાંથી ભિલ્લરાજ **ભાનુમલ્લ** પોતાની દ્વિસહસ્ર ભિલ્લ સેનાસહિત રણભૂમિમાં આવીને ઊભો રહ્યો અને બાદશાહના પક્ષમાંથી સેનાનાયક **મીર સિકન્દર** પોતાના સૈન્ય સહિત રણભૂમિમાં આવીને ઉપસ્થિત થયો. ભિલ્લસૈનિકોએ 'હરહર મહાદેવ' ના રણધ્વનિ સાથે પોતાના બાણોની અપરિમિત વૃષ્ટિ વર્ષાવવા માંડી અને મુસલ્માન વીરો ધડાધડ તોપના ગોળાઓ છોડવા લાગ્યા. ઘણીકવાર સૂધી એ પ્રમાણે જ યુદ્ધનો વ્યાપાર ચાલતો રહ્યો અને ઉભય પક્ષના અનેક સૈનકોનો સંહાર થયો, પરંતુ યુદ્ધનું એક નિશ્ચિત પરિણામ આવ્યું નહિ. અર્થાત્ વિજય કોનો, અને પરાજય કોનો, એનો નિર્ણય થઈ શક્યો નહિ. અંતે **ભાનુમલ્લ** અને સિકન્દરનો આમન સામન મુકાબલો થઈ ગયો. બન્ને વીરો શસ્ત્રવિદ્યામાં પારંગત અને નિપુણ હતા, એટલે એમનું દ્વંદ્વયુદ્ધ દર્શનીય થાય એ સ્વાભાવિક હતું. યુદ્ધનો એવો નિયમ છે કે, ઉભય રાજાઓ અથવા તો ઉભયપક્ષીય મુખ્ય નેતાઓનું દ્વંદ્વયુદ્ધ ચાલતું હોય, તે વેળાએ અન્ય સૈનિકો પોતાના યુદ્ધવ્યવસાયને બંધ રાખે છે અને દ્વંદ્વયુધ્ધના પરિણામમાં જ ધ્યાન રાખીને ઊભા રહે છે. એટલા માટે એ દ્વંદ્વયુદ્ધનો આરંભ થતાં જ સૈનિકો શાંત થઈ ઊભા રહ્યા અને શસ્ત્રખેલનું અવલોકન કરવા લાગ્યા. બન્ને વીરોએ પ્રથમ ખડ્ગયુદ્ધથી આરંભ કર્યો અને અંતે **ભાનુમલ્લે** સિકન્દરપર કટારનો વાર કર્યો અને **સિકન્દરે ભાનુમલ્લના** શરીરમાં તલવાર ચલાવી. નિદાન—ઉભય રણયોધાઓ એક સમયાવચ્છેદે ધરાશાયી થયા અને તેમના આત્માઓ સ્વર્ગમાં પ્રયાણ કરી ગયા.

**ભાનુમલ્લને** પડતો જોઇને **હમ્મીરે** પોતાના હાથીને આગળ હાંકી તેના મૃતશરીર પાસે લાવી ઊભો રાખ્યો અને તે વીરના શબને સંબોધીને તે અશ્રુપૂર્ણ નેત્રોથી કહેવા લાગ્યો કે;—"હે વીર પુરુષ! તને કોટિશઃ ધન્યવાદ છે! તેં સ્વામિસેવા અને દેશસેવામાં પોતાના પ્રાણને અર્પણ કરીને અતુલ્ય અને અક્ષય્ય કીર્ત્તિ સંપાદન કરી છે."

પોતાના સૈનિકોને આજ્ઞા કરીને હમ્મીરે ભાનુમલ્લના શબને અગ્નિદાહ કરવા માટેની વ્યવસ્થા કરાવી અને અન્ય સેનાપતિ નિયત કરીને યુદ્ધને ચાલૂ રાખવાની આજ્ઞા આપી.

હમ્મીરને નિર્ભયતાથી રણભૂમિના મધ્યભાગમાં ઉભેલો જોઇને અને સેનાપતિ ભાનુમલ્લના પતનથી રાજપૂતસૈન્યમાં જરા પણ ભંગાણ પડેલું ન નિહાળીને મુસલ્માન સૈનિકો રણક્ષેત્રમાંથી પલાયન કરવા લાગ્યા; કારણ કે, મીર સિકન્દરના મરણથી તેઓ હતોત્સાહ અને નિરાશ બની ગયા હતા અને યુદ્ધ કરી કરીને કંટાળી પણ ગયા હતા. પોતાના સૈનિકોને આવી રીતે કાયરતાથી ભાગતા જોઇને અલાઉદીન ક્રોધમાં આવી ભીષણ ગર્જના કરીને કહેવા લાગ્યો કે;–"હે મૂર્ખ મનુષ્યો! તમે આજ દિવસ સૂધી જે મારા પ્રતાપે પોતાનો નિર્વાહ આનંદપૂર્વક ચલાવ્યો છે, પોતાના જીવનના દિવસો આનંદ અને આમોદમાં વ્યતીત કર્યાં છે અને જગતમાં અલાઉદીનના બહાદુર સિપાહીના નામથી ઓળખાયા છો; છતાં આજે અણીના સમયે આ લડાઇના મેદાનને છોડી ભાગતાં શરમ નથી આવતી કે? અત્યારે કદાચિત્ જીવનની આશાથી જ તમે ભાગતા હશો, પણ જીવીને બાયલા અને હીજડાના નામથી ઓળખાશો ત્યારે એ જીવન તમને મરણ કરતાં પણ વધારે દુ:ખદાયક થઈ પડશે, એનો કાંઇપણ વિચાર કર્યો છે ખરો કે? હીજડાઓ પણ જીવે છે, પણ તેમની અને તમારી બરાબરી છે ખરી કે? લડાઇના મેદાનમાં પાછા આવો અને મરીને પોતાનું ચિર નામ મૂકતા જાઓ. એમાં જ આપણી પ્રતિષ્ઠા સમાયલી છે!"

બાદશાહનાં એ તીર જેવાં વચનો સાંભળીને મુસલ્માન સૈનિકોના હૃદયમાં શૌર્યનો સંચાર થવાથી તેઓ પાછા રણભૂમિમાં આવ્યા અને ભૂખ્યા વાઘ પ્રમાણે અથવા તો કચડાયલા સર્પ પ્રમાણે ક્ષત્રિય સેનાપર તૂટી પડ્યા. રાજપૂત સૈનિકો તો પોતાના પ્રાણને હથેલીમાં રાખીને જ ઊભા હતા, એટલે ઉભયપક્ષના એવા તો પ્રચંડ યુદ્ધનો વ્યાપાર ચાલ્યો કે, રણભૂમિમાં નરરક્તની નદી વહી નીકળી. એ વેગથી વહન કરતી શોણિતસરિતામાં પડેલાં હાથીઓનાં મૃત શરીરો નાની નાની ટેકરીઓ જેવા જણાતા હતા, વીરનરોના હસ્ત, પાદ અને જંઘા ઇત્યાદિ કપાયલા અવયવો જલચર જીવો સમાન જોવામાં આવતા હતા, વીરોના ઇતસ્તત: ઉડતા કેશો શૈવાલનો ભાસ કરાવતા હતા, રણમાં છવાયલી ઢાલો જળમાંના કાચબાઓ જેવી દેખાતી હતી, નવયુવા વીરોનાં છેદિત મસ્તકો કમળ સમાન અને તેમનાં વિશાળ આરક્ત નેત્રો ખંજન સમાન ખીલતાં દૃષ્ટિગોચર થતાં હતાં. એ યુદ્ધમાં ૭૫ હાથી, સવાલાખ ઘોડા, સાતસો

નિશાનવાળાઓ અને અસંખ્ય યોધાઓ વીરમરણને પ્રાપ્ત થયા હતા. સિકન્દરશાહ, શેરખાન, મેહરખાન, મહબ્બતખાન, મુજફ્ફરખાન, નૂરખાન અને નિજામખાન ઇત્યાદિ મુસલ્માન વીરો માર્યા ગયા હતા અને હમ્મીરના પક્ષના પણ નામાંકિત ચારસો યોધાઓનો અંતકાળ થયો હતો.

એ ઘનઘોર રણસંગ્રામ ચાલતો હતો, એવામાં હમ્મીરદેવે પોતાના મહાવતને હાથીને અલાઉદ્દીનની સન્મુખ લઈ જવાની આજ્ઞા આપી, અને એક દૂતને મોકલી સુલ્તાનને સંદેશો કહાવ્યો કે;–"સુલ્તાન સાહેબ! અત્યાર સૂધી જે નરહત્યાકાંડ થયો છે અને રક્તનો અગાધ પ્રવાહ વહ્યો છે, તે વિના કારણ અને વ્યર્થ જ છે. હવે મારી એવી ઇચ્છા છે કે, જે યોધાઓને આ ક્ષણ પર્યન્ત આપણે રણભૂમિમા ઝૂંઝતા જોયા છે, તે યોધાઓને હવે આપણે આપણા દ્વંદ્વયુદ્ધના દર્શનનો અવસર આપવો જોઈએ. સારાંશ કે, યુદ્ધની સમાપ્તિ કરો અને મારી સાથે દ્વંદ્વ-યુદ્ધ કરવામાટે તૈયાર થાઓ."

હમ્મીરનો એ સદેશો સાંભળીને અલાઉદ્દીન મનમાં ગભરાયો અને પોતાના વજીરને પૂછવા લાગ્યો કે,–"વજીર! હમ્મીરની આ માગણીએ તો મને એવા ગભરાટમાં નાખી દીધો છે કે, હવે શુ ઉત્તર આપવુ એની મને જરાપણ દિશા સૂઝતી નથી. કૃપા કરીને આ સંકટમાંથી છૂટવાનો તમે જ કોઈ માર્ગ બતાવો."

વજીર પણ ઝખવાણો પડી ગયો અને મલિન મુદ્રાથી કહેવા લાગ્યો કે,–"બાદશાહ સલામત! મારી પણ હમ્મીરે કેવી દુર્દશા કરી હતી, એ તો આપ જાણો જ છો, તેમ જ એ ચહુઆણકુળભૂષણ વીરનરના બળ, પ્રતાપ અને પરાક્રમોનો પણ આપને આટલા દિવસમાં પૂર્ણ પરિચય મળી ચૂક્યો છે. એ સર્વ પ્રસગોનો અને આજ સુધીમાં આપણી થએલી હાનિઓનો વિચાર કરતાં મને તો એ જ યોગ્ય લાગે છે કે, આપ પોતાના પરાજયનો સ્વીકાર કરી સંધિનો પ્રસ્તાવ કરો અને હમ્મીર સાથે મિત્રતાનો સંબંધ બાંધો, એમાં જ આપણી ભલાઈ છે. નહિ તો દ્વંદ્વયુદ્ધમાં આપનો કદાપિ જય થવાનો નથી, એ નિશ્ચિત છે."

"દાના વજીર! તમારી વાત ખરી છે. પરંતુ આજ સુધીમાં હમ્મીરસાથે આપણે એટલી બધી દગાબાજીઓ કરી ચૂક્યા છીએ કે, હવે એ આપણી સાચી વાતને પણ સાચી તરીકે માનશે કે નહિ, એની શંકા જ છે. છતાં સ્વાર્થસાધુને વિવેક હોતો નથી, એ ન્યાયને અનુસરીને હુ સંધિનો પ્રસ્તાવ મોકલું છું–જો લજ્જા જળવાશે તો ઠીક છે, નહિ તો પછી જે થાય તે ખરું." અલાઉદ્દીને નિરાશાથી કહ્યું અને પોતાના એક વિશ્વાસપાત્ર દૂતદ્વારા હમ્મીર પાસે સંધિમાટેનો પ્રસ્તાવ મોકલી આપ્યો.

સુલ્તાનના દૂતે હમ્મીર પાસે આવી અત્યત વિનયશીલતાથી કહ્યું કે,–"મહારાજાધિરાજ ! આપના સદેશાના ઉત્તરમાં અમારા બાદશાહ સલામતે માનપૂર્વક કહેવડાવ્યું છે કે, હવે યુદ્ધને આગળ લબાવવાની મારી પોતાની લેશ માત્ર પણુ ઇચ્છા નથી અને તેથી આપ પણ પોતાના હઠને ત્યાગી દ્યો અને આ નરહત્યાકાંડને બધ કરો તો વધારે સારું.' એમ કરવામાં ઉભય પક્ષની પ્રતિષ્ઠા સમાયલી છે. પ્રથમ યુદ્ધનો આરભ અમારા તરફથી કરવામાં આવ્યો હતો અને તેથી આપને જે હાનિ સહન કરવી પડી છે, તે માટે અમે દિલગીર છીએ. પણ હવે જો આપણે દ્વદ્વયુદ્ધ કરીશું અને તેમાં બેમાંથી એકનો અથવા તો બન્નેનો નાશ થશે, તો આપણા આધારે જીવતા અનેક જીવો નિરાધાર અવસ્થામાં આવી પડશે. 'હજાર મરજો પણુ હજારનો એક પાળનાર ન મરશો' એવી એક સાધારણ કહેવત છે અને આપણ બન્ને હજારોના પાળનાર છીએ એ તત્ત્વને વિચારમાં લઇને પણ દ્વંદ્વયુદ્ધ કરવાનુ આપ માડી વાળશો, એવી આશા રાખવામાં આવે છે. જો આ સમયે વિગ્રહનો અવરોધ કરશો તો હવે પછી કદાપિ એવો સમય નહિ જ આવે અને આપણે એક બીજાના સહાયક મિત્ર થઈ રહીશું, એવુ વચન આપવાને પણ સુલ્તાન તૈયાર છે."

દૂતના એ પ્રસ્તાવને સાંભળીને હમ્મીરે મહાવિકટ હાસ્ય કર્યું અને ત્યારપછી ગંભીરતાથી ઉત્તર આપતા જણાવ્યું કે,–"હે દૂત ! તારા સુલ્તાન–પોતાના ક્ષુદ્ર જીવનની લાલસામા લુબ્ધ થએલા રણભીરુ સુલ્તાનને જઇને કહે કે, યુદ્ધસ્થાનમાં ઉપસ્થિત થઇને મિત્રતાનો પ્રસ્તાવ કરવાને કમર કસીને તૈયાર થવું, એ કઈ રાજનીતિ અને બુદ્ધિમત્તાનું તત્ત્વ છે વારુ ? શત્રુસમક્ષ મિત્રતામાટેની પ્રાર્થના કરવી, એ નિતાન્ત કાતરતા કિવા દભમય ચતુરતાનો જ પરિચય કરાવે છે. સુલ્તાને વિનાકારણ ઉપસ્થિત કરેલા આ વિગ્રહના કારણથી જે મારા અનેક દેશભક્ત વીરનરોના પ્રાણની આહુતિ આ રણયજ્ઞમાં અપાઈ છે અને એથી મારા મનમાં જે કોપનો અગ્નિ પ્રજ્વલિત થયો છે, તેનાપર સુલ્તાનના શોણિતનુ સિચન થશે, ત્યારે જ તે શાન્ત થશે. એ કોપાગ્નિની શાતિનો બીજો એક પણ ઉપાય ન હોવાથી દ્વંદ્વયુદ્ધની મારી ઇચ્છાને હું અટકાવી શકતો નથી. બીજુ જો તારો સુલ્તાન પોતાને હજારોનો પાળનાર માનતો હોય તો તે વાત તદ્દન જૂઠી છે; કારણ કે, તેણે હજારોનું પાલન કેવળ પોતાના સ્વાર્થમાટે જ કર્યું છે અને વિના કારણ લાખો જીવોનો નિરર્થક યુદ્ધોમાં નાશ કરાવી નાખ્યો છે. છતાં ધારો કે, તે હજારોનો પાળનાર છે, તોપણ તેના મરણથી અને મારા મરણથી

દિલ્લીનું તખ્ત અને રણથંભોરનું સિંહાસન કાંઈ ખાલી પડયુ રહેવાનું નથી. જે બાદશાહ અને રાજા થશે, તે અવસ્ય હજારોનો પાળનાર પણ થવાનો જ. સારાંશ કે, દ્વંદ્વયુદ્ધમાટે તૈયાર થવાનું સુલ્તાનને જણાવી દે. જો તે એમ નહિ કરે, તો મારે નિરુપાયવશતાથી તેના શરીરપર આક્રમણ કરવું પડશે."

બાદશાહના દૂતને એ પ્રમાણે નીતિયુક્ત ઉત્તર આપીને હમ્મીરે પોતાના રાજપૂત વીરસૈનિકો અને સેનાનાયકોને આજ્ઞા આપી કે;-"હે વીરશિરોમણિ યોધાઓ ! હવે મારી એ જ ઇચ્છા છે કે, તમે હવે તોપ, બાણ, બન્દૂક, તમંચા, બર્છી, સેલ અને સાંગ ઇત્યાદિ અસ્ત્રોનો ત્યાગ કરીને કેવળ તલવાર, છુરી, કટારી અને વિષાણ ઇત્યાદિ શસ્ત્રોથી જ યુદ્ધ કરો અથવા તો મલ્લયુદ્ધદ્વારા જ પોતાના પરાક્રમોનો પરિચય કરાવીને સ્વર્ગના સોપાનપર ચરણ ધરો. એ સાથે મારી એ પણ આજ્ઞા છે કે, તમારામાંથી કોઇએ પણ બાદશાહને મારવાની ધૃષ્ટતા કરવી નહિ, એ કાર્ય હું પોતે જ કરીશ અને કૃતાર્થ થઇશ."

પોતાના રાજાની એ આજ્ઞા થતાં જ રણવીર રાજપૂતો મહાવતવડે હંકારાયલા હાથી પ્રમાણે પોતપોતાનાં ઉજ્જ્વલ શસ્ત્રોને ચમકાવતા ત્યાંથી આગળ ચાલતા થયા. ક્ષુધિત મૃગરાજ સમાન રણયોધજનોના વેગને મુસલ્માન સૈનિકો એક ક્ષણમાત્રને માટે પણ સહન કરી શકયા નહિ. મોટામોટા મુસલ્માન વીરો, અમીર ઉમરા અને સેનાનાયકો શૃગાલધર્મનો સ્વીકાર કરીને ત્યાંથી પલાયન કરી ગયા. રાજપૂત સૈનિકોએ અલાઉદ્દીનના હાથીને ચારે તરફથી ઘેરી લીધો અને તેને રાજા હમ્મીરદેવ સમક્ષ ખેંચી લાવ્યા. હમ્મીરદેવે ગર્જના કરીને કહ્યું કે,-"બોલો સુલ્તાન સાહેબ ! હવે શી આજ્ઞા છે ? મારી પુત્રી સાથે પરણવું છે કે ? ચિન્તા નહિ-આ તલવારની ધાર સાથે તો અવસ્ય તમે આજે પરણવાના જ !"

બાદશાહ ગર્વગળિત થઈ ગયો અને તેના મુખમંડળમાં મલિનતા છવાઈ ગઈ. તે દીનવાણીથી કહેવા લાગ્યો કે;-"હમ્મીરદેવ ! અત્યારે હું તમારો શરણાગત છું. મારા અપરાધોની હું ક્ષમા માગું છું અને જીવનદાન ઇચ્છું છું, ઉદારતા એ ક્ષત્રિયોનો પરમ ધર્મ છે અને તે ઉદારતાનો અત્યારે આપ પરિચય આપશો, એવી મને પૂર્ણ આશા છે. હું મારા પરાજયનો મુક્તકંઠે સ્વીકાર કરું છું. દુર્ભાગી શત્રુ એથી વિશેષ શી પ્રાર્થના કરી શકે ?"

અલાઉદ્દીનની એ દીનવાણી સાંભળીને દયામૂર્ત્તિ હમ્મીરનું હૃદય દ્રવી ગયું અને તે અલાઉદ્દીનને સંબોધીને કહેવા લાગ્યો કે;-" સુલ્તાન !

ક્ષત્રિયો તો એવા જ ઉદાર હતા, છે અને રહેવાના તમે મારે શરણે આવ્યા છો, તો હવે હું કદાપિ તમારા પ્રાણની હાનિ કરવાનો નથી. પરતુ જો તમે ખરા મુસલ્માન હો તો પોતાના વચનને નિભાવજો અને વિનાકારણ રાજપૂતોને ઉપદ્રવ આપશો નહિ. પૃથ્વીરાજ ચહુઆણે શહાબુદ્દીન ગોરીને સાત સાતવાર અપરાધની ક્ષમા આપીને છોડી દીધો હતો, પરન્તુ તે જ કૃતઘ્ન અંતે પૃથ્વીરાજના અતનો હેતુ થયો હતો, એવી નીચતા તમે કરશો નહિ. અમે તો જીવ જતાં સુધી લડીશું જ-લડવાનો અમને કટાળો નથી અને મરવાનો ભય નથી, પણ એવી નીચતાથી ઇતિહાસમાં તમારુ નામ કલકિત થશે અને મરી ગયા પછી પણ અનત કાળ પર્યંત લોકો તમને ધિક્કારશે, એનો જ તમારે માત્ર વિચાર કરવાનો છે."

"એવી કૃતઘ્નતા અને નીચતા હવે હું જીવ જતાં સુધીમાં પણ કરવાનો નથી, એ વિશે નિશ્ચય રાખજો." અલાઉદીને કહ્યું

"તથાસ્તુ. મારા રણભયણુ સેનાનાયકો અને સૈનિકો ! આ પૃથ્વીપતિ બાદશાહ આપણા શરણાગત હોવાથી અદાડ્ય છે એટલામાટે હું એમને છોડી દઉં છુ અને તમને આજ્ઞા આપુ છું કે, એમને સુરક્ષિતતાથી એમન સૈન્યમાં પહોંચાડી આવો !" હમ્મીરે પોતાના સૈનિકોને એ પ્રમાણેની આજ્ઞા આપીને પોતાની અંતરસ્થ ઉદારતાનો પ્રત્યક્ષ પરિચય કરાવી આપ્યો.

અલાઉદીને એ ઉદારતામાટે હમ્મીરનો મૂકમુખે સંકેતથી આભાર માન્યો અને પોતાના રાજાની આજ્ઞાને માન્ય કરીને રાજપૂત સૈનિકો તેને માન અને સુરક્ષિતતાથી તેના સૈન્યમાં મૂકી આવ્યા. અલાઉદીન રાજપૂતોની અલૌકિક વીરતાથી એટલો બધો ભયભીત થએલો હતો કે, સૈન્યમાં પહોંચ્યા પછી તે ત્યાં પાણી પીવાને પણ ન થોભતાં તે ક્ષણે જ છાવણી ઊઠાવીને દિલ્હી તરફ જવાને કૂચ કરી ગયો અથવા બીજા શબ્દોમાં, કહીએ તો સુલ્તાન પલાયન કરી ગયો, એમ પણ કહી શકાય તેમ છે.

હમ્મીરે પોતાના ઘાયલ થએલા લોકોને ડોલીઓમાં ઉપડાવીને અને મૃત વીરોને અગ્નિસંસ્કાર કરાવીને બાદશાહની સેના પાસેથી છીનવી લીધેલાં નિશાનોને પોતાના સૈન્યના અગ્રભાગમાં રાખી વિજયનાદસહિત રણથંભોર દુર્ગતરફ જવામાટે ત્યાંથી મહા આનદપૂર્વક પ્રયાણ કર્યું. માત્ર મીર મંગોલના મરણનો શોક અદ્યાપિ તેના મનમાંથી ઓછો થયો નહોતો.

## ત્રિંશ પરિચ્છેદ

### ભ્રમ અને જોહાર,

અથવા

### રણથંભોરમાં રમણીયજ્ઞ

હમ્મીરના પોતાના યુદ્ધભૂમિમાં પ્રયાણ કરવા પછી રણથંભોર દુર્ગનાં દ્વાર બંધ રાખવામાં આવ્યાં હતા અને કિલ્લાની દીવાલપર કેટલાક સંરક્ષક સૈનિકો યુદ્ધના પરિણામને જાણવામાટે વારા ફરતી દિવસ અને રાત ફરતા રહેતા હતા. જે વેળાએ હમ્મીર સુલ્તાન અલાઉદ્દીનનો પરાજય કરી વિજયમંડિત થઈને પાછો ફર્યો, તે વેળાએ પણ એ સરક્ષકો કિલ્લાની દીવાલપર હાજર જ હતા. સંધ્યાનો સમય હોવાથી દિવસના પ્રકાશની કાંઈક મંદતા થએલી હતી અને તેથી કિલ્લાપરથી તેમણે મુસલ્માનોના નિશાનને કિલ્લા તરફ આવતું જોયુ, એટલે તેમને એવો જ ભાસ થયો કે, ક્ષત્રિયોનો પરાજય અને યવનરાજનો વિજય થએલો હોવો જોઈએ. ક્ષત્રિયસેનાને ઓળખવાનું અથવા તો તેવું અનુમાન કરવાનુ બીજુ એક પણ સાધન દૃશ્યમાન ન હોવાથી તેમની એવી કલ્પના થાય, એ સર્વથા સ્વાભાવિક જ હતુ. એક સરક્ષક ત્વરિત રાજમહાલયમાં દોડી ગયો અને ત્યાં રાજમાતાને સબોધીને અશ્રુપૂર્ણ નયનોથી કહેવા લાગ્યો કે,—

"રાજમાતા! મહા અનર્થપાત થયો છે. આટલા સમયના યુદ્ધ પછી અંતે આપણા પક્ષનો પરાજય થયો છે અને યવનોનો વિજય થયો છે. યવનો પોતાની પતાકાને જયના ચિહ્ન તરીકે સૈન્યના અગ્રભાગે રાખી કિલ્લા તરફ આવે છે, એટલે હવે આપણે આપણી પ્રતિષ્ઠાના સંરક્ષણ માટેની તૈયારીઓ કરવી જ જોઈએ."

"વીર પુરુષ! તારો પ્રમાદ તો થતો નથી ને? મારી મનોદેવતા મને કહે છે કે, અવશ્ય મારા પુત્રનો જ વિજય થએલો હોવો જોઈએ. છતાં તારા મુખમાંથી આ અશુભ સંવાદ સાંભળીને મને અતિશય આશ્ચર્ય થાય છે." રાજમાતાએ શંકા પ્રદર્શિત કરીને કહ્યું.

"પૂજ્ય માતા! જો આપને મારા બોલવામાં અસત્યનો જ ભાસ થતો હોય, તો આપ કૃપા કરીને મારી જોડે કિલ્લાની દીવાલપર પધારો અને પોતાના એ સંશયની નિવૃત્તિ કરી લ્યો." સૈનિકે નમ્રતાથી કહ્યુ.

"બહુ સારું, ત્યારે ચાલો." રાજમાતાએ કહ્યું.

રાજમાતાએ પણ જ્યારે કિલ્લાપર આવીને મુસલ્માનોની પતાકાનું સૈન્યના અગ્રભાગમાં પ્રત્યક્ષ દર્શન કર્યું ત્યારે તેનો પણ ક્ષત્રિયોના પરા-

જય વિશે પૂર્ણ નિશ્ચય થઈ ગયો. તેના મુખમંડળમાં શોકની ગંભીર છાયા છવાઈ ગઈ. પરંતુ તે વીરમાતાએ હૃદયને વજ્ર સમાન દૃઢ કરીને નેત્રમાંથી અશ્રુના એક બિન્દુનો પણ પાત થવા દીધો નહિ. સંરક્ષકોને તેણે કહ્યું કે,–"વીરો! અમે હવે અમારા ધર્મનું પાલન કરીએ છીએ, પણ ત્યાં સુધી કોઈપણ ઉપાયે યવનોનો દુર્ગમા પ્રવેશ થવા દેશો નહિ."

"રાજમાતા! અમારા શરીરમાં પ્રાણ હશે, ત્યાં સુધી તો શત્રુઓનો દુર્ગમાં સંચાર થવાનો નથી. અમારા ગતપ્રાણ થવા પછીની જવાબદારી અમારા માથાપર નથી." સંરક્ષકોના નાયકે નમ્રતાથી કહ્યું.

"ચિરજીવ રહો!" એવો આશીર્વાદ આપીને રાજમાતા રાજમહાલયમાં ચાલી ગઈ. ત્યાં સર્વ સ્ત્રીઓને એકત્ર કરીને તે વૃદ્ધ માતાએ ગભીર સ્વરથીકહ્યું કે,–"રાજકુલની પવિત્ર કન્યાઓ અને પવિત્ર ગૃહલક્ષ્મીઓ! અત્યારે અત્યંત શોકકારક સમાચાર સંભળાવતાં મારું હૃદય વિદીર્ણ થઈ જાય છે. મારા રણશૂર પુત્રનો, ભાનુમતીના પતિનો અને ચંદ્રાવલીના પિતાનો એટલે કે, રણથંભોરના સ્વામી હમ્મીર ચહુઆણનો રણમાં પરાજય અને અંતકાળ થયો છે–તે સાથે આપણા જીવનના દીપકનો પણ નિર્વાણ થયો છે. શત્રુ યવનો જયનાદ કરતા અને પોતાની પતાકાને આગળ દોડાવતા કિલ્લાતરફ આવે છે, એટલામાટે આપણે પોતાની અને પવિત્ર ક્ષત્રિયકુળની પ્રતિષ્ઠાને જાળવવામાટે એક ક્ષણ માત્રના પણ વિલમ્બવિના જોહાર કરીને યવનોના હાથમાં જવાને બદલે સ્વર્ગમાં જવાની તયારી કરવી જ જોઇએ. કેમ તમો સર્વનો શો અભિપ્રાય છે?"

"સર્વથી પ્રથમ હુ ચિતામા પ્રવેશ કરીશ" ચંદ્રાવલીએ અત્યત ઓજસ્વિતાથી એ શબ્દો ઉચ્ચાર્યા.

"આ ભાનુમતી પણ ચિતાપ્રવેશના કાર્યમાં એક ક્ષણનો પણ વિલબ કરવાની નથી." રાણીએ પણ તેવા જ પ્રભાવથી કહ્યું.

"શ્રેષ્ઠ જનો જે કાર્ય કરે છે, તેને જ અન્ય જનો અનુસરે છે, એ નિયમ હોવાથી આપની સાથે ચિતાપ્રવેશ કરીને યવનોના ભાવિ અત્યાચારમાંથી મુક્ત થવાને અમે પણ એક પગે તૈયાર છીએ." એક વૃદ્ધ સ્ત્રીએ અન્ય સ્ત્રીઓના અગ્રેસરત્વનો સ્વીકાર કરીને હિમ્મતથી કહ્યું. અને ત્યારપછી સર્વ સ્ત્રીઓએ મળીને 'જય અંબે!' નો ગગનભેદક ધ્વનિ કર્યો.

રાજમાતાની આજ્ઞાથી રાજમહાલયના ચોગાનમાં ચંદનકાષ્ઠની ચિતા તૈયાર કરવામાં આવી અને તેને પ્રદીપ્ત કરીને સર્વથી પ્રથમ રાજકુમારી ચંદ્રાવલી ચિતારોહણ કરવાને આગળ વધી ગઈ. ભાનુમતીએ તેને પકડીને દૃઢ આલિંગન આપ્યું અને કહ્યું કે;–"પુત્રી! પ્રથમ મને જ

ચિતામાં બળવા દે, એટલે મારે કુમારિકા સુતાના મરણનું દશ્ય મારી આંખોવડે જોવુ ન પડે." ભાનુમતી તેને છોડતી ન હોતી અને સમય વીતી જતો હતો, એટલે બળાત્કારે માતાના આલિંગનબંધનથી મુક્ત થઈને ચંદ્રાવલીએ પોતાનું શરીર અગ્નિદેવને સમર્પણ કરી દીધું. ત્યાર પછી ભાનુમતી, રાજમાતા અને અંત:પુરની અન્ય અબળાઓ તથા દાસીઓ પણ ચિતામાં પ્રવેશ કરી ભસ્મીભૂત થઈ ગઈ અને આ નશ્વર સંસારમા પોતાની અચલ નામના રાખી ગઈ.

રાજપરિવારની અબળાઓના ચિતાપ્રવેશના શોકકારક સમાચાર જોતજોતામાં સર્વત્ર વ્યાપી ગયા અને તેથી અન્ય સ્ત્રીઓએ પણ પોતાને ભાવિ અપ્રતિષ્ઠાના આઘાતથી મુક્ત કરી લેવામાટે એ જ પદ્ધતિનું અનુકરણ કરવાનો દૃઢ નિર્ધાર કર્યો. પરંતુ યવનો અલ્પ સમયમાં આવી લાગવાની શંકા હોવાથી અને સ્થળે સ્થળે ચિતાઓ ખડકવામાં અવકાશની આવશ્યકતા હોવાથી કેટલીક સ્ત્રીઓએ છરીવડે પોતાના પ્રાણનું વિસર્જન કર્યું, કેટલીક કામિનીઓએ કટારના સાહાય્યથી આત્મઘાત કર્યો, કેટલીક સૈનિક પતિની સુંદરીઓએ પોતાના ઘરમાંના દારુને જમીનપર પાથરી તેની વચ્ચે બેસી દારુને સળગાવીને સ્વર્ગમાં પ્રયાણ કર્યું, કેટલીકોએ તળાવ અને કૂપ આદિ જળાશયોનો જ મરણમાટે આશ્રય લીધો, કેટલીકોએ કિલ્લાની ઊંચી દીવાલપર ચઢી નીચેની ઊંડી ખાઈમાં પડીને પોતાના દેહનો નાશ કર્યો અને કેટલીક અબળાઓ પાષાણપર માથાને પછાડી માથું ફોડીને મરી ગઈ. એવી રીતે માત્ર એક પ્રહર જેટલા સમયમાં રણથંભોર દુર્ગમાં દશ સહસ્ર આર્ય અબળાઓએ પ્રતિષ્ઠામાટે પોતાના પ્રાણ ઈશ્વરના ચરણોમાં અર્પણ કરી દીધા! દુર્ગમાં જ્યાં જુઓ ત્યાં અતુલ રૂપવતી અને પવિત્રચરિતા કુલકામિનીઓનાં મૃત શરીરો દૃષ્ટિગોચર થવા લાગ્યાં. એ ભયાનક દશ્યને જોતાં જ એ કોઈ મહાભયાનક સ્મશાનભૂમિ તો નહિ હોય! એવો જ સર્વને ભાસ થવા લાગ્યો. વિધિની ઘટના કેવી વિચિત્ર? જે રણથંભોરની ભૂમિ એક વાર નંદનવનના ઉપાધિને મેળવવાને ભાગ્યશાલિની થઈ હતી, તે જ આજે કાળચક્રના વિલક્ષણ પરિવર્ત્તનના યોગે ભયંકર સ્મશાનભૂમિના રૂપમાં પરિવર્ત્તિત થઈ ગઈ! એનું કારણ? **'विधिरहो बलवानिति मे मतिः'**

રણથંભોર દુર્ગ સર્વથા સ્ત્રીજાતિવિહીન બની ગયો. પરન્તુ અદ્યાપિ એક સ્ત્રી ત્યાં જીવતી હતી. કેટલાંક કારણોને લીધે એ અબળાએ અદ્યાપિ આત્મહત્યા કરી નહોતી. એ સ્ત્રી બીજી કોઈ નહિ, પણ આટલા બધા અનર્થપાતનું આદિકારણ મરહટી બેગમ જ હતી. મીર મંગોલના સ્વર્ગવાસના સમાચાર તો કયારનાય તેના સાંભળવામાં આવી ચૂક્યા હતા.

અને એ સમાચાર સાંભળતાંની સાથે જ ધિક્કારપૂર્વક તેણે પોતાનાં સૌભાગ્યચિન્હોને ત્યાગીને વિધવાવેષ ધારણ કર્યો હતો. તેના મનમાં આ જન્મમાં થએલી પોતાના નારી-અવતારની ભ્રષ્ટતામાટે વારંવાર પશ્ચાત્તાપ થયા કરતો હતો અને એટલા માટે આગામિ જન્મમાં સતીની પદવી મળે અને મીર મંગોલ જ પોતાનો પતિ થાય, એ ઇચ્છાની સિદ્ધિ કરનાર મરણનો કયો માર્ગ સ્વીકારવો, એના ગભીર વિચારમાં તે પડી ગઈ હતી. અંતે અચાનક હૃદયમાં એક વિચાર આવતાં તે સ્નાન આદિથી પવિત્ર થઇને રાજમહાલયમાં રાજપરિવારની સ્ત્રીઓએ જે સ્થળે ચિતાપ્રવેશ કર્યો હતો, તે સ્થળે આવી લાગી અને ચિતાની શાંત થવા આવેલી જ્વાળાને ઉદ્દેશી અનન્ય ભાવથી કહેવા લાગી કે;—

"સતી ક્ષત્રાણીઓના શરીરસ્પર્શથી પવિત્રતાને પ્રાપ્ત થએલ અગ્નિની જ્વાળાઓ! હું સતી થવાને યોગ્ય તો નથી જ, છતાં મારા આ જન્મનાં પાપોનો અંતઃકરણપૂર્વક પશ્ચાત્તાપ કરીને આગામિ જન્મમાં એ જ પતિની પતિવ્રતા પત્ની થવાની આશાથી હું તમને મારા શરીરનો ભોગ આપું છું. પારસમણિના સ્પર્શથી લોહ સુવર્ણ થાય છે અને કલ્પવૃક્ષપાસેથી મનુષ્ય પોતાની ઇચ્છા હોય તેવું ફળ મેળવી શકે છે, તેમ જ સાધુ પુરુષ કે સતી સ્ત્રીના સમાગમથી પાપી પણ પુણ્યશીલ બની જાય છે, એ કથન અથવા સિદ્ધાંતમાં કાંઈ પણ સત્યનો અંશ હશે, તો તો આ સતીની ચિતામાં પ્રવેશ કરવાથી આગામિ જન્મમાં અવશ્ય મારી ઇચ્છા ફળીભૂત થવી જ જોઇએ. હે નાથ! હવે વિલંબ નથી-હું આ આવી!—

એ વચનોના ઉચ્ચાર સાથે મરહટ્ટી બેગમે ચિતાની જ્વાળાને દૃઢ આલિંગન આપ્યું અને થોડા વખતમાં મૃત્તિકાની પ્રતિમા મૃત્તિકામાં સંમિશ્રિત થઇને અદૃશ્ય થઈ ગઈ. રણથંભોરમા એકપણ અબળા અવશિષ્ટ રહી નહિ.

---

## એકત્રિંશ પરિચ્છેદ

### કમળપૂજા

અથવા

### હમ્મીરની આત્મહત્યા

રણથંભોરમાં સ્ત્રી હત્યાકાંડની સમાપ્તિ થવા પછી થોડા જ સમયમા હમ્મીર પોતાના વિજય સૈન્યના વિજયીનાદ સહિત અને રણવાદ્યોના ગગનભેદક નિનાદ સહિત મહા ઉત્સાહપૂર્વક પોતાના દુર્ગમાં

આવી પહોંચ્યો. પોતે રણમાં વિજય મેળવીને આવેલો હોવાથી ક્ષત્રિય વીરની નીતિ પ્રમાણે બીજા કોઈ સાથે કશીપણ વાતચીત ન કરતાં પોતાની માતાનાં ચરણોમાં મસ્તક નમાવી તેનો ધન્યવાદ લેવાના હેતુથી તે પ્રથમ રાજમહાલયમા ગયો. પણ ત્યાં ચોગાનમા બળેલી ચિતા અને ભસ્મરાશિને જોઇને તે એકાએક ભયમાં પડી ગયો. રાજમહાલયમાં કોઇપણ દૃષ્ટિગોચર થયું નહિ—અધૂરામાં પૂરું રાત્રિનો સમય હોવાથી એ જનશૂન્યતા અધિક ભયંકર ભાસતી હતી. રાજમહાલયનો એક વૃદ્ધ સરક્ષક ત્યાં હતો, તેને હમ્મીરે ગભીરતાથી પૂછ્યું કે,–"આ બધો શો પ્રકાર છે? અહી રાજમાતા, રાણી અને રાજકુમારી તથા દાસીઓ આદિ કોઇપણ કેમ જોવામા આવતુ નથી? શું તેઓ પોતાના સંરક્ષણ-માટે અન્યત્ર ચાલ્યાં ગયાં છે?"

"જી હા." વૃદ્ધ સરક્ષકે નેત્રમાંથી નીર વર્ષાવીને કહ્યુ.

"ક્યા?" હમ્મીરે અધીરતાથી પુન પ્રશ્ન કર્યો.

"જ્યા પાપોના પ્રચાર નથી, શત્રુનો સંચાર નથી, ભય કે દુ ખનો વિકાર નથી અને પુણ્યશીલને પ્રતિકાર નથી ત્યા." વૃદ્ધ સરક્ષકે મર્મ-માં જ ઉત્તર આપ્યુ.

"એટલે?" હમ્મીરે આશ્ચર્યચકિત થઇને પૂછ્યું.

"સ્વર્ગમાં." સરક્ષકે સ્પષ્ટતા કરી.

"શુ રાજપરિવારની સ્ત્રીઓએ જોહાર કર્યો કે?" હમ્મીરે કપાળમાં કરાઘાત કરીને કહ્યુ.

"માત્ર રાજપરિવારની સ્ત્રીઓએ જ નહિ, પણ સમસ્ત રણથં-ભોરની રમણીઓએ જોહાર કરીને પોતાની પ્રતિષ્ઠાનુ રક્ષણ કર્યું છે—આ જોહારમાં દશ હજાર આર્ય અબળાઓના પ્રાણની આહુતિ અપાઈ ગઈ છે અને અત્યારે એક પણ સ્ત્રી આપણા દુર્ગમાં અવશિષ્ટ હોય, એવી મારી ધારણા નથી." વૃદ્ધ સરક્ષકે આવેશયુક્ત વાણીથી કહ્યું.

"પણ આટલા બધા અનર્થનું કારણ?" હમ્મીરે વિસ્ફારિત નેત્ર કરીને પૂછ્યું.

"કારણ એ જ કે, વિજય કરીને ક્ષત્રિયસેના આવતી હતી, પરંતુ તેના અગ્રભાગમાં યવનોની વિજયપતાકા હોવાથી અહી સર્વને એવો જ ભાસ થયો કે, ક્ષત્રિયસેનાનો પરાજય થયો છે, મહારાજાનું અશુભ થયું છે અને મદોન્મત્ત યવનો પોતાના નિત્યના સ્વભાવ પ્રમાણે પ્રજાને પીડવા, લૂટવા અને કુલકામિનીઓને ભ્રષ્ટ કરવાની ભાવનાથી દુર્ગતરફ આવે છે. એટલે એ પાપીઓના સ્પર્શથી ભ્રષ્ટ થઇને જીવવા કરતાં પવિત્ર રહીને મરણનો સ્વીકાર કરવો, એ જ અધિક શ્રેયસ્કર છે, એમ

ધારીને સ્ત્રીઓએ નાના પ્રકારનાં સાધનોવડે પોતાનાં શરીરોનો નાશ કર્યો છે અને રણથંભોર દુર્ગ ગૃહલક્ષ્મીવિહીન થયો છે." દુઃખદર્શક સ્વરથી વૃદ્ધ સંરક્ષકે કારણનું વિવેચન કરી સંભળાવ્યુ.

એ કારણનું શ્રવણ કરતાં જ હમ્મીરના મનમાં શોકનો એટલો બધો ભયકર આઘાત થયો કે, તેનાથી એક શબ્દનો પણ ઉચ્ચાર કરી શકાયો નહિ. પોતાનો ઉન્માદ હવે બરાબર તેના ધ્યાનમાં આવી ગયો. તે કેટલીકવાર પછી અત્યંત શોકપૂર્ણ સ્વર અને અશ્રુપૂર્ણ નયનોથી કહેવા લાગ્યો કે,–"ખરેખર વિધિનો પ્રપચ કોઇનાથી પણ જાણી શકાતો નથી. વિધિ પોતે જે ધારે છે તે જ કરે છે અને તેના ચરિત્રને જાણવાને કોઈ સમર્થ નથી. સુર, અસુર અને મનુષ્ય સર્વ વિધિને આધીન છે–વિધાતાની ઇચ્છાને મિથ્યા કરી શકે એવો દેવ કે દાનવ અદ્યાપિ કોઈ પણ થયો નથી અને હવે પછી ભવિષ્યમાં થવાનો પણ નથી. જેવી વિધાતાની ઇચ્છા હતી, તે પ્રમાણે તેણે કર્યું છે, એટલે એમાં હર્ષ કે શોક કરવા જેવુ કાંઈ પણ નથી જ. જે ભાવિની સત્તા સમક્ષ શ્રીપતિ અને વિરંચિ જેવા પણ નિરુપાય થઈ ગયા છે, ત્યાં મારા જેવા એક ક્ષુદ્ર મનુષ્યની શી શક્તિ! કોટિ ઉપાયો કરો, પણ ભાવિ કદાપિ મિથ્યા થયું નથી અને થવાનું નથી. ભૂમિ, જળ, પાવક, આકાશ અને વાયુ એ સર્વ ભાવિને જ વશ છે–આ સૃષ્ટિની ઉત્પાદક, પોષક અને સહારક સત્તા એ ભાવિ જ છે. શેષ, સુરેશ, યમ, કાળ, ચન્દ્ર અને સૂર્ય પણ ભાવિના બંધનથી મુક્ત નથી–કારણ કે, ચંદ્ર અને સૂર્ય આદિનો પણ ઉદય અને અસ્ત થયા કરે છે. ખરેખર એક કવિએ યથાર્થ જ કહેલુ છે કે,—

'ગાવત ગુન આગમ નિગમ,-નિશિ દિન, લહત ન અન્ત;
તીન કાલ જુગ ચારમે હૈ ભાવી બલવન્ત!'

લાભ, હાનિ, જીવન, મરણ, ચળતા અને અચળતા એ સર્વ વિધિના પ્રપંચમાંથી જ ઉદ્ભવ્યાં છે અને ભાવિને જ આધીન છે, એ સિદ્ધાંત આ વિશ્વમાં સર્વવિશ્રુત અને પ્રકટ છે. કર્તા હર્તા અને સર્વનું આદિકારણ કેવળ તે ઈશ્વર જ છે, એટલે પછી કોપ કોનાપર કરવો? યુદ્ધમાં મારો વિજય થયો અને શત્રુઓનો પરાજય થયો, વિજયના મદમાં યવનોના જિતેલા નિશાનને સૈન્યના અગ્રભાગે ચલાવ્યુ અને તે કારણથી રણથંભોરમાં જોહાર થયો, એ સર્વ વિધિનો પ્રપંચ નહિ તો બીજું શું? આ જગત્ અસત્ય છે, કારણ કે, તે અન્યને આધીન છે–એક પણ કાર્ય મનુષ્યના અધિકારમાં નથી!"

"મહારાજાધિરાજ! હવે આમ ક્રન્દન કરવાથી શો લાભ થવાનો છે? હવે તો શાંત થાઓ અને પ્રજાનું પાલન કરો, એ જ આપનામાટે સર્વથી વિશેષ ઉત્તમ અને શ્રેયસ્કર માર્ગ છે." વૃદ્ધ સંરક્ષકે સાહસ કરીને ઉપદેશ આપ્યો.

"નહિ નહિ–હવે માર જીવન વ્યર્થ છે–નીરસ છે. માતા, પત્ની અને કન્યાનો વિનાકારણ નાશ થયો અને અન્ય અનેક અબળાઓનો ઘાત થયો, તો પછી પરિવારહીન થઇને જીવવામાં શો લાભ અને સ્વાદ સમાયલો છે, તે હુ સમજી શકતો નથી. જાઓ હમણાંને હમણાં સર્વ સામતોને એકત્ર કરો–મારો કાંઇક બીજો જ નિર્ધાર થયો છે" હમ્મીરે શોકને ત્યાગી ત્વેષમાં આવીને આજ્ઞા કરી.

અનુચરો ચારે તરફ દુર્ગમા દોડ્યા અને સર્વ સામતો તથા મત્રીઓને બોલાવી લાવ્યા. એ સામત અને મત્રીઓમાંના પણ ઘણાકોની સ્ત્રીઓ, ભગિનીઓ અને કન્યાઓએ પ્રાણત્યાગ કર્યો હતો અને તેથી તેઓ પણ મહાશોકના સમુદ્રમાં ડૂબેલા હતા, છતા રાજાના શોકને જોઇને તેઓ પોતાના દુખને ઘડીભર ભૂલી ગયા. તેમણે આવતાની સાથે જ કહ્યુ કે;–"શિરચ્છત્ર! શી આજ્ઞા છે?"

હમ્મીરદેવે મહાગંભીર વાણીથી જણાવ્યુ કે,–"મારી કીર્ત્તિનાં કારણો અને રણના શૃંગારો! હવે મારી આજ્ઞા નથી, પણ એક અંતિમ પ્રાર્થના છે; અને આશા છે કે એ મારી પ્રાર્થનાને તમે ધ્યાનથી સાંભળશો અને મારા નિર્ધારને પુષ્ટિ આપશો. જંગના મેદાનમાં અનેકવાર અરિના અંગનો ભગ કરીને હુ યશનો ભાગી થયો છું અને અત્યારે પણ સમરક્ષેત્રમાં શત્રુને નમાવી યશસ્વી થઈ હુ દુર્ગમાં આવ્યો છું, એ પ્રતાપ મારા રણધીર સૈનિકોનો એટલે કે તમારો જ છે. અચલ સૈનિકોએ પોતાના પ્રાણની રણયજ્ઞમાં આનદથી આહુતિ આપી છે, પણ મારા વચનને ઉલ્લંઘનીય અથવા અમાન્ય કર્યું નથી. મારા પ્રતિ બતાવેલી એ સદ્ભાવનાનો અને સદ્ભક્તિનો બદલો મારાથી લેશમાત્ર પણ આપી શકાય તેમ નથી જ. મારા માટે આજ સુધીમાં તમે જે અગાધ કષ્ટો અને સંકટો સહન કર્યાં છે, તેનો પુરસ્કાર તમને પરમાત્મા જ આપશે. હવે જે ખાસ વાત તમને જણાવવાની છે તે એ જ કે, એક તરફ હું રણક્ષેત્રમાં વિજય મેળવીને આવ્યો, એ આનંદનો ઇશ્વિરે મને અનુભવ કરાવ્યો છે અને બીજી તરફ મારા પરિવારનો પ્રમાદવશ જોહારથી નાશ થયો છે, એ અસહ્ય શોકનો પણ ઇશ્વિરે સાક્ષાત્કાર કરાવ્યો છે. એથી સ્પષ્ટ જણાઈ આવે છે કે, જગતમાં સુખ અને દુઃખ–આનંદ

અને શોક એક સાથે જ વસેલાં હોય છે. વિશ્વમાં મારી અમર નામના થઈ છે, પણ ક્ષણ માત્રમાં મારા ગૃહનો–મારા પરિવારનો ઉચ્છેદ અથવા વિનાશ થયો છે. આ એકસમયાવચ્છેદે ઉભય પ્રકારના ખેલોને દૃષ્ટિથી જોઈને આજે મારા હૃદયમાં વૈરાગ્ય અને તત્ત્વજ્ઞાનનો અચાનક ઉદ્ભવ થયો છે. જે માનવી અહંતા અને મમતાના મદમાં મસ્ત રહે છે તે મૂર્ખ છે–આ સંસારરૂપ નાટકને આનંદમય કે શોકમય બનાવનાર તે પરમાત્મા સૂત્રધાર જ સર્વશક્તિમાન્ છે. એટલામાટે તે પરમાત્માના શરણમાં જવાનો મારો નિશ્ચય થયો છે અને તેથી તમને મારી એ જ પ્રાર્થના છે કે, મારા પરલોકવાસ પછી કુમાર રતનસેનને ચિત્તોડથી બોલાવીને આ રાજ્યનો સ્વામી સ્થાપજો અને તેની આજ્ઞામાં રહી અત્યારે ચલાવો છો તેવી જ રીતે ધર્મ અને નીતિ એ ઉભય ચક્રના આધારે રાજ્યશકટ ચલાવજો. કારણ કે;—

"જેના કારણથી થયો, નષ્ટ સકળ પરિવાર,
તેને ક્ષણ પણ જીવવું, ઉચિત ન ભવ મોઝાર!"

હમ્મીરના સ્વભાવને અને હઠવાદિત્વને સર્વ જનો જાણતા હોવાથી તેની ઇચ્છાથી વિરુદ્ધ એક શબ્દ પણ ઉચ્ચારવાનું કોઇનાથી સાહસ કરી શકાયું નહિ. તે રાત્રે હમ્મીરે અખંડ જાગરણ કર્યું અને તેથી અન્ય જનોને પણ જાગતા બેસી રહેવાની ફરજ પડી. પ્રાતઃકાળમાં જ સ્નાન આદિથી વિશુદ્ધ થઈ રાજભંડારમાંથી ધનની કોથળીઓ મંગાવીને દ્વિજ અને દીન જનોને દાન આપવાનો હમ્મીરે આરંભ કર્યો. એ દાનના કાર્યની સમાપ્તિ કરી ગળામા કમળની માળા ધારણ કરીને અને ભાલને ત્રિપુંડમંડિત કરીને ઋષિ સમાન વેષમાં તે હમ્મીરેશ્વર મહાદેવના મંદિર તરફ જવાને રાજસદનમાથી નીકળ્યો. તેની પાછળ પાછળ અસંખ્ય લોકોનો સમુદાય પણ તે તરફ જ ચાલ્યો.

હમ્મીરે સંસારની માયાનો ત્યાગ કરીને મહા વૈરાગ્યપૂર્વક વિશાળ શિવાલયના મંડપમાં પ્રવેશ કર્યો. પ્રથમ શિવલિંગને ગંગાજળથી સ્નાન કરાવી બિલ્વપત્ર અને પુષ્પ ચઢાવીને તે હસ્તદ્વય જોડી નમ્રતાથી પ્રાર્થના કરતો કહેવા લાગ્યો કે;–

"હે દેવાધિદેવ મહાદેવ! મેં અત્યાર સુધી જેવી રીતે દીનજનોને અને દ્વિજોત્તમોને દાન આપ્યું છે, ખલ અને અપરાધજનોને ઉચિત દંડ આપ્યો છે, અરિને તલવારના વારથી વિદારીને પરાજય આપ્યો છે, અત્યાચારપીડિતોને ન્યાય આપ્યો છે અને માતા, પિતા, પત્ની, પુત્રી તથા પુત્ર આદિ સકળ પરિવારને મારાથી બનતો સંતોષ આપ્યો છે;

તેવી જ રીતે આજે હું મારા સંતાનને સિંહાસન આપું છું અને તારી મુંડમાળામાં પરોવવામાટે તને આ મારું મસ્તક આપું છું. પરંતુ માત્ર એટલુ જ વરદાન માગું છું કે, જો મને પુનઃ જન્મ ધારણ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય, તો મારો જન્મ આવી રીતે વીર ક્ષત્રિયકુળમાં જ થવો જોઇએ, કે જેના યોગે હું જન્મભૂમિ અને ધર્મની સેવા કરી શકું."

એ પ્રમાણે પ્રાર્થના કરીને હમ્મીરે પોતાની કરવાલ-તલવાર-ને હાથમાં ઊપાડી લીધી અને કમળપૂજાની સમાપ્તિ કરી નાખી—અર્થાત્ ખડ્ગ ખેંચીને તેણે પોતાના હાથે જ કમળના પુષ્પ પ્રમાણે પોતાનુ મસ્તક ઊતારીને શિવજીને સમર્પણ કરી દીધુ અને તે સુરલોકમા ઇન્દ્રની પદવી મેળવવાને યોગ્ય થયો.

હઠીલા હમ્મીરની એ અલૌકિક કૃતિને નીહાળીને આકાશમાંથી દેવાંગનાઓ પુષ્પની વૃષ્ટિ કરીને પોતાની પ્રસન્નતાને વ્યક્ત કરવા લાગી; તેમ જ નભોમંડળમાં દેવનાં વાદ્યોનો ધ્વનિ પણ થવા લાગ્યો. હમ્મીર વિમાનમાં બેસીને સ્વર્ગમાં ગયો. હમ્મીરની સ્વર્ગગતિ સાથે આપણી નવલકથાની પણ સમાપ્તિ થાય છે, એટલે કવિ ચંદ્રશેખરની નિમ્ન લિખિત પંક્તિઓનો ઉચ્ચાર કરીને અમારા લેખનવ્યવસાયની અમે પૂર્ણાહુતિ કરીશું,

" જીવત અરિદલ દલમલ્યો, મરિ લીન્યો હરિધામ,
ધન હમીર છિત છત્રપતિ, અમર તિહારો નામ !"

---

## ઉપસંહાર

રણથંભોરના મંત્રિમંડળે હમ્મીરદેવના શબને અગ્નિસસ્કાર કરીને તરત ચિત્તોડથી રાજકુમાર રતનસેન અને ચતુરંગજીને બોલાવી લાવવામાટે દૂતો મોકલ્યા. તેઓ થોડા દિવસમાં જ ચિત્તોડ પહોંચ્યા અને ત્યાંથી યુવરાજ તથા ચતુરગજીને રણથભોરમાં લાવ્યા. યુવરાજે પોતાનાં માતા પિતાની ધર્મશાસ્ત્ર પ્રમાણે યથાવિધિ ઉત્તરક્રિયા કરી અને યાચકોને યથેચ્છ દાન આપ્યાં. યુવરાજના રાજ્યાભિષેકનો દિવસ નિશ્ચિત કરવામાં આવ્યો, પરંતુ જે દિવસે રાજ્યાભિષેકસમારંભ થવાનો હતો, તેના આગલા દિવસે રાત્રે યુવરાજ પોતાના શયનમંદિરમાં સૂવામાટે ગયો. તે સદાને માટે જ સૂઈ ગયો. પ્રભાતમાં તે શય્યામા મરેલો જ મળી આવ્યો. યુવરાજ રતનસેનનું આમ અચાનક મરણ થવાનું કારણ અદ્યાપિ જાણવામાં આવ્યું નથી અને તેથી કોઇપણ ઇતિહાસકારે એનું સ્પષ્ટ વિવેચન કરેલું નથી. ચહુઆણવંશના એ અંતિમ પુરુષનો એવી રીતે અકાળ અને આકસ્મિક અંત થવાથી રણથંભોરનું સિંહાસન ખાલી થયું. કેટલાક દિવસ સુધી તો


મંત્રિમંડળે રાજ્યકાર્યભાર ચલાવ્યો, પણ એ વાર્તાની જાણથતાં અલ્લાઉદ્દીને પોતે આપેલાં વચનોનું વિસ્મરણ કરીને પુનઃ પોતાના સૈનાનાયકને પ્રથમના રણથંભોરપર આક્રમણ કરવામાટે મોકલ્યો. રાજપૂતોની સંખ્યા યુદ્ધોમાં ઓછી તો થએલી હતી જ અને ત્યાર પછી હમ્મીર કમળપૂજા કરીને સ્વર્ગમાં ગએલો હોવાથી તથા યુવરાજનો પણ પરલોકવાસ થએલો હોવાથી તેઓ ઉત્સાહહીન અને નિરાશ થઈ ગયા હતા. એટલે આ વેળાએ તેઓ મુસલ્માન સૈન્ય સમક્ષ યુદ્ધમાં ટકાવ કરી શક્યા નહિ અને તેથી અંતે રણથંભોરમાં અલાઉદ્દીનનો અધિકાર થયો. રણથંભોરમાંના નાગરિકો ઘણાખરા ચિત્તોડ અને અન્ય આર્ય-રાજ્યોમાં ચાલ્યા ગયા હતા, એટલે રણથંભોરનો કિલ્લો જ્યારે સુલ્તાનના અધિકારમાં આવ્યો ત્યારે તે સ્મશાનના સ્વરૂપમા જ દૃષ્ટિગોચર થતો હતો. એવી દતકથા ચાલે છે કે, સુલ્તાન એકવાર ફરીથી રણથંભોર દુર્ગનુ અવલોકન કરવામાટે પોતે આવ્યો હતો અને જે સ્થળે હમ્મીરે પોતાની તલવારથી જ પોતાના દેહનો નાશ કર્યો હતો, તે સ્થળે આવી તેણે વીરવર્ય હમ્મીરનું સ્મરણ કરી નેત્રામાથી અશ્રુ વર્ષાવ્યા હતાં, અને મીર મંગોલની તુરબતપર ફૂલ ચઢાવ્યાં હતા. એ દતકથા જો ખરી હોય, તો અવશ્ય અલાઉદ્દીનની એ ઉદારતા જ કહી શકાય.

પ્રસ્તુત નવલકથાનાં માત્ર બે પાત્રોનો જ અંત્ય વૃત્તાત અવશિષ્ટ રહે છે અને તે પાત્રો તે રાજગાયકા રાધાદેવી અને કારસ્થાની અધ તથા અવયવભગ્ન ધર્મસિહ જ છે. ધર્મસિહનુ એક અસાધ્ય વ્યાધિના પરિણામે, યુદ્ધ ચાલતુ હતુ તે સમયમા જ, મરણ થયુ હતુ અને હમ્મીરના મરણ પછી રાધાદેવી ચિત્તોડના રાજાની આશ્રિતા થઈ હતી રાધાદેવીએ એટલી ટેક જાળવી રાખી હતી કે, ચિત્તોડની રાજસભામાં જ્યારે પણ તે નૃત્ય અને ગાયન કરવાનો આરભ કરતી હતી, ત્યારે રણથંભોરની દિશામા મુખ કરીને હમ્મીરના નામનો ઉચ્ચાર કરતી મસ્તક નમાવતી હતી અને ત્યારપછી જ પોતાના વ્યવસાયને આરંભતી હતી. દિલ્લીનો છેલ્લો રાજપૂત રાજા પૃથ્વીરાજ ચહુઆણ વેષ બદલીને જયચંદની રાજસભામા આવ્યો હતો, તે વેળાએ ત્યાં પૃથ્વીરાજની પૂર્વરક્ષિતા કર્ણાટકી નામક નાયિકા હતી તેણે સર્વથી પ્રથમ સભામાં સંકેતથી પૃથ્વીરાજને જ મસ્તક નમાવ્યું હતુ, એ વાર્તા ઇતિહાસપ્રસિદ્ધ છે, પરન્તુ રાધાદેવીએ તો હમ્મીરના સ્વર્ગવાસ પછી પણ એ નિયમ ચાલૂ રાખ્યો હતો અને તેથી એ ગણિકા કર્ણાટકી કરતાં પણ વિશેષ પ્રશંસાને પાત્ર હતી. ચહુઆણોની સભામાંની રાજગાયકાઓ પણ કેટલી બધી કૃતજ્ઞ હતી, એની કર્ણાટકી

અને રાધાદેવીનાં ઉદાહરણોથી આપણે ઘણી જ સારી કલ્પના કરી શકીએ છીએ.

અંતે અમારી પરમાત્માનાં ચરણોમાં એ જ પ્રાર્થના છે કે, હમ્મીરદેવ પ્રમાણે જ ભારતસુતાનો વચનશીલ, ધર્મશીલ અને શૌર્યશીલ થાઓ; તેઓ પોતાના ધર્માચાર અને ઉદાર ચરિત્રથી વિશ્વમાં અખંડ યશ તથા કીર્ત્તિને પામો અને ભદ્ર ભારતની નિષ્કલંક નામના ઇતિહાસના પૃષ્ઠોમાં સુવર્ણાક્ષરે લખાઈ સદાને માટે શાશ્વત અને અવિચળ રહો !!

સમાપ્ત.


DONGRE'S
BALAMRIT.

# જીવનધારા!!!

વીસમી સદીનો અદ્ભુત પ્રયોગ છે. નીચે જણાવેલા સર્વ રોગો ઉપર જાદુઈ અસર કરે છે. મુસાફરીમા યા પોતાના ઘરમાં દરેક માણસે આ દવાની એક શીશી જરૂર રાખવી જોઇએ. ઘણા માણસો તેના અદ્ભુત ગુણથી આકર્ષાઇને ધર્માદા આપવા મોટા જથામાં મંગાવે છે.

અન્ન પાચન ન થવાથી થતા રોગો, ઝાડો, ઉલટી, ખાસી, દમ, શ્વાસ, આધાસીસી, સીરદર્દ યાને માથાનું દુખવું, આંખનું દુખવું, કાન પાકવો, દાંતની પીડા, દરાજ, ખુજલી (ખસ), કોલેરા, પડી જવાથી યા સ્ત્રા વાગવાથી ચોટ લાગવી, સુજી જવું, કમરનો દુખાવો, સંધિવાત—સાંધાઓનું રહી જવું, અશક્તિ, ગુપ્ત ભાગની શિથિલતા, કોઇ પણ રસ્તેથી વીર્યનું સ્ખલિત થવું, બરોલ (પ્લીહા) મોમા છાલાં પડવાં, હરસ (બવાસીર), વધરાવળ, પ્રમેહ, લોહીનો બીગાડ અને તેનાથી થતાં દરદો, દરેક જાતનો તાવ, દાઝી જવું, વાળો (નહારૂ,) હેડકી, પ્રદર રોગ, ઝેરી જનાવરનો ડંખ વિગેરે ઘણી જાતના રોગોમાં ચોક્કસ ફાયદો થાય છે, તેમજ માંકડ, દુર્ગંધિ વિગેરે પીડાઓથી બચવા માટે અમુલ્ય ઉપાય છે. અમારી પુરતી અજમાયશ થયા પછીજ તેને જાહેરમાં મુકી છે.

ખાત્રીથી માનજો કે એક શીશી મંગાવીને અજમાવી જોવામાં કશું નુકશાન નથી. કીંમત પણ તેના ફાયદાના પ્રમાણમાં ઘણી સસ્તી રાખી છે. તે ઉપરાંત તેનો પ્રચાર દરેક ઠેકાણે થાય તે માટે તેની સાથે નીચે મુજબ ઇનામો આપવામા આવે છે. કીમત એક શીશીના રૂ. ૨॥

૧ શીશી મંગાવનારને ટેબલ ઉપર મુકવાનુ સુંદર ટાઇમપીસ ઇનામ.

૨ શીશી મંગાવનારને રાસ્કોપ સીસ્ટમ વોચ ઇનામ.

૩ શીશી મંગાવનારને ચાંદીનુ કાંડે બાંધવાનુ રીસ્ટ વોચ પટા સાથે ઇનામ.

૪ શીશી મંગાવનારને બ્રેસલેટ વોચ ઇનામ.

૫ શીશી મંગાવનારને આઠ દીવસની ચાવીનું મેટલનુ ખીસાનું વોચ ઇનામ.

૬ શીશી મંગાવનારને ચાંદીનું ડબલ કેશનું (હંટીંગ) વોચ ઇનામ.

૭ શીશી મંગાવનારને આઠ દીવસની ચાવીનુ અસલ ચાંદીનુ ખીસાનુ વોચ ઇનામ.

૮ શીશી મંગાવનારને આઠ દીવસની ચાવીનું અસલ ચાંદીનુ ડબલ કેશનું (હંટીંગ) વોચ ઇનામ.

પારસલ ખર્ચ ગ્રાહકને શીર છે.

ઠેકાણું—**ઇનામી કારયાલય.**

કાલબાદેવી પોસ્ટ મુંબઈ નં. ૨.

# સ્ત્રીઓનાં ખાસ દર્દો.

જેવા કે આર્તવ દોષ, રજોદર્શન, ટાઇમે થતો દુખાવો, રજોદર્શનની ન્યૂનતા, ગર્ભાશયની ગર્મીને લીધે વખતો વખત ગર્ભને નુકસાન થવું, બબ્બે ત્રણ ત્રણ વર્ષ સુધી શ્વેત પ્રદરનું વહેવુ, કેટલીકને વીશ વીશ દિવસ સુધી રક્ત પ્રદરનું વહેવું, જેથી માથે અંધારી આવવી, શરીર અશક્ત થવું, સિવાય છોડ, ઉપદંશ, સોજો વિગેરે હરકોઈ દર્દ માટે ત્રીશ વર્ષ કરતા વધુ વખતથી અમારૂં દવાખાનુ જુનુ અને જાણીતું છે. રૂબરૂ મળો અગર પત્રવહેવાર કરવો.



## અબળા સંરક્ષક પીલ્સ નં૦ ૨.

સ્ત્રીઓના આર્તવ દોષ, માસિકશ્રાવનું અનિયમિતપણું, માસિકશ્રાવ ટાઇમે થતો પેઢુનો સખ્ત દુખાવો, માસિકશ્રાવનું જરાતરા દેખાવું તે સાથે પેઢુ, કમ્મર અને સાથળનુ ભરાઈ જવું વિગેરે નાબુદ કરી આર્તવ નિયમિત કરે છે. પીલ્સ તથા વાપરવાની સોગઠી મળી કીં. રૂ. ૩.

## અબળા સંરક્ષક પીલ્સ નં૦ ૩.

સ્ત્રીઓને સફેદ અથવા પીળા પાણીના વહેતા ઝરાને બંધ કરી પ્રદરથી પીડઈ, થતી અશક્તિ અને ફીક્કાશને દુર કરી નવી શક્તિ બક્ષે છે. પીલ્સ તથા વાપરવાની સોગઠી મળી કીં. રૂ. ૩.

## અબળા સંરક્ષક પીલ્સ નં૦ ૪.

પંદર પંદર દિવસ સુધી રક્તના વહેતા ઝરાને પહેલેજ દિવસે બંધ કરી આંખે આવતી અંધારી અટકાવી, થતી અશક્તિ બંધ કરે છે. પીલ્સ તથા વાપરવાની સોગઠી મળી કીં. રૂ. ૩.

લી૦ **દેશી વૈદ્ય પાર્વતીબાઈ સુરતવાળા,**

નં. ૨૮૯ કાલબાદેવી મેડીકલ હૉલ—મુંબઈ.

# ચારૂતરનું

# અમૃતબિંદુ.

"અમૃતબિન્દુ" પ્રજા સમક્ષ પેહેલ વહેલું રજુ કર્યું તેને ત્રણ વર્ષ હમણાંજ પુરાં થાય છે તેટલાં અરસામાં તેની ત્રીસ હજાર કરતાં વધારે શીશીયોનો મોટો ઉઠાવ થઇ ચુકયો છે. રોજ સૂર્ય ઉગતાં તેનો ફેલાવો વધતોજ જાય છે. સેંકડો નકલીયાતો આ વાત જાણીને પેટ ને તેમનાં પાજર સળગી જાય છે. પરંતુ ઉપાય નથી. નકલીયાતો ભળતાં નામ આપીને પ્રજાને ઠગી શકે છે ખરા. પણ ખરો માલ આપીને પ્રજાને સંતોષ આપી શકતા નથી. 'ચોરને પોટલે ધુળની ધુળ" એ વાત તેમના સંબંધમાં યથાર્થ ખરી પડી છે. પ્રભુ સત્યનો સાહાક છે. અમૃતબિંદુ પોતાના ગુણમાં એટલી બધી સાચી નીવડી છે અને આ સુચી પત્રમાં લખવા ઉપરાંત ઘણા વધુ ગુણો તેમાં સમાયેલા પ્રજા પ્રત્યક્ષ જોતી હોવાથી તેનો ઉઠાવ વ્હાણું વાતાં વધતોજ જાય છે.

ઇનામો આપીને હમે કાંઈ કમાતા નથી. હમારો ઉદ્દેશ માત્ર અમૃતબિંદુ જેવી ખરી ઉપયોગી દવાનો મોટો ફેલાવો કરવો તેજ હોવાથી અને તે ફળીભુત થયેલો હોવાથી હવે ઇનામો બંધ કરવા ધાર્યું. પરંતુ લોકો તો આંગળી આપતાં પહોંચો માગે છે. ઈનામોની મુદત હજુ વધુ એક વર્ષ લંબાવવાને હજારો ગ્રાહકોનો એક સરખો તગાજો ચાલુ રહેવાથી તેમની માગણીનો સ્વીકાર કરવામાં આવે છે. પરંતુ હવે ઇનામનું આ છેલ્લુંજ વર્ષ છે. ગમે તેવાં કારણ હશે તો પણ આવતાં વર્ષથી ઇનામો બંધ કરવામાંજ આવશે. માટે આ છેલ્લો લાભ લઇ લેવાની છેલ્લી ભલામણ છે.

## ચારૂતરનું અમૃત બિંદુ.

શું ચીજ છે તે માટે સારો કે ખોટો અભિપ્રાય માની લેવામાં ડાહાપણ નથી; ખરૂં છે કે આ ધતીંગના જમાનામાં જાહેરાતોના જુઠાણાદ્વારા પ્રજાનો વિશ્વાસ નષ્ટ કરવામાં આવ્યો છે. પણ જ્યાં સુધી એક સત્ય વાર્તા ફેલાવવાનું બીજું કોઇ વધારે ઉત્તમ સાધન મળે નહી, ત્યાં સુધી જાહેરાતોનુંજ શરણુ લેવા વિના પ્રામાણિક વેપારીઓનો પણ છુટકો

નથી, ગમે તેવો ચાલુ માલ હોય પણ જો જાહેરાતોનું બાયકોટ કરવામાં આવે તો થોડાજ સમયમાં તે માલ જગતમાંથી બાયકોટ થયા વિના રહેજ નહી, એ વાત નિશ્ચય જાણવી તેટલા માટે હમો હમારા વાંચનારાઓને નમ્રતાપૂર્વક વિનંતિ કરીએ છીએ કે, જ્યાં સુધી આપે "અમૃતબિંદુ" ની અજમાયશ જાતે લીધી હોય નહી, ત્યાં સુધી તે સંબંધી આપનું મત રીઝવર્ડ રાખશો. વીસ વર્ષના લાંબા અનુભવે અમોને શિખવ્યું છે કે ઘણા નિંદાખોર લોકો કાંઈ નવી ચીજ જુવે છે કે કાંઈ પણ કારણ કે સબબ વિના તેને વિષે માઠું બોલવાજ મંડી જાય છે. તેજ માટે આટલું લખવું પડયું છે.

## ચાતુરનું અમૃત બિન્દુ.

કોઈ આકાશી જાદુઈ ચીજ હોવાનો હમે દાવો કરતા નથી અથવા આણુ કે હિમાલયના મહાત્માઓની પ્રસાદી હોવાની રસીલી વાતોથી વાંચનારાઓને હમે ફસાવવા માગતા નથી. અમૃતબિંદુ ખરેખરી રીતે દેશી અને ઈંગ્રેજી વૈદકે માન્ય રાખેલી એંગ્લો જાપાનીશ વસાણાઓની મેળવણી માત્ર છે. સેંકડો વખત આ ચીજો તમારા હાથ નીચે આવી ગઈ હશે અને વારંવાર આવતી હશે પણ "જાણે તેનો કહોયડો" "મારે તેની તરવાર" "ભણે તેની વિદ્યા," એ રીતે હમારી ૨૦ વર્ષની સતત મહેનતનું આ ફળ છે. આ સૂચીપત્રમાં બતાવેલા સર્વ રોગ તે ખાત્રીપૂર્વક સારા કરે છે.

## અજીર્ણ.

સર્વ રોગનું કારણ અજીર્ણ—બદહજમી છે. માણસને જ્યારે ખોરાક ઉપર અરૂચી થાય છે ત્યારે જાણવું કે રોગની શરૂઆત થઈ ચુકી છે માટે તેનો તત્કાળ ઉપાય કરવો. ગમે તેવા અજીર્ણમાં અમૃતબિન્દુનાં માત્ર બેજ ટીપાં ઘણી સારી અસર કરે છે. એક દિવસમાં કકડીને ભુખ લાગે છે અને કોઇ પણ પ્રકારનો ખોરાક ખુશીથી જરપત કરી શકાય છે. જો પંદર દિવસ લાગ લાગટ બબ્બે ટીપાં અમૃતબિન્દુનાં લેવામાં આવે તો હમેશ કરતાં ડબલ ખોરાક ઉઠાવી શકાય છે અને તે પાચન કરી શકાય છે.

ઉપયોગ—રોજ બન્ને વખત જમ્યા પછી એક ચમચા પાણી સાથે અથવા દસ ટીપાં સુઠનાં અર્ક સાથે બે બે ટીપાં અમૃતબિન્દુ પીવું. સુંઠનો અર્ક અગર અમારે ત્યાંથી મંગાવશો તો દર શીશી દીઠ રૂ. ૦॥ પડશે.

## ઝાડા–સંગ્રહણી.

ઝાડા, સંગ્રહણી, કોલેરા, અતીસાર, ઉલટી, એ રોગોમાં **અમૃતબિન્દુ** ઘણીજ અકસીર દવા છે. દિવસમાં ૧૦–૧૦ વખત ઝાડા થતા હોય, પાતળા પેટ આવતાં હોય, ખાધું કે તરત ઝાડા છુટી જતા હોય કે સાધારણ ઝાડા થતા હોય, ટુંકમાં જેને ઝાડાનો રોગ હોય તેણે પહેલી તકે **અમૃતબિન્દુનો** ઉપયોગ કરવો. એકજ દિવસમાં ખાત્રીપૂર્વક આરામ પહોંચાડે છે ઉલટી શરૂ થતાની સાથેજ જો **અમૃતબિન્દુનો** ઉપયોગ કરવામાં આવે તો પાંચ દશ મિનીટમાં ફાયદો પહોંચાડે છે. જ્યાં કોલેરાનો સંભવ હોય અથવા ઉપરા ઉપરી જમણવાર ચાલતા હોય, યાત્રામાં થંડા પાણીના સ્નાન, ખોરાકનું અનીયમીતપણું અને રખડપટ્ટીથી સરદી લાગી ઉપરના રોગ થવાનો સંભવ છે, તેવે સ્થળે એક એક શીશી **અમૃતબિન્દુની** ગજવામાં રાખવી તે ઘણું ડહાપણ ભર્યું છે, પોતાનો અને બીજાનો કીમતી જાન બચાવવા માટે દરેક ગ્રહસ્થની ફરજ છે કે તેણે **અમૃતબિન્દુની** એક શીશી ગજવામાં રાખવાની હંમેશા કાળજી રાખવી

**ઉપયોગ**–દિવસમાં બેથી ચાર વખત અથવા ઘણા ઝાડા ઉલટી હોય તો દર કલાકે ચારચાર ટીપાં **અમૃતબિન્દુ** થોડા પાણી સાથે ઝાડા ઉલટી બંધ થતા સુધી લીધાં જવું. અથવા વધારે જરૂર જણાય તો અંદર બે બે ટીપાં લવીંગનો અર્ક નાંખવો. લવીંગનો અર્ક રૂ ૦ાા ની એક શીશી એ પ્રમાણે હમારે ત્યાંથી મળી શકશે.

## ચુંક, આંકડી, પેટ દર્દ.

ઠંડા પાણીમાં રહેવાથી, ખોરાકની સંભાળ નહી રાખવાથી, વાયડી ચીજો ખાવાથી, તેલમાં તળેલાં પદાર્થ ગળચી ગળચીને ખાવાથી, ભૂખ ન હોવા છતાં ખોરાક લેવાથી, અને બીજા અનેક કારણોથી પેટમાં ચુંક અથવા આંકડી પેદા થાય છે. તથા ઝાડો કબજ થાય છે. અને કેટલીક વાર તો એટલી બધી ચુંક આવે છે તે સહન થઇ શકતી નથી. દરદી આસપાસના માણસોને ગભરાવી મારે છે. તેવી વખતે **અમૃતબિન્દુના** માત્ર બેજ ટીપાંથી જાદુઇ અસર થાય છે, માત્ર ૧૫ મીનીટમાં દરદ દફે થાય છે અને એક કે બે દિવસ દવા ચાલુ રાખવાથી પ્રકૃતિ પાછી અસલ હાલતમાં આવી જાય છે.

**ઉપયોગ**–દર કલાકે આંકડી બંધ થતાં સુધી બેબે ટીપાં **અમૃતબિન્દુ** એક એક ચમચા દુધ યા પાણી અથવા વલયારીના અર્કનાં દશ ટીપાં સાથે લીધાં કરવી. તેમજ પાવલી ભાર તપખીર (છીકણી) માં ૧ ટીપું **અમૃતબિન્દુનું** મેળવી દુંટીમાં ભરવી. વલ્યારીનો અર્ક એક શીશી રૂ. ૦ાા ભાવે હમારે ત્યાં પણ મળે છે.

## ખાંસી, દમ, શ્વાસ.

ખાંસી-દમ-શ્વાસ, ક્ષય, બાળકોનું ઉંટાટીયું. વગેરે છાતીનાં દરદો ઉપર **અમૃતબિન્દુ** ઘણી અસરકારક દવા છે. બે ત્રણ દિવસ દવા ચાલુ રાખવાથી જરૂર આરામ પહોંચે છે. "રોગનું ઘર ખાંસી" એ વાત યાદ રાખજો અને શરૂઆતના ઉપાય તરીકેજ **અમૃતબિંદુ** ઉપયોગમાં લેજો. જેથી તમારી જાતનું અને પૈસાનું રક્ષણ કરી શકશો દમ અને ક્ષયના દરદીઓએ સામાન્ય રીતે એક મહીનો દીવસ **અમૃતબિન્દુનું** સેવન ચાલુ રાખવું જોઇએ. ઓછા ખર્ચે વગર તકલીફે અને ટુંકી મુદતે ફાયદો મેળવવાનો રસ્તો આ એકજ છે.

ઉપયોગ—બે બે ટીપાં **અમૃતબિન્દુ** રોજ સહવાર સાંજ એક ચમચા દુધ અથવા અરડુસીના રસ સાથે પીવું તથા આઠ તોલા તલના તેલમાં ચાર આની ભાર **અમૃતબિન્દુ** મેળવી શીશીમાં ભરી રાખવું અને રોજ તેમાંથી થોડું છાતીએ ચોળી ઉપરથી ગરમ કપડાનો શેક કરવો.

## શીરદર્દ, આદાશીશી, સળેખમ.

માથાનો ગમે તેવો સખત દુખારો, સણકાં, ચમ્કા આદાશીશી, વિગેરે રોગોમાં **અમૃતબિન્દુ** ખાત્રી ભરેલી દવા છે. માત્ર બે પાચ મીનીટમાંજ પુરો આરામ થઈ જાય છે. જાણે કદી માથું દુખતુંજ નથી. તાવમાં પણ જયારે માથું દુખતું હોય ત્યારે આ દવાથી માથું દુખતુ તો મટી જાય છેજ. ગમે તેવો સખત દુખારો પાંચ મીનીટમાં સાફ થઈ જાય છે. ઝામરના દરદીએ પણ **અમૃતબિન્દુનું** સેવન કરવુ કે જેથી તેઓ ખાત્રીથી ફાયદો મેળવી શકશે.

ઉપયોગ—એક ટીપું કપાળ ઉપર ચોળવું પાંચ મીનીટમાં આરામ નહી થાય તો ફરીથી બે ટીપાં ચોળવાં. સંભાળ રાખવી કે આંખમાં લાગે નહી. શીશી ખોલીને વારંવાર દવા સુંઘવાથી જુનાં દરદો ઉપર સારો ફાયદો થાય છે.

## આંખનો દુખાવો.

આખોનો દુખારો, કળતર, લાલી, ગરમી વિગેરે દુર કરવા માટે સૌથી સરસ દવા માત્ર **અમૃતબિન્દુ** છે. આંખોની ગરમી દુર થઈ જાય છે અને લાલી કપાઈ જાય છે. જ્યારે આંખમાં રેતી કે કાંઈ રજ જેવું પડયું હોય છે, અને ઘણું ખુંચે છે ત્યારે તે કાઢવાનો ઉપાય આંખમાંથી પાણી પુષ્કળ કાઢવું તે છે. આંખોમાંથી પુષ્કળ પાણી કાઢવા માટે **અમૃતબિંદુ** ઘણી સરસ અને સસ્તી દવા છે.

ઉપયોગ—આંખ ઉપર ભમરની ઉપર એક ટીપું ચોળવાથી તુરત આંખમાંથી પાણી વહેવા માંડશે અને ગરમી ઝરી જશે. સંભા-

ળજો જરા પણ આંખની અંદર જવા નહી પામે; જો ૧ તોલા સુરમામાં માત્ર એક ટીપું અમૃતબિન્દુ મેળવી પછી એ સુરમો આંખમાં આંજવામાં આવે તો તેથી પણ લાભ થાય છે.

## દાંત-દાઢમાં કળતર.

દાંતમાંથી લોહી નીકળવું, દાઢમાં કળતર, દંતશૂળ, સણકા વિગેરે દાંતના રોગો ઉપર તત્કાળ અસર કરવા માટે **અમૃતબિન્દુ** ખાત્રી ભરેલી દવા છે, દાઢના સણકાનો રોગ કેટલો ત્રાસદાયક છે તે વિતે તેજ જાણે. એક એક મીનીટ એક એક યુગ જેટલી થઈ પડે છે. તેવા વખતે **અમૃતબિન્દુ** માત્ર લગાડવાની ખોટી છે. દાંત કે દાઢને દવા અડતાંની સાથે આરામ થઈ જાય છે. જેમને દાંતનો રોગ અસલથીજ હોય તેમણે રોજ બ્રશ ઉપર એક ટીપું પાડીને તેનાથી દાંત ઘસવાની ટેવ રાખવાથી કદી પણ દાંતની પીડા થશે નહીં. દાઢના સણકા ઉપર જરા પુમડું ભીજવી કળતરવાળા ભાગ ઉપર લગાડવું અથવા પોલાણ હોય તો પુમડું દાબી દેવું.

## કાનના સણકા.

પરૂ વ્હેવું, કાનમાં સણકા, કાનમાં દુખાવો બહેરાપણુ, કર્ણશૂળ, વિગેરે કાનનાં સઘળાં દરદો ઉપર **અમૃતબિન્દુ**નો ઉપયોગ કરવો જોઇએ. એક તોલાના ડુંગળીના રસમાં અથવા ૧ તોલા તલના તેલમાં અથવા એક તોલા દારૂમાં માત્ર એક ટીપુ **અમૃતબિન્દુ**નું મેળવી તેનાં કાનમાં ટીપાં પાડવાનું મટતાં સુધી ચાલુ રાખવું.

## દરાજ-ધાધર ખસ, ખરજવું.

દરાજ અથવા ધાધર ઉપર **અમૃતબિન્દુ** રામબાણ દવા છે. બે ત્રણ વખતજ લગાડવાથી આરામ થાય છે. ખસ અને ખરજવાં ઉપર પણ તે ઘણીજ અકસીર દવા છે. આવા રોગોમાં જુદી જુદી દવાઓ કરીને જેઓ કંટાળી ગયા હોય તેમને છેવટના ઉપાય તરીકે **અમૃતબિન્દુ**ની અજમાશ લેવી અને હમે ખાત્રીથી કહીએ છીએ કે જેમના એ દરદનું આયુષ્ય પુરૂં થયું હશે તેમને **અમૃતબિન્દુ**ના ઉપયોગની સલાહ ખરીજ લાગશે. પણ જેમનાં એ દરદોનો છેડો આવવાનું હજી દુર હશે તેઓ બીજી દવાઓનો ઉપયોગ કરવા પછી **અમૃતબિન્દુ** વાપરશે.

**ઉપયોગ**—એક તોલા તલના તેલમાં ચાર ટીપાં **અમૃતબિન્દુ** નાંખી દાદર ઉપર ચોળવું. ખસ ઉપર લગાડવાથી વખતે અગન બળે તો તલના તેલની જગાએ ચંદનનું તેલ લેવું. ચંદનનું તેલ હમારે ત્યાંથી રૂ. ૧)માં એક શીશી મળશે.

## સોજો.

કાંઈ લાગવાથી અથવા બીજા કોઈ રોગથી શરીરના અમુક ભાગ ઉપર સોજો આવી જાય છે. તેના ઉપર **અમૃતબિન્દુ** ઘણી અકસીર દવા છે. એક અથવા બેવાર લગાડતાની સાથેજ સોજો ઉતરી જાય છે. ઉપયોગઃ-દિવસમાં બે ત્રણ વખત એક એક બે બે ટીપાં **અમૃતબિન્દુ** મસળવું. સંભાળજો આંખમાં લાગે નહી.

## સંધિવા—લકવા.

અર્ધાંગ વાયુ સંધિવા, લકવો, વિગેરે દરદ ઉપર ખાસ કરીને **અમૃતબિન્દુ** વાપરવા લાયક છે. સાંધાઓ ઝલાઈ જઈ માણસ ખાટલા વશ કેમ નહી થયો હોય. પણ લગાડતાંજ આરામ થતો ખુલ્લો જણાય છે. એકજ દિવસમાં દરદી પોતાને કરાર વળેલો જણાય છે. સાધારણ હાથ પગમાં થતો ફાટ, તોડ ચુંથારો, ઝઝણી, સાંધાઓમા કળતર થવું, કમરમાં દર્દ, બરડાની કરોડમાં દુખારો, શૂળ, પાંસળામાં કળતર, છાતીમાં દુ:ખ થવું, હાથ પગનું ભરાઈ જવું, વિગેરે દરદોમાં સસ્તી કીમતે જલદી આરામ મેળવવાનો એકલો રસ્તો **અમૃતબિન્દુનો** ઉપયોગજ છે. થોડાક કલાકમાંજ તે મન માનતો ફાયદો પહોંચાડે છે. ગમે તેવાં જુનાં દરદ ઉપર પણ એકજ શીશી પુરતી છે. ૧૦૦) રૂપીયાના ખરચે જેઓનો લકવો સારો થયો હતો નહીં તેવા દરદીઓને **અમૃતબિન્દુની** એકજ શીશી એ સંતોષકારક આરામ પહોંચાડયો હતો. એવા એક બે નહી પણ અનેક દરદીઓ ઉપર તેની અજમાયેશ લેવાઈ છે. અને તે સઘળામાં તે ફતેમંદજ નીવડયું છે. સરસવનું અથવા તલનું તેલ, ટરપેનટાઇન કે ધાસલેટ એક તોલો લઈ તેમાં ા તોલો **અમૃતબિન્દુ** મેળવી દુખતા ભાગ ઉપર ખુબ ચોળવું. ઉપરથી ગરમ કપડાનો સેક કરવાથી જલદી આરામ થશે, અગર અગન બળતી જણાય તો **અમૃતબિન્દુ** ા ને બદલે ા તોલો લેવું.

## કમજોરી-નિર્બળતા.

શરીરમાં લોહી ચઢતુંજ નહી હોય, ગમે તેવા ઉંચા ખોરાકની જાણે શરીર કીમતજ નહી કરતું હોય, આખો દીવસ સુસ્તી લાગતી હોય, આંખો નિસ્તેજ, મોં ફીકું, ડાચાં બેઠેલાં, છાતીનાં પાંસળાં ૫૦ કદમ દુરથી ગણી શકાતાં હોય, પાંચશેર ઉંચકી પાંચ ડગલાં ચલાતું નહી હોય, પવન આવે તો ઉડી જાય તેવું શરીર હોય, ચાલતાં શ્વાસ ભરાઇ જતો હોય, મન હમેશાં ઉદાસ રહેતું હોય, જીવ બળ બળ થયા કરતો હોય, રસન્નપણું જતું રહ્યું હોય, નિરાશામાં દિવસો વ્યતીત થતા

હોય, ઉઠીને ઉભું થવું ભારી પડતું હોય, આખો દિવસ સુઇજ રહીએ એમ લાગતું હોય, મગજ ઉપર પુષ્કળ બોજો લાગતો હોય, યાદ શક્તિનો નાશ થયો હોય, મગજમાં અનેક ગુંચવાડાઓ ઉભા થતા હોય, ટુંકમાં જ્યારે શરીર કેવળ શકિત વગરનું થઇ ગયું હોય ત્યારે **અમૃતબિન્દુનો** જરૂર ઉપયોગ કરવો. અંદરના અને બહારના ઉપયોગથી શરીર જોરાવર, હાડકાં ચીકણાં, અંગ ભરાવાદાર, ચેહેરો ગુલાબી, છાતી ઉઠાવદાર, કમર મજબુત, હાથ પગ તાકાતવાળા, આંખો તેજસ્વી અને મન ઉમંગી બની મગજ પણ આનંદી બને છે, એકજ શીશીનો ઉપયોગ તમોને જરૂર સંતોષ આપશે. વિદ્યાર્થીઓએ ખસુસ કરી વાપરવું જોઇએ. ધાતુ-પૌષ્ટિક દવાઓમાં પહેલો નંબર **અમૃતબિન્દુનો** આવે છે.

ઉપયોગ—એક તોલો ઘી અને અડધો તોલો મધ, અથવા ૧ તોલો માંખણ અને અડધો તોલો પીસેલી સાકર, અથવા એક તોલો બદામનું તેલ, અથવા ૧૦ તોલા દુધ એમાંના કોઇ પણ અનુપાન સાથે બે બે ટીપાં અમૃતબિન્દુ સહવાર સાંજ લેવું.

## હરસ.

હરસની પીડા જેને વીતે તે જાણે. જ્યારે હરસની દવા કરી કરીને તમો કંટાળી ગયા હો, ત્યારે છેલ્લા ઉપાય તરીકે માત્ર **અમૃતબિન્દુ** અજમાવજો અને ખાત્રીથી એ પીડા હમેશની દુર થઇ જશે.

ઉપયોગ—રોજ સવારમાં અડધો તોલો વાટેલું નાગકેશર, ાા તોલો વાટેલી સાકર ભેગા કરી તેમાં બે ટીપાં **અમૃતબિન્દુ** નાંખી ફાકી મારવી અને ઉપરથી ાા શેર દુધ પીવું. જો ફાકવુ પસંદ નહીં હોય તો માખણમાં મેળવી ચાટવું.

ઉંચું નાગકેશર દળેલું તૈયાર શીશી ૧) નો રૂ. ાા હમારે ત્યાંથી પણ મળશે.

## મ્હોં—આવવું.

ગમે તે કારણથી મોં આવ્યું હોય, અવાળું ફુલી ગયાં હોય, મોંમાં ચાંદાં ધારાં પડી ગયાં હોય, બધું બેચાર વખતમાંજ મટી જાય છે.

ઉપયોગ—ાા તોલો કબાબચિની (ચીણીકબાલા) બારીક વાટી તેમાં માત્ર એકજ ટીપુ **અમૃતબિન્દુનું** નાંખી મેળવી મોંમાં ચોપડવું અને મોં ગળતું મુકવું. (લાળ જવા દેવી) એ રીતે દિવસમા ત્રણ કે ચાર વખત કરવું.

## પ્રમેહ.

ગમે તે જાતનો ગમે તેવો પ્રમેહ હશે પણ **અમૃતબિન્દુથી** તે જરૂર મટશેજ.

ઉપયોગ—રોજ સવારમાં ૧) તોલો વાટેલા ગોખરૂ. ૧ તોલો દાડમડીનાં પાંદડાંનો રસ, ૧) તોલો દળેલી સાકર ત્રણે મેળવી તેમાં બે ટીપાં **અમૃતબિન્દુ** નાંખી પી જવું. અથવા ૧૦ કે ૧૨ ટીપાં ચોખ્ખું ચંદનનું તેલ લઇ તેમાં બે ટીપાં **અમૃતબિન્દુ** મેળવી રોજ સવારમાં ચાટી જવું. ચંદનનું ચોખ્ખું તેલ હમારે ત્યાં પણ મળશે. કીંમત રૂ. ૧)

## ચામડીનું ફાટવું.

શિયાળામાં ઘણું કરીને દરેક માણસના હાથ પગની ચામડી ઓછી વધારે પણ ફાટયા વિના નથી રહેતી, તેવે પ્રસંગે **અમૃતબિન્દુ** વાપરવા લાયક દવા છે.

ઉપયોગ—માખણ, ઘી, તેલ, દીવેલ અથવા વેસેલીન એમાંથી કોઇ પણ ચીજ ૦॥ તોલો લઇ તેમાં બે ટીપાં **અમૃતબિન્દુ** નાંખી ચોળવું એટલે જલદી આરામ આરામ થઇ જાય છે.

## ઝેરી—ડંખ.

ભમરી, વીંછુ, મધમાખ, ચાંચડ, માંકડ મચ્છર, કાનખજુરો વિગેરેના ડંખ ઉપર **અમૃતબિન્દુ** અમુલ્ય દવા છે. હજારો વખત તેની અજમાયેશ લેવાઇ છે અને હજી સુધી એક વખત પણ નિષ્ફળતા મળી નથી. દવા લગાડતાંવારજ અસર થવા માંડે છે અને પાંચ મીનીટમાં તો દરદનું ચિન્હ પણ રહેતું નથી.

ઉપયોગ—ડંખ ઉપર એક ટીપું **અમૃતબિન્દુ** ચોળવું.

## પ્લીહા—બરોળ.

બરોળના દરદીએ ખાસ કરીને **અમૃતબિન્દુ** અજમાવવું. જ્યાં બીજી કોઇ દવાએ ફાયદો નથી પહોંચાડયો, ત્યાં તે જરુર સારું પરિણામ લાવશે. થોડા ખરચે જલદી આરામ કરવાનો એકજ રસ્તો છે તે, **અમૃતબિન્દુની** અજમાયેશ લેવી.

ઉપયોગ—સાચા મોતીની છીપની ભસ્મ બે આનીભાર લઇ તેમાં બે ટીપાં **અમૃતબિન્દુ** મેળવી રોજ દિવસમાં બે વાર જમ્યા પછી ખાવી. છીપની ભસ્મ અમારે ત્યાંથી મંગાવવામાં આવશે તો રૂ ૧) ની ૧ તોલો એ હીસાબે મોકલવામાં આવશે.

## અંડવૃદ્ધિ.

એક બે અને ત્રણ વખત લગાડતાની સાથેજ ફાયદો થતો નજરે પડે છે. માત્ર આઠ દિવસમાંજ સદંતર આરામ થઇ જાય છે. ગમે તેવા કેસમાં તે પોતાનું કામ સંતોષકારક બજાવે છે.

ઉપયોગ—૧ તોલો દીવેલમાં ૦)= ભાર **અમૃતબિન્દુ** મેળવી સવાર સાંજ એ મિશ્રણ ચોળવું.

## નપુંસકતા.

વીર્યનો કોઇપણ રીતે નાશ થવાથી આ દરદ ઉત્પન્ન થાય છે. સૃષ્ટિવિરૂદ્ધ કર્મ, હસ્તદોષ, અતિશય વિહાર, રાત દિવસ હલકી મોજના વિચારો, બીભત્સ વાંચન લેખન સ્વપ્નાવસ્થા ઇત્યાદિ કારણોથી વીર્યનો અઘટિત રીતે નાશ થઈ માણસ પુરૂષત્વ ખોઇ બેસે છે. તેવે વખતે તેમને ચિંતામાંથી મુકત કરનાર એક અમૃતબિન્દુ એ ખરો આધાર છે ધાતુક્ષીણતાથી નસો ઢીલી પડી જઇને શિથિલતા પ્રાપ્ત થાય છે. ઢીલી પડેલી નસોને પાછી તંગ બનાવી તેમાં તાકાત લાવવા માટે અમૃત-બિન્દુ રામબાણ દવા છે. પુરુષત્વના નાશથી જેઓ રાત દિવસ ચિંતામાં રહેતા હોય, હજારો જાતની દવાઓ વાપરીને જેઓ નિરાશ થઇ ગયા હોય તેઓને છેલ્લા ખાતરીભરેલા ઉપાય તરીકે અમૃતબિન્દુ વાપરવાની ભલામણ કરવામા આવે છે. અને હમો ખાત્રી આપીએ છીએ કે એકજ શીશીથી તઓની ભવની ચિંતા ખચીત ટળી જશે ઉપયોગ—રોજ સવાર સાંજ ૦।। તોલો તલના તેલમાં એક ટીપું અમૃતબિન્દુ મેળવી તેને ચોળવું.

## પ્રદરરોગ.

સ્ત્રીઓના પ્રદર રોગ ઉપર અમૃતબિન્દુ અજાયેબ અસર કરે છે. રકત યા શ્વેત પ્રદર ઉપર તે આપી શકાય. બે ચાર દિવસમાં તેનાથી આરામ થઇ જાય છે સ્ત્રીઓને તનદુરસ્ત, આરોગ્ય, મજબુત બાંધાની રાખવાથી તેમની સંતતિ પણ નિરોગી બનાવી શકાય છે. સ્ત્રીઓને નિરોગી બનાવવા માટે દર વર્ષે એક શીશી અમૃતબિન્દુ આપવામાં આવે તો સુવાવડોમા આવનારી નબળાઇથી પણ તેમનું રક્ષણ કરી શકાય. ઉપયોગ—સહવાર સાંજ જમ્યા પછી દરેક વખતે ૦।। તોલો નાગકેશર (ઝીણું વાટેલું) લઇ તેમા એક તોલો માખણ તથા બે ટીપાં અમૃત-બિન્દુ મેળવી ખાવું ઉપરથી રૂચી અનુસાર તાજું દુધ પીવું.

## શરદી.

અતિશય સરદી થઇ જવાથી માણુસ ઘણીવાર ઠંડોગાર બની જાય છે. સ્થિતિ ઘણી ભયંકર છે અને જો આ સ્થિતિમાંથી તત્કાળ તેને બચાવવામાં નહીં આવે, અંગમાં ગરમી લાવનારા ઉપચારો કરવામાં નહિ આવે તો થોડા કલાકોમાં તેનું આયુષ્ય પુરૂં થઇ જાય છે ગરમી લાવનારા બીજા સઘળા ઉપચારોમાં તત્કાળ કામ લાગે, જલદી અસર કરે અને વળી સસ્તો પડે તેવો ઉપાય અમૃતબિન્દુજ છે. આવી સ્થિતિમાં તે પગના તળીએ ચોળવાથી આખા શરીરમા ગરમી આવી જાય છે અને બે ટીપાં પેટમાં જતાની સાથેજ હુશિયારી આવી જાય છે. ઉપયોગ—એક તોલો સરસીનું તેલ લઈ તેમાં ૧૦ ટીપાં અમૃતબિન્દુ મેળવી ખુબ ચોળવું. વધારામાં જરૂર જણાય તો ૧૦ ટીપાં તજનું તેલ ઉમેરવું. તજનું તેલ હમારી પાસેથી મંગાવતાં રૂ ૦।। ની એક શીશી મોકલવામાં આવશે.

## તાવ.

ઠંડીનાં લખલખાં આવીને રોજીંદો, એકાંતરીયો, ચોથિયો ગમે તેવો તાવ આવતો હોય તેને નાબુદ કરવાનો સહેલો ઉપાય "અમૃતબિન્દુ" છે. જીર્ણજ્વર ઉપર પણ તે ઘણું સારૂં કામ કરે છે. સેંકડે ૮૦ માણસોને તેથી આરામ થઈ જાય છે. ઉપયોગ—તુળસી, આદુ અને ખાવાનાં પાન પ્રત્યેકનો રસ (૦।) પા તોલો મેળવી તેમાં બે ટીપા અમૃતબિન્દુ નાંખી દરદીને દીવસમાં બે વખત પાવું.

## ન્હારૂ.

ન્હારૂ અથવા વાળો એ એક જાતનો તારના રૂપનો કીડો છે. ખરાબ પાણીથી અથવા બીજાં ઘણાં કારણોથી માણસના શરીરના ગમે તેવા ભાગે વાળો નીકળે છે. એકવાર વાળો બહાર દેખાયો કે તેને બાંધી રાખવો પડે છે. કારણ કે તાણી કાઢતાં તે તુટી જાય છે, અથવા અંદર પાછો પેશી જાય છે તો તે પોતાનો રસ્તો ફેરવે છે. અને ઘણી ઘણી વેદના દિવસો કે મહિનાઓ સુધી આપે છે. અમૃતબિન્દુ લગાડવાથી વાળો બળી જાય છે. ઉપયોગ—ચાર ટીપાં હીંગનો અર્ક લઈ તેમા બે ટીપાં અમૃતબિન્દુ નાખી થોડું પાણી ઉમેરી રોજ દિવસમાં ત્રણ વાર પીવું. હીંગનો અર્ક હમારી પાસેથી મંગાવશો તો રૂ ૦॥ની શીશીને હીસાબે મોકલીશું.

## જંતુનાશક.

ઘરમાં ખાળ, મોરીયો, વિગેરે જગાઓ સાધારણ પાણીથી ધોવા છતાં ઘણી દુર્ગંધિ મારે છે તથા જીવ ઉત્પન્ન થાય છે. આવી વખને ઘરમાં વસનારને ઘણો કંટાળો ઉપજે છે. એટલુંજ નહી પણ એવી દુર્ગંધમાં વસવું તે પણ જોખમ ભરેલું છે. થોડા પાણીની અંદર બે ટીપાં અમૃતબિન્દુ નાંખી તેવી જગાઓ સાફ કરવામાં આવે તો દુર્ગંધિ દુર થશે એટલુંજ નહિ પણ હાનિ કરતા જંતુઓનો પણ નાશ થાય છે.

## માંકડ.

પલંગ, ખુરસી, ટેબલ, મેજ, કબાટ, અભરાઇ, બારી, બારણાં ભીતની તરડો વિગેરે જગાઓમાં માંકડ પુષ્કળ ભરાઈ રહે છે; તેમનો નાશ કરવા માટે અમૃતબિન્દુ ઘણી અકસીર દવા છે. માંકડનો કંટાળો લગભગ દરેક ઘરમાં હોય છે. અને માંકડના ઉપદ્રવથી બચવાની ઇચ્છા પણ દરેકની હોય છે. ત્યારે માંકડનો નાશ કરવા ઉપરાંત જેમાં બીજા સેંકડો ગુણો સમાયલા છે તેવા અમૃતબિન્દુની દરેક ઘરમાં જરૂર છે એ વાત પુરવાર થાય છે.

ઉપયોગ—સાબુનું ફીણ બનાવીને તેનું પાણી ગ્લાસ ભરીને તૈયાર કરી તેમાં ચાર ટીપાં અમૃતબિન્દુ નાંખી માંકડ ભરાવાની જગ્યાઓમાં તે ઉતારવું. એથી માંકડ મરી જશે અને મહીનાઓ સુધી તે જગામાં માંકડ ભરાઈ બેસશે નહીં.

ઉપર લખવામાં આવેલા **અમૃતબિન્દુ**ના સઘળા ગુણ અતિશયોક્તિથી કેવળ નિરાળા છે. દરેક ઘરમાં તેની આજ કાલ જરૂર છે. પોતાના સ્વાર્થને માટે તો ઘણા માણસો આ શીશી ખરીદ કરે છે. પણ પરોપકાર માટે પણ તેની સેંકડો શીશી દયાળુ ગૃહસ્થો ખરીદ કરે છે. જે ઘરમાં **અમૃતબિન્દુ**ની એક શીશી છે, તેને વૈદ્ય ડાકટરની જરૂર કવચિતજ પડે છે.

## કીંમત.

અમૃતબિંદુની એક શીશી સેંકડો રૂપિયાની કીમતની છે એમ કહીએ તોપણ ચાલે, કારણ કે તેનાથી વૈદ્ય ડાકટરોનાં મોટાં બીલો ભરવાનાં બચી જાય છે. પરંતુ હમોએ તેની કિંમત માત્ર રૂ. ૫) રાખી છે.

## અડધી કીંમત.

જો કે અમૃતબિંદુ એક શીશી રૂ. ૫ માં મુફ્ત જેવીજ છે. તે છતાં અમો પ્રજાને તેથી જેમ બને તેમ વધારે પરિચય આપવા ઇચ્છીએ છીએ, કે જેથી હમોને ભવિષ્યમાં ફાયદો થાય. દવા એવી તો ઉમદા છે કે એકવાર ખરીદ કરનાર પાસેથી રૂ. ૫) ને બદલે રૂ. ૧૦) માગવામાં આવે તો પણ તે વગર આનાકાનીએ ખરીદશે. તેટલા માટે હાલમાં માત્ર એક વર્ષ સુધી તેની અડધી કીંમત એટલે માત્ર રૂ. ૨ાા રાખ્યા છે. તે ઉપરાત વળી પ્રજામાં આ દવા જાણીતી કરવા માટે

## ઇનામો

ની સીસ્ટમ નીચે પ્રમાણે ગોઠવવામાં આવી છે. આ ઇનામો પણ ચાલુ વર્ષની આખર સુધીજ આપવામાં આવશે તે વીત્યાબાદ શીશીની કીંમત રૂ.૫) આપવી પડશે. અને કોઈ પણ જાતનું ઇનામ આપવામાં આવશે નહી.

૧ એક શીશી લેનારને એક મેજ ઉપર મુકવાનું ખુબસુરત ટાઇમપીસ ઘડીયાળ મુફ્ત આપવામાં આવશે. કીમત રૂ. ૨ાા વી. પી. થી રૂ. ૩.

૨ બે શીશી **અમૃતબિન્દુ** ખરીદ કરનારને એક ઘણું સરસ અસલ રોસકોપ સીસ્ટમ અથવા રેલ્વેરેગ્યુલેટર ગજવાનું ઘડિયાળ ગ્રાહકની ઇચ્છાનુસાર બક્ષીસ મળશે. કીંમત રૂ.૫) વી.પી. ખર્ચ સાથે રૂ. પાા ભરવા પડશે.

૩ ત્રણ શીશી **અમૃતબિન્દુ** ખરીદ કરનારને એક ખરી ચાદીનું લેડી વોચ (રિષ્ટવોચ) હાથે બાધવાના ચામડાના પટા સાથે બક્ષીસ મળશે. વી. પી. ખર્ચ સાથે રૂ. ૮ા ભરવા પડશે.

૪ ચાર શીશી લેનારને એક બ્રેસલેટ વોચ બક્ષીસ મળશે, આ ઘડિયાળ વિલાયતી રોલ્ડગોલ્ડની પહોંચીમાં જડી લીધેલી છે. સ્ત્રી પુરૂષ બન્નેના હાથને શોભા આપે તેવો સુંદર દાગીનો છે, વી. પી. ખર્ચ સાથ રૂ. ૧૦ાા≈ ભરવા પડશે.

૫ પાંચ શીશી **અમૃતબિન્દુ**ની ખરીદનારને એક હન્ટીગ વોચ બક્ષીસ મળશે. આ ઘડિઆળ સોનેરી અથવા રૂપેરી બન્ને બાજુએ સુંદર નકસીની કારીગરીનાં ઢાંકણાં વાળાં ઘણાંજ મનમોહક છે. શ્રીમાનોનાં ગજવાં દીપાવે તેવાં છે, વી. પી. ખર્ચ સાથે રૂ. ૧૩)≈ ભરવા પડશે.

૬ છ શીશી અમૃતબિન્દુ ખરીદવાથી ઉપર પ્રમાણેનુજ હન્ટીંગવોચ બન્ને બાજુ ખરી ચાંદીનાં ઢાંકણાં વાળું બક્ષીસ મળશે. વી. પી. ખર્ચ સાથે રૂ. ૧૫ાાા ભરવા પડશે.

૭ સાત શીશી ખરીદનારને એક મજબુત ગજવાનું ઘડીયાળ ઇનામ મળશે. આ ઘડીયાળને અઠવાડીઆમાં માત્ર એક વારજ ચાવી આપવી પડે છે, રોજ ચાવી આપવાની કટકટ નથી. કીમત રૂ. ૧૭ાા વી. પી. થી રૂ. ૧૮ા

૮ આઠ શીશી ખરીદ કરનારને ઉપર પ્રમાણેજ ખરી ચાંદીના ઘરનું વિકલી વાઇન્ડીંગ ઘડીયાળ બક્ષીસ મળશે. વી. પી. સાથે રૂ.૨૧) ભરવા પડશે.

૯ નવ શીશી ખરીદ કરનારને એક ફેન્સી કેલેન્ડર વૉચ (ગજવાનું ઘડીયાળ) બક્ષીસ મળશે. આ ઘડીયાળમાં કલાક મીનીટ, સેકન્ડ ઉપરાંત તારીખ, વાર, મહીનો, તથા ચંદ્રમાની વધઘટ, સઘળું ખુલ્લે ખુલ્લું જણાય છે. અમીર ઉમરાવોને વાપરવા લાયક ઘડીયાળો છે. રૂ. ૨૩ાા માં ઘર બેઠા ટપાલ ખર્ચ સાથે પહોચતું થશે.

૧૦ દશ શીશી ખરીદ કરનારને ઉપર પ્રમાણેનુજ ખરી ચાંદીના ઘરનું કેલેન્ડર વોચ બક્ષીસ મળશે. વી પી. ખચ સાથે રૂ. ૨૬)

૧૨ બાર શીશી ખરીદ કરવાથી એક ખરા સોનાનું લેડી વોચ બક્ષીસ મળશે. સ્ત્રી પુરૂષો તેને પોતાની છાતી ઉપર ટાંગી શકશે, ગજવામાં રાખી શકશે, અથવા કાંડા ઉપર બાંધી શકશે, ઘણું દીલકસ ઘડિઆળ છે. વી. પી. ખર્ચ સાથે રૂ. ૩૧ ભરવા પડશે.

૨૪ બે ડઝન શીશી ખરીદ કરનારને એક ગજવામાં રાખવા લાયક જેન્ટલમેન સાઇઝનું ઘણુંજ દમામદાર દેખાવનું, મજબુત કામ, અને સરસ ચાલતુ ખરા સોનનાં ઢાંકણાંનું ઘડિયાળ બક્ષીસ મળશે. શ્રીમાનોજ તે ગજવામાં રાખી શકે, કારણ તે ઘણાં મોઘી કીંમતનાં છે, વી. પી સાથે રૂ. ૬૨) પડશે, રૂ. ૫) અગાઉથી ઓર્ડર સાથે મોકલવા.

૩૬ ત્રણ ડઝન શીશીનાં ઘરાકને ઉપર પ્રમાણેનુંજ ખરા સોનાનું હંટીંગ વોચ બક્ષીસ મળશે, તેને બન્ને તરફ સુંદર નકસીદાર ખરાં સોનાનાં ઢાંકણાં હોય છે. વી. પી ખર્ચ સાથે રૂ. ૯૨) ભરવા પડશે તે પૈકી રૂ ૫) અગાઉથી ઓર્ડર સાથે આવવાજ જોઇએ. બાકી રૂ. ૮૭)નું વી. પી. થશે.

## ચેતવણી.

આ ચારૂતરનું અમૃતબિંદુ સરકારમાં રજીસ્ટર કરાવ્યું છે. તમારા પોતાના ફાયદા માટે બજારમાંથી ખરીદ કરતી વખતે સાવધાન રહેજો. અને રજીસ્ટર નંબર ૮/૧—૧૦ તપાસીને પછીજ તમારા ગજવામાં હાથ નાંખજો. નકલી માલ શોધી તે બનાવનારાઓને કોર્ટમાં સજા કરાવતાં સુધીની મદદ કરનારાઓને ઇનામ આપવામાં આવશે. સરનામું બરાબર યાદ રાખો.

બ્રાન્ચ-કાલબાદેવી, રામવાડીને નાકે, વાંદરાવાળો માળો મુંબઇ નં. ૨

“અમૃતબિન્દુ ઑફીસ”
નડીઆદ જીલ્લો ખેડા.

# ફાયદો થયા પછી પૈસા લેશું.

જો તમો હાલમાં નીકળેલી નવી નવી શકિતની દવાઓથી ફાયદો ન થવાથી કંટાળી ગયા હો તો અમો તમોને અમારા સંજીવની શકિતની ગોળીયો વાપરવા ભલામણ કરીએ છીયે.

ફકત પોસ્ટ પેકીંગના ચાર આના પહેલા મોકલી આપો. તમોને **સંજીવની** ૪૦ ગોળીઓની શીશી કીમત રૂપિઆ એકની તુરત મોકલી આપવામાં આવશે.

ગોળીઓ વાપર્યા પછી તમોને ખાત્રી થાય કે **સંજીવની** ગોળીઓએ કાંઇપણ અસર કરી છે તો તુરતજ તેની કીમતનો રૂ. એક મોકલી આપો અને જો તમોને **સંજીવની** ગોળીઓથી કાંઇપણ અસર ન થઇ હોય તો પોસ્ટ કાર્ડ ઉપર પ્રતિજ્ઞાપૂર્વક લખી જણાવો કે "તમારી **સંજીવની**ની ૪૦ ગોળી મેં પુરેપુરી વાપરી છે અને તેની કાંઇપણ અસર મને જણાઇ નથી" એટલે અમો તમારા પાસે કીમતનો એક રૂપિયો માગશું નહિ.

બોલો? આવી ઉદાર સરત કોઇએ જાહેરમાં મુકી છે? હવે તમોને શું ચિંતા છે? જો ફાયદો થાય તોજ પૈસા આપવાના છે. તો હવે જે દરદીઓ ધાતુવિકારના દરદથી પીડાતા હોય તેમણે અવશ્ય **સંજીવની** ગોળીઓનો ઉપયોગ કરવો.

**સંજીવની** ગોળીઓ થાકેલા જીવને રાહત આપે છે અને ધાતુસ્રાવને બંધ કરે છે.

☞ ઉપર લખેલા પોસ્ટ ખર્ચની વિગત—અરધો આનો પોસ્ટ સ્ટાંપ બે આના રજીસ્ટર સ્ટાપ એક આનો રસીદ પાછી મંગાવવાનો સ્ટાપ અને અરધો આનો પેકીંગ કુલ ચાર આના જવાબ માટે રિપ્લાઇ કાર્ડ અથવા ટીકીટ બીડવી તે સિવાય જવાબ મળશે નહી. હિંદુસ્તાનની બહારના ગ્રાહકોએ છ આના મોકલવા. મળવાનું ઠેકાણું.

**સપટ કંપની**—કાલબાદેવી રોડ—મુંબઈ.

## સોના ચાંદી—અને જવેરાતના ફેનસી દાગીના ખરીદવાની વિશ્વાસુ દુકાન.



## જયંતીલાલ એંડ કું.—ઝવેરીઓ.

૧૯૫ શેખમેમન સ્ટ્રીટ—મુંબઇ.

બહારગામના ઓર્ડરો તાકીદે વી. પી. થી મોકલાવવામાં આવે છે.

---

અમારો નવો સાહસ.

**વાંચક વર્ગને લાભદાયક ખુશ ખબર.**

તમોને વિદિત છે કે દુનિયાના સઘળે સ્થળે છપાએલા સર્વ જાતના પુસ્તકો અમારે ત્યાથી મળે છે. અમારા નવા સાહસ માટે તમો અજબ થશો. ને અજબ થાઓ તેમાં નવાઈ નથી.

## નશીબની ખૂબી.

**રૂ. ૨) ના પુસ્તકોમાં રૂ. ૧૦૦) ના પુસ્તકો.**

અમારે ત્યાથી એક વર્ષમા (સ. ૧૯૭૦ ના ચૈત્રથી તે સ ૧૯૭૧ ના ફાગણ વદ ૦)) સુધી) એકી સાથે ફક્ત બે રૂપિયાના કે તેથી વધારે કિમતના પોતાની મન પસંદગીના પુસ્તકો મગાવનારાને જેમની મરજી હશે તેમનુ નામ રજીસ્ટર કરીને નબર આપવામા આવશે જેનો નબર લાગશે તેને ઉપર લખી કિમતના પુસ્તકોનો લોટ મળશે માટે બે રૂપિયાના પુસ્તકો મંગાવી ચોક્કસ શિરનામુ આપી નંબર મેળવી ભાગ્યનો ચાન્સ જુઓ

તા૦ ક૦—અમારી મારફને સસ્તી વાર્તામાળાના ગ્રાહક થનારને પણ આ લાભ આપવામાં આવશે.

**મેઘજી હીરજીની કું.** } બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ. નં. ૫૬૬. પાયધુની—મુંબઈ.

## હજારો રૂપીઆ ખર્ચ કરતા નહી મળી શકે તેવું

## નામદાર સરકારે મંજુર કરેલા "૧૦૦ વર્ષના પંચાંગમાં

## ગયા સો વર્ષ વધારી છપાવેલું

# ૨૦૦ વરસનું પંચાંગ.

## જેમાં.

વિક્રમ સંવત્ ૧૮૧૨ થી ૨૦૧૨.

શાલિવાહન શાકે ૧૬૭૭-૭૮ થી ૧૮૭૭-૭૮ સુધી.

ઇસ્વી સને ૧૭૫૫-૫૬ થી ૧૯૫૫-૫૬.

યઝદેજરદી ૧૧૨૫-૨૬ થી ૧૩૨૫-૨૬.

મુસલમાની હીજરી ૧૧૬૯-૭૦ થી ૧૩૬૯-૭૦ સુધીનાં વરસો, મહીનાઓ, તારીખો, અને તેઓને લગતા વારો, તહેવારો વિગેરેનો અચ્છો સમાવેશ કરવામાં આવેલ છે.

આ પંચાગ લગભગ ૪૫૦ પાનાનું મોટી મહેમતે તૈયાર કરાવેલ છે તેનો લાભ લેવા દરેક સદ્‌ગ્રહસ્થે ચુકવું નહી. આવું પંચાંગ કેટલું ઉપયોગી છે, તેમજ અગત્ય ધરાવનાર છે તેનો ખ્યાલ ડાહ્યા માણસોને આવ્યા વિના રહેશે નહીં દરેકે દરેક જગ્યોએ આ પંચાગ હોવુંજ જોઇએ.

દરેકે દરેક શાળા તથા લાઇબ્રેરી, ન્યાયમંદીર, વકીલ, બેરીસ્ટરો અને મુખતીયાર પોલીસ, ફોજદાર, થાણદાર, વહીવટદારની કચેરી તેમજ રજવાડા, મોટા ડાકતરો, જોશીરાજો મોટા વેપારી અને જમીનદારો તેમજ ધારધીર કરનારા સરાફો ને મીલકતદારો વિગેરે ગ્રહસ્થોને ઘણુંજ ઉપયોગી છે જેથી દરેક જગ્યાએ આવાં પંચાંગની ખાસ અગત્ય છે.

ઘણી વખતે હજારો રૂપીઆ ખર્ચ કરી આવી તારીખો મેળવવી પડેલ છે. આવા પંચાંગની જે વખતે જરૂર પડે છે ત્યારે ગોતવા નીકળવા કરતાં એક પ્રત સંગ્રહ કરી રાખેલી નિરર્થક જશે નહી.

કીં. રૂ ૩-૦-૦.

**મળવાનું મુખ્ય ઠેકાણું—એલ. એમ. ઠક્કર.**

અબદુલ રહેમાન સ્ટ્રીટ નં. ૪૮૦ મુંબઈ નં. ૩,

# બુદ્ધિને વધારનારી

# ब्राह्मीबूटी वटिका.

वटिका बुद्धिवर्धिन्यो यः खादेच्छुद्धचेतसा ।
धारितं विस्मरेन्नैव विस्मृतं चाशु संस्मरेत् ॥

આ એક શુદ્ધ બ્રાહ્મીબૂટીવટિકા છે, જેને અંગ્રેજીમાં ઇંડિયન પની-વર્ટ અને હિન્દીમાં સરસ્વતી કહે છે. એના ગુણ સુશ્રુતસંહિતામાં વિસ્તારપૂર્વક કહ્યા છે. એના સેવનથી ભૂત, ભવિષ્યની વાતનુ સ્મરણ રહે છે.

"ब्राह्मी हिमा सरा तिक्ता लघुर्मेध्या च शीतला ।
कषाया मधुरा स्वादुपाकायुष्या रसायनी ॥
स्वर्या स्मृतिप्रदा कुष्ठपाण्डुमेहास्रकासजित् ।
विषशोथज्वरहरी मेधायुर्बलवर्धिनी" ॥

અર્થ—બ્રાહ્મીબૂટી સ્વરને મધુર કરે છે, સ્મરણશક્તિ વધારે છે, કુષ્ઠ, પાંડુ, ઉધરસ, ઠાંસી, વિષ, સોજો, જ્વર વગેરેને નષ્ટ કરે છે. આ ગુટિકાના સેવનથી બુદ્ધિ બૃહસ્પતિસમાન તીવ્ર થાય છે, વિદ્યાર્થીઓની સ્મરણશક્તિ તથા ધારણાશક્તિ વધે છે, તેમજ માથાના ઉષ્ણતાદિ વિકાર મટે છે તેથી આ વટિકા અવશ્ય સેવન કરવાલાયક છે. ગાયનવિદ્યાના શોખીનોએ તો એનુ અવશ્ય સેવન કરવું. એના સેવનથી પ્રમેહ, રક્તદોષ આદિ રોગો દૂર થાય છે. જે લોકોને માનસિક શક્તિનો વધારે ઉપયોગ કરવો પડે છે અથવા જેઓને સ્મરણશક્તિ વધારવાની જરૂર હોય છે અથવા ઘણું કરીને સ્કૂલ અને કોલેજમાં જનારા વિદ્યાર્થીઓ, વકીલ અને બારીસ્ટરોએ તો એનુ અવશ્ય સેવન કરવુંજ જોઇએ. એના સેવનથી સ્વામી શંકરાચાર્ય તથા દયાનન્દજીએ પોતાની બુદ્ધિ વધારી હતી. એ વિષે ઘણાં પ્રશંસાપત્રો અમારા સંગ્રહમાં છે.

## શું ગુણ એટલાજ છે ?

મૂર્છા રોગથી પીડાયલી, ગૃહકાર્યથી થાકી ગયલી તેમજ વિદ્યાભ્યાસંગમાં લલચાયલી વિદુષી સ્ત્રીઓ માટે પણ આ બ્રાહ્મીવટી ગુણ આપનારી છે. એક ડબીનો ૧॥) રૂપિયો પોષ્ટ ખરચ ๏)= અને ત્રણ ડબી લેનારને પોષ્ટખરચ માફ અને છ ડબી લેનારને એક ડબી મફત. પોષ્ટ ખરચ માફ.

સુખી બ્રાહ્મી બૂટી એક સેર ૮) રૂપિયા.

પં. શિવશંકર જી. શાસ્ત્રી,
હિમાલય ડીપો, હરદ્વાર.

# शिवोक्त

# बृहत्साबरतन्त्र.

## વિધાન તથા ભાષાટીકાસહિત.

अनमिल अक्षर अर्थ न जापू ।

प्रकट प्रभाव महेश प्रतापू ॥

પાઠકગણ! જેટલા મંત્ર, તંત્ર, યંત્ર છે તે બધા શિવજીએ કલિયુગમાં નિરર્થક કરી મુક્યા છે એટલા માટે સિદ્ધ થતા નથી. કલિયુગમાં સિદ્ધ થવાને માટે સાબરમન્ત્ર શિવજીએ બનાવ્યા છે, જે તાત્કાલિક ફળ આપનારા છે. એનું પ્રત્યક્ષ પ્રમાણ એ છે કે વિંછી, સર્પ, સિંહ આદિ જીવ આ સાબરમંત્રથી પકડાય છે. તેમજ સમસ્ત રોગોની ચિકિત્સા પણ કરી શકાય છે. મારણ, મોહન, વશીકરણ, ઉચ્ચાટન આદિ ષટ્કર્મ સાબરમંત્રથી સિદ્ધ થાય છે; બીજા મંત્રોથી સિદ્ધ થતું નથી. સાબરમંત્રોદ્વારા બંગાલ આદિ દેશોમાં જાદુઈ ખેલ, સંતાવું, પોપટ, તથા બકરાં બનાવવાં, દૂર દેશની વસ્તુ મંગાવવી, ભૂત, પિશાચ, ડાકિની, શાકિની, યક્ષિણીઓને વશ કરવી ઇત્યાદિ ઇન્દ્રજાલવિદ્યા સિદ્ધ થાય છે. અમે આ સાબરતન્ત્ર ઘણા પરિશ્રમથી તથા ધનવ્યયથી જગપ્રસિદ્ધ મહાત્મા કામરાજસિદ્ધ દ્વારા પ્રાપ્ત કર્યું છે. આજ સુધી મંત્રતંત્ર શાસ્ત્રના જેટલાં પુસ્તકો છપાયલાં છે તે બધાં શિવજીના કીલનથી ફલરહિત થયાં છે; અને માણસો ફસાય નહિ એટલા માટે આ સાબરતન્ત્ર મન્ત્રશાસ્ત્રની મર્યાદા રાખવા માટે શિવજીએ રચ્યું છે, જેના દર્શનથીજ અવિશ્વાસુ માણસોને પણ વિશ્વાસ રાખવો પડે છે. ગ્રન્થ ઉત્તમ ટાઇપ જીલ્દ સાથે છે. મૂલ્ય સર્વ સુગમ. પોષ્ટ ખરચ સાથે ૧ાા) રૂ. માત્ર છે.

પં. શિવશંકર જી. શાસ્ત્રી,

હિમાલય ડીપો, હરદ્વાર.

| | | | |
|---|---|---|---|
| ૧૯ | ધાતુ સંગ્રહ–ટેલર અને વ્રજલાલ શાસ્ત્રીનો રચેલો અને સરકારે છપાવેલો ... ... | ૦–૧૦ | ૦– ૬ |
| ૨૦ | મુક્તામાળા ... ... ... ... | ૦–૧૦ | ૦– ૮ |
| ૨૧ | ભાગવત એકાદશસ્કંધ–મૂળ–ભાષાંતર–ચિત્ર. પાકું પૂઠું, સુંદર કાગળ ... ... ... | | ૦– ૬ |
| ૨૨ | બોધવચન પરમહંસ રામકૃષ્ણનો–સંપૂર્ણ સંગ્રહ | ૦– ૮ | ૦– ૬ |
| ૨૩ | જનાનખાનાની બીબી... ... ... | ૦–૧૨ | ૦– ૮ |

ઉપરની સઘળી ચોપડીઓનો ટપાલ ખર્ચ જુદો પડશે.

અમારા એજન્ટો પાસેથી લેનાર ગ્રાહકને રૂપિયે એક આનો વધુ ટપાલનો આપવો પડશે.

**"ગુજરાતી" પ્રિંટિંગ પ્રેસ**

**કોટ, સાસુન બિલ્ડિંગ્સ–મુંબઈ.**

---